હરસ-મસા-ભગંદર-ફિશરની
હવે સૌરાષ્ટ્રમાં પણ USFDA
એપ્રુવ્ડ લેસર મશીન દ્વારા
સારવાર ઉપલબ્ધ
એપોઈમેન્ટ માટે ફોન : 97128 08524
શ્રી સહજાનંદ
એનો-કેર હોસ્પિટલ
૨૦૩/૨૦૪, બિજા માળે, ગાયત્રી બિલ્ડીંગ, રજપુતપરા મેઇન રોડ કોર્નર, ભુતખાના ચોક, બસ સ્ટેન્ડ પાસે, રાજકોટ

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

વૈશાખ સુદ-૭ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ | સ્થાપક : બાબુભાઈ શાહ | તા. ૧૪-૫-૨૦૨૪ - મંગળવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૮ અંક : ૨૨૪ | RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT | તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ | sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

દિપકભાઈ - 98253 57124 મહેશભાઈ - 97257 45743
પ્લમ-કેક | વોલનટ-કેક
ફ્રજ-બ્રાઉની | ફ્રુટ-કેક
નાની મોટી બધી સાઈઝ
હાજરમાં મળશે
ધી બોમ્બે બેકરી
સદર બજાર મેઈન રોડ, રાજકોટ.
આકાશ - ૯૯૧૩૩ ૭૭૮૧૨

### ઉંચા તાપમાન તથા વધતા ભેજથી આંધી-તોફાન સર્જાયા

# મુંબઇ જેવી પ્રચંડ આંધી હજુ આવી શકેઃ અનેક રાજ્યોને એલર્ટ

નવી દિલ્હી, તા.૧૪

ગુજરાત સહિત દેશના અનેક ભાગોમાં ભરઉનાળે વરસાદ તથા આંધીથી વ્યાપક નુકશાની સર્જાઇ છે ત્યારે જુદા-જુદા ક્ષેત્રોમાં હજુ ચાર દિવસ અસ્થિર વાતાવરણ યથાવત રહેવાની આગાહી હવામાન વિભાગે કરી છે.

ભારતીય હવામાન વિભાગના વડા મૃત્યુંજય મહાપાત્રએ જણાવ્યું હતું કે

## રાજસ્થાનમાં તાપમાન ઘણું વધશે, પાડોશી ગુજરાતમાં પણ આંધી શક્યઃ હવામાન વિભાગના વડા મહાપાત્રનો નિર્દેશ

ઉંચુ તાપમાન અને સાથોસાથ ભેજ વધતા આંધી-તોફાનની આ હાલત સર્જાઇ છે અને કેટલાંક ભાગોમાં ચારેક દિવસ ચાલુ રહેવાની સંભાવના છે. દેશના જુદા-જુદા ભાગોમાં આજે પણ આંધી ફુંકાવાનું એલર્ટ આપવામાં આવ્યું છે. મુંબઇમાં ગઇ સાંજે જે પ્રચંડ ગતિએ પવન સાથે આંધી ફુંકાઇ હતી તેવી જ સ્થિતિનું



## મધ્યપ્રદેશ, ઝારખંડ, છત્તીસગઢ, બિહાર, ઓડિશામાં એલર્ટઃ ઉત્તર ભારતથી બંગાળ સુધી વરસાદની સંભાવના

અન્યત્ર પણ નિર્માણ થઇ શકે છે અને આ સ્થિતિને ધ્યાને રાખીને વિવિધ રાજ્યોને સાવધ કરવામાં આવ્યું છે.

તેઓએ જણાવ્યું હતું કે આવતા થોડા દિવસો હજુ અનેક રાજ્યોમાં તાપમાનનો પારો વધતો રહેશે. પરિણામે આ પ્રકારના ચક્રાવતી તોફાનો સર્જાવાની સંભાવના છે. મધ્ય પ્રદેશ, ઝારખંડ, છત્તીસગઢ સહિતના રાજ્યોમાં ૬૦ થી ૭૦ કિ.મી.ની ઝડપે પવન ફુંકાવાની શક્યતા છે. મધ્ય પ્રદેશમાં મંગળ-બુધવાર માટે એલર્ટ આપવામાં આવ્યા છે. બિહાર-ઓડીશામાં પણ તેજ-ઝંઝાવાતી પવન સાથે આંધી ફુંકાવાનું એલર્ટ આપવામાં આવ્યુ છે. જાનમાલને કોઇ નુકશાન ન થાય તે માટે સંબંધિત રાજ્યોને સાવધ કરવામાં

(અનુસંધાન ૧૪ મા પાને)






### વારાણસીની બેઠક પરથી અત્યંત પવિત્ર 'યોગ'માં ફોર્મ ભર્યુ

# ગંગાપૂજન-કાળભૈરવના દર્શન બાદ મોદીની ઉમેદવારી

### અમીત શાહ, રાજનાથસિંહ, નડ્ડા ઉપરાંત સાથી પક્ષોના નેતાઓ-મુખ્યપ્રધાનોની હાજરી

વારાણસી તા.૧૪

વડાપ્રધાન મોદીએ આજે ત્રીજી વાર વારાણસી લોકસભા સીટ પર શક્તિ પ્રદર્શન સાથે ઉમેદવારીપત્ર ભર્યું હતું.

વડાપ્રધાન નામાંકન સંપૂર્ણ શાસ્ત્રીય વિધિવિધાન સાથે ભર્યું હતું. ઉમેદવારી પત્ર દાખલ કરવા માટે પસંદ કરવામાં આવેલ તિથિ વૈશાખ શુકલ સપ્તમી છે. ધર્મશાસ્ત્રીય માન્યતા છે કે આ તિથિમાં જ મા ગંગાની સ્વર્ગમાં ઉત્પતિ થઈ હતી અને તેણે ભગવાન શિવની જટાઓમાં સ્થાન મેળવ્યું હતું.

વડાપ્રધાન નામાંકન દાખલ કરતા પણ સુરક્ષાનો કડક બંદોબસ્ત કરાયો હતો.

૨૦૧૯માં પણ વડાપ્રધાન મોદીએ વારાણસી લોકસભા સીટ

### રામલ્લાના અભિષેકનું મુર્હુત નકકી કરનારા ગણેશ્વર શાસ્ત્રી સહિત ચાર પ્રસ્તાવકો સાથે રહ્યા

પરથી જ ઉમેદવારીપત્ર ભર્યું હતું અને જબરદસ્ત જીત મેળવી હતી.

આ વખતે વડાપ્રધાને વારાણસીથી ઉમેદવારી પત્ર ભરતા પહેલા સોમવારે લગભગ ૪ કલાકનો રોડ શો કર્યો હતો. તેમણે કાશી વિશ્વનાથ મંદિરે પૂજા-અર્ચના કરી હતી.

મોદી નામાંકનપત્ર ભરતા પહેલા બનારસના દશાશ્વમેઘ ઘાટ પર ગયા હતા ત્યારબાદ કાલ ભૈરવ મંદિરે

(અનુસંધાન ૧૪ મા પાને)

### નામાંકન ભરતી વખતે પીએમ બન્યા ભાવુક

## મારી માતાના નિધન બાદ હવે ગંગા જ મારી માઁ, મને ગોદ લીધો છેઃ મોદી

વારાણસીઃ વડાપ્રધાન મોદીએ અત્રે ઉમેદવારી પત્ર ભરતા પહેલા પોતાના માતા હીરાબેનને યાદ કરતા ભાવુક બન્યા હતા. આ વખતે મોદીએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે ૪૦૦ પાર દેશની ભાવના છે.

આ તકે વડાપ્રધાને મા ગંગાને પોતાની મા ઓળખાવી હતી. તેમણે જણાવ્યું હતું કે મારી માતા નિધન બાદ ગંગા જ મારી મા છે. મા ગંગાએ મને ગોદ લીધો છે.

ઉલ્લેખનીય છે કે ૨૦૧૪ની લોકસભા ચૂંટણી દરમિયાન પીએમ મોદીએ કહ્યું હતું- હું અહીં આવ્યો નથી, મા ગંગાને મને બોલાવ્યો છે. મોદીએ ઉમેદવારીપત્ર ભરતી વખતે કહ્યું હતું કે છેલ્લા વર્ષોમાં તે પોતાની માના આશિર્વાદ લઈને પહોંચતા હતા, આ વખતે માની કમી દેખાઈ રહી છે.

# સોનાનો ભંડાર પાંચ વર્ષમાં ગોલ્ડ રિઝર્વમાં ૩૪ ટકાનો મોટો વધારો

## રિઝર્વ બેંક પાસે ૮૨૨ ટન સોનુ; ૨૦૧૯માં ૬૧૨ ટન હતું

નવી દિલ્હી, તા.૧૪

સોનાના ભાવમાં છેલ્લા કેટલાંક વખતથી અસામાન્ય વધારો થઇ રહ્યો છે ત્યારે છેલ્લા પાંચ વર્ષમાં ભારતે જંગી ખરીદી કર્યાનો રીપોર્ટ જારી થયો છે. માર્ચ ૨૦૧૯થી માર્ચ ૨૦૨૪ સુધીમાં ભારતે ઘરઆંગણે જ રાખેલા સોનામાં ૪૦ ટકાનો મોટો વધારો થયો છે. આ સમયગાળામાં સરકારના ગોલ્ડ રિઝર્વમાં પણ ૩૪ ટકાનો વધારો થયો છે.

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાનો આંકડાકીય રીપોર્ટ એવું સુચવે છે કે માર્ચ-૨૦૨૪ની સ્થિતિએ બેંક પાસે



૮૨૨ ટન સોનુ છે તેમાંથી ૪૦૮ ટન દેશમાં જ રાખવામાં આવ્યું છે. માર્ચ ૨૦૧૯ની સ્થિતિએ ૬૧૨ ટનનો સ્ટોક હતો તે પૈકી ૨૯૨ ટન ભારતમાં જ હતું.

વિદેશી હુંડિયામણ મેનેજમેન્ટ સંબંધી અર્ધવાર્ષિક રીપોર્ટમાં એમ સુચવાયું છે કે કુલ વિદેશી હુંડિયામણ અનામતમાં સોનાનો હિસ્સો સપ્ટેમ્બર-૨૦૨૩ની સ્થિતિએ ૭.૩૭ ટકા હતો તે માર્ચ-૨૦૨૪ની સ્થિતિએ ૮.૧૫ ટકા થયો છે. ભારતનું વિદેશી હુંડિયામણ અનામત ૬૪૧ અબજ ડોલરે પહોંચી છે જે માર્ચ-૨૦૨૩માં ૫૭૮ અબજ ડોલર હતી.

હુંડિયામણ અનામત સામે ટુંકાગાળાના ઋણની ટકાવારી છેલ્લા છ માસમાં ૨૨ ટકાથી ઘટીને ૨૦.૩ ટકા થઇ છે.

મહત્વની વાત એ છે કે એપ્રિલથી ડિસેમ્બર-૨૦૨૩માં વિદેશી હુંડિયામણ અનામતમાં ૩૨.૯ અબજ ડોલરનો વધારો થયો હતો જે આગલા વર્ષના સમાનગાળામાં ૧૪.૭ અબજ ડોલર ઘટ્યું હતું.

## ગાઝામાં ગોળીબારમાં ભારતીય નિવૃત કર્નલ વૈભવ અનિલ કાલેનું મોત

### કાલે સંયુક્ત રાષ્ટ્ર તરફથી ગાઝામાં તૈનાત હતાઃ સંઘર્ષઃ યુનોના કોઈ કર્મીનો જીવ જવાની પ્રથમ ઘટના

ગાઝા તા.૧૪

દક્ષિણ ગાઝામાં રફાહ શહેરમાં ખાન યુનિસ વિસ્તારમાં થયેલ ગોળીબારમાં સંયુક્ત રાષ્ટ્રના એક કર્મચારીનું મૃત્યુ થયું છે. જયારે અન્ય કર્મચારી ઘાયલ થયો છે. મૃતક કર્મચારીની ઓળખ ભારતીય નાગરિક તરીકે થઈ છે તેનું નામ ભારતીય સેનામાંથી નિવૃત થઈ ચૂકેલ કર્નલ વૈભવ અનિલ કાલે બતાવાયું છે.

સંયુક્ત રાષ્ટ્રના પ્રવકતા ફરહાન હકના જણાવ્યા મુજબ ૪૬ વર્ષીય વૈભવ અનિલ કાલે એક મહિના પહેલા જ ગાઝામાં સંયુક્ત રાષ્ટ્ર ડિપાર્ટમેન્ટ ઓફ સેફટી એન્ડ સિકયોરીટી (ડીએસએસ) વિભાગમાં સિકયોરિટી સર્વિસ કો ઓર્ડીનેટર તરીકે સામેલ થયા હતા. કાલે પોતાના સહયોગી સાથે યુએનની ગાડી રફાહ સ્થિત યુરોપીયન હોસ્પિટલમાં જઈ રહ્યા હતા.

સંયુક્ત રાષ્ટ્રના સૂત્રોએ જણાવ્યુ હતું કે એ સ્પષ્ટ નથી કે કાલેની ગાડી પર કોણે








# પર્શિયન ખાડીમાં ભારતનો દબદબો: ઈરાનના ચાબહાર પોર્ટનું નિયંત્રણ ભારતના હાથમાં

**ચાબહાર પોર્ટ સાથે ભારતનું જોડાણ નવું નથી. વર્ષ ૨૦૦૩માં ભારતે આ પોર્ટ સાથે પોતાનો નાતો જોડ્યો હતો અને ૧૦૦ મિલિયન ડોલરનું રોકાણ કર્યું હતું. ભારતનું આ રોકાણ વર્ષ ૨૦૧૬માં શાહિદ બેહેશ્તી ટર્મિનલના વિકાસમાં પરિણમ્યું હતું. આમ ભારતે બે દાયકા પહેલા વાવેલું બીજ હવે મોટું વૃક્ષ બની ગયું છે અને હવે ભારતને ફળ આપવા માટે તૈયાર છે.**



**ચાબહાર પોર્ટ ઈન્ટરનેશનલ નોર્થ સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર (INSTC)માં મુખ્ય ભૂમિકા ભજવે છે. આ ૭,૨૦૦ કિમીનું મલ્ટિ-મોડલ ટ્રાન્સપોર્ટ નેટવર્ક ભારતને ઈરાન થઈને રશિયા સાથે જોડે છે કે જે પરંપરાગત માર્ગો માટે નિર્ણાયક વિકલ્પ પ્રદાન કરે છે. તાજેતરના યુક્રેન સંઘર્ષને કારણે INSTCનું મહત્વ વધી ગયું છે જેનાથી વૈવિધ્યસભર વેપાર માર્ગોની જરૂરિયાત સમગ્ર વિશ્વએ નોંધી છે.**

લાઈવ WIRE
પરખ ભટ્ટ
bhattparakh@yahoo.com

પાછલા એક દાયકામાં આપણો ભારત દેશ એશિયા ક્ષેત્રમાં ચીનને બરબરની ટક્કર આપી રહ્યો છે જેને લીધે વૈશ્વિક સ્તરે ભારતની બોલબાલા વધી છે. ભારત અને ઈરાન વચ્ચેના સંબંધો ઘણા વર્ષોથી સારા રહ્યા છે અને ભારતે ચાબહાર પોર્ટને ડેવલોપ કરવામાં ઈરાનને ખૂબ જ મોટી આર્થિક મદદ પણ કરી છે. હવે ભારત આ ચાબહાર પોર્ટને લઈને એક કદમ આગળ વધી રહ્યું છે. ભારત આ બંદરના આગામી ૧૦ વર્ષના નિયંત્રણ હકો મેળવવવા જઈ રહ્યું છે. પહેલા બંદરનું નિર્માણ અને હવે બંદરના નિયંત્રણની બાગડોર ભારતને મળતા વૈશ્વિક ચેસબોર્ડ પર ભારતે ચાઈના અને પાકિસ્તાનને ચેકમેટ આપ્યું છે. આ ૧૦-વર્ષનો કરાર વિદેશી પોર્ટનું સંચાલન કરવા માટેનો ભારતનો પ્રથમ કરાર છે કે જે નોંધપાત્ર આર્થિક અને ભૌગોલિક રાજકીય અસરો સાથે વ્યૂહાત્મક પરિવર્તન પણ દર્શાવે છે.

ઓમાનના અખાત પર સ્થિત, ચાબહાર બંદર એક મુખ્ય સ્થાન ધરાવે છે. તે ઈરાનનું એકમાત્ર ડીપ સી બંદર છે કે જે સીધો સમુદ્રી પ્રવેશ ધરાવે છે, જે તેને ભારત, અફઘાનિસ્તાન, મધ્ય એશિયા અને યુરોપ વચ્ચેના વેપાર માટેની મહત્વપૂર્ણ કડી બનાવે છે.

ચાબહાર પોર્ટ ઈન્ટરનેશનલ નોર્થ સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર (INSTC)માં મુખ્ય ભૂમિકા ભજવે છે. આ ૭,૨૦૦ કિમીનું મલ્ટિ-મોડલ ટ્રાન્સપોર્ટ નેટવર્ક ભારતને ઈરાન થઈને રશિયા સાથે જોડે છે કે જે પરંપરાગત માર્ગો માટે નિર્ણાયક વિકલ્પ પ્રદાન કરે છે. તાજેતરના યુક્રેન સંઘર્ષને કારણે INSTCનું મહત્વ વધી ગયું છે જેનાથી વૈવિધ્યસભર વેપાર માર્ગોની જરૂરિયાત સમગ્ર વિશ્વએ નોંધી છે. ચાબહાર બંદરનો લિન્ચપિન તરીકે ઉપયોગ કરીને ભારત માલસામાન અને સંસાધનોનો સરળ પ્રવાહ સુનિશ્ચિત કરી શકે છે કે જે પરંપરાગત ચોકપોઇન્ટ્સ પરની ભારતની નિર્ભરતા ઘટાડશે.

ચાબહાર પોર્ટ સાથે ભારતનું જોડાણ નવું નથી. વર્ષ ૨૦૦૩માં ભારતે આ પોર્ટ સાથે પોતાનો નાતો જોડ્યો હતો અને ૧૦૦ મિલિયન ડોલરનું રોકાણ કર્યું હતું. ભારતનું આ રોકાણ વર્ષ ૨૦૧૬માં શાહિદ બેહેશ્તી ટર્મિનલના વિકાસમાં પરિણમ્યું હતું. આમ ભારતે બે દાયકા પહેલા વાવેલું બીજ હવે મોટું વૃક્ષ બની ગયું છે અને હવે ભારતને ફળ આપવા માટે તૈયાર છે.

ચાબહાર પોર્ટ ભારત માટે અનેક રીતે ફાયદાકારક છે. આ પોર્ટ ભારતીય વેપારીઓને મધ્ય એશિયાના બજારોમાં સીધો પ્રવેશ પૂરો પાડે છે. આ પોર્ટ થકી ભારતથી મધ્ય એશિયાના દેશો સુધી પહોંચતા માલ માટે મુસાફરીના સમયમાં ત્રીજા ભાગમાં ઘટાડો થશે છે કે જે વેપારને વધુ કાર્યક્ષમ અને સ્પર્ધાત્મક બનાવે છે.


ચાબહાર પોર્ટનું સૌથી રસપ્રદ પાસું પાકિસ્તાનના ગ્વાદર પોર્ટ અને ચીનના બેલ્ટ એન્ડ રોડ ઇનિશિયેટિવ (BRI)નો સામનો કરવામાં તેની ભૂમિકા છે. ઈરાનનું ચાબહાર પોર્ટ પાકિસ્તાનના ગ્વાદર પોર્ટથી માત્ર ૭૨ કિમી દૂર સ્થિત છે અને નવાઈની વાત તો એ છે કે પાકિસ્તાનનું ગ્વાદર પોર્ટ ચીનના મહત્વાકાંક્ષી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ BRIનો મુખ્ય ભાગ છે. આમ ચાબહારનો વિકાસ કરીને, ભારત અફઘાનિસ્તાન અને મધ્ય એશિયાના દેશો સાથેના વેપાર માટે પાકિસ્તાનને ટ્રાન્ઝિટ પોઈન્ટ તરીકે બાયપાસ કરે છે. આનાથી આ ક્ષેત્રોના દેશો સાથે ભારતના આર્થિક સંબંધો મજબૂત થવાની સાથે સાથે હિંદ મહાસાગરમાં ચીનના વધતા પ્રભાવને પણ ભારત ટક્કર આપશે.

ચાબહાર પોર્ટનું વ્યૂહાત્મક સ્થાન તેને માનવતાવાદી કામગીરી માટે પણ આદર્શ બનાવે છે. પશ્ચિમ એશિયામાં વર્તમાન અસ્થિરતાને જોતાં, આ બંદર આ પ્રદેશમાં સહાય પહોંચાડવા માટે નિર્ણાયક હબ તરીકે સેવા આપી શકે છે. કુદરતી આફતો અથવા રાજકીય અશાંતિના સમયે આ બંદરની કાર્યક્ષમ માળખાકીય સુવિધાઓ લાઈફ સપોર્ટિંગ પુરવઠાની ઝડપી ડિલિવરી સુનિશ્ચિત કરી શકે છે.

ચાબહાર પોર્ટ કેટલાક પડકારોનો સામનો કરે છે. અમેરિકા અને ઈરાન વચ્ચે સતત બદલાતા સંબંધો, ખાસ કરીને પ્રતિબંધોના સંદર્ભમાં, આ પોર્ટના વિકાસને અસર કરી શકે છે. વધુમાં આ બંદરના લાભો વધારવા માટે અફઘાનિસ્તાનમાં સ્થિરતા સુનિશ્ચિત કરવી મહત્વપૂર્ણ છે. અફઘાનિસ્તાનમાં રાજકીય અસ્થિરતા વેપારના માર્ગોને વિક્ષેપિત કરી શકે છે અને સપ્લાઈ ચેનને અવરોધે છે.

નિષ્ણાતો માને છે કે ભારત અને ઈરાન સક્રિય મુત્સદ્દીગીરી અને કાર્યક્ષમ પ્રોજેક્ટ મેનેજમેન્ટ દ્વારા આ પડકારોને પાર કરી શકે છે. ચાબહાર પોર્ટને રાષ્ટ્રોને જોડતા 'ગોલ્ડન ગેટવે' તરીકે ઓળખાવીને ઈરાનના રાજદૂત દ્વારા તાજેતરનું નિવેદન આ પ્રોજેક્ટને સફળ બનાવવા માટે બંને દેશોની પ્રતિબદ્ધતા દર્શાવે છે. પોર્ટની લાંબા ગાળાની સધ્ધરતા સુનિશ્ચિત કરવા માટે ભારતે સુરક્ષાની ચિંતાઓને પણ દૂર કરવાની જરૂર પડશે. પાઈરેસી અને દરિયાઈ આતંકવાદ એ સુરક્ષા પરિમાણમાં સંભવિત જોખમો છે. આથી ઈરાન અને અન્ય પ્રાદેશિક હિતધારકો સાથે દરિયાઈ સુરક્ષા પેટ્રોલિંગ અને ઈન્ટેલિજન્સ શેરિંગ પર સહયોગ કરવાથી આ જોખમોને સંબોધિત કરવા પડશે.

ચાબહાર પોર્ટ અગ્રણી પ્રાદેશિક શક્તિ બનવા તરફની ભારતની યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. તે ચીનના BRI માટે વ્યૂહાત્મક કાઉન્ટરપોઈન્ટ ઓફર કરે છે, મધ્ય એશિયા સાથેના સંબંધોને મજબૂત બનાવે છે અને ઈરાન અને અફઘાનિસ્તાન સાથે ગાઢ આર્થિક સહયોગને પ્રોત્સાહન આપે છે. સક્રિય મુત્સદ્દીગીરી અને મજબૂત સુરક્ષા પગલાં દ્વારા પડકારોનો સામનો કરીને, ભારત ચાબહાર પોર્ટની સંપૂર્ણ ક્ષમતાને અનલોક કરી શકે છે. મધ્ય એશિયાનું આ પ્રવેશદ્વાર વેપાર અને આર્થિક પ્રવૃત્તિને વેગ આપવાની શક્તિ ધરાવવાની સાથે સાથે સમગ્ર એશિયા માટે વધુ સુરક્ષિત અને સમૃદ્ધ ભવિષ્ય નિર્માણમાં પણ યોગદાન આપે છે.




**ચાબહાર પોર્ટનું સૌથી રસપ્રદ પાસું પાકિસ્તાનના ગ્વાદર પોર્ટ અને ચીનના બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ (BRI)નો સામનો કરવામાં તેની ભૂમિકા છે. ઈરાનનું ચાબહાર પોર્ટ પાકિસ્તાનના ગ્વાદર પોર્ટથી માત્ર ૭૨ કિમી દૂર સ્થિત છે અને નવાઈની વાત તો એ છે કે પાકિસ્તાનનું ગ્વાદર પોર્ટ ચીનના મહત્વાકાંક્ષી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ BRIનો મુખ્ય ભાગ છે. આમ ચાબહારનો વિકાસ કરીને, ભારત અફઘાનિસ્તાન અને મધ્ય એશિયાના દેશો સાથેના વેપાર માટે પાકિસ્તાનને ટ્રાન્ઝિટ પોઈન્ટ તરીકે બાયપાસ કરે છે.**

## સુવિચાર

**કરેલું અહીંયા જ ભોગવવાનું છે**
**જો તમે કોઈને ખોટા હેરાન કરશો**
**તો તેનાથી ત્રણ ગણુ તમારે**
**પણ અહીંયા ભોગવવું જ પડશે**
**એ નકકી છે**
**કર્મ અને કુદરત કોઈને છોડતું નથી...!!**

## રીટેઈલ ફુગાવો નીચો આવ્યો પણ અનાજ-ખાદ્યચીજોમાં ભાવવધારો

### ખાદ્ય, ફુગાવામાં વૃદ્ધિ, ૮.૫૨ ટકાથી વધીને ૮.૭૦ ટકા

નવી દિલ્હી તા.૧૪

દેશમાં રીટેલ ફૂગાવાનો દર એપ્રિલ મહિનામાં સાધારણ ઘટીને ૪.૮૩ ટકા થયો હતો.કન્ઝયુમર પ્રાઈસ ઈન્ડેક્સ આધારીત ફૂગાવાનો દર માર્ચમાં ૪.૮૫ ટકા હતો અને ગત વર્ષે એપ્રિલમાં ૪.૭ ટકા હતો. એપ્રિલમાં રીટેલ ફુગાવાનો દર ૧૧ મહિનાની નીચી સપાટીએ સરકયો હતો.જોકે આરબીઆઈનાં ૪ ટકાના ટારગેટ કરતાં સતત ૫૫ મા મહિને તે વધારે રહ્યો હતો.



નેશનલ સ્ટેટીસ્ટિકલ ઓફીસના ડેટા અનુસાર ખાદ્યચીજોનો ફૂગાવાનો દર એપ્રિલમાં વધીને ૮.૭૦ ટકા થયો હતો. જે માર્ચમાં ૮.૫૨ ટકા હતો.ફૂડ અને બેવરેજીસનાં ભાવ ૮.૮૭ ટકા વધ્યા હતા. માર્ચમાં તે ૭.૬૮ ટકા વધ્યા હતા. એપ્રિલમાં માંસ-મચ્છીના ભાવ ૮.૧૭ ટકા વધ્યા હતા. જે માર્ચમાં ૬.૩૬ ટકા વધ્યા હતા. ફળના ભાવ ૫.૨૨ ટકા વધ્યા હતા. જે માર્ચમાં ૩.૦૭ ટકા વધ્યા હતા.શાકભાજી અને કઠોળનાં ભાવ સાધારણ ઘટયા હતા. જોકે તેમ છતાં તે ડબલ ડીજીટમાં રહ્યા હતા.

ફોર ઈન્ફલેશન ઘટીને ૩.૨ ટકા થયો હતો જે ૨૦૧૨ પછીની સૌથી નીચો છે. ફોર ઈન્ફલેશનમાં ફૂડ અને ફયુઅલને ગણતરીમાં લેવાતા નથી.

ઈકરાનાં ચીફ ઈકોનોમીસ્ટ અદિતિ નાયરના મતે ફૂડ અને બેવરેજીસમાં ભાવ વધારો મે મહિનામાં ૮ ટકાથી વધુ રહેવાની સંભાવના છે. કારણ કે મોટાભાગના રાજયોમાં તાપમાન ખાસ્સુ વધારે રહ્યું છે અને હીટવેવ છે. તેને કારણે મે મહિનામાં રીટેલ ફૂગાવાનો દર વધીને ૫.૧, ૫.૨ ટકા રહેવાનો અંદાજ છે.

કોટક મહિન્દ્રા બેન્કના ચીફ ઈકોનોમિસ્ટ ઉપાસના ભારદ્વાજનાં મતે કોર ઈન્ફલેશન અને સીપીઆઈમાં ખાસ ફર્ક જોવા મળ્યો નથી. તે જોતા મોનિટરી પોલીસી કમીટી (એમપીસી) માટે નીતિગત ખાસ કોઈ ફેરફારનો અવકાશ જણાતો નથી તેમ છતાં તેને નીતિ ઘડવામાં રાહત મળશે. જોકે હવામાનમાં પલટો, હીટવેવ જેવા પરિબળો સેન્ટીમેન્ટ સાવચેતીનું બનાવશે. એમપીસી આગામી મીટીંગમાં વ્યાજદરમાં ફેરફાર નહીં કરે તેમ જણાય છે.

## ઉત્તર કોરિયામાં લાલ લિપસ્ટિક પર પ્રતિબંધ: મહિલાઓ માટે ૧૮ હેરસ્ટાઈલની જ મંજૂરી

### કાયદાનું ઉલ્લંઘન કરવા બદલ થશે સજા

સિયોલ, તા.૧૪

ઉત્તર કોરિયામાં વિચિત્ર કાયદા અમલમાં છે. ફેશનની દુનિયામાં પણ કડક સૂચનાઓ છે. કોસ્મેટિક પ્રોડક્ટ્સ અને ફેશન માટે સજા અને દંડની પણ જોગવાઈ છે. અહીં સરમુખત્યાર કિમ જોંગઉન એ મહિલાઓ અને છોકરીઓને લાલ લિપસ્ટિક લગાવા પર પ્રતિબંધ મૂક્યો છે, જે ખૂબ જ આશ્ચર્યજનક છે.

વાસ્તવમાં, સરમુખત્યાર કિમ જોંગઉન 'લાલ રંગ'ને સામ્યવાદ અને મૂડીવાદનું પ્રતીક માને છે અને તેથી ફેશનમાં લાલ રંગના ઉપયોગને લઈને કડક કાયદો બનાવ્યો છે. તદ્દપરાંત વાળને રંગવા પર પણ પ્રતિબંધ છે. દેશમાં પશ્ચિમી કોસ્મેટિક ઉત્પાદનોના ઉપયોગ પર પણ પ્રતિબંધ છે.

દેશના રસ્તાઓ પર સતત પેટ્રોલિંગ હોય છે. આ અંતર્ગત ફેશન પોલીસ દેશના લોકોના કપડાં, મેક-અપ અને હેરસ્ટાઈલ પર પણ નજર રાખે છે. વાળ ખુલ્લા રાખવા પણ અહીં અપરાધની શ્રેણીમાં આવે છે. દેશમાં પુરૂષો માટે ૧૦ અને મહિલાઓ માટે ૧૮ હેરસ્ટાઇલને માન્યતા આપવામાં આવી છે. ત્યાંના નાગરિકોને પણ કિમ જોંગઉનની જેમ વાળ કાપવા અને સ્ટાઈલ કરવાની મનાઈ છે. આ સિવાય જીન્સ, બોડી પિઅરિંગ અને કેટલીક હેરસ્ટાઈલ પર પણ કડક પ્રતિબંધ છે.





## આજનું ચિંતન

### મહાન શકિતઓ

**આત્મજ્ઞાન, વિજ્ઞાન અને વિશ્વાસ - આ ત્રણ મહાન શકિતઓ સ્થિર થશે તો જગતમાં શાંતિ અને સમૃધ્ધિ ફેલાશે. જેનામાં આત્માના ગુણ પ્રગટ થાય તે વિભૂતિ. આત્મ પરીક્ષણ દ્વારા મનનું, મૌનપૂર્વક વાણીનું અને કર્મયોગ દ્વારા શરીરના દોષો ધોયા વિના આત્માને આરોગ્ય પ્રાપ્ત ન થઈ શકે.આ દવા કડવી છે, મધમાં ઠાલવીને આ ત્રણે દવા લેવાથી બધુ મધુર થઈ જશે. આત્મ સાક્ષાત્કાર એટલે પૂર્ણ સમાધાન, સાક્ષાત્કાર એટલે સર્વત્ર ભગવતદર્શન, ચિત્તશુધ્ધિથી તમામ વિઘ્નો દુર થાય ત્યારે આત્મ સાક્ષાત્કાર થાય. જયાં સુધી પોતાને સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી બીજા સાક્ષાત્કારીને ઓળખી ન શકાય.**

## કરીએ ખુશીઓનું વાવેતર

મૂલ્યોની મહેક
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

વરસાદી મૌસમની શરૂઆત થાય તે પહેલા કિસાન ભાઇ-બહેનો ખેતરમાંથી બિનજરૂરી ચીજો, ઘાસ વગેરે દુર કરી ખેતરને સુંદર રીતે ખેડીને તૈયારી કરે છે અને પ્રથમ વાવેતરના યોગ્ય સમયની રાહ જોવે છે. એક ઉદાહરણ જોઇએ એક વખતે એક ઘોડેસવાર એક ખેતર પાસેથી પસાર થતો હોય છે. તેમણે જોયુ કે ખેડુત કોઇ બિયારણ વાવી રહેલ છે. આથી ઘોડેસવારે તેમની નજીક જઇને પૂછયુ કે, ભાઇ તમે શું વાવી રહેલ છો ? ખેડુતે ઘણીવાર માટે વિચારી જવાબ આપ્યો, ખુશીઓનું વાવેતર કરી રહેલ છું. ઘોડેસવાર આશ્ચર્ય સાથે પુછે છે કે, એ કેવી રીતે શકય છે ?તમારા હાથમાં તો મને મકાઇના વાવેતર માટેનું બીયારણ જોવાય છે. ખેડુતે ઉતર આપ્યો, આપ બિલકુલ સાચા છો પરંતુ જયારે મકાઇ ઉગી નીકળશે ત્યારે મનુષ્યને તે ધાન ખાવા મળશે અને ગાયોને તેમનું નીરણ પુરૂ પડશે. તે દરમ્યાન પક્ષીઓ, ખિસકોલીઓને તેમનો ખોરાક મળી જશે. આમ મકાઇના આ વાવેતરથી સર્વની ભૂખ સંતોષાશે અને મને શરીર પરીવાર નિર્વાહ ધન મળશે. આ રીતે બધાને ખુશી મળશે. આમ હું આ ખુશીઓનું વાવેતર કરી રહેલ છું. ઘોડેસવાર તેમના ઉતરથી ઘણો જ ખુશ થઇ જાય છે. આપણે પણ જીવનમાં શ્રેષ્ઠ, પરોપકારના કર્મો કરીએ કે જયારે તેમના ભોગવવાનારૂપે કર્મોના ફળ પાકે ત્યારે હંમેશા આપણને સુખ, શાંતિ અને સમૃધ્ધિ આપે તો પછી પ્રશ્ન થાય છે કે-

**દેવતાઓ સદા ખુશ કેમ રહેતા હતા ?**

અગાઉ જોયું કે, દુનિયામાં ખુશી માટે અનેક વિધિઓ અપનાવાય છે ! કોઇ એવા ભાવતા ભોજન-પાણી દ્વારા કોઇ સ્થાન પર ફરવા જવું, મિત્રો-સંબંધીઓ સાથે પાર્ટી કરવી, ટ્રાવેલિંગ કરી ખુશીઓ મેળવવી વગેરે ખર્ચ દ્વારા પણ ખુશીઓ મેળવવાની કોશિષ કરે છે પરંતુ તે છે ટેમ્પરરી ખુશી, સદા ખુશી તો મનુષ્યની આંતરિક સ્થિતિ છે. તે કોઇ ચીજ, વ્યકિત કે સ્થાન પર આધારિત નથી હોતી. ખુશી એક ઉંચી સ્થિતિ છે. દેવતાઓ સદાયે ખુશહાલ, ખુશમિજાજ રહેતા હતા કારણ કે તેઓ આત્મ અભિમાની હતા. નિર્વિકારી હોવાથી કોઇ એક-બે વસ્તુ, વ્યકિતથી અપેક્ષા રાખી ખુશીનો આધાર નહોતા બનાવતા. તેઓ સદા મિલનસાર, સરળ અને ઇચ્છા માત્રમાં અવિદ્યા રહેતા હોવાથી નિરંતર ખુશીઓના વાતાવરણમાં રહેતા જેને કારણે તેમના સંકલ્પો પર આધારીત પર્યાવરણ, પ્રકૃતિ પણ સદા ખુશીભર્યા રસાયણો પુરા પાડતા હતા. આમ વિશ્વધરા પર સદા ખુશીઓનું વાવેતર થતું, સદા ખુશીઓની આપલે થતી હતા દેવતાઓ પણ મનુષ્યો જ પરંતુ તેમના કર્મો ઉચ્ચ, નિ:સ્વાર્થ અને દેવાની ભાવનાવાળા હતા. આથી તેમની ખુશીઓ પણ અપરંપાર હોવાનું ગાયન છે.

આપણે પણ જીવનમાં અન્યથી અપેક્ષાઓ ઓછી કરીએ, સ્વયંની જરૂરીયાતોની લિસ્ટ ઓછી રાખીએ. દેવતાઓ જેવા દેવાની ભાવના ભરી, ખુશી ભરી પળો બની રહે તેવા કાર્યો કરતા રહીએ અને ગુણોથી મહાન બની સર્વનું કલ્યાણ કરતા રહીએ, સદા હસતા રહીએ.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦: વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
વૈશાખ સુદ-૮, તા.૧૫/૫/૨૪, બુધવાર

સૂર્યોદય : ૬-૦૯, સૂર્યાસ્ત : ૭-૧૭, જૈન નવકારશી : ૬.૫૭
રાશિ : કર્ક (ડ.હ.), ૧૫.૨૫થી સિંહ (મ.ટ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-મેષ, મંગળ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મેષ, ગુરૂ-વૃષભ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મેષ, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-કર્ક

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ


## રાશીફળ

**મેષ :** નવી ઓળખાણ લાભદાયક રહે, નોકરીમાં કોઈ ફેરફારો ન કરવા, ધાર્મિક કાર્યમાં રૂચી વધવાની.
**વૃષભ :** અગત્યના કાર્યોમાં સફળતા, કાલ્પનીક ટેન્શનને ટાળજો, મિલ્કતના ખરીદીની ઈચ્છામાં સફળતા રહે.
**મિથુન :** પુરૂષાર્થનું ફળ મળવાનું, કર્મચારી વર્ગનો સહકાર રહે, લખાણના કાર્યોમાં સફળતા, પ્રવાસનો યોગ.
**કર્ક :** સતત કાર્યમાં ઓતપ્રોત રહેશો, કાનુની પ્રશ્નોથી દુર રહેજો, વિજાતીય મિત્રતા ગાઢ બને, કર્જ ન કરવું.
**સિંહ :** અણધાર્યા લાભની આશા ફળવાની, સંતાનોની સગાઈ લગ્નના કાર્યોમાં અવરોધો દુર થાય.
**કન્યા :** નોકરીમાં બઢતી બદલીના ચાન્સ સ્થળાંતરની ઈચ્છા ફળે, જીવનસાથીનો સહકાર સારો રહે, પ્રવાસ થાય.
**તુલા :** દિવસ દરમ્યાન મહત્વના કાર્યોમાં સફળતા મળે, અંગત કાર્યોમાં તમારે પોતે જ ધ્યાન દેવું, ઉશ્કેરાટથી દુર રહેજો.
**વૃશ્ચિક :** હળવાશથી રહેવાની સલાહ છે, ગૃહજીવનમાં સુમેળ રાખવો, નોકરીમાં દિવસ દરમ્યાન ચીવટપૂર્વક કાર્ય કરજો.
**ધન :** નિરાશાથી દુર રહેજો, રોજિંદા કાર્યને વળગી રહો, પ્રવાસનું આયોજન સફળ થાય, જાહેર સંસ્થામાં સારો હોદો મેળવશો.
**મકર :** વાદ વિવાદમાં સમયનો વ્યય ન કરતા, વિદેશથી ન ધારેલો લાભ મળવાનો, નોકરી વ્યવસાયમાં અનુકુળતા રહેશે.
**કુંભ :** ભાઈ બહેનો સાથે ગેરસમજો હશે તો તે દુર થવાની, લાલચથી દુર રહેજો, બેંકના કાર્યોમાં સફળતા મળે.
**મીન :** ઉધારી ધંધાથી દુર રહેજો, શેર સટામાં ટુંકાગાળાના કાર્યથી દુર રહેજો, જીવનસાથીનો સહકાર સારો રહેવાનો.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



■ માધવી નરેશ શાહ



### આડી ચાવી

૧. નવકાર મંત્રનો પહેલુ સુત્ર (૮)
૮. ...હૈ તો તાલ હૈ, વરના તું કંગાલ હૈ (૨)
૯. કર ... (૩)
૧૦. કદર કરી જાણનાર (૫)
૧૨. ગમ્મત, મજાક (૩)
૧૩. કાપડ : ... મલ (૨)
૧૪. ફાયર (૨)
૧૫. પ્રવાસ, મુસાફરી (૫)
૧૮. સંજય દત્તની ફિલ્મ (૪)
૧૯. એક રાગ (૩)
૨૨. 'ખુદાગવાહ' ફિલ્મના પ્રોડયુસર (૬)
૨૫. ના..., ...દાર (૩)
૨૬. વીલ..., વિન્ડ ... (૩)
૨૭. સંજય દત્તની બહેનનું નામ (૩)
૨૮. ...ધાર, ...વાર (૨)

### ઉભી ચાવી

૧. મુસ્લિમ બિરાદરોની 'પ્રાર્થના' (૩)
૨. ઉગેલો પાક (૨)
૩. પરત લેવું-અંગ્રેજી (૪)
૪. પાણીમાં તરે, ઉડે (૨)
૫. ...કા ઉલ્ટા ચશ્મા (૬)
૬. શ્રમિક (૩)
૭. વેગળું, અલગ (૪)
૧૧. નડવુ, ડિસ્ટર્બન્સ (૩)
૧૨. એક કઠોળ (૨)
૧૪. રાજેશ ખન્ના-સંજીવકુમારની ફિલ્મ (૬)
૧૫. એક કોંગ્રેસી ગુજરાતી નાણામંત્રી (૬)
૧૬. કાઉ (૨)
૧૭. અમે-હિન્દી (૨)
૧૮. એન્ટરટેઇન્ટમેન્ટ (૫)
૨૦. આશ્ચર્ય, તાજુબ (૩)
૨૧. એક અટક (૪)
૨૩. દાનવ-નું વિરોધી (૨)
૨૪. આ પંખીની બેલડી હોય (૩)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બ | ડે | મિ | યા | છો | ટે | મિ | યા | | અ |
| | | રા | હુ | | ક | | | ભા | પ |
| હ | લે | ન્ડા | | ગ | ણ | વે | શ | | ના |
| લ | | | પે | ટ | લા | દ | | સા | પ |
| | સા | | ચ | ર | ક | | આ | | ન |
| અ | હો | ભા | વ | | ડી | લ | ડો | લ | |
| વા | | ક | ર્ક | | | ક | ડા | ઈ | |
| ચ | મા | ર | | હ | લ | લા | ઈ | | ગુ |
| ક | ટ | | મ | | ક્ષ | | | લા | લા |
| | લું | | શ્ર | વ | ણ | | જુ | લા | બ |

# સાંજ સમાચાર




## દેશ - વિદેશના સચોટ સમાચાર ઝડપથી વાંચવા માટે આજે જ ડાઉનલોડ કરો સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

TELEGRAM
Sanj Samachar

WEBSITE
www.sanjsamachar.net

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )

# વેકેશન-લગ્નગાળાની ઈફેક્ટઃ રાજકોટ એસટી વિભાગને ત્રણ દિ'માં જ રૂા.૨.૫૭ કરોડની તોતીંગ આવક

## ત્રણ દિ'માં ૩.૩૦ લાખથી વધુ મુસાફરોએ મુસાફરી કરીઃ ગઈકાલે એક જ દિવસમાં ૭૨.૫૭ લાખની જંગી આવક થઇ

રાજકોટ, તા.૧૪

છેલ્લા કેટલાક દિવસોથી વ્યાપક લગ્નગાળો અને વેકેશનને કારણે રાજકોટ એસટી વિભાગે આવકમાં તોતીંગ ઉછાળો થવા પામ્યો છે. સાથોસાથ એસટી બસ પોર્ટ ઉપર છેલ્લા કેટલાક દિવસોથી જબરદસ્ત ટ્રાફિક પણ નજરે ચડી રહ્યો છે. મોટાભાગની બસો મુસાફરોથી ચિક્કાર દોડી રહી છે. અને રાજકોટ એસટી વિભાગે મુકેલી ૫૦ જેટલી એક્સ્ટ્રા બસો પણ ફુલ દોડી રહી છે.

ઉલ્લેખનીય છે કે ખાસ કરીને ગત તા.૧૧ને અખાત્રીજના રોજ વ્યાપક લગ્નગાળો હતો જેના કારણે અખાત્રીજ ઉપરાંત તા.૧૨,૧૩ના રોજ પણ રાજકોટ એસટી વિભાગને વ્યાપકપણે ટ્રાફિક મળવા પામ્યો હતો અને છેલ્લા ત્રણ દિવસમાં રાજકોટ એસટી વિભાગને રૂા.૨.૫૭ કરોડથી વધુની તોતીંગ આવક થવા પામી છે.

એસટી વિભાગના સુત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ છેલ્લા ત્રણ દિવસમાં રાજકોટ બસ પોર્ટ ઉપરથી ૩.૩૦ લાખ જેટલા મુસાફરોએ અવર-જવર કરી હતી. રાજકોટ એસટી વિભાગના સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ ગત તા.૧૧ના રોજ રાજકોટ એસટી વિભાગને ૬૯.૦૭ લાખની જંગી આવક થઇ હતી અને ૧.૧૦ લાખ જેટલા મુસાફરોએ મુસાફરી કરી હતી તેમજ ૧૯૦૯ ટ્રીપોનું સંચાલન થવા પામ્યું હતું. આ ઉપરાંત તા.૧૨ના રોજ રાજકોટ એસટી વિભાગને ૬૮.૩૬ લાખની તોતીંગ આવક થઇ હતી અને ૧.૬૪ લાખ મુસાફરોએ મુસાફરી કરી હતી તેમજ ૧૮૮૭ ટ્રીપોનું સંચાલન થયું હતું. જ્યારે તા.૧૩ના રોજ રાજકોટ એસટી વિભાગને રૂા.૭૨.૫૭ લાખની જંગ આવક થઇ હતી અને ૧.૧૪ લાખ જેટલા મુસાફરોએ મુસાફરી કરી હતી તેમજ ૧૮૮૯ ટ્રીપોનું સંચાલન થયું હતું.

# જાણીતા મસાલા ઉત્પાદકો ઉપર ફૂડ એન્ડ ડ્રગના દરોડા

## શારદા ગૃહ ઉદ્યોગ, રંગોલી સ્પાસીસ, મિશ્રી સ્પાસીસમાંથી મિક્સ મસાલા અને મરચુ પાવડરના સાત નમુના લેવાયા

રાજકોટ, તા.૧૪

રાજકોટ જિલ્લામાં હજુ પણ મસાલાની સિઝન ચાલી રહી છે ત્યારે ગત સપ્તાહના અંતમાં રાજકોટ જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા મસાલાના ચેકિંગ અર્થે વધુ એક ખાસ ડ્રાઇવ હાથ ધરવામાં આવેલ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ખ્યાત નામ બ્રાન્ડ એમડીએચ મસાલામાં ભયજનક રીતે ભેળસેળનું પ્રમાણ બહાર આવતા રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ વિભાગે દરેક જિલ્લામાં મસાલાનું સઘન ચેકિંગ હાથ ધરવા આદેશ કર્યો છે.

આ આદેશના પગલે રાજકોટ જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા ગોંડલ પંથકમાં આવેલ જાણીતા મસાલાના ઉત્પાદકોને ત્યાં ચેકિંગ હાથ ધરવામાં આવેલ હતું અને મીક્સ મસાલા તથા મરચુ પાવડર સહિત કુલ સાત સેમ્પલો લઇ લેબોરેટરી પરિક્ષણ માટે મોકલી દેવામાં આવેલ છે. આ અંગેની ફૂડ એન્ડ ડ્રગ વિભાગના સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ રાજકોટ જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ તંત્રએ ગોંડલ પંથકમાં હડાળામાં આવેલ મસાલા ઉત્પાદક શારદા ગૃહ ઉદ્યોગ, રંગોલી સ્પાસી તેમજ ગોંડલમાં આવેલ મિશ્રી સ્પાસીમાંથી મીક્સ મસાલાના ૩ અને મરચુ પાવડરના ચાર સેમ્પલો લેવામાં આવેલ છે અને આ તમામ સેમ્પલોને લેબોરેટરી પરિક્ષણ માટે મોકલી દેવામાં આવેલ છે.

# ચૂંટણી પુરી થતાં જ રેવન્યુ તંત્ર દ્વારા દબાણોનો સર્વે શરૂ

## રાજકોટ તાલુકાના કોઠારીયા, નવાગામ અને વાવડીમાં સરકારી જમીનો ઉપર ગેરકાયદેસર ખડકાઈ ગયેલા દબાણોનો સર્વે કરવા ટીમો દોડી

રાજકોટ, તા.૧૪

રાજકોટ જિલ્લા સહિત ગુજરાતની ૨૬ લોકસભા બેઠકોની ચૂંટણીઓ પૂરી થઇ છે. જો કે હજુ અન્ય તબકકાનું મતદાન બાકી હોય હજુ પણ આચાર સંહિતા અમલી છે. જો કે ગુજરાતમાં તમામ બેઠકોની ચૂંટણીઓ પૂરી થઇ હોય. આચાર સંહિતાની અમલવારીમાં થોડી રાહત થઇ છે આથી હવે સરકારી તંત્ર દ્વારા ધીમે ધીમે રૂટીન કામગીરીને પાટે ચડાવવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ચૂંટણીઓ પુરી થતાં રાજકોટ જિલ્લામાં જુદા જુદા મામલતદારો દ્વારા ફરી દબાણની કામગીરી હાથ ઉપર લેવામાં આવી છે અને જુદા-જુદા તાલુકામાં આવેલ સરકારી જમીનો પર ખડકાઇ ગયેલા દબાણો અંગેનો સર્વે હાથ ધરવામાં આવેલ છે. ટૂંક સમયમાં એટલે કે તા.૪ના રોજ પરિણામ જાહેર થયા બાદ આચાર સંહિતા પૂર્ણ થશે. એટલે તુરંત જ સર્વે કરાયેલ વિસ્તારોમાં દબાણો હટાવવાની કામગીરી શરુ કરવામાં આવે તેવા નિર્દેશો છે. મળતી વધુ વિગતો મુજબ રાજકોટ તાલુકાના કોઠારીયા, નવાગામ અને વાવડી વિસ્તારમાં પણ તાલુકા મામલતદાર તંત્ર દ્વારા સરકારી જમીનો પર ગેરકાયદેસર રીતે ખડકાઇ ગયેલા દબાણોનો સર્વે હાલમાં જ શરુ કરી દેવામાં આવેલ છે. તાલુકા મામલતદારની જુદી-જુદી ટીમો દ્વારા હાલમાં આ દબાણો અંગેનો સર્વે કરવામાં આવી રહ્યાનું જાણવા મળી રહ્યું છે.

# પતંજલિ કેસમાં સુપ્રિમ કોર્ટે બાબા રામદેવને સુપ્રિમ કોર્ટે આપી રાહતઃ હવે કોર્ટમાં હાજર નહી રહેવું પડે

## આઈએમએ ચીફ આરવી અશોક તેને ફટકાર લગાવી

નવીદિલ્હી,તા.૧૪

પતંજલિની ભ્રામક જાહેરાતના કેસમાં સુપ્રીમ કોર્ટની બે સભ્યોની બેન્ચે કોર્ટના આદેશની અવમાનનાના કેસમાં પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે. હવે બાબા રામદેવ અને બાલકૃષ્ણને કોર્ટમાં હાજર નહીં થવું પડે. કોર્ટે તેને વધુ હાજર રહેવા માટે મુક્તિ આપી છે. આ સાથે જ કોર્ટે IMA ચીફને માફી ન માંગવા બદલ ઠપકો આપ્યો હતો.

પતંજલિની ભ્રામક જાહેરાતના કેસમાં આજે સુપ્રીમ કોર્ટમાં પતંજલિ કેસની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન યોગ ગુરુ રામદેવ અને તેમના સાથી બાલકૃષ્ણ કોર્ટમાં હાજર હતા.

જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહની બેંચે કોર્ટના આદેશની અવમાનનાના કેસમાં ચુકાદો અનામત રાખ્યો છે. હવે બાબા રામદેવ અને બાલકૃષ્ણને કોર્ટમાં હાજર નહીં થવું પડે. કોર્ટે તેને વધુ હાજર રહેવા માટે મુક્તિ આપી છે. કોર્ટે IMA પ્રમુખને ફટકાર લગાવી

આ સાથે જ કોર્ટે IMA એટલે કે ઈન્ડિયન મેડિકલ એસોસિએશનને પણ ફટકાર લગાવી છે. IMA ચીફ આરવી અશોકન દ્વારા આપવામાં આવેલા ઈન્ટરવ્યુ પર સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. કોર્ટની નારાજગી પર IMA પ્રમુખ આરવી અશોકને સર્વોચ્ચ અદાલતમાં બિનશરતી માફી માંગી છે.

પતંજલિ વતી કોર્ટમાં હાજર થયેલા વકીલ મુકુલ રોહતગીએ કહ્યું હતું કે IMA ચીફ આરવી અશોકન ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA)ના પ્રમુખ તાજેતરમાં પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં સર્વોચ્ચ અદાલત સામેના તેમના નિવેદનો માટે બિનશરતી માફી માંગી હતી, જ્યાં તેમણે પતંજલિ આયુર્વેદના ભ્રામક જાહેરાતના કેસ અંગેના પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

# દિલ્હીમાં ઘણી હોસ્પિટલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી

## બે-બે વખત ઈ-મેલથી ધમકી મળતા ઓપીડીમાં દાખલ દર્દીઓને તપાસ માટે બહાર કાઢવામાં આવ્યાઃ તંત્ર એલર્ટ



નવી દિલ્હી,તા.૧૪

દિલ્હી બોમ્બની ધમકી દિલ્હીની ઘણી હોસ્પિટલોને ફરીથી બોમ્બની ધમકીના ઈમેલ મળ્યા છે. આ અંગે હોસ્પિટલ પ્રશાસનને એલર્ટ કરી દેવામાં આવ્યું છે. દિલ્હી સ્ટેટ કેન્સર ઇન્સ્ટિટ્યૂટમાં ઓપીડીના દર્દીઓને થોડા સમય માટે તપાસ માટે બહાર કાઢવામાં આવ્યા છે. સાવચેતીના ભાગરૂપે, હોસ્પિટલ પરિસરમાં શંકાસ્પદ વસ્તુઓની તપાસ કરવામાં આવી રહી છે.

રાજધાની દિલ્હીની હોસ્પિટલોને ૩૩ કલાક અને ૧૫ મિનિટ પછી બીજી વખત મેલ દ્વારા બોમ્બની ધમકી મળી છે. રવિવારે બપોરે ૩:૦૪ કલાકે પહેલી વાર આ મેઇલ મળ્યો હતો. સોમવારે મોડી રાત્રે ૧૨:૧૯ કલાકે બીજી વખત મેલ મળ્યો હતો. મંગળવારે દિલ્હી સ્ટેટ કેન્સર ઇન્સ્ટિટ્યૂટમાં ઓપીડી પહોંચેલા દર્દીઓને સુરક્ષા તપાસ માટે બહાર રોકી દેવામાં આવ્યા હતા.

છે. આ વખતે તિહાર જેલના ડાયરેકટર જનરલને પણ મેઈલ મોકલવામાં આવ્યા છે. સાવચેતીના ભાગરૂપે, હોસ્પિટલ પરિસરમાં શંકાસ્પદ વસ્તુઓની તપાસ કરવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ, હોસ્પિટલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો ઈમેલ સોમવારે બપોરે ૧૨.૧૯ વાગ્યે આવ્યો હતો. આ વખતે મેઈલ આઈડી બીજા નંબરે છે.

મળતી માહિતી મુજબ, દિલ્હીની દીપ ચંદ બંધુ હોસ્પિટલ, જીટીબી હોસ્પિટલ, દાદા દેવ હોસ્પિટલ, હેડગેવાર હોસ્પિટલ સહિત ઘણી હોસ્પિટલોમાં બોમ્બની ધમકીના ઈમેલ મળ્યા છે. કેસમાં સર્ચ ઓપરેશન ચાલુ છે. દિલ્હી ફાયર સર્વિસે આ જાણકારી આપી છે.સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ હતી.

## દુકાન આપવાની છે

આથી સબંધ કરતા સર્વેને જણાવવાનું કે શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ રાજકોટના બેડી સ્થિત શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ મુખ્ય માર્કેટયાર્ડમાં શ્રી ન્યારા સેવા સહકારી મંડળી લી. ન્યારા તા. પડધરી જી. રાજકોટ દુકાન નં. એ-૧૯૧ સુખડીથી ભાડે ધરાવે છે. સદરહું દુકાનના ભાડાહકક બજાર સમિતિની નિયત કરવામાં આવેલ શરતોને આધીન તબદીલ કરવાના હોય જે કોઇ ઇસમ સદરહું દુકાન સુખડીથી ભાડે રાખવા રસ ધરાવતા હોઇ, તેઓએ દુકાનની અપસેટ કિંમત વેચાણની શરતો ડીપોઝીટ અને ટેન્ડર વિગેરે માહિતી તા. ૧૪/૦૫/૨૦૨૪થી ૨૧/૦૫/૨૦૨૪ સુધી ન્યારા મંડળીની ઓફિસેથી, મંડળીના કામકાજના સમય દરમ્યાન મેળવી લેવાની રહેવાની રહેશે. દુકાન વેચાણનું ટેન્ડર (ભાવ) મંજુર કરવાની આખરી સત્તા મંડળીના પ્રમુખની રહેશે જેની સર્વેએ નોંધ લેવી.

સ્થળ : મુ. ન્યારા, તા. પડધરી, જી. રાજકોટ — પ્રમુખશ્રી
તારીખ : ૧૪/૦૫/૨૦૨૪ — ન્યારા સેવા સહકારી મંડળી લી.

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર **રૈયાણી રીંકલબેન હાર્દીક** જાહેર કરૂ છું કે હું મારૂ નામ **રૈયાણી રીંકુ હાર્દીક** માંથી બદલાવીને **રૈયાણી રીંકલબેન હાર્દીક** કરેલ છે અને હવે પછી હું **રૈયાણી રીંકલબેન હાર્દીક** તરીકે ઓળખાઇશ.

**રૈયાણી રીંકલબેન હાર્દીક**
તા. ૧૪/૦૫/૨૦૨૪, રાજકોટ.

## નામ બદલાવેલ છે

આથી હું **હિનાબેન વિરલભાઈ પાંભર** જાહેર કરૂ છું કે મારૂ નામ **હિના વિરલકુમાર પાંભર** માંથી બદલાવીને **હિનાબેન વિરલભાઈ પાંભર** કરેલ છે અને હવે પછીથી **હિનાબેન વિરલભાઈ પાંભર** તરીકે ઓળખાઈશ.

**હિનાબેન વિરલભાઈ પાંભર**
ગામઃ મોવિયા, તા. ગોંડલ, મોવિયા, ડીસ્ટ્રીક્ટ : રાજકોટ - ૩૬૦૩૧૧


બેસ્ટ અગરબત્તી*
શ્રી હરિકૃત અગરબત્તી
"કણકણમાં સુગંધનો ખજાનો જાણે કણકણમાં ઈશ્વરનો અહેસાસ"
ૐ સાંઈ ફલોરા, બ્લ્યુ એન્જલ, બ્લ્યુ-Z, હેરીટેજ વગેરે સુગંધીત અગરબત્તી મેળવવાનું વિશ્વાસપાત્ર સ્થળ
હોલસેલ-રીટેઈલમાં મેળવવાના વિશ્વાસપાત્ર સ્થળો
■ સુગંધીત સ્પ્રે પ્રાપ્ય છે ■
1 ભકિત હોલ- પીપળીયા હોલ સામે
2 ભકિત હોલ - સહકાર ચોકમાં
દરેક સ્ટોર-એજન્સીમાં પ્રાપ્ય છે
M. 96249 75890

"શ્રી હરિ" સ્પોકન ઈંગ્લીશ વર્ગો
વેકેશન બેચ
પાયેથી લખતા, વાંચતા બોલતા, સમજતા શીખો
શ્રી હરિધવા માર્ગ, વિશ્વેશ્વર કોમ્પલેક્ષ, પટેલ સ્ટેશનરીની બાજુમાં, રાજકોટ.
Bhatt Saheb - 93102 28228

SAVE THE DATE May 18/5
A TRIBUTE TO Kishore Kumar The Legend's Voice Comes Alive
VOICE OF LEGENDS Presents
CRYSTAL GROUP
આયોજકઃ કેતન મહેતા મુકેશ રાદડીયા
Hetal Munshi Pandya
Sunil Gadhia
Reena Gajjar
એન્કરઃ બીમલ ઓઝા
મ્યુઝીક અરેન્જમેન્ટઃ મીતેશ દેસાઈ ટીમ-અમદાવાદ
મુખ્ય મહેમાન શ્રીકાંત નાયર • મોહીત બુચ
ગીત ગઢીયા
બુકીંગ કોન્ટેકઃ મોહીત બુચ 9824213013 | સુનીલ લાખાણી 9825219189 | અરૂણ શિશાંગીયા 9824088577
Dt. 18/05/2024, Saturday
Time: 9:15 pm Hemu Gadhvi Hall, Rajkot.

The Rajkot Commercial Co. Operative Bank Ltd
Web : www.rccbank.in
Ph. : 0281-2238946
નાના વેપારી,ઉદ્યોગો વ્યવસાયીકો માટે, મશીનરી, વાહન લોન
૧૦ લાખ સુધીના તમામ ધિરાણ
7.95 % વ્યાજના રાહતદરે
0 પ્રોસેસીંગ ચાર્જ
વધુ માહિતી માટે સંપર્કસુત્રઃ ધર્મેશ હિંડોચા 94093 29051, શૈલેષ પટેલ 94294 72052
'શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ', મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.


# રાજકોટના અગ્રણી ખીમજીભાઈ મકવાણા વિરુદ્ધ થયેલ વીજ ચોરીની ફરિયાદ ઉપર હાઈકોર્ટનો સ્ટે

## ગુજરાત હાઈકોર્ટના વિદ્વાન એડવોકેટ ધ્રુવ ટોળીયાની ધારદાર દલીલોના આધારે કોર્ટના મનાઈ હુકમથી મોટી રાહત

**રાજકોટઃ** રાજકોટના પ્રતિષ્ઠિત વેપારી અને વરિષ્ઠ સામાજિક અગ્રણી શ્રી ખીમજીભાઈ ટીડાભાઇ મકવાણા વિરુદ્ધ રાજકોટ પી.જી.વી.સી.એલ દ્વારા વીજ ચોરીના આક્ષેપો લગાવતી ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી જે ફરિયાદ પ્રમાણે એવો આક્ષેપ કરવામાં આવેલ કે ખીમજીભાઈ ટીડાભાઇ મકવાણાના માલિકીવાળા ગ્રીનલેન્ડ ચોકડી પાસે આવેલ શોરૂમ ઉપર પી.જી.વી.સી.એલ દ્વારા તપાસણી કર્યા બાદ તેવું ધ્યાનમાં આવેલ કે મિલકત ઉપર લાગેલા વીજ મીટર ઉપરના મીટર બોક્સના સીલ સાથે ચેડા થયેલા મળી આવેલ અને મીટર ફરવાની ગતિ સામાન્ય કરતા ધીમી ચાલતી મળી આવેલ. ખીમજીભાઈ મકવાણા વતી નામદાર ગુજરાત હાઈકોર્ટના વિદ્વાન ધારાશાસ્ત્રી ધ્રુવ ટોળીયાની દલીલો પ્રમાણે આક્ષેપિત સમય ગાળા દરમ્યાન તેઓના અસીલ ખીમજીભાઈ મકવાણા દ્વારા મિલકતનો ભાડા કરાર પરસોલી મોટર્સની તરફેણમાં એક ચોક્કસ ભાડા માટે કરી આપેલ અને પરસોલી મોટર્સના અણધાર્યા મિલકત છોડ્યા બાદ મિલકતનો કોઈ નોંધપાત્ર ઉપયોગ કરવામાં આવેલ નહીં. ઉપરોક્ત મિલકત છેલ્લા ચાર-પાંચ વર્ષથી બંધ પડેલ હોય કોઈ વપરાશ થયેલ ન હોય વીજ વપરાશના યુનીટ ઓછા આવેલ હતા. વકીલશ્રી ધ્રુવ ટોળીયાની એવી પણ દલીલ હતી કે ફરિયાદ દાખલ કરતા પહેલા હાથ ધરેલ તપાસમાં પી.જી.વી.સી.એલના સક્ષમ અધિકારીઓ દ્વારા કરેલ કાર્યરીતિમાં અનેક કાયદાકીય ખામીઓ મળી આવેલ છે. ખીમજીભાઈ મકવાણા તરફે વકીલશ્રી ધ્રુવ ટોળીયાની દલીલો અને કેસના ગુણો જોઈને નામદાર ન્યાયમૂર્તિશ્રીએ ખીમજીભાઈ મકવાણા વિરુદ્ધ દાખલ થયેલ ફરિયાદ ઉપર મનાઈ હુકમ કરી એક ચોકકસ રકમ ડિપોઝિટ ભરવાની શરતે ફરિયાદ ઉપર સ્ટે આપેલ જેના કારણે ખીમજીભાઈને મોટી રાહત મળેલ છે. પી.જી.વી.સી.એલ ના અધિકારીઓ પોતાનો ટાર્ગેટ પુરો કરવાના આશયથી મનઘડક અને ખોટી ફરિયાદો ઉભી કરી પ્રતિષ્ઠિત લોકોની પ્રતિષ્ઠાને નુકસાન પહોચાડવા પ્રયાસો કરતા હોય છે ત્યારે આ કાનુની લપડાકથી તેઓને શબક મળ્યો છે.

**ટાર્ગેટ પુરો કરવા મથતા પી.જી.વી.એલ ના અધિકારીઓને કાનુની લપડાક**


ધો-12 પાસ થતા કોલેજમાં એડમિશન મેળવો...
B.Sc \ B.Com \ B.A.
(સુ.નગર યુનિવર્સિટી એડમિશન સેન્ટર ) તેમજ
B.Ed. / M.Ed. / PTC/ નર્સિંગ ANM
(સૌરાષ્ટ્ર યુનિ./કાઉન્સિલ માન્ય)
BBA
BCA
DHSI
ઘરે બેઠા / ઓનલાઈન
આંબેડકર યુનિવર્સિટી સ્ટડી સેન્ટર

(ડિગ્રી / ડિપ્લોમા / M.A. /M.Com. / M.Sc)
(બધા વિષયો)(સુ.નગર યુનિવર્સિટી)
ચુંવાળિયા કોળી સહિત NTDNT અને SC/ST મા સંપૂર્ણ ફીની સ્કોલરશિપ મળશે
સંપર્કઃ- તક્ષશિલા સંકુલ હળવદ
રોહિત- 95866 56471
આશિષ- 91732 56471

રાજકોટમાં સતત બીજા દિવસે રોડ રકતરંજીત બન્યાં.......

# બેડી ચોકડી પાસે કાળમુખા ટ્રકની ઠોકરે મનોદિવ્યાંગ યુવતીનું કરૂણ મોત

### ગઈ તા.૭ના ઘરેથી નિકળી ગયેલ સ્નેહાબેન શાહ પુરપાટ ઝડપે આવેલ ટ્રકની હડફેટે આવી જતાં કચડાયાઃઘટના સ્થળે જ દમ તોડયોઃ પરીવારમાં અરેરાટીઃગાંધીગ્રામ પોલીસે અજાણ્યા ટ્રક ચાલક સામે ગુનો નોંધી તપાસ આદરી

રાજકોટ,તા.૧૪

રાજકોટમાં સતત બિજા દિવસે રોડ રકતરંજીત બન્યાં હોય તેમ અકસ્માતના બે બનાવમાં એક યુવક અને એક યુવતીનું મોત નિપજયું હતું. ગઈકાલે એસ્ટ્રોન ચોક પાસે કારની ઠોકરે, રીક્ષા ચડી જતાં ૪૫ વર્ષીય મહેશ રાઠવાનું મોત નિપજયું હતું. જયારે ગઈ મોડી રાતે બેડી ચોકડી પાસે કાળમુખા ટ્રકે હડફેટે લેતો ૩૬ વર્ષીય મનો દિવ્યાંગ સ્નેહાબેન શાહ નામની યુવતીનું કરૂણ મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી.રોડ સેફટી બાબતે સબ સલામ તથા દાવા કરતી ટ્રાફીક પોલીસના જુમલા સબિત થયા હતો.પ્રાપ્ત વિગત મુજબ,શહેરમાં



રૈયારોડ પર ડીમસીટી એપાર્ટમેન્ટમાં સી-ટુમાં રહેતા સ્નેહાબેન ચિમનભાઈ શાહ (ઉ.વ.૩૬) ગઈ રાતે માધાપર ચોકડીથી બેડી ચોકડીની વચ્ચે એ.ડી.બી.હોટલ નજીક રોડ ક્રોસ કરતી હતી ત્યારે પુરપાટ ઝડપે આવેલા કાળમુખા ટ્રકે હડફેટે લેતાં ફુટબોલના દડાની માદક ફંગોળાઈ હતી. જેમને માથાના અને શરીરના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેમનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયું હતું.દરમિયાન ત્યાંથી જ તેમની પડોશી મહીલા ત્યાંથી નિકળતાં તેમને યુવતીના પરીવારજનોને જાણ કરી ૧૦૮ને જાણ કરી હતી. બાદમાં પરીવારજનો દોડી આવ્યા હતાં. અને ૧૦૮ની ટીમે જાણ દોડી આવી યુવતીને તપાસી મૃત જાહેર કરી હતી.બનાવની જાણ થતાં ગાંધીગ્રામ પોલીસ મથકનો પીએસઆઈ યુ.આર.ભટ્ટ સહીતનો સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડી અકસ્માત સર્જનાર ટ્રકના પીબી-૦૪-એબી-૬૬૮૨ના ચાલક સામે ગુનો નોંધ્યો હતો.મૃતક બે ભાઈ એક બહેનમાં વચ્ચે હતી.તેઓ માનીસીક બિમારીથી પીડીત હોય જેથી તેની સારવાર પણ ચાલુ કરી તેણી ગઈ તા.૭ના ઘરેથી કહ્યા વગર નિકળી ગઈ હતી. જે બાબતે પરીવારજનોએ યુનિવર્સિટી પોલીસ મથકમાં ગુમ નોંધ પણ કરાવી હતી.બનાવથી પરીવારમાં શોક સાથે ગમગીન છવાઈ હતી.

# પુત્રીના લગ્ન માટે શ્રમિકે રાખેલ રૂ.બે લાખની મરણમૂડી ગજકેશરી ફાયનાન્સનો સંચાલક ઓળવી ગયો

### રૈયાધારમાં રમેશભાઈ ખેતરિયાએ છ વર્ષની પાકતી મુદતે પેઢીમાં મૂક્યાં 'તાઃ પેઢીના સંચાલક જયેન્દ્રસિંહ જાડેજાએ વાયદાઓ કર્યા બાદ હાથ ઊંચા કરી દિધાઃ ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

રાજકોટ. તા.૧૪

રૈયાધારમાં રહેતાં રમેશભાઈ ખેતરિયાએ પુત્રીના લગ્ન માટે રાખેલ રૂ.એક લાખની મરણમૂળી ગજકેશરી ફાયનાન્સનો સંચાલક જયેન્દ્રસિંહ જાડેજા ઓળવી જતાં ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે રૈયાધારમાં રાણીમાં રૂડીમા ચોકથી આગળ બાર માળીયા કવાર્ટરની સામે રહેતાં રમેશભાઇ ભીખાભાઇ ખેતરીયા (ઉ.વ.૪૮) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે જયેન્દ્રસિંહ ભરતસિંહ જાડેજા (રહે. જીવંતીકાનગર શેરી નં.૨) નું નામ આપતાં ગાંધીગ્રામ પોલીસે છેતરપીંડીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ પંચરની દુકાન ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. વર્ષ ૨૦૧૮ માં તેના મિત્ર મૌલીકભાઇ જગદીશભાઇ રાવલ જે ભારતી એકઝા ઇન્સ્યોરન્સ કંપનીમા નોકરી કરે છે. તેમની ઓફીસની નિચેના માળે ગજકેશરી ફાયનાન્સ નામની ઓફીસ ચલાવતા આવેલ હતી. તે સમયે તેમની પાસે એક લાખ જેવી રકમ પડેલ હોય અને તેમની દિકરીના લગ્ન સુધી રોકાણ કરવા બાબતે મૌલીકભાઇને પુછતા તેણે ગજકેશરી ફાયનાન્સના માલીક જયેન્દ્રસિંહ ભરતસિંહ જાડેજાનાઓ સાથે મુલાકાત કરાવેલ હતી.



ત્યારે આરોપી જયેન્દ્રસિંહે લોભામણી જાહેરાત આપતા તા.૧૫/૦૩/૨૦૧૮ ના છ વર્ષ માટે રૂ. એક લાખની એફ.ડી કરેલ હતી. તે એફ.ડી.ની પાકતી મુદત તા.૧૫/૦૩/૨૦૨૪ ની હતી અને ગઇ પાકતી મુદત પેહલા સાત આઠ દિવસ પહેલા સામાવાળાનો ફોન આવેલ અને જણાવેલ કે, મે તમને જે બે ચેક આપેલ છે તે તમે ખાતામાં નાંખતા નહી મારૂ એકાઉન્ટ ફ્રીજ થઇ ગયેલ છે તમે નવા ચેક લઇ જજો જેથી જેથી તેઓ મિત્ર મૌલીકભાઇ સાથે જયેન્દ્રસિંહની ઓફીસ ખાતે ગયેલ હતાં.

જ્યા આરોપીએ બીજા બે ચેક આપેલ હતાં. જે ચેક અલગ અલગ તારીખે એકાઉન્ટમાં નાખતા તે ચેક બાઉન્સ થયેલ હતાં. જેથી આરોપી જયેન્દ્રસિંહની ઓફીસે જઇ આ બાબતે વાતચીત કરતા તેણે કાલે આપી દઇશ તેમ વાત કરેલ ત્યારબાદ અવારનવાર તેમની સાથે આ બાબતે વાતચીત કરતા તે આજકાલમાં આપી દઉ છું તેમ કહી ફક્ત વાયદા જ આપતો હોવાથી ફરીયાદ નોંધાવેલ હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી પીએસઆઈ એસ.એલ.ગોહીલ અને સ્ટાફે તપાસ હાથ ધરી હતી.

# અગાઉના ઝઘડાનો ખાર રાખી કૌટુંબીક ભાઈએ મજબુતભાઈ જળુ પર હિચકારી હુમલો કર્યો

### ફરિયાદીની ભાણેજને આરોપીનો દીકરો ભગાડી ગયેલ હોય જે બાબતે માથાકુટ થઈ હતીઃ જે બાબતે ઢાંક ગામે કૌટુંબીક ભાઈએ કર્યો હુમલો

રાજકોટ તા.૧૪

આગાઉના ઝઘડાનો ખાર રાખી કૌટુંબીક ભાઈએ મજબુતભાઈ જળુ પર હિકચારી હુમલો કર્યો હતો.

ફરિયાદીની ભાણેજને આરોપીનો દીકરો ભગાડી

ગયેલ હોય જે બાબતે માથાકુટ થઈ હતી.જે બાબતે ઢાંક ગામે કૌટુંબીક ભાઈએ તેનાં ભાઈ પર હુમલો કરી ઈજા પહોંચાડી નાસી ગયા હતા.

બનાવની વિગત મુજબ ફરિયાદી મજબુતભાઈ જીલુભાઈ જળુ (ઉ.વ. ૩૬ રહે.ઢાંકગામની સીમમા વાડીએ પ્રાંસલા જવાના રસ્તે તા.ઉપલેટા) એ ફરીયાદમાં જણાવ્યું કે આજથી છ સાત મહિના પહેલા મારી ભાણેજને રણજીતભાઈનો દિકરો શીવરાજ ભગાડી ગયેલ હોય જેનુ મારે તથા આ લોકો સાથે મનદુખ ચાલતુ હોય. જે બાબતે માથાકુટ થયેલ. વધુમાં જણાવ્યું કે ગત તા. ૧૨/૦૫/૨૦૨૪ ના હું રાત્રીના સાડા દસેક વાગ્યાની આસપાસ મારા ઘરે હતો. ત્યારે અમારા માતાજીના ઢાંક ગામે નીવેદ હોય જેથી મારો કૌટુંબીક ભાઈ રણજીતભાઈ સુરીંગભાઈ જળુ ( રહે. રાવણા તા. ગોંડલ) તે મારી વાડીએ મારા ઘર પાસે આવી જેમફાવે તેમ ગાળો બોલવા લાગેલ. જેથી હુ ઘરની બહાર નીકળતા રણજિતે પથ્થરનો છૂટો ઘા કરતાં કોણીના ભાગે પથ્થર વાગેલ.અને મારી સાથે જપાજપી કરવા લાગેલ. તેવામા તેનો ભાઈ રામકુભાઈ સુરીંગભાઈ જળુ (રહે.રબારીકા તા. જેતપુર) તે અચાનક આવેલ. અને લાકડી વડે મને મારવા લાગેલ. માથાના ભાગે ઘા મારતા લોહી નીકળવા લાગેલ. દેકારો થતા મારી બાજુની વાડીમા રહેતા કાકાના દિકરા રઘુભાઈ દાદાભાઈ જળુ તથા ઉદયભાઇ દાદાભાઈ જળુ આવી જતા મને બચાવેલ. અને આ બંને જણા ત્યાથી જતા રહેલ. બાદ ૧૦૮ મારફત કોટેજ હોસ્પિટલમા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તબીયતમાં સારુ જણાતાં રજા આપેલ. બનાવ અંગે ભાયાવદર પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી છે.

# સગીરાનું બીજી વખત અપહરણ કરી દુષ્કર્મ ગુજાર્યાના કેસમાં આરોપીનો જામીન પર છુટકારો

રાજકોટ, તા.૧૪

૧૭ વર્ષની સગીરનું બીજી વખત અપહરણ કરી દુષ્કર્મ ગુજાર્યાના કેસમાં આરોપી તુલસી ઉર્ફે કાનો રમેશભાઈ ઉપસરીયાએ હાઈકોર્ટમાં જામીન અરજી કરતા હાઇકોર્ટે જામીન મુક્ત કરવા હુકમ કર્યો હતો.



એડવોકેટ સભાડ, મકવાણા

કેસની વિગત મુજબ, ૧૭ વર્ષીય ભોગ બનનાર તેની માતા સાથે મોરબીથી રાજકોટ ખાતે કાલાવડ રોડ પર, તુલસી વિવાહના પ્રસંગમાં મામા ઘરે રોકાયેલ. દરમિયાન ખરીદી કરવા બધા ગુંદાવાડી માર્કેટ ગયા હતા ત્યાં માતા ખરીદીમાં વ્યસ્ત હતા ત્યારે ભોગબનનાર બજારમાં માણસોની ભીડમાં કયાંય જતી રહેલ. તપાસ કરતા ક્યાંય મળી આવેલ નહીં. અગાઉ ભોગબનનારને આરોપી તુલસી મોરબી મુકામે ફરીયાદીના ઘરેથી અપહરણ કરી ગયેલ હોય અને તે અંગેની ફરીયાદ મોરબી પોલીસ સ્ટેશનમાં જે તે વખતે નોંધાવેલી હોય અને આરોપી હાઈકોર્ટમાંથી જામીન પર છુટેલ હતો. જેથી માતા પોતાની સગીરવયની પુત્રીને આ આરોપી બીજી વખત અપહરણ કરી લઈ ગયો હોવાની ફરિયાદ નોંધાવી હતી. આરોપીની ધરપકડ થતા સગીરા સાથે શરીર સબંધ બાંધેલાની હકીકત ખુલતા આઈ.પી.સી. કલમ ૩૭૬ તેમજ પોકસો એકટની કલમ ૬નો ઉમેરો થયેલો. જેલ હવાલે રહેલા આરોપીની જામીન અરજી પોકસો અદાલતે રદ કરતા હાઇકોર્ટમાં જામીન અરજી કરતા આરોપીના એડવોકેટે કરેલી દલીલો ધ્યાનમાં રાખી આરોપી તુલસી ઉર્ફે કાનો રમેશભાઈ ઉપસરીયાને રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં આરોપી વતી એડવોકેટ જીજ્ઞેશ એમ. સભાડ, રણજીત બી. મકવાણા, તેમજ હાઈકોર્ટમાં એડવોકેટ મેહુલ એસ. પાડલીયા રોકાયેલા હતા.

# વિરપુરમાં જલારામ મંદિર પાછળ થયેલ ચોરીનો ભેદ ઉકેલાયોઃ રાજકોટનો અમિત ડાભી ઝડપાયો

### શિક્ષક પરિવાર મોડી રાતે ધાબા પર સુવા ગયો અને પાછળથી તસ્કરે હાથફેરો કરી રોકડ અને દાગીના ચોરી ગયો 'તોઃ વિરપુર પોલીસે ગણતરીની કલાકોમાં તસ્કરને પકડી રૂ.૧.૭૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

રાજકોટ, તા.૧૪

વિરપુરમાં જલારામ મંદિર પાછળ થયેલ ચોરીનો ભેદ વિરપુર પોલીસે ગણતરીની કલાકોમાં ઉકેલી નાંખી રાજકોટના અમિત ડાભીને દબોચી લીધો હતો. આરોપી પાસેથી ચોરી કરેલ તમામ રૂ.૧.૭૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

બનાવ અંગે વિરપુરમાં જલારામ મંદિરની પાછળ રહેતાં ભાર્ગવભાઇ કનકરાય જાની (ઉ.વ.૩૮) નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેમના માતા પિતા વિરપુર ગામમાં રહે છે. તેઓ તેમની પત્ની અને પુત્રી સાથે એક વર્ષથી ત્રંબા ગામે રહે છે અને ત્યાં ખાનગી સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરે છે.

ગઇ તા. ૦૨/૦૫/૨૦૨૪ થી સ્કુલમાં વેકેશન પડતા તેઓ પરીવાર સાથે વિરપુર ઘરે આવતા રહેલ હતાં. એક મહીના પહેલાથી તેમના ઘરે કડીયા કામ ચાલુ છે. ગઇ તા.૧૨/૦૫ ના રોજ રાતના સમયે તેઓ તેમનો પત્ની, પુત્રી અને માતા-પિતા સાથે સુવા માટે ધાબા ઉપર બીજા માળે જતા રહેલ હતાં. બાદમાં વ્હેલી સવારે સાડા ચારેક વાગ્યે પાણી આવવાનો વારો હોય જેથી તેઓ જાગેલ અને રૂમમાંથી બહાર નીકળી દરવાજો ખોલતા દરવાજો બહાર થી બંધ હતો જેથી દરવાજો ખખડાવતા બધા



જાગી ગયેલ હતાં. પરંતુ રૂમ નો દરવાજો ખુલેલ ન હતો.

જેથી પાડોશીને ફોન કરી દરવાજો બંધ હોય જે ખોલવા માટે કહેતા પાડોશી તેના ધાબા પરથી ફરિયાદીના ધાબા પર આવી રૂમનો દરવાજો ખોલેલ હતો અને કડીયા કામ ચાલુ હોય જેથી તેઓ ધાબા પરથી નીચે ઉતરેલ અને મેઇન દરવાજો લોક હોય જે દરવાજો ખોલેલ અને અંદર જોતા બે રૂમ હોય તેમાં એક રૂમનો દરવાજો ખુલ્લો હતો અને તે દરવાજાનો નકુચો, બે ડીસમીસ, ટાકણું અને તાળુ બાજુના ટેબલ પર પડેલ હતાં. રૂમની લાઈટો ચાલુ હતી. રૂમની અંદર જઇ જોયું તો રૂમની અંદર ત્રણ કબાટ હોય જે ખુલેલ હતા અને બાજુમાં ત્રણ થેલા પડેલ હોય જે સામાન વેર વીખેર પડેલ જોવામાં આવેલ હતો.

તેઓ ત્રંબા સ્કુલેથી પગારમાંથી બચત કરેલ રૂ. ૧.૪૦ લાખ થેલામાં રાખેલ હોય જે જોવામાં આવેલ ન હતા.તેમજ થેલામાં તેમની પત્નીનું સોનાનુ બ્રેસલેટ રૂ.૩૧,૫૪૭ વાળુ પણ જોવામાં આવેલ ન હતું અને તેમજ થેલામાં ડોકયુમેન્ટ પડેલ હોય જે પણ જેવા મળ્યાં ન હતાં. જેથી કોઈ અજાણ્યાં શખ્સો ઘરમાં ઘુસી રોકડ અને સોનાનું બ્રેસલેટ મળી કુલ રૂ.૧.૭૧ લાખનો મુદ્દામાલની ચોરી કરી નાસી છૂટ્યો હતો.

બનાવ અંગેની ફરીયાદ પરથી નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડે ચોરીના બનાવનો ભેદ ઉકેલવા આપેલ સૂચનાથી સર્કલ પીઆઈ એ.આર.હેરમાના માર્ગદર્શન હેઠળ વિરપુર પીએસઆઈ એસ.વી.ગળચર ટીમ સાથે પેટ્રોલીંગમા હતા ત્યારે હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઇ વરજાંગભાઇ અને ગીરીશભાઇ ભાણજીભાઇને મળેલ ચોક્કસ બાતમીના આધારે ચોરી કરી નાસી છૂટેલા અમિત ભુપત ડાભી (ઉ.વ.૨૬),(રહે. મુળ સુલતાનપુર તેમજ વિરપુર ગામ, હાલ રહે. જંગલેશ્રવર, માર્કેટ વિસ્તારની પાછળ, શેરી નં.૧૭) ને પકડી રોકડ રૂ.૧,૪૦ લાખ અને સોનાનું બ્રેસલેટ રૂ.૩૧૫૪૭ મળી કુલ રૂ. ૧,૭૧,૫૪૭ નો મુદ્દામાલ કબ્જે કરી ચોરીનો ભેદ ઉકેલી નાંખ્યો હતો.

ગાયત્રીધામ સોસાયટીમાં કર્મકાંડી પ્રૌઢના મકાનમાં તસ્કરોનો પરોણા

# બે કલાક બંધ રહેલાં ઘરમાંથી રૂ.૪૨ હજારના મુદ્દામાલની ચોરી કરી તસ્કરો ફરાર

### ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તસ્કરોની શોધખોળ હાથ ધરી

રાજકોટ. તા.૧૪

ગાયત્રીધામ સોસાયટીમાં કર્મકાંડી પ્રૌઢનું બે કલાક બંધ રહેલ મકાનમાં તસ્કરોએ ત્રાટકી ઘરમાંથી રૂ.૪૨ હજારના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઇ જતાં ગાંધીગ્રામ પોલીસ દોડી ગઈ હતી અને ગુનો નોંધી તસ્કરોની શોધખોળ હાથ ધરી હતી.

બનાવ અંગે જામનગર રોડ પર ગાયત્રીધામ સોસાયટી શેરી નં.૪ માં રહેતાં ભાસ્કરભાઈ અંબાશંકરભાઈ દવે (ઉ.વ.૫૩) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ કર્મકાંડ કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે. તેમની માતા છેલ્લા બે દીવસથી સુરત મામાના ઘરે ગયેલ છે. ગઈકાલે બપોરના બે વાગ્યાની આસપાસ તેની પત્ની પારુલબેન સહિતના પરિવારજનો ઘરને લોક મારી તેમના સાઢુભાઈ જગદીશભાઈ મહેતાના ઘરે મહેમાનગતી કરવા માટે ગયેલ હતાં. બાદમાં ત્રણેય સાડા ચારેક વાગ્યે પરત ઘરે આવેલ અને ડેલીનો દરવાજો ખોલેલ બાદ ઘરનો અંદરના દરવાજાનો લોક તુટેલ હતો. ઘરમાં તપાસ કરત પહેલા માળનો દરવાજો ખુલ્લો હતો. પહેલા માળના રુમની અંદર તેજોરી રાખેલ હતી જેમા તેમની માતાએ તેના સોના-ચાંદીના ઘરેણા, ચાંદીના વાસણો અને રોકડા રૂપિયા રાખેલ હતાં અને તેજોરીનો લોક તોડી નાંખેલ હતો. ઉપરના માળે કબાટ ખુલ્લા હતાં અને કપડા વેર વિખેર પડેલ હતા.

જેથી તેઓએ પોલીસ કંન્ટ્રોલ રૂમમા ૧૦૦ નંબર પર ફોન કરેલ હતો. બાદમાં મકાનની અંદર કબાટના અંદરના ખાનામા રાખેલ સોનાની બુટી રૂ.૭ હજાર, સોનાની ચુક નંગ ૦૪, ચાંદીના ગ્લાસ નંગ ૦૩, એક ચાંદીનો જુડો, ચાંદીના સિક્કા, ચાંદીની ગાય નં ૦૪, ચાંદીનુ તરભાણુ, પંચપાત્ર ચાંદીનુ તથા ચાંદીની ચમસી અને રોકડ મળી કુલ રૂ. ૪૨ હજારના મુદ્દામાલની ચોરી કરી અજાણ્યો તસ્કર નાસી છૂટ્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તસ્કરની શોધખોળ હાથ ધરી હતી.

## અવસાન નોંધ

**રાજકોટઃ** ઈન્દુબેન મોતીલાલ નિઘાટે (ઉ.વ.૮૨)નુ તા.૧૨ના રોજ અવસાન થયેલ છે. તે પ્રવિણભાઈ (ધુલિયા), નરેન્દ્રભાઈ (બીએસએનએલ રાજકોટ), હિતેશભાઈના માતુશ્રી તથા પુજા, કૃણાલ, મિત, વિદ્યા, મનના દાદી થાય. સદગતનું બેસણું ગુરુવાર તા.૧૬ના રોજ તેમના નિવાસસ્થાન ''પુજા'', બ્લોક બીબી ૪, શાસ્ત્રીનગર (અજમેરા), નાનામવા મેઈન રોડ, રાજકોટ ખાતે સાંજે ૫.૦૦ થી ૭.૦૦ દરમિયાન રાખેલ છે.

**રાજકોટ :** સ્વ. પુષ્પાબેન બાલકૃષ્ણભાઇ વિઠ્ઠલાપરા તા. ૧૧-૫ને શનિવારના રોજ રામચરણ પામેલ છે. તે રમણીકભાઇ કાનજીભાઇ માંડવિયા, રસીકભાઇ કાનજીભાઇ માંડવિયા, પ્રફુલભાઇ કાનજીભાઇ માંડવિયાના બેનનું બેસણું તા. ૧૬ને ગુરૂવાર સાંજે ૪ થી ૬ બેડીપરા વાંઢાપીપર ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** કાલાવડ નિવાસી હાલ રાજકોટ ગં.સ્વ. સ્નેહલતાબેન જયંતીલાલ દોશી (ઉ.વ.૮૪) (દોશી બ્રધર્સ વાળા) તે વિરેન્દ્રભાઈ તથા હિતેન્દ્રભાઈ તથા ચંદ્રીકાબેનના માતૃશ્રી તથા જય દોશીના દાદીનું તારીખ ૧૨ રવિવારના રોજ અવસાન થયેલ છે. જેમનું ઉઠમણું તારીખ ૧૬ ગુરુવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે કોઠારી ઉપાશ્રય, ભક્તિનગર સર્કલ, એચડીએફસી બેંકની પાછળ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** અબ્બાસભાઈ ગુલામ હુશૈનભાઈ વેજલાણી (ગોંડલવાળા) (ઉ.વ.૫૮ વર્ષ) તા.૧૪ને ૨૦૨૪ મંગળવારના રોજ વફાત થયેલ છે તેમના ઝીયારતના સીપારા ગુરૂવાર બપોરે ૨૬મે-૨૦૨૪ના રોજ કન્બી મસ્જિદ મુકામે રાખેલ છે. અને બેસણું ગુરૂવારે સાંજે ૫ થી ૬ શીતલા માતા મંદિર બેડીપરા પાસે રાખેલ છે.

# ટીબીથી પીડિત સુરેશ સોલંકી જિંદગીનો જંગ હારી ગયો

રાજકોટ, તા.૧૪

ટીબીથી પીડિત સુરેશ સોલંકી અંતે જિંદગીનો જંગ હારી ગયો હતો. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે બી ડિવિઝન પોલીસને જાણ કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ સુરેશ છગનભાઈ સોલંકી (ઉ.વ.૩૫ રહે. પાંજરાપોળ મેલડી માતાના મંદિર પાસે રાધે શ્યામની બાજુમાં) નામનો યુવક ગઈ કાલે સાંજના સમયે પોતાનાં ઘરે અચાનક બેભાન થઈ ગયો હતો. બાદ યુવકને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. મૃતકને ટીબીની બીમારી હતી. જેની ત્રણ વર્ષથી સારવાર શરૂ હતી. તેઓ બે ભાઈ અને એક બહેનમાં સૌથી નાનાં હતાં. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

# આર્થિકભીંસથી કંટાળી યુવકે આપઘાતનો પ્રયાસ કર્યો

### રામનાથપરા વિસ્તારના જતીન બાંભણીયાએ ગળાફાંસો ખાધોઃ યુવકને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યોઃ વ્યવસાય બરોબર ચાલતો ન હોય જેથી કંટાળી આ પગલું ભર્યું હોવાનું પરિવારજનોનું તારણ

રાજકોટ, તા.૧૪

આર્થિક ભીંસથી કંટાળી યુવકે આપઘાતનો પ્રયાસ કર્યો હતો. રામનાથપરા વિસ્તારના જતીન બાંભણિયાએ ગળાફાંસો ખાઈ લેતા તુરંત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. વ્યવસાય બરોબર ચાલતો ન હોય જેથી કંટાળી આ પગલું ભર્યું હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.



બનાવની વિગત મુજબ જતીન મનસુખભાઈ બાંભણિયા (ઉ.વ.૨૯ રહે. રામનાથપરા ભવાનીનગર શેરી નં-૪) નામનાં યુવકે ગઈ કાલે રાત્રીના પોતાનાં ઘરે ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવક ઈમીટેશનનું મજુરી કામ કરે છે. જેમાં બરોબર વ્યવસાય ચાલતો ન હોય જેથી આર્થિક ભીંસથી કંટાળી યુવકે પોતાનાં ઘરે ગળેફાંસો ખાઈ લીધો હતો. ગળાફાંસો ખાતાં તેઓના માતા જોઈ જતાં યુવકને બચાવ્યો હતો, અને તુરંત સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. યુવક એક ભાઈ અને બે બહેનમાં બીજા નંબરનો છે. તેઓને એક પુત્ર- પુત્રી છે. યુવકે આર્થિક ભીંસથી કંટાળી આ પગલું ભર્યું હોવાનું તેઓનાં પરિવારજનોએ જણાવ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે એ ડિવિઝન પોલીસને જાણ કરી હતી.

# ધરમનગરમાં કારખાનેદાર હસમુખભાઈ વેકરીયાએ ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

### છાપરા હાર્ડવેરનું કારખાનું ધરાવતા અને ધરમનગરમાં આવેલ ડેલામાં વેચાણ કરતા સુખી સંપન્ન પ્રૌઢએ અગમ્ય કારણોસર અંતિમ પગલું ભરી લીધુંઃ પરિવારમાં શોકઃ તાલુકા પોલીસ દોડી ગઈ

રાજકોટ તા.૧૪

ધરમનગરમાં આવેલ ડેલામાં હાર્ડવેરના સામાનનું રીટેઈલ વેચાણ કરતા કારખાનેદાર હસમુખભાઈ વેકરીયાએ પોતાના ડેલામાંજ ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતા તાલુકા પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ મવડી વિસ્તારમાં ઓમનગર સર્કલ નજીક પટેલનગર-૨માં રહેતા અને છાપરા ગામે ઈલેકટ્રીક સ્વીચ બોર્ડના બોકસ અને પાઈપ બનાવવાનું કારખાનું ધરાવતા હસમુખભાઈ રણછોડભાઈ વેકરીયા (ઉ.વ.૪૮) પોતાના કારખાનાનો માલ રીટેઈલમાં વેચવા માટે ૪૦ ફુટ રીંગરોડ પર ધરમનગરમાં લાઈફ



લાઈન હોસ્પીટલની સામે ડેલો રાખેલ છે. જયાં તેઓ ગઈકાલે સવારે ગયા બાદ બપોરના સમયે એંગલમાં દોરડુ બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બાદમાં તેમના પિતરાઈ ભાઈ મનીષભાઈએ સાંજના સમયે ફોન કરતાં તેઓએ ફોન ન ઉપડતા તેઓ ડેલા પર દોડી આવ્યા હતા અને તપાસ કરતા હસમુખભાઈ લટકેલી હાલતમાં જોવા મળતા તાત્કાલીક ૧૦૮ને જાણ કરી હતી. દોડી આવેલ ૧૦૮ના સ્ટાફે પ્રૌઢને તપાસ કરી મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે જાણ થતાં તાલુકા પોલીસ મથકના પીએસઆઈ પી.એન.નાઈ સહિતનો સ્ટાફ દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડયો હતો.

વધુમાં પોલીસના સૂત્રોએ જણાવ્યું હતું કે મૃતકનું છાપરા ગામે આવેલ કારખાનુ તેનો પુત્ર સંભાળે છે અને તેઓ ધરમનગરમાં આવેલ ડેલામાં રીટેઈલ વેપાર કરતા હતા. તેઓ સુખી સંપન્ન પરિવારમાંથી આવતા હોવાથી તેઓએ કયાં કારણોસર પગલું ભર્યુ તે અંગે પરિવાર પણ અજાણ છે. મૃતક બે ભાઈ- એક બહેનમાં મોટા અને સંતાનમાં એક પુત્ર છે. બનાવથી પરિવારમાં શોક છવાયો હતો.

# રાજકોટના પૂર્વ કોર્પોરેટર ધર્મેન્દ્ર મિરાણીના માતૃશ્રી પુષ્પાબેનનું નિધનઃ ગુરૂવારે બેસણું

### આજે સવારે સદ્ગતની અંતિમ યાત્રામાં ભાજપના અગ્રણીઓ, કાર્યકર્તાઓ તથા અન્ય સમાજના આગેવાનો જોડાયા

રાજકોટ,તા.૧૪

રાજકોટ મ્યુ.કોર્પોરેશનના વોર્ડ નં.૨ના પૂર્વ કોર્પોરેટર તથા કન્સલ્ટીંગ સીવીલ એન્જીનીયર ધર્મેન્દ્રભાઈ મિરાણીના માતૃશ્રી પુષ્પાબેન અમૃતલાલ મિરાણી (ઉ.વ.૭૭)નું આજે તા.૧૪ના અવસાન થતા શોકની લાગણી છવાઈ જવા પામી છે.

સ્વ. અમૃતલાલભાઈ દિપચંદ ભાઈ મિરાણીના પત્ની શ્રીમતી પુષ્પાબેન મિરાણી(ઉમર વર્ષ ૭૭) તે પ્રાણલાલભાઈ દીપચંદ ભાઈ મિરાણી અને સ્વ. રસિકભાઈ દિપચંદ ભાઈ મિરાણીના ભાભી અને ભગવાનજી ભાઈ વાઘજીભાઈ રૈયા(નાસિક) તેમજ કાંતાબેન પ્રફુલભાઈ મીરાણીના બહેન સ્વ. કરુણાશંકર પ્રભુલાલ રાજ્યગુરુ તથા ગીરજાશંકર પ્રભુલાલ રાજ્યગુરૂના વેવાણ તેમજ અર્જુન તથા શ્રીમતી પ્રાંચી નિલભાઈ પુજારા( રાજકોટ)ના દાદીમાનું તા.૧૪નાં મંગળવારે અવસાન થયેલ છે.

સદ્ગતની અંતિમયાત્રા આજે સવારે તેમના રૈયારોડ ઉપર સુભાષનગર પાસે આવેલા ધ્રુવનગર ખાતે થી નીકળી રામનાથપરા સ્મશાનગૃહ લઇ જવામાં આવેલ હતી.

આ અંતિમયાત્રામાં સદાગતના કુટુંબીજનો ભાજપના અગ્રણી અને ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ પ્રધાન ઉમેશભાઈ રાજ્યગુરુ રાજકોટ શહેર ભાજપના મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા અને મહામંત્રી અને પૂર્વ ડેપ્યુટી મેયર અશ્વિનભાઈ મોલિયા, કોર્પોરેટર મનીષભાઈ રાડીયા, રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન સર્વ ડો. કિરીટ પાઠક, નરેન્દ્રસિંહ ઠાકુર અને અતુલભાઈ પંડિત પૂર્વ કોર્પોરેટર દલસુખભાઈ જાગાણી અજયભાઈ કારીયા, કૌશિકભાઈ અઢીયા, મનુભાઈ વઘાસિયા, ડી. બી. ખીમસૂરિયા, પ્રદીપભાઇ નિર્મળ, પ્રશાંતભાઈ વાણી, સમીરભાઈ વસાવડા, વિનોદભાઈ જોશી, બીરેનભાઈ કારીયા સહિત અનેક અગ્રણીઓ અને કાર્યકર્તાઓ જોડાયેલા હતા.



**: સદ્ગતનું બેસણુંઃ**

શ્રીમતી પુષ્પાબેન અમૃતલાલભાઈ મિરાણી નું બેસણું તા.૧૬ ગુરૂવારે સાંજના ૫-૩૦ થી સાંજના ૬-૩૦ સુધી સ્વામિનારાયણ મંદિર,(BAPS) નિલકંઠ હોલ, કાલાવડ રોડ, ખાતે રાખવામાં આવેલ છે.

## પાડોશીનો ઝઘડો જોવા જતાં યુવક પર પાઈપ વડે હુમલો

રાજકોટ, તા.૧૪

પાડોશીનો ઝઘડો જોવા જતાં યુવક પર પાઈપ વડે હુમલો થયો હતો. બનાવની વિગત મુજબ દિપક ઉર્ફે અનિરુદ્ધ રાજુભાઈ કુવાદિયા (ઉ.વ.૩૭, રહે. ગાયકવાડી શેરી નં-૩) નામનાં યુવક પર કૈલાશ તથા અન્ય શખ્સો હુમલો કરી નાસી ગયા હતા. દિપક ગઈ કાલ રાત્રીના પોતાનાં પાડોશી કૈલાસ પોતાનાં ઘરે ઝગડો કરતો હોય જેનાં ઘરનો ઝઘડો જોવા દિપક ગયો હતો. જ્યાં બોલચાલી થતાં દિપક પર પાડોશી કૈલાસ અને અન્ય શખ્સોએ પાઈપ વડે હુમલો કર્યો હતો. દિપકને ઈજા થતાં તુરંત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. યુવક બે બેન અને ત્રણ ભાઈમાં સૌથી નાનો છે. તેઓ શાકભાજીનો વ્યવસાય કરે છે. બનાવ અંગે પ્રધુમનનગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

# હાર્ટએટેકથી ચંપકનગરના પ્રૌઢનું મોત

### મનોજ શીંદે ઘરે બેભાન થઈ ગયા બાદ તેને સારવારમાં લઈ જવાતા દમ તોડી દીધો

રાજકોટ તા.૧૪

શહેરમાં હાર્ટ એટેકનો વધુ એક બનાવ સામે આવ્યો છે. ચંપકનગરમાં પ્રૌઢ બેભાન થઈ ઢળી પડયા બાદ સારવારમાં તેમનું મોત નિપજયું હતું.

મનોજભાઈ પાધરીનાથ શીંદે (ઉ.૫૩, રહે. ચંપકનગર, શેરી નં.૫, પેડક રોડ, રાજકોટ) આજે સવારે ૯ વાગ્યે પોતાના ઘરે હતા ત્યારે અચાનક છાતીમાં દુ:ખાવો ઉપડયા બાદ બેભાન થઈ ગયા હતા. તેને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા ટુંકી સારવારમાં જ દમ તોડી દીધો હતો. મનોજભાઈ ત્રણ ભાઈમાં નાના હતા.



તેઓ ચાંદીકામની મજુરી કરતા હતા. બનાવથી તેમના પરિવારમાં શોક છવાયો હતો.

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

# ભગવાનથી નારાજ થઈ જીયાણા ગામમાં માજી સરપંચે ત્રણ મંદિરોમાં આગ લગાડી મૂર્તિ-છબી નષ્ટ કરી નાખી

## એરપોર્ટ પોલીસે તપાસ હાથ ધરતા અરવિંદ સરવૈયાને સકંજામાં લીધો : ખૂબ પૂજા પાઠ કર્યા પણ તેની સ્થિતિ ન સુધરતા કૃત્ય કર્યું હોવાનું રટણ

રાજકોટ, તા.૧૪

રાજકોટ પાસે જીયાણા ગામે ત્રણ મંદિરોમાં આગ લગાડી મૂર્તિ-છબી નષ્ટ કરાઈ હતી. જે અંગે પોલીસમાં ગુનો દાખલ કર્યો હતો. ગામમાં આવેલ રામાપીરનું મંદિર, બંગલા વાળી મેલડી માતાજીનું મંદિર અને વાસંગીદાદાના મંદિરને નિશાન બનાવ્યા હતા. પોલીસે તપાસ કરતા અરવિંદ સરવૈયા નામના વ્યક્તિને સકંજામાં લીધો હતો. આ વ્યક્તિ ગામનો પૂર્વ સરપંચ હતો. તે ખૂબ પૂજા પાઠ કર્યા પણ તેની સ્થિતિ ન સુધરતા કૃત્ય કર્યું હોવાનું રટણ કર્યું હતું. એટલે કે, ભગવાનથી નારાજ થઈ ત્રણ મંદિરોમાં આગ લગાડી હતી.

આ અંગે ગત રોજ ફરિયાદ નોંધાવનાર કાનજીભાઈ સવશીભાઈ મેઘાણી (ઉ.વ-૬૩, રહે જીયાણા ગામ તા.જિ. રાજકોટ)એ જણાવ્યું કે, હાલ હું તાલુકા પંચાયતના સદસ્ય તરીકે સેવા આપું છું, તેમજ ખેતી કરું છું. ગઈકાલ તા.૧૨/૫/૨૦૨૪ ના રાત્રીના ૯ વાગ્યાથી તા.૧૩ના રાત્રે ૧ વાગ્યા દરમિયાન અમારા ગામે બંગલા વાળી મેલડી માતાના મંદીરે તાવો હોય, જેથી બધા હાજર હતા. ત્યારબાદ રાત્રીના એકાદ વાગ્યે બધા ઘરે જતા રહેલ. બીજે દિવસે સવારના નવેક વાગ્યે હું મારા ઘરે હાજર હતો. તે વખતે અમારા ગામના લક્ષ્મણભાઈ પોલાભાઈ રામાણીનો મારા ઉપર ફોન આવેલ અને મને કહેલ કે, આપણા ગામના પાદરમાં આવેલ રામાપીરના મંદીરની અંદર ટાયર મુકી સળગાવી રામાપીરની મૂર્તિ નષ્ટ કરી નાખેલ છે, તેમજ ગામની સીમમાં આવેલ બંગલા વાળી મેલડી માતાના મંદીરમાં પણ લાકડા સળગાવી મેલડી માતાની છબી સળગાવી નષ્ટ કરી છે, તેમજ વાસંગીદાદાના મંદીરે તાળુ મારેલ હોય જેથી મંદીર બહાર પડેલ કપડાના ગાભા સળગાવેલ છે. વાસંગીદાદાના મંદીરમાં કોઈ નુકસાન થયેલ નથી.

તેમ વાત કરતા હું તથા અમારા ગામના હમીરભાઈ લક્ષ્મણભાઈ બોરીચા અને કાળુભાઈ બાબુભાઈ મોતાણી વગેરે આગેવાનો પ્રથમ રામાપીરના મંદીરે જતા મંદીરમાં ટાયર મુકી સળગાવેલ હોય જેથી રામાપીરની મુર્તી નષ્ટ થઈ ગઈ હતી. બંગલા વાળી મેલડી માતાના મંદીરે જઈને જોતા મંદીર અંદર લાકડા મુકી સળગાવેલાના તાજી રાખ જોવામા આવેલ ત્યારબાદ વાસંગી દાદાના મંદીરે તાળુ મારેલ હાલતમાં હોય ત્યાં કોઈ નુકસાન થયેલ નહોતું તેવું જોવા મળેલ. જેથી કોઈ અજાણ્યા શખ્સે અમારી ધાર્મીક લાગણીને ઠેસ પહોંચાડી મંદીર અપવિત્ર કરી મુર્તીને ટાયર તથા લોકડાથી સળગાવી અમારી ધાર્મિક લાગણીને ઠેસ પહોચાડેલ છે.





### ગામમાં આવેલ રામાપીરનું મંદિર, બંગલાવાળી મેલડી માતાજીનું મંદિર અને વાસંગીદાદાના મંદિરને અસામાજિક તત્વોએ નિશાન બનાવ્યા હતા


બનાવને પગલે એરપોર્ટ પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો. ઘટનાસ્થળે તપાસ કર્યા બાદ આઈપીસી ૨૯૫, ૪૩૫ મુજબ ગુનો દાખલ કરી મંદિરમાં આગ લગાળી નુકસાન કરનાર શખ્સોની શોધખોળ હાથ ધરી હતી.

કાનજીભાઈ મેઘાણીએ કહ્યું કે, રામાપીરનું મંદિર ગામ સંચાલિત છે. અહીં લક્ષ્મણભાઈ રામાણી ભુવા છે અને તે સેવા-પૂજા કરે છે. વાસંગીદાદાના મંદિરે મનુભાઈ આહીર નામના વ્યક્તિ સેવા પૂજા કરે છે. જ્યારે સીમ વિસ્તારમાં આવેલ મેલડી માતાજીના મંદિરે આસપાસના પાંચ ગામના લોકો આવે છે. અમારા આ ગામોમાં ક્યાંય જ્ઞાતિવાદ કે કોમવાદ નથી. સૌ સંપીને રહે છે. ક્યારેય આ રીતે ધાર્મિક જગ્યા પર કોઈ ટીખળ નથી થઈ. આ પ્રથમ વખત બન્યું છે. ત્યારે આ કૃત્ય કોણે કર્યું તે મોટો પ્રશ્ન હતો.

ત્રણ મંદિર સળગાવી નખાયાના ચકચારી બનાવમાં આ અસામાજિક તત્વો બાઈક કે અન્ય કોઈ વાહનમાં આવ્યા હોવાની દ્રઢ શંકા છે. કારણ કે, વાસંગી દાદાનું મંદિર ગામની ઉગમણી બાજુ ૩ કિમી દૂર આવેલ છે, મેલડી માતાજીનું મંદિર ગામથી ઉત્તર દિશામાં ૩ કિમી દૂર આવેલું છે અને રામાપીરનું મંદિર ગામના પાદરમાં આવેલું છે. એમ આ અંતર કાપી ત્રણેય મંદિરમાં આગ લગાડવા માટે બાઈક કે અન્ય કોઈ વાહનનો ઉપયોગ થયો હોય શકે છે.

આ તરફ જીયાણાં ગ્રામ પંચાયતના સીસીટીવી ખરાબ હોવાથી તે રીપેર કરવા મોકલાયા હતા, પણ એરપોર્ટ પોલીસે ગામની સહકારી મંડળી, પાનની દુકાને લાગેલા સીસીટીવીના ફૂટેજ કબ્જે લીધા હતા. આ કેમેરામાં રાત્રે ૧ વાગ્યા બાદ જે જે લોકો કેદ થયા હશે તેની પોલીસ પૂછપરછ કરી હતી જેમાં અરવિંદ સરવૈયાની પૂછપરછ કરતા તે ખૂબ સેવા પૂજા કરતો હતો પણ તેનું કોઈ કામ થતું નહોતું. તેની જે સ્થિતિ હતી તે પણ સુધરતી નહોતી. જેથી અંતે ભગવાનથી નારાજ થઈ આ કૃત્ય કર્યું હોવાની કબૂલાત તેણે આપી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે.

### પત્ની-દીકરો જમીન-મિલકત લખાવી લઈ ચાલ્યા જતા અરવિંદ માનસિક અસ્વસ્થ થઈ ગયો હતો



પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, ઝડપાયેલા આરોપી અરવિંદ મગન સરવૈયા જીયાણા ગામમાં જ રહેતો હતો. તે અગાઉ ગામનો ભૂતપૂર્વ સરપંચ રહી ચુક્યો છે. ત્રણેક વર્ષ પહેલા તેની પત્ની અને દીકરો જમીન મિલકત લખવી લઈ ચાલ્યા ગયા હતા. જેથી અરવિંદ એકલો પડી ગયો હતો. આ પછી તે ભુવાઓને મળતો, મંદિરોમાં સેવા પૂજા કરતો, પણ તેની સ્થિતિમાં કોઈ સુધારો ન થતા તેણે આ કૃત્ય કર્યું હતું.

# એલઈડી લેમ્પ સસ્તા મેળવવા ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી મંગાવતા વેપારી સાથે રૂ.૧.૧૦ લાખની છેતરપીંડી

## સાંગણવા ચોકમાં ડીલાઈટ લાઈટ પેઢીના સંચાલકને અજાણ્યાં નંબરમાંથી કોલ કરી એડવાન્સ રૂપિયા મેળવી ગઠિયાએ ફોન બંધ કરી દીધોઃ સાયબર ક્રાઈમે ગુનો નોંધી તપાસ આદરી

રાજકોટ. તા.૧૪

સાંગણવા ચોકમાં ડીલાઈટ લાઈટ નામની પેઢી ધરાવતાં વેપારી એલઈડી લેમ્પ સસ્તા મેળવવા ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી માલ મંગાવતા છેતરાયા હતાં. રૂ.૧.૧૦ લાખ એડવાન્સ લઈ બાદમાં ગઠિયાએ ફોન બંધ કરી દેતાં વેપારી છેતરાયાનું માલુમ પડતાં સાયબર ક્રાઈમમાં ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગે રૈયા સર્કલ પાસે શિવમ પાર્કમાં અમૃત હોસ્પિટલ પાછળ રહેતાં ધવલભાઈ જયંતભાઈ નારીચાનીયા (ઉ.વ.૩૬) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ સાંગણવા ચોક પાસે કોટક શેરીમાં આવેલ પ્રેમ કોમ્પ્લેક્ષમાં ડીલાઈટ લાઈટ નામની ઈલેકટ્રીકની દુકાન ધરાવી વેપાર કરે છે. તેમની પેઢીનું નાગરીક બેંકમા એકાઉન્ટ આવેલ છે. તેઓએ પેઢીના ધંધા માટે ફેસબુકમાં અને ઈન્ડીયા માર્ટમાં ઓનલાઇન બીઝનેશ કરવા માટે રજીસ્ટ્રેશન કરાવેલ છે.

આઠેક માસ પહેલા તેમને મો.નં ૯૩૧૬૪ ૧૧૭૦૩ માંથી ફોન આવેલ અને જણાવેલ કે, અમારૂ જય સત્યા લાઈટીંગનું મેન્યુફેક્ચરીંગ યુનીટ સુરત તથા દિલ્હી ખાતે આવેલ છે અને તેઓ તેના મેનેજર બોલે છે. તેમ જણાવી વાત કરેલ કે, તમારે કોઇ એલ.ઇ.ડી. લાઈટનો માલ મંગાવો હોય તો સસ્તા ભાવે આપને માલ આપીશુ તેમ જણાવેલ હતું. જે બાદ અવારનવાર ફોનમાં અને વોટસએપમાં મેસેજ દ્વારા વાત કરેલ હતી. તેઓને એલઈડી લાઇટનો ૫૦૦ નંગનો જથ્થો મંગાવા માટે ઓર્ડર આપેલ હતો.

તેમજ જય સત્યા લાઇટના મેનેજર તરીકેની ઓળખ આપનાર અમીત સીંગ એલઈડી લાઇટનો ૫૦૦ નંગ નો ભાવ રૂ. ૩૩૫ લેખે કુલ રૂ.૧,૯૭,૬૫૦ નું જીએસટી વાળુ બીલ મોકલેલ હતુ. તે બીલમાં આઈડીએફસી બેંકની ડિટેઇલ લખેલ હતી અને મેનેજરે જણાવેલ કે, તમારે માલ મેળવવા માટે એડવાન્સ પેમેન્ટ કરવુ પડશે જેથી ગઈ તા.૨૦/૦૯/૨૦૨૩ ના જય સત્યા લાઇટીંગના એકાઉન્ટમાં રૂ.૨૦ હજાર ભરેલ હતા. ત્યારબાદ તા. ૨૭/૦૯/૨૦૨૩ ના રૂ.૯૦ હજાર ભરેલ હતાં. જેથી તેઓએ એડવાન્સ પેમેન્ટ લેખે કુલ રૂ.૧.૧૦ લાખ આપેલ પરંતુ તેમને કોઇ માલ મળેલ ન હતો. અવાર- નવાર આરોપી સાથે વાત કરતા યોગ્ય પ્રત્યુતર ન આપતા તેમની સાથે છેતરપીંડી થયાની જાણ થતાં સી.આઇ.ડી ક્રાઈમના હેલ્પ લાઇનમાં અરજી કરેલ હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી સાયબર ક્રાઇમે ગુનો નોંધી પીએસઆઈ કે.પી.જાદવ અને સ્ટાફે તપાસ હાથ ધરી હતી.

# પુત્રને ફડાકો ઝીંકતા પતિએ ગુસ્સો કરી માર મારતા પત્નીએ આપઘાતનો પ્રયાસ કર્યો

## બાળકના અક્ષર સારા ન થતા હોય, શિક્ષકે ફરિયાદ કરતા પૂજાબેને તેના પુત્રને ઠપકો આપી ફડાકો મારેલો, જે અંગે પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતા બનાવ બનેલોઃજંગલેશ્વરમાં રહેતા પૂજાબેને ઘરે ગળાફાંસો ખાવા પ્રયત્ન કરેલો પણ પતિ જોઈ જતા જીવ બચી ગયો હતો, હાલ સારવાર હેઠળ

રાજકોટ, તા.૧૪

જંગલેશ્વરમાં રહેતા પૂજાબેને ઘરે ગળાફાંસો ખાવા પ્રયત્ન કરેલો, પણ પતિ જોઈ જતા જીવ બચી ગયો હતો, હાલ તેઓ સારવારમાં હેઠળ છે. તેમના પુત્રના અક્ષર સારા ન થતા હોય, શિક્ષકે ફરિયાદ કરતા પૂજાબેને તેના પુત્રને ઠપકો આપી ફડાકો મારેલો હતો. જે અંગે પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતા પતિએ પણ પત્નીને માર માર્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ પૂજાબેન દિનેશભાઈ શાહ (ઉ.વ.૩૩ રહે. અંકુર સોસાયટી મેઈન રોડ ભવાની ચોક પાસે જંગલેશ્વર) નામની પરિણિતાએ ગઈ કાલે રાત્રે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તેણીને બે દિકરા અને એક દીકરો છે. તેમાંથી એક દીકરાના અક્ષર સારા ન થતા હોવાથી શિક્ષકે આ બાબતે પૂજાબેનને વાત કરી હતી. જે બાબતે પૂજાબેને તેના પુત્રને ઠપકો આપી ફડાકો મારી લીધો હતો. ઘરે પુત્ર રડતો હોવાથી પૂજાબેનના પતિ દિનેશભાઈએ પૂછતાં મમ્મીએ ફડાકો માર્યો હોવાનું કહેતા દિનેશભાઈએ દીકરાને તે કેમ માર્યો? હવે ક્યારેય ન મારવા કહ્યું હતું. જે બાબતે ઉગ્ર બોલાચાલી થતા દિનેશભાઈએ પત્ની પૂજાને માર માર્યો હતો. ઝઘડો કરી માર મારતા પૂજાબેનને લાગી આવ્યું હતું. તેણે પોતાનાં ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાધો હતો, પણ ત્યાં જ પતિ જોઈ જતા તુરંત નીચે ઉતારી લઈ પૂજાબેનને તાકિદે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં તે સારવાર હેઠળ છે.

### બીમારીથી ૩૧ વર્ષીય તુલસી વાઘેલાનું મોત

રાજકોટ, તા.૧૪



શહેરમાં રહેતા ૩૧ વર્ષીય યુવાનનું બીમારીથી મોત થયું હતું. બનાવની વિગત મુજબ તુલસી મનુભાઈ વાઘેલા (ઉ.વ.૩૧, રહે. મોચી બજાર, શ્રધ્ધાનંદ સોસાયટી) નામનો યુવક ગઈ કાલે સાંજે ૭.૩૦ કલાકે પોતાનાં ઘરે હતો ત્યારે અચાનક બીમારી સબબ બેભાન થઈ જતાં તાકિદે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. તુલસીને કમળાની બીમારી હતી. તેને અગાઉ પેરેલીસીસનો એટેક પણ આવ્યો હતો. તેને સંતાનમાં એક દીકરો છે. તેમના માતા સફાઈ કામદાર તરીકે નોકરી કરે છે. એક પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

# સીઆઈડી ક્રાઈમ અમદાવાદની આંગડીયા પેઢીઓમાં પકડેલાં નાણાંનો રેલો બુકીઓ સુધી પહોંચશે!

## સટ્ટાના નાણાંની હેરાફેરીમાં રાજકોટ અડ્ડો! વ્યાજખોરોની ચુંગાલમાં ફસાયેલા- મજૂરોના નામના ખાતા મારફત દુબઈથી લેવડદેવડના મસમોટા કૌભાંડની શંકા

રાજકોટ. તા.૧૪

આઇપીએલ ટુર્નામેન્ટ શરૂ થતાં જ ગુજરાતના કેટલાક બુક્કીઓ દુબઇ બેસી ક્રિકેટ સટ્ટાનું નેટવર્ક ચલાવી રહ્યાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. ત્યારે ક્રિકેટ સટ્ટાના હવાલાકાંડનું નેટવર્ક ભેદવા સીઆઇડી ક્રાઇમની જુદી જુદી ટીમ દ્વારા અમદાવાદ, વડોદરા અને સુરતની ૨૫ જેટલી આંગડીયા પેઢી પર બે નંબરી વ્યવહાર અંગે સર્ચ ઓપરેશન કર્યુ ત્યારે છેલ્લા ત્રણ માસમાં ક્રિકેટ સટ્ટાના ૨૦૦ કરોડના દુબઇમાં હવાલા થયાનું પ્રકાશમાં આવ્યું છે. સીઆઇડી ક્રાઈમના ડીસીપી ચૈતન્ય મંડલિકના માર્ગદર્શન હેઠળ ચાલતી તપાસમાં હવાલાકાંડનું એપી સેન્ટર રાજકોટનું પીએમ આંગડીયા પેઢી હોવાની જણાવવામાં આવી રહ્યું છે.

ત્યારે સાંજ સમાચારએ કરેલ તપાસમાં મોટો ઘટસ્ફોટ થયો છે અને સટ્ટાના નાણાંની હેરાફેરીમાં રાજકોટ અડ્ડો હોય તેમ વ્યાજખોરોની ચુંગાલમાં ફસાયેલા લોકો અને મજૂરોના નામના ખાતા ખોલાવી તેના મારફત દુબઈથી લેવડ-દેવડના મસમોટા કૌભાંડની શંકા સેવાઈ રહી છે. જાણવા મળતી વિગત મુજબ, મોટા ગજાના બુકીઓ જે દુબઈ સહિતના દેશોમાં બેસી મસમોટા ક્રિકેટ સટ્ટાનું નેટવર્ક ચલાવે છે, તેઓ ત્યાંથી બેઠા બેઠા કરોડો રૂપિયા બેંક એકાઉન્ટ મારફત ટ્રાન્સફર કરી બ્લેક મની વ્હાઇટમાં ફેરવવા માટે સૌરાષ્ટ્ર સહિત ગુજરાતભરમાં બેંક એકાઉન્ટ ભાડે લેવાની એક મસમોટી ચેનલ ઉભી થઈ છે. જેમાં શ્રમિક લોકો કે દેણાના બોજમાં ડૂબેલા અને વ્યાજખોરીમાં ફસાયેલા લોકોને ફસાવી તેમના બેંક એકાઉન્ટ ખોલાવી મોટુ કૌભાંડ ચલાવવામાં આવી રહ્યું છે.

ત્યારે રાજકોટમાં પણ ગુજરાતનું સૌથી મોટું બેંક એકાઉન્ટ કૌભાંડ સામે આવે તો નવાઈ નહીં, કેમ કે, અનેક લોકોના એકાઉન્ટ ખોલાવી લાખો રૂપિયાના વ્યવહાર થયાની માહિતી સામે આવી રહી છે. બેડી માર્કેટિંગ યાર્ડમાં આવેલ એક નામ વગરની ઓફિસમાં રાજકોટનું જ નહીં પણ ગુજરાતનું મોટું કહીં શકાય તેવું બેંક એકાઉન્ટ કૌભાંડ ચાલી રહ્યું હોય તેવું સામે આવી રહ્યું છે અને તે ઓફીસ પણ તપાસનીશ સંસ્થાની રડારમાં હોવાની પણ ચર્ચા છે. તે ઓફિસમાં બે વ્યક્તિ મુખ્ય સૂત્રધાર છે. જેઓએ શહેરના અલગ અલગ વિસ્તારમાં તેમના એજન્ટ અને દલાલો ગોઠવી દિધા છે. તેમના દલાલો પહેલાં રૂપિયાની જરૂરિયાત વાળા લોકોને વ્યાજે રૂપીયા આપે છે. જે બાદ દેણામાં

### બે ખાનગી બેંકોમાં જ ખાતા ખોલાવાતા હોવાનો નિર્દેશઃ એક જ વખત ટ્રાન્જેક્શન

દુબઈથી થતાં મસમોટા ટ્રાન્જેક્શનનું પગેરૂ રાજકોટ સુધી પહોંચ્યું છે અને માર્કેટિંગ યાર્ડમાં આવેલ એક ઓફિસમાં તેના મોટા શંકાસ્પદ વ્યવહારો થતાં હોવાનો ખુલાસો થયો છે. જેમાં બે ખાનગી બેંકોની પણ મિલીભગત હોવાનો ઘટસ્ફોટ થયો છે. બે ખાનગી બેંકના કર્મીઓ તે ઓફિસે જઈ સટ્ટાના કિંગ સાથે મળી ઓન ધ સ્પોટ બેંક ખાતા ખોલાવી આપવામાં આવે છે. જે માટે એક બેંક ખાતામાં એક લાખ જેટલી માતબર ડિપોઝીટ પણ મુકવામાં આવે છે. તેમજ એક એકાઉન્ટમાં એક વખત જ ટ્રાન્જેક્શન કરવામાં આવતું હોવાનું પણ સામે આવ્યું છે. સીઆઈડી ક્રાઇમ દ્વારા તપાસ કરવામાં આવે તો ખાનગી બેંકના કેટલાય કર્મીઓના પણ તપેલા ચડી જાય તેમ છે.

### બેડી માર્કેટિંગ યાર્ડની એક ઓફીસ રડારમાંઃ ગરીબ શ્રમિકોના ખાતાં ભાડે રાખીને વ્યાજખોરો લાખો રૂપિયાની હેરાફેરી કરતાં હોવાનો ખુલાસો

ડૂબેલા લોકો વ્યાજ કે મુદલ સમયસર ચૂકવી ન શકે તો વ્યાજખોરો કમ દલાલો તે લોકોને એક નક્કી કરેલ બેંકમાં એકાઉન્ટ ખોલવા માટે કહે છે અને તેના વ્યાજના રૂપિયા માફ કરી દેવામાં આવશે તેવી લાલચ આપી તે લોકોને માર્કેટિંગ યાર્ડ વાળી ઓફિસે લઈ જવામાં આવે છે. ઉપરાંત શ્રમિકો અને પરપ્રાંતીય લોકોને પણ રૂપિયાની લાલચ આપી ઓફિસે બોલાવવામાં આવે છે.

ત્યારબાદ ખેલ શરૂ થાય છે. ઓફિસે જતાં જ લોકો પાસેથી આધારકાર્ડ, પાન કાર્ડ જેવાં ડોક્યુમેન્ટ લઈ તુરંત જ ત્યાં જ આવેલા એક ખાનગી બેંકના કર્મીઓ પ્રોસેસ કરી બેંક એકાઉન્ટ ખોલી દેતાં હોય છે. બાદમાં એકાઉન્ટ ખોલતાં જ આપવામાં આવતી કિટ જેમાં પાસબુક, ચેકબુક, એટીએમ કાર્ડ તેમની પાસે રાખી લેવામાં આવે છે. તેમજ કોરા ચેકોમાં સહી પણ ભોગ બનનાર લોકો પાસેથી કરાવી લેવામાં આવે છે. ત્યારબાદ દુબઈથી મોટા કારસ્તાનની શરૂઆત થાય છે. ત્યાંની બેંક એકાઉન્ટમાંથી રૂપિયા ટ્રાન્જેક્શન કરી અહીંથી ઉપાડી લેવામાં આવે છે અને તે બેંક એકાઉન્ટ ધારકોને મામલી રૂપીયા પકડાવી દેવામાં આવે છે. આ મોડ્સ ઓપરેન્ડીથી લાંબા સમયથી શહેરમાં દુબઈ સહિતના દેશોમાંથી રૂપિયા ટ્રાન્જેકશન કરવાનું મસમોટું કૌભાંડ ચાલી રહયું છે અને તેમાં બેડી માર્કેટિંગ યાર્ડમાં આવેલ ઓફીસ જે કૌભાંડનું એપી સેન્ટર છે તે રડારમાં હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

### પોલીસ પણ મલાઈ તારવવાની વેતરણમાં હોય તેમ ફરિયાદીને ઓફીસ બહાર અને આરોપીને એસીમાં બેસાડાયા

આઇપીએલ ટુર્નામેન્ટ શરૂ થતાં જ પોલીસની પણ સિઝન શરૂ થતી હોય છે ત્યારે આ વખતે બેંક એકાઉન્ટ કૌભાંડ સામે આવતાં ઘી કેળા થઈ ગયાં હોય તેવો માહોલ ઉભો થયો છે.

રાજકોટમાં માર્કેટિંગ યાર્ડમાં આવેલ એક ઓફીસ દુબઈથી આવતાં રૂપિયાનું એપી સેન્ટર હોય તેવું ચર્ચાઈ રહ્યું છે. જેમનો ભોગ બનેલા એક વ્યક્તિએ જણાવ્યું હતું કે, તેઓએ સાયબર ક્રાઇમમાં અરજી કરી હતી કે, તેમના એકાઉન્ટમાં લાખો રૂપિયાના દુબઈથી ટ્રાન્જેક્શન કરવામાં આવ્યાં છે. ત્યારે તેમને ઓફિસે બોલાવવામાં આવ્યાં હતાં અને તેમાં સંડોવાયેલ ગૌતમ ડાયા કારસરિયાને પોલીસ ઉઠાવી લાવી હતી પરંતુ પોલીસે તેની ટૂંકી પૂછપરછ કરી તેને જવા દિધો હતો અને તેઓને ફરીવાર બીજા દિવસે ઓફિસે બોલાવ્યાં હતાં.

ત્યારે તેઓને ઓફિસની બહાર બેસાડવામાં આવ્યાં હતાં અને આરોપી તેના વકીલ સાથે આવી અને ઓફિસની અંદર મહેમાનની માફક જઈ મેહમાનગતિ માણી થોડીવારમાં રવાના થઈ ગયો હતો. ત્યારે તેઓ બે કલાક શેકાયા બાદ પોલીસે કહ્યું કે, તમને ફરીવાર બોલાવવામાં આવશે. તો શું પોલીસ પણ મોટી મલાઈ તારવવાની વેતરણમાં બેઠી છે. ઉપરાંત તે અરજદારે બી. ડિવિઝન પોલીસ મથકમાં પણ ફરિયાદ નોંધાવતા ત્યાંના તપાસનીશ અધિકારીએ તેમને સામેથી ધમકાવ્યા હતાં.

### વ્યાજખોરોના ત્રાસથી આપઘાતનો પ્રયાસ કરનાર યુવક પાસે છ ખાતા ખોલાવી ૭૨ લાખ દુબઈથી મેળવ્યાં

રાજકોટ. તા.૧૪

મોરબી રોડ પર જય જવાન જય કિશાન સોસાયટીમાં રહેતાં અમિત કાંતિલાલ હિરાણી નામના યુવાને દોઢ વર્ષ પહેલા તેમના માતાનું અવસાન થતાં તેમની પાછળની શેરીમાં રહેતા અંકિત પટેલ જે વ્યાજે રૂપીયા આપતાં હોય તેની પાસેથી તેમની માતાનો દાડો કરવા માટે રૂ.૨૦ હજાર ૧૦ ટકા વ્યાજે લીધેલ હતા. બાદમાં રૂપિયા તેઓએ તેના પિતા હસ્તક અંકિતને પરત કરી દીધેલ હતાં. આશરે પાંચેક મહિના બાદ તેમના પિતાનું પણ અવસાન થતાં તેમના દાડા માટે મારે રૂપિયાની જરૂરીયાત પડતા અંકિત પાસેથી રૂ. ૪૦ હજાર ૧૦ ટકા વ્યાજે રૂપિયા લીધેલ હતા. સાતેક મહિના અંકિતને રોકડામાં વ્યાજ ચુકવેલ અને ત્યારબાદ વ્યાજ સહીતનાં તમામ રૂપિયા તેમને ચુકવી આપેલ હતાં.

છતાં પણ અંકિતે કહેલ કે, તારે હજુ રૂ.૧.૫૦ લાખ ચુકવવાના થાય છે અને જો તારે આ રકમ ન ચુકવી હોય તો અમારે બેડી યાર્ડમાં ઘંઉનો ટાર્ગેટ પુરો કરવાનો છે જેથી તારા તથા તારા સગા વ્હાલાનાં બેંક એકાઉન્ટ આઠથી દસ દિવસ માટે ખોલાવી દે તેવું કહેતાં તેઓ તેની પત્નિ સુજાતા, સસરા-સાસુ સાથે માર્કેટીંગ યાર્ડ બેડી ગયેલા અને તત્યાં એક ચેમ્બરમાં બીજા માળે ઓફીસમાં બોલાવેલ અને બધાના આધારકાર્ડ,પાનકાર્ડ સાથે લાઇવ ફોટો પાડી બેંકમાં એક એક લાખવાળા સેવિંગ એકાઉન્ટ ખોલાવેલ હતાં. ત્યાંજ ઇન્ડુસલેન્ડ બેંકની વેલકમ કીટ આપેલ હતી. બધા પાસેની ચેકબુકમાંથી પાંચ પાંચ કોરા ચેકમાં સહી કરાવેલ અને તે ચેક લઇ લીધેલ હતાં. તેમજ પર્સનલ બેંકનો એક-એક ચેક માંગેલ હતો. જેથી તેઓએ અને તેના સસરાએ ચેક આપેલ હતાં.

બાદમાં તેઓના ખાતામાં એક-એક લાખ રૂપિયા નાખવા માટે રાજન પટેલે તેના ભાઈ અંકિતને જણાવેલ હતું. જે બાદ ગૌતમભાઈ ડાયાભાઇ કારસીયાએ ચારેયના ખાતામાં એક-એક લાખ રૂપિયા નાખવા માટેની વાત કરેલ હતી. દોઢેક મહીના બાદ ગૌતમભાઈ ઘરે આવેલ અને કહેલ કે, તમારા ચારેયના ખાતા ચાલેલ નથી અને ચારેયની ચેક બુક, એ.ટી.એમ, ક્રેડીટ કાર્ડ તથા પાસબુક પરત આપી ગયેલ અને ત્રણેક દિવસ બાદ રાજન પટેલે શરીમાં બોલાવેલ અને ત્યાં અંકિતભાઈ અને ગૌતમ હાજર હતા અને કહેલ કે, તમારા ખોલાવેલ બેંક એકાઉન્ટ ચાલેલ નથી. તમારે બીજા એકાઉન્ટ ખોલાવવા પડશે જેથી તેઓ પત્ની સાથે હું લીમડા ચોક ખાતે ગયેલ અને ત્યાં ચારેયના દસ-દસ હજારનાં સેવિંગ એકાઉન્ટ ખોલાવેલ હતા. બાદમાં દંપતીને રૂ.૫ હજાર વાપરવા માટે આપેલ હતા. પંદર-વિસ દિવસ બાદ તેમને ખાતું પરત આપવાનું કહેતાં આરોપીઓ ગોળ ગોળ વાતો કહેલ અને આ દરમ્યાન તેઓએ ખાતામાથી અલગ-અલગ જગ્યાએથી રૂપિયા ઉપાડેલ અને તેણીના પત્નિના ખાતામાંથી દુબઇથી રૂપિયા ઉપાડેલ હતાં અને તેઓએ એકાઉન્ટના સ્ટેટમેન્ટ કઢાવતા જાણવા મળેલ કે, દરેક ખાતામાં આશરે ૧૬ થી ૨૦ લાખના ટ્રાન્જેક્શન થયેલ છે. જેથી આરોપીઓએ અંદાજીત ૭૨ લાખ જેવી રકમ તેમની જાણ બહાર દુબઈથી ટ્રાન્જેક્શન કરી ઉપાડી લીધા બાદ પણ દબાણ કરતાં યુવાનને આપઘાતનો પ્રયાસ કરવાનો વારો આવ્યો હતો.

### જીએસટીમાં બોગસ રજિસ્ટ્રેશનના ધોરણે મજૂરોના નામે ભાડૂતી ખાતા

હવાલાના કાળા નાણાં ધોળા કરવાં સરકારને પણ આરોપીઓ ચુનો ચોપડે છે. જીએસટીમાં બોગસ રજિસ્ટ્રેશનના ધોરણે મજૂરોના નામે ખાતા ખોલાવી લેવામાં આવે છે. બાદમાં મજૂરો પાસેથી તે એકાઉન્ટ ભાડે લઈ મોટા ટ્રાન્જેક્શન કરવામાં આવે છે. જો તે એકાઉન્ટ બાબતે તપાસ કરવામાં આવે તો તે એકાઉન્ટ તેવાં શ્રમિકના નામે બોલતું હોય કે જેમનું કોઈ સરનામું જ ન હોય અને તે સરનામાં પર તપાસ કરવામાં આવે તો ત્યાં ઝૂંપડપટી સિવાય કંઈ હોઈ નહિ જેથી તંત્ર મોટા ગજાના કાળા ધોળા કરતાં લોકો સુધી પહોંચી શકતું નથી.

### વિદ્યાર્થીઓનો પણ ઉપયોગઃ કમીશનની લાલચ આપી એક તરૂણના એકાઉન્ટમાં ૮૦ લાખનું ટ્રાન્જેક્શન થઈ ગયું

હવે હવાલા પાડતાં માફિયાઓ રાજકોટ શહેરમાં શ્રમિકોની સાથે સાથે વિદ્યાર્થીઓ પર પણ નજર પાડી છે અને અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને કમીશનની લાલચ આપી ફસવામાં આવી રહ્યા છે. જેમાં શહેરના એક તરૂણને કમીશનની લાલચ આપી તેમની પાસે બેંક એકાઉન્ટ ખોલાવી લીધાં બાદ કોરા ચેકમાં સહી કરાવી લેવામાં આવી હતી. જે બાદ તે ખાતામાં ૮૦ લાખ જેવી માતબર રકમનું ટ્રાન્જેક્શન કરવામાં આવ્યું હતું. જે અંગે બેંગ્લોર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાતા નોટીસ તરુણના પરિવારને મળતા નીચેથી જમીન શરકી ગઈ હતી. જો કે, તે મામલે ત્યાંની પોલીસે મૂળિયા સુધી પહોંચી આરોપીને પકડી લેતાં તરૂણે અને તેના પરિવારે રાહતનો શ્વાસ લીધો હતો.

### ગત વર્ષની સરખામણીએ યાત્રાળુઓની સંખ્યામાં ૬૧ ટકાનો વધારો

# ચારધામ યાત્રામાં ત્રણ જ દિવસમાં ૧.૫૦ લાખ ભાવિકોઃ નિષ્ણાંતોની લાલબતી

દહેરાદુન તા.૧૪

હિન્દુઓની અત્યંત અને આસ્થાભરી ચારધામ યાત્રા શરૂ થયાના ત્રણ જ દિવસમાં ૧.૫૦ લાખ ભાવિકો ઉમટી પડયા હતા જે ગત વર્ષની ૯૫૦૦૦ ની સરખામણીએ ૬૧ ટકાનો ધરખમ વધારો સુચવે છે.

હિમાલયન ક્ષેત્રમાં આવેલા યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ તથા બદ્રીનાથની પવિત્ર ચારધામ યાત્રા ૧૦મી મેથી શરૂ થઈ છે. કેદારનાથમાં ભાવીકોની સંખ્યામાં ૬૭ ટકાનો વધારો થયો છે. ગત વર્ષે ૪૪૮૯૨ ભાવીકો હતં તે રીતે ગંગોત્રીમાં ૬૧ ટકા તથા યમુનોત્રીમાં ૫૯ ટકા વધુ ભાવીકો આવ્યા છે.બદ્રીનાથના કપાટ ખુલ્યાને બે દિવસ થયા છે. ગત વર્ષે બે દિવસમાં ૧૫૪૩૨ યાત્રાળુઓ હતા તે આ વખતે પ્રથમ દિવસે ૨૨૬૯૦ ભાવીકોની સંખ્યા ૧૦ છે. ભાવીકો-વાહનોની મર્યાદિત ક્ષમતા ધરાવતા આ ઝોનમાં કલાકો સુધી ટ્રાફીક જામ તથા લાંબી કતારોમાં ઉભા રહીને પણ ભાવીકોએ ભગવાનના દર્શન કરવાનું વલણ અપનાવ્યુ છે.

નિષ્ણાંતોએ ભગવાનના દર્શન કરવાનું વલણ અપનાવ્યુ છે. નિષ્ણાંતોએ એવી લાલબતી ધરી છે કે વર્તમાન ધોરણે જ ભાવીકોનો ઘસારો રહેવાના સંજોગોમાં આ વર્ષે



## વર્તમાન ધોરણે જ ઘસારો રહે તો ૮૦ લાખ યાત્રાળુઓ ઉમટવાનો અંદાજઃ પર્વતીય ક્ષેત્રની 'કેપેસીટી' સામે ઉઠાવાતા સવાલ

યાત્રાળુઓની સંખ્યા ૮૦ લાખ પર પહોંચી શકે છે અને પર્વતીય ઝોનની આટલો ઘસારો સહન કરવાની ક્ષમતા નથી. લાખોની સંખ્યામાં યાત્રાળુઓ તથા હજારો વાહનોનો ભાર ઉંચકવા માટે પર્યાપ્ત ઈન્ફ્રાસ્ટ્રકચર છે? તે દિશામાં વહીવટીતંત્ર તથા સરકારે વિચારવુ જોઈએ. વધારાની સગવડો ન ઉમેરાય તો ઘાતક-વિનાશક પરીણામો સર્જાવાનો ખતરો રહેશે.

સોશ્યલ ડેવલપમેન્ટ ફોર કોમ્યુનીટીઝ ફાઉન્ડેશનના સ્થાપક અનુપ નૌટીમ્પના કહેવા પ્રમાણે યમુનોત્રીના દર્શને જતા હજારો યાત્રાળુઓના વીડીયોથી સોશ્યલ મીડીયામાં અનેક પ્રત્યાઘાતો વ્યકત થવા લાગ્યા છે. મોટાભાગે લાલબતી ધરી રહ્યા છે અને તે પછી જ સરકાર તથા પોલીસતંત્ર દ્વારા ભાવીકોને એક દિવસ પછી આવવાનો અનુરોધ કરવાની ફરજ પડી હતી. યાત્રાળુઓને પવિત્ર યાત્રા વધુ સરળતાથી કરાવવી હોય તથા ઉતરાખંડની સારી ઈમેજનો અનુભવ કરાવવો હોય તો ભાવીકોની સંખ્યા ચકાસીને વધુ સારી તૈયારી કરવાની જરૂર છે.

## ભીડ રોકવા ગંગોત્રી જતાં યાત્રિકોને પણ અટકાવાયા

### હાલમાં માત્ર ગંગનાની અને હર્ષિલ વચ્ચે પહોંચેલા મુસાફરો જ ગંગોત્રી દર્શન માટે જઈ શકશે

દેહરાદૂન, તા ૧૪

ઉત્તરકાશી જિલ્લાના યમુનોત્રી ધામમાં એકત્ર થયેલી ભીડને ધ્યાનમાં લઈને ગંગોત્રીમાં વહીવટીતંત્ર સતર્ક થઈ ગયું છે. નિર્ધારિત ક્ષમતા કરતા વધુ યાત્રાળુઓના આગમનને કારણે થતી અસુવિધાને ટાળવા ઉત્તરકાશી જિલ્લા વહીવટીતંત્રે સોમવારે બપોરે ગંગોત્રી ધામ જતા તીર્થયાત્રીઓને રસ્તામાં રોકી દીધા હતા. જેના કારણે લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. ઉત્તરકાશીના એસપી અર્પણ યદુવંશીએ જણાવ્યું હતું કે ગંગોત્રી જતા વાહનોને જિલ્લા મુખ્યાલયથી લગભગ બે કિમી આગળ તેખાલા ખાતે રોકવામાં આવી રહ્યા છે અને ઈન્દ્રાવતી પુલ અને જોશિયારા પાસે પાર્ક કરવામાં આવ્યા છે. એક દિવસમાં ૧૧ હજાર તીર્થયાત્રીઓ ગંગોત્રીના દર્શને જવાની મર્યાદા નક્કી કરવામાં આવી છે. હાલમાં માત્ર ગંગનાની અને હર્ષિલ વચ્ચે પહોંચેલા મુસાફરોને જ ગંગોત્રી દર્શન માટે મોકલવામાં આવી રહ્યા છે.



## બદ્રીનાથમાં વિરોધ પ્રદર્શન, VIP દર્શન વ્યવસ્થા ખતમ

બદ્રીનાથમાં લોકોએ વીઆઈપી કાર્યસ્થળ અને બામાની ગામ તરફ જતો સામાન્ય રસ્તો બંધ કરવા સામે પ્રદર્શન કર્યું. આ પછી, જોશીમઠના એસડીએમ વિરોધ સ્થળ પર પહોંચ્યા અને કહ્યું કે બદ્રીનાથ મંદિર સમિતિ દ્વારા ગત વર્ષે શરૂ કરાયેલી VIP દર્શન વ્યવસ્થાને ખતમ કરી દેવામાં આવી છે.

તીર્થધામના પૂજારીઓએ જણાવ્યું હતું કે રવિવારે ભક્તોની લાંબી કતારો હોવા છતાં, મંદિર સમિતિના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, પોલીસ અને વહીવટીતંત્રના અધિકારીઓ રાજ્યપાલનું સ્વાગત કરવા હેલિપેડ પર ઊભા હતા. અનેક લોકો ધામમાંથી દર્શન કર્યા વિના પરત ફર્યા હતા. બીજી તરફ બદ્રીનાથમાં ૭૫ વર્ષની મહિલાનું હાર્ટ એટેકથી મોત થયું હતું. યમુનોત્રીમાં અત્યાર સુધીમાં ૩ શ્રદ્ધાળુઓએ જીવ ગુમાવ્યા છે.

## ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચના પદ માટે અરજીઓ મંગાવી BCCIએ, મે ૨૭ સુધીમાં અરજી કરવી આવશ્યક છે; વર્લ્ડકપ બાદ દ્રવિડનો કાર્યકાળ સમાપ્ત થશે

ન્યુ દિલ્હી :

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચના પદ માટે અરજીઓ મંગાવી. બોર્ડે સોમવારે મોડી રાત્રે ઉમેદવારો માટેની જાહેરાત બહાર પાડી હતી. ઉમેદવારો ૨૭મી મેના રોજ સાંજે ૬ વાગ્યા સુધી અરજી કરી શકશે. રાહુલ દ્રવિડ હાલમાં ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ છે. તેમનો કાર્યકાળ અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં યોજાનાર T20 વર્લ્ડ કપ પછી સમાપ્ત થશે.

**નવા કોચનો કાર્યકાળ ૨૦૨૭ સુધીનો રહેશે.**

નવા મુખ્ય કોચની પસંદગી T-20 વર્લ્ડ કપ દરમિયાન કરવામાં આવશે. તેમનો કાર્યકાળ ૧ જુલાઈ, ૨૦૨૪થી શરૂ થશે અને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૭ સુધી ચાલશે. આ સમયગાળા દરમિયાન ટીમ ઈન્ડિયાએ ૫ ICC ટૂર્નામેન્ટ રમવાની છે. જેમાં ચેમ્પિયન્સ ટ્રોફી, T-20 વર્લ્ડ કપ અને ODI વર્લ્ડ કપની સાથે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ૨ ચક્રનો સમાવેશ થાય છે.



**આ લાયકાત રાખવામાં આવી હતીઃ**

મુખ્ય કોચના પદ માટે અરજી કરનારા ઉમેદવારો પાસે ચોક્કસ લાયકાત હોવી જોઈએ, જેનો BCCIએ તેની જાહેરાતમાં ઉલ્લેખ કર્યો છે.

૧. ૩૦ ટેસ્ટ અને ૫૦ વનડે રમવાનો અનુભવ હોવો જોઈએ.

૨. ઓછામાં ઓછા ૨ વર્ષ માટે સંપૂર્ણ સભ્ય ટેસ્ટ પ્લેઇંગ ટીમનું કોચિંગ હોવું આવશ્યક છે.

૩. કોઈપણ સહયોગી દેશ, આઈપીએલ ટીમ, ઈન્ટરનેશનલ લીગ, ફર્સ્ટ ક્લાસ ટીમ, નેશનલ એ ટીમમાંથી ૩ કે તેથી વધુ વર્ષ માટે કોચિંગ કર્યું હોવું જોઈએ.

૪. BCCI કોચિંગ લેવલ-૩ પ્રમાણપત્ર હોવું આવશ્યક છે.

૫. ઉંમર ૬૦ વર્ષથી ઓછી હોવી જોઈએ.

**નવેમ્બર ૨૦૨૧માં દ્રવિડ મુખ્ય કોચ બન્યા.**

રાહુલ દ્રવિડને નવેમ્બર ૨૦૨૧માં ભારતનો મુખ્ય કોચ બનાવવામાં આવ્યો, જ્યારે ટીમ ઈન્ડિયા T-20 વર્લ્ડ કપના ગ્રુપ સ્ટેજમાંથી બહાર થઈ ગઈ હતી. ટીમે ૨૦૨૨ T20 વર્લ્ડ કપમાં ફરીથી સેમિફાઇનલ રમી હતી. ૨૦૨૩માં ODI વર્લ્ડ કપ બાદ દ્રવિડનો કાર્યકાળ પૂરો થઈ ગયો હતો, પરંતુ ટીમ ઈન્ડિયા ફાઇનલમાં પહોંચવાને કારણે તેનો કાર્યકાળ ઝ૨૦ વર્લ્ડ કપ સુધી લંબાવવામાં આવ્યો હતો.

દ્રવિડની સાથે કોચિંગ સ્ટાફનો કાર્યકાળ પણ લંબાવવામાં આવ્યો હતો. જેમાં બેટિંગ કોચ વિક્રમ રાઠોડ, ફિલ્ડિંગ કોચ ટી દિલીપ અને બોલિંગ કોચ પારસ મ્હામ્બરેનો સમાવેશ થાય છે. જય શાહે તાજેતરમાં કહ્યું હતું કે જો દ્રવિડ ઇચ્છે તો કોચ પદ માટે ફરી અરજી કરી શકે છે.

દ્રવિડના કોચિંગ હેઠળ ટીમ ઈન્ડિયાને એકમાત્ર સફળતા ૨૦૨૩માં એશિયા કપના રૂપમાં મળી હતી. ભારતે યજમાન શ્રીલંકાને હરાવીને ટાઈટલ જીત્યું હતું.

## મુંબઈમાં હોર્ડીંગ બોર્ડ દુર્ઘટનાનો મૃત્યુઆંક ૧૪ પર પહોંચ્યોઃ બે સપ્તાહ પુર્વે જ 'હટાવવા' સુચના અપાઈ હતી

### હોર્ડીંગ માલીકી ધરાવતી કંપની સામે કેસ દાખલઃ હજુ ૨૮ ઈજાગ્રસ્તો સારવાર હેઠળ

મુંબઈ તા.૧૪

મુંબઈમાં હવામાનપલ્ટા સાથે ધૂળની આંધી-ઝંઝાવાતી પવન-વરસાદમાં તોતીંગ હોર્ડીંગ ધસી પડતા સર્જાયેલી દુર્ઘટનામાં મૃત્યુઆંક ૧૪નો થયો છે. આ હોર્ડીંગ હટાવી લેવા બે સપ્તાહ પુર્વે જ કોર્પોરેશને અલ્ટીમેટમ આપ્યાની વિગતો પ્રકાશમાં આવી છે.

દેશના અનેક ભાગોની જેમ આર્થિક પાટનગર મુંબઈમાં પણ ગઈ સાંજે હવામાનપલ્ટો રહ્યો હતો. વરસાદની સાથે ઝંઝાવાતી પવન અને ધુળભરી આંધી ફુંકાતા દિવસે અંધારપટ સર્જાયો હતો અને તેમાં ઘાટકોપર ઈસ્ટમાં પંતનગર સ્થિત એક તોતીંગ હોર્ડીંગ બોર્ડ ધસી પડયું હતું. આ બોર્ડીંગ પેટ્રોલપંપ પર પડયુ હતું. આ સ્થળે સંખ્યાબંધ લોકો મૌજૂદ હતા. જેઓ કાટમાળ હેઠળ દટાયા હતા. તાબડતોડ બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને ૧૪નો થયો છે. ઈજાગ્રસ્તોનો આંકડો ૫૯ છે જેઓને હોસ્પીટલમાં સારવાર આપવામાં આવી રહી છે. સતાવાર સૂત્રોએ કહ્યું કે ઈજાગ્રસ્તો પૈકી ૩૧ને ડીસ્ચાર્જ કરી દેવામાં આવ્યા છે. આ દુર્ઘટના અંગે વિજ્ઞાપન કંપની ઈગો મીડીયા સામે ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

કોર્પોરેશનના સૂત્રોએ કહ્યું કે ઘાટકોપરના પંતનગર સ્થિત આ લિસ્ટ હોર્ડીંગ કેટલાક વખતથી વહીવટીતંત્રના વોચમાં હતું. બે સપ્તાહ પુર્વે હોર્ડીંગ હટાવી દેવાની સૂચના પણ આપી હતી. સોમવારે દુર્ઘટના બાદ તાત્કાલીક અસરથી હોર્ડીંગનું તમામ માળખુ ઉતારી લેવાની નોટીસ પણ ફટકારવામાં આવી હતી.



### બેંગ્લોરમાં પણ વરસાદનો કહેરઃ સાત દિ'માં ૧૦૦૦ વૃક્ષ ધરાશાયી



દેશના અનેક ભાગોમાં હવામાનપલ્ટાનો હાહાકાર સર્જાયો છે ત્યારે બેંગ્લોરમાં પણ ભારે વરસાદનો કહેર છે. બેંગ્લોરમાં છેલ્લા સાત દિવસમાં જ ભારે વરસાદથી ૧૦૦૦થી વધુ વૃક્ષો ધરાશાયી બન્યા હતા. માર્ગો પર જ ઝાડ પડયા રહેતા ટ્રાફિક સહિતના પ્રશ્નો ઉભા થઈ રહ્યા હોવાથી સ્થળ પર જ વૃક્ષના લાકડાનુ ઓકશન કરીને હટાવવાની કામગીરી કરવાનો નિર્ણય લેવાયો છે.


## કેનેડા પહોંચેલા ભારતીય યુવકની એરપોર્ટ પર જ ધરપકડઃ કરોડોના સોનાની ચોરીમાં સંડોવણી

### આ કેસમાં ભારતીય મૂળના પાંચ લોકોની ધરપકડ અગાઉ થયેલી, વધુ એકની ફિલ્મી ઢબે ધરપકડ થઈ

ટોરંટો (કેનેડા) તા.૧૪

કેનેડામાં ટોરંટોના મેઈન એરપોર્ટ પર અચાનકથી ગરમાગરમી થઈ ગઈ હતી. અહીં પોલીસની એક ટીમે વધુ એક ભારતીય યુવકની ધરપકડ કરી લીધી છે. આ ધરપકડ કરાયેલી વ્યક્તિનું નામ અર્ચિત ગ્રોવર છે. એ સમયે તો પહેલા કોઈને નહોતી જાણ કે કેમ આની ધરપકડ કરવામાં આવી છે પરંતુ બાદમાં સામે આવ્યું કે કરોડોના ગોલ્ડની જે ચોરી થઈ છે એ કેસમાં અર્ચિતની સંડોવણી છે.

પોલીસના જણાવ્યા પ્રમાણે સર્ચ ટીમે અર્ચિત ગ્રોવરને ૬ મે ૨૦૨૪ના રોજ ટોરંટો એરપોર્ટથી ધરપકડ કરી દીધી છે. આ દેશના ઈતિહાસની સૌથી મોટી ચોરી છે અને આ કેસમાં લગભગ ૧ મહિના પહેલાથી જોઈએ તો પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી ચૂકી છે. આ દરમિયાન જોઈએ તો ભારતીય મૂળના ૫૪ વર્ષીય પરમપાલ સિદ્ધૂ, ૪૦ વર્ષીય અમિત



જલોટા, ૪૩ વર્ષીય અમ્માદ ચૌધરી, ૩૭ વર્ષીય અલી રજા અને ૩૫ વર્ષીય પરમલિંગમની આ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.

ગોલ્ડ અને રોકડ રકમ સ્વિટ્ઝર્લેન્ડથી જ્યુરિખથી ટોરંટોના પિયર્સન ઈન્ટરનેશનલ એરપોર્ટ સુધી એર કેનેડાની ફ્લાઈટથી પહોંચાડવામાં આવી અને ત્યારપછી કંટેનરને એરપોર્ટ પર એક અલગ સ્થાને લઈ જવાયા હતા. પરંતુ એક દિવસ પછી પોલીસે આના ગાયબ થવાની જાણ કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે ૧૭ એપ્રિલ ૨૦૨૩એ આ કંટેનરને નકલી ડોક્યુમેન્ટેશનની કાર્યવાહી કરી એક ગોડાઉનથી ચોરી લીધું હતું. આ કંટેનરમાં ૨ કરોડ ૨૦ લાખ કેનેડિયન ડોલરથી વધુની રકમનું સોનુ અને ઈન્ટરનેશનલ કરન્સી હતી. પોલીસના જણાવ્યા પ્રમાણે આ ફિલ્મી ઢબે ચોરીની ઘટના પાછળ એર કેનેડાનાં ૨ પૂર્વ કર્મચારીઓની પણ સંડોવણી લાગી રહી છે. આમાંથી એકની ધરપકડ થઈ ગઈ છે જ્યારે બીજા માટે એરેસ્ટ વોરંટ જાહેર કરી દેવાયું છે. વળી એર કેનેડાના પ્રવક્તા પીટર ફિટ્ઝપૈટ્રિકે પુષ્ટિ કરી કે સિદ્ધૂ અને પનેસર રાષ્ટ્રીય એરલાઈનમાં કામ કરતા હતા. તેમણે કહ્યું કે આ એરેસ્ટ વોરંટ પછી એક એ કંપની છોડી દીધી તો બીજાને નિષ્કાષિત કરી દેવાયો છે.

## સલમાનના ઘર બહાર ફાયરીંગ કેસમાં વધુ એકની ધરપકડ

### છઠ્ઠો આરોપી હરિયાણાથી પકડાયો



મુંબઈ તા.૧૪

બોલિવુડના અભિનેતા સલમાન ખાનના ઘર બહાર ફાયરીંગ કેસમાં પોલીસને વધુ એક સફળતા મળી છે. પોલીસે છઠ્ઠા આરોપીની ધરપકડ કરી છે. આ અંગેની વિગત મુજબ સલમાનખાનના મુંબઈ સ્થિત ઘરમાં ૧૪ એપ્રિલે ગોળીબારની ઘટના બની હતી, આ ગોળીબારની જવાબદારી બિશ્નોઈ ગેંગે લીધી હતી. આ ફાયરીંગની ઘટનામાં મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે પાંચ શખ્સોને પકડી ચૂકી છે, તેમાં વધુ એક છઠ્ઠા આરોપીની ધરપકડ કરી છે. પોલીસે આરોપી હરપાલસિંહ (ઉ.૩૭)ને હરિયાણાથી પકડી પાડયો છે.

## અમેરિકી સાંસદે દુનિયાને ચોંકાવીઃ ઈઝરાયેલને ગાઝા પર અણુબોમ્બ ફેંકવાની મંજુરી આપો

વોશિંગ્ટન (અમેરિકા) તા.૧૪

અણુબોમ્બથી થતી ખાનાખરાબી માનવજાતે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જાપાન પર ફેંકાયેલા અણુ બોમ્બથી જોઈ લીધી છે. હાલ જયારે ઈઝરાયેલ અને હમાસ વચ્ચે છેલ્લા ઘણા સમયથી લડાઈ ચાલી રહી છે ત્યારે એક અમેરિકી સાંસદે ઈઝરાયેલને ગાઝા પર અણુબોમ્બ ફેંકવાની મંજુરી આપવી જોઈએ તેવું નિવેદન કરીને દુનિયાને ચોંકાવી દીધી છે. આટલું જ નહીં આ સાંસદે અમેરિકાએ જાપાન પર ફેંકેલા અણુ બોમ્બની ઘટનાને પણ યોગ્ય ઠેરવી હતી.



અમેરિકાના રિપબ્લીકન સેનેટર લિંડસે ગ્રાહમે ઈઝરાયેલને ગાઝા પર પરમાણુ બોમ્બ ફેંકવાની મંજુરી મળી જોઈએ તેવું સૂચન કર્યુ હતું. તેમણે કહ્યું હતું કે ઈઝરાયેલ એક યહુદી દેશ છે અને પોતાને બચાવવા માટે તેને એ બધું કરવા દેવું જોઈએ જે તે ઈચ્છે છે. તેમણે રાષ્ટ્રપતિ બાઈડનના એ નિર્ણયની ટિકીટ કરી હતી જેમાં બાઈડને ઈઝરાયેલને મોકલવામાં આવનાર ત્રણ હજાર ભારે બોમ્બની ડિલીવરી રોકી દીધી હતી. તેમણે એક મીડિયા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે જયારે અમે એક દેશ તરીકે જર્મની અને જાપાન સાથે લડાઈમાં પર્લ હાર્બરની તબાહી જોઈ તો અમે આ લડાઈને ખતમ કરવા માટે જાપાનના નાગાસાકી અને હીરાશીમા પર પરમાણુ બોમ્બ ફેંકવાનો નિર્ણય કરેલો અને તે સાચો પણ હતો. તેમણે કહ્યું હતું કે ઈઝરાયેલને પણ ગાઝામાં ચાલુ લડાઈ ખતમ કરવા માટે પરમાણુ બોમ્બ આપવો જોઈએ. તેમણે એક મુદ્દાની વાત કરી હતી કે ગાઝામાં નાગરિકોના મોત માટે હમાસને જવાબદાર ઠેરવવા જોઈએ. કારણ કે હમાસે જ સામાન્ય નાગરિકોનો ઢાલ તરીકે ઉપયોગ કર્યો છે. મેં કયારેય ઈતિહાસમાં આવી લડાઈ નથી જોઈ જયાં આમ નાગરિકનો જીવ ખતરામાં નાખી દેવાયો હોય.

### સેબી દ્વારા વધુ એક મહત્વપૂર્ણ કદમ

## ઈન્વેસ્ટરોએ ખરીદેલા શેરો સીધા તેમના જ ડીમેટ ખાતામાં જમા થશે

### માર્કેટ રેગ્યુલેટરે ચર્ચા પત્ર જારી કર્યુંઃ અન્ય કેટલાંક ફેરફારોની પણ તૈયારી

મુંબઈ તા.૧૪

શેરબજારમાં ઈન્વેસ્ટરોના હિતમાં માર્કેટ રેગ્યુલેશન સેબી દ્વારા નવા કદમ ઉઠાવવામાં આવી જ રહ્યા છે. હવે શેરની-ખરીદી બાદ તે બ્રોકરનાં ખાતાને બદલે સીધા જ ઈન્વેસ્ટરનાં એકાઉન્ટમાં ટ્રાન્સફર જમા થાય તેવી વ્યવસ્થા ગોઠવવાની દિશામાં ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. સેબીએ આ માટે ચર્ચા પત્ર જારી કરીને સંબંધીત પક્ષકારોના અભિપ્રાય માંગ્યા છે.

ઈન્વેસ્ટરો-કલાયન્ટના શેરોનો ગેર ઉપયોગ ન થાય તેવા ઉદ્દેશ સાથે આ કદમ ઉઠાવવામાં આવશે. વર્તમાન પ્રથા એવી છે કે કોઈપણ ઈન્વેસ્ટર શેરની ખરીદી કરે તો તે સર્વપ્રથમ તેના બ્રોકરનાં પૂલ ખાતામાં જમા થાય છે અને ત્યારબાદ તે ઈન્વેસ્ટરોનાં ખાતામાં ટ્રાન્સફર કરે છે. નવી સુચિત સીસ્ટમ હેઠળ બ્રોકરની બાદબાકી થઈ જશે અને શેરો સીધા જ ઈન્વેસ્ટરોના ખાતામાં જમા થશે. સેબીનાં ચર્ચાપત્રમાં એમ પણ કહેવાયું છે કે કલીયરીંગ કોર્પોરેશદે પે-આઉટ માટે શેરો સીધા સંબંધીત ઈન્કવેસ્ટરનાં ખાતામાં જ જમા કરવા જોઈએ. વર્ષ ૨૦૨૧ માં થોડો વખત આ સીસ્ટમ લાગુ કરાઈ હતી. આ સિવાય શેરોની ખરીદી બાદ તેનું પેમેન્ટ બાકી રહેતુ હોય તો તેની પણ જાણકારી મળી શકે તે વિશેની સીસ્ટમ પણ બનાવવી જોઈએ. સેબીએ એમ પણ કહ્યું છે કે માર્જીન ટ્રેડીંગ સુવિધા અંતર્ગત બ્રોકર દ્વારા રાખવામાં આવતા શેરોનો ઉપયોગ માત્ર ગીતવે રાખવા માટે જ થવો જોઈએ અને આ માટે બ્રોકરે એક અલગ ડીમેટ ખાતુ ખોલવુ જોઈએ જેમાં માર્જીન ફંડીંગ માટે જ ફંડેડ શેરો રાખવા જોઈએ તે સિવાય અન્ય કોઈપણ પ્રકારના વ્યવહારો પ્રતિબંધીત રહેવા જોઈએ. આ પ્રકારનાં ફંડેડ શેરો કલાયન્ટનાં ખાતામાં ટ્રાન્સફર કરવા પડે અને ત્યારબાદ ઓટોપ્લેજ કરાશે.



## ચૂંટણી પછીનો ડામઃ મોબાઈલ દરમાં થશે ૨૫ ટકાનો વધારો

### પોસ્ટપેડની સાથે પ્રીપેડ પ્લાન્સ પણ વધશે

નવી દિલ્હી, તા ૧૪

ભારતમાં ચૂંટણીની મોસમ ચાલુ છે. લોકસભા ચૂંટણી બાદ મોબાઈલ બિલ મોંઘા થઈ જશે. ટેલિકોમ કંપનીઓ દ્વારા ટેરિફ વધારવાની તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આ વધારો શહેરી અને ગ્રામીણ બંને વિસ્તારોમાં જોવા મળશે. જો રિપોટ્ર્સનું માનીએ તો પોસ્ટપેડની સાથે પ્રીપેડ પ્લાન્સમાં પણ વધારો થશે. ઉપરાંત, ઇન્ટરનેટ પ્લાન પણ પહેલા કરતા મોંઘા થઈ શકે છે.

મોબાઈલ રિચાર્જમાં ઓછામાં ઓછો ૨૫ ટકાનો વધારો થશે. ટેલિકોમ કંપનીઓનું કહેવું છે કે આ પ્રકારનું પગલું પ્રતિ વપરાશકર્તા સરેરાશ આવક (ARPU) વધારવાના ઉદ્દેશ્યથી લેવામાં આવી રહ્યું છે. સરળ શબ્દોમાં કહીએ તો, દરેક વપરાશકર્તા દ્વારા કરવામાં આવતા ખર્ચની તુલનામાં આવક ઘટી રહી છે, જેના કારણે ટેરિફ પ્લાનમાં વધારો કરવામાં આવી રહ્યો છે.

ટેરિફ પ્લાન ૨૫ ટકા વધી શકે છે. આવી સ્થિતિમાં ૨૦૦ રૂપિયાનું રિચાર્જ ૫૦ રૂપિયા મોંઘું થઈ જશે. તેવી જ રીતે ૫૦૦ રૂપિયાનું રિચાર્જ ૧૨૫ રૂપિયા મોંઘુ થશે. ભારતી એરટેલ માટે બેઝ પ્રાઈસમાં રૂ. ૨૯નો વધારો થશે. સાથે જ Jio રિચાર્જની મૂળ કિંમતમાં ૨૬ રૂપિયાનો વધારો થઈ શકે છે. Jio એ માર્ચ કવાર્ટરમાં રૂ. ૧૮૧.૭ નું ARPU અંદાજ્યું છે, ઓકટોબર-ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન ભારતી એરટેલનું ARPU રૂ. ૨૦૮ હતું, જયારે અને Vodafone Idea (Vi)નું ARPU રૂ. ૧૪૫ હતું. આ કેલેન્ડર વર્ષના અંત સુધીમાં ARPUમાં ૧૦-૧૫ ટકાનો વધારો થશે. ટેલિકોમ કંપનીઓએ ૨૦૧૯ અને ૨૦૨૩ વચ્ચે દરોમાં લગભગ ત્રણ ગણો વધારો કર્યો છે.



**રાજકોટ લોકસભા બેઠકના ભાજપ-કોંગ્રેસ સહિત નવ ઉમેદવારોના રાજકીય ભાવિનું કાઉન્ટ-ડાઉન શરૂ**

# કણકોટ ઈજનેરી કોલેજમાં મતગણતરીની તૈયારીઓ: ૧૭ રાઉન્ડમાં ૧૨.૫૦ લાખ મત ગણાશે

## તા.૪ જૂનના સવારના આઠ વાગ્યાથી મતો ગણાશે: વિધાનસભા વિસ્તાર દીઠ કાઉન્ટીંગ હોલ: ૧૪-૧૪ ટેબલમાં થશે ગણતરી: પોસ્ટલ બેલેટની મતગણતરી માટે અલગથી વ્યવસ્થા: સુપરવાઈઝર-આસી સુપરવાઈઝર, માઈક્રો ઓબ્ઝર્વર સહિતના ૮૦૦ કર્મચારીઓને સોંપાશે ફરજ: તા.૨૦ બાદ સ્ટાફને તાલીમ

રાજકોટ, તા.૧૪

રાજકોટ લોકસભા બેઠકની ગત તા.૭મેના યોજાયેલી ચૂંટણીમાં ૫૯.૬૦ ટકા મતદાન થયા બાદ હવે આગામી તા.૪ જુનના કણકોટની સરકારી ઈજનેરી કોલેજમાં મત ગણતરી થનાર છે ત્યારે આ અંગે રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

જેની સાથે જ રાજકોટ લોકસભા બેઠકના ભાજપ-કોંગ્રેસ સહિત નવ ઉમેદવારોના રાજકીય ભાવિનું કાઉન્ટ-ડાઉન શરૂ થવા પામેલ છે. કણકોટની સરકારી ઈજનેરી કોલેજ ખાતે સવારના આઠ વાગ્યાથી મત ગણતરીનો પ્રારંભ થશે. આ પૂર્વે વહેલી સવારના ૬ વાગ્યે ૮૦૦ કર્મચારીઓનું રેન્ડમાઈઝેશન કરી મત ગણતરીના ટેબલની ફાળવણી કરી દેવાશે.

મત ગણતરી માટે વિધાનસભા વિસ્તારવાઈઝ કાઉન્ટીંગ હોલ ફાળવાશે જેમાં મત ગણતરી ૧૪-૧૪ ટેબલમાં થશે. ટેબલ દીઠ સુપરવાઈઝર, આસી. સુપરવાઈઝર અને માઈક્રો ઓબ્ઝર્વર એમ ત્રણ કર્મચારીઓનો સ્ટાફ ફાળવાશે. જ્યારે ૨૦ ટકા કર્મચારીઓ એકસ્ટ્રા રાખવામાં આવશે.



પોસ્ટલ બેલેટની મતગણતરી માટે પણ અલગ કાઉન્ટીંગ હોલ ફાળવવામાં આવશે. મત ગણતરી માટે ફરજ પર લેવાનારા કર્મચારીઓના ઓર્ડર આગામી ટૂંક સમયમાં જ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રભવ જોશી દ્વારા ઈસ્યુ કરી દેવામાં આવનાર છે.

આ કર્મચારીઓને મત ગણતરી માટે તા.૨૦ બાદ તાલીમ આપી સજજ કરી દેવાશે. રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં પોસ્ટલ બેલેટથી ૧૩ હજારનું મતદાન થયેલ છે. પોસ્ટલ બેલેટની સાથે જ ઈવીએમ (વોટીંગ મશીન)માં પડેલા મતોની ગણતરી એક સાથે સવારના ૮ વાગ્યાથી શરૂ થશે. વિધાનસભા વિસ્તારવાઈઝ સરેરાશ ૧૭ રાઉન્ડમાં આ મત ગણતરી થશે.

રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં કુલ ૨૧૧૨૨૭૩ જેટલા મતદારો છે. જેમાં ૧૦૯૩૬૨૬ પુરુષ મતદારો અને ૧૦૧૮૬૧૧ મહિલા મતદારોનો સમાવેશ થાય છે.

રાજકોટ લોકસભાની બેઠકની ચૂંટણીમાં ૫૯.૬૦ ટકા જેટલું મતદાન થવા પામેલ હતું. એટલે કે ૧૨.૫૦ લાખ મતદારોએ મતદાન કર્યું હતું. જેની મતગણતરી સજ્જડ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે કરવા માટે વહીવટી તંત્રએ માઈક્રો પ્લાનીંગ સાથે તૈયારીઓ શરૂ કરી છે.

જેમાં રાજકોટ લોકસભા બેઠકની ટંકારા, વાંકાનેર, રાજકોટ ઈસ્ટ, રાજકોટ વેસ્ટ, રાજકોટ સાઉથ, રાજકોટ રૂરલ અને જસદણ એમ સાત વિધાનસભા વિસ્તારવાઈઝ અલગ-અલગ હોલમાં મત ગણતરી કરવામાં આવશે. જ્યારે બેલેટ પેપરની મતગણતરી માટે પણ અલગ-હોલમાં વ્યવસ્થા કરવામાં આવી છે.

## કાઉન્ટીંગ હોલ જાળીબંધ રખાશે

### ઉમેદવારોના કાઉન્ટીંગ એજન્ટને ઓળખપત્ર અપાશે: સજ્જડ સુરક્ષા વ્યવસ્થા

રાજકોટ, તા.૧૩

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીની મત ગણતરી કણકોટની સરકારી ઈજનેરી કોલેજ ખાતે સજ્જડ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે હાથ ધરવામાં આવનાર છે.જેમાં કાઉન્ટીંગ હોલને જાળીબંધ કરાશે. મત ગણતરીના ટેબલ દીઠ ઉમેદવારોના કાઉન્ટીંગ એજન્ટેડ રહેશે. આ કાઉન્ટીંગ એજન્ટોને જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા ઓળખપત્ર આપવામાં આવશે.

મત ગણતરી માટે ૮૦૦ જેટલા કર્મચારીઓને ઓર્ડર ઈસ્યુ કરવા માટે વહીવટીતંત્ર દ્વારા તજવીજ હાથ ધરવામાં આવી છે. આગામી ત્રણ-ચાર દિવસમાં જ આ કર્મચારીઓને આ અંગેના ઓર્ડરો ઈસ્યુ કરી દેવામાં આવનાર છે.

# નાફેડમાં પણ ઈફકોનું પુનરાવર્તન! ભાજપ વિરૂધ્ધ ભાજપનો જંગ

## એક બેઠક માટે ગુજરાતમાંથી મોહન કુંડારીયા, મગન વડાવીયા સહિત પાંચ આગેવાનોએ ફોર્મ ભર્યા: આવતીકાલે ફોર્મ પાછા ખેંચવાનો છેલ્લો દિવસ: ભાજપના વલણ પર મીટ: સર્વસંમતિ માટે ભરચક પ્રયત્ન

રાજકોટ, તા.૧૪

દેશની ટોચની સહકારી સંસ્થા ઈફકોની ચૂંટણીમાં ભાજપના સત્તાવાર ઉમેદવારની હારના પ્રત્યાઘાતો હજુ શાંત પડ્યા નથી ત્યાં હવે આવી જ એક બીજી સંસ્થા એવી નાફેડની ચૂંટણીમાં ભાજપ વિરુધ્ધ ભાજપનો જંગ થવાના એંધાણ વર્તાવા લાગ્યા છે. ભાજપ સાથે જ સંકળાયેલા પાંચ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. પાર્ટી દ્વારા કોઈ ઉમેદવારને મેન્ડેટ આપવામાં આવ્યો નથી અને આવતીકાલે ફોર્મ પાછા ખેંચવાનો છેલ્લો દિવસ છે તે પૂર્વે કેવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે તેના પર ભાજપ સહિત સહકારી જગતની મીટ મંડાઈ છે.

નાફેડની ૬ બેઠકો માટે આગામી ૨૧મેના રોજ ચૂંટણી યોજાવાની છે. ગુજરાત અને મહારાષ્ટ્રની એક સંયુક્ત બેઠક છે અને તેમાં ૩૧૦ જેટલા ઉમેદવારો છે એક સીટ માટે ગુજરાતમાંથી ભાજપ સાથે સંકળાયેલા પાંચ સહકારી આગેવાનોએ ઉમેદવારી નોંધાવી છે. મંડળી વિભાગની આ બેઠક માટે સાંસદ મોહનભાઈ કુંડારીયા ઉપરાંત જિલ્લા બેંકના ડાયરેક્ટર મગન વડાવીયા તથા રાધનપુર, સોમનાથ સહિત પાંચ જિલ્લાઓમાંથી સહકારી મંડળીના હોદેદારોએ ફોર્મ ભર્યા છે. આજે ફોર્મ ચકાસણીનો દિવસ હોવાથી ઉમેદવારો દિલ્હીમાં છે સમાધાન સાધીને સર્વસંમતી કેળવવા માટેના પણ ભરચક પ્રયત્નો કરવામાં આવી છે. સાથોસાથ ભાજપ તરફથી મેન્ડેટ મેળવવા માટે પણ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

સુત્રોએ કહ્યું કે આજે ફોર્મ ચકાસણી બાદ આવતીકાલે ફોર્મ પાછા ખેંચવાનો દિવસ છે એટલે સર્વ સંમતિ થાય છે કે કેમ અને સમાધાન ન થાય તો ચૂંટણી લડાય છે કે કેમ તેના પર નજર રહે છે. ભાજપ કોઈ સ્પષ્ટ વલણ અપનાવે છે કે કેમ તેના પર નજર રાખવામાં આવી રહી છે.

આ ચૂંટણીમાં સૌરાષ્ટ્રના પણ બે નેતાઓ છે જેમાં મોહનભાઈ કુંડારીયા અને મગન વડાવીયા છે. બંને દિલ્હીમાં હોવાનું કેહવાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગત સપ્તાહમાં જ ઈફકોમાં ડાયરેકટરની ચૂંટણી મામલે ભાજપમાં જ આંતરીક લડાઈ જામી હતી. ભાજપ દ્વારા અમદાવાદના બીપીન પટેલને સત્તાવાર ઉમેદવાર બનાવવામાં આવ્યા હતા છતાં તેમની સામે રાજકોટના સહકારી નેતા જયેશ રાદડીયાએ ફોર્મ ભર્યું હતું અને વિજય પણ મેળવ્યો હતો. ભાજપના સત્તાવાર ઉમેદવારની હારને પગલે પાર્ટીમાં તથા સહકારી ક્ષેત્રમાં પણ તીવ્ર પ્રત્યાઘાતો પડ્યા હતા. સહકારી ક્ષેત્રમાં મેન્ડેટ પ્રથા ચાલુ રાખવી કે કેમ તે વિષે પણ ચર્ચાનો દૌર શરુ થઈ ગયો હતો. એક વર્ગ મેન્ડેટની તરફેણમાં અને બીજો વર્ગ તેની વિરુધ્ધમાં રહ્યો હતો. ખાસ કરીને મેન્ડેટ પ્રથા ભાજપ પ્રમુખ સી.આર. પાટીલે ચાલુ કરી હોવાથી તેમની સામે પણ મોરચો ખુલ્યો હોવાની ચર્ચા શરુ થઈ છે એવા સમયે હવે નાફેડની ચૂંટણીમાં પણ ઈફકો જેવી પરિસ્થિતિનું નિર્માણ થતાં સહકારી ક્ષેત્રમાં જબરદસ્ત ઉતેજના સર્જાઈ છે.

## જથ્થાબંધ ફુગાવો ૧.૨૬ ટકા: ૧૩ મહિનાની ઉંચાઈએ પહોંચ્યો



નવી દિલ્હી, તા.૧૪

રીટેઈલ મોંઘવારીમાં મામુલી રાહત મળ્યા બાદ જથ્થાબંધ ભાવાંકમાં વૃદ્ધિ નોંધાઈ છે અને એપ્રિલ મહિનાનો જથ્થાબંધ ફુગાવો ૧.૨૬ ટકાના સ્તરે ૧૩ મહિનાની ઉંચાઈએ પહોંચી ગયો છે. માર્ચનો જથ્થાબંધ ફુગાવો ૦.૫૩ ટકા હતો જ્યારે જાન્યુઆરીનો ૦.૨૭ ટકા હતો.

આંકડાકીય રીપોર્ટમાં એમ દર્શાવવામાં આવ્યું છે કે પ્રાઈમરી આર્ટીકલનો ફુગાવો ૧.૯૭ ટકા વધીને ૧૮૬.૭ થયો હતો. ક્રુડ પેટ્રોલીયમ તથા નેચરલ ગેસ અને ખાદ્યચીજોનો ફુગાવો પણ ઉંચકાયો હતો. ખાદ્ય ફુગાવો ૨.૬૭ ટકા નોંધાયો હતો. જો કે નોનફુડ આર્ટીકલનો ફુગાવો માઈનસ ૧.૧૯ ટકા રહ્યો હતો ત્યારે ખનીજ ક્ષેત્રનો ફુગાવો માઈનસ ૧.૫૫ ટકા રહ્યો હતો. ઈંધણનો ફુગાવો પણ મામુલી ઘટાડો સુચવતો હતો.

# સાયબર છેતરપિંડીની લાખો ફરિયાદો સામે માત્ર એક ટકાથી ઓછાની ધરપકડ

## ચાર વર્ષમાં ૩૧ લાખ ફરિયાદો મળી:નેશનલ સાયબર ક્રાઈમ પોર્ટલમાં ચોંકાવનારા આંકડા સામે આવ્યા

દિલ્હી, તા ૧૪

સાયબર ક્રાઈમના સતત વધી રહેલા કેસોએ સરકારને ચિંતામાં મૂકી દીધી છે. તાજેતરમાં સાયબર ફ્રોડના ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. નેશનલ સાયબર ક્રાઈમ પોર્ટલ એટલે કે NCRPએ જણાવ્યું છે કે ૨૦૨૦ થી ફેબ્રુઆરી ૨૦૨૪ ની વચ્ચે સાયબર ફ્રોડની લગભગ ૩૧ લાખ ફરિયાદો મળી હતી. આ સમયગાળા દરમિયાન સૌથી ગંભીર બાબત એ હતી કે સાયબર ફ્રોડના કેસમાં બહુ ઓછા લોકોની ધરપકડ કરવામાં આવી હતી. સરકારી ડેટા અનુસાર, કુલ સાયબર છેતરપિંડીના એક ટકાથી ઓછા કેસમાં ધરપકડ થાય છે.



દેશભરમાં સાયબર ક્રાઈમને રોકવા માટે વિવિધ એજન્સીઓ દ્વારા લગભગ ૬૬ હજાર એફઆઈઆર નોંધવામાં આવી હતી. પરંતુ આ વર્ષ સુધી માત્ર ૫૦૦ કેસમાં જ ધરપકડ કરવામાં આવી છે.દેશના ગૃહ મંત્રાલય અને નાણાં મંત્રાલયની અલગ-અલગ બેઠકોમાં આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. સાયબર છેતરપિંડીના કેસોમાં ગુનેગારોની ઓછી ધરપકડ એ મોટી ચિંતાનો વિષય છે. આમાં પણ લોન આપતી એપ દેશની અર્થવ્યવસ્થા અને બંધારણને ભારે નુકસાન પહોંચાડે છે. લોન એપ દ્વારા સાયબર છેતરપિંડી કરતા લોકોને પકડવામાં મંદીનું મુખ્ય કારણ કેસોની તપાસની ધીમી ગતિ છે.

આવા કિસ્સાઓમાં, સાયબર ગુનેગારો તરત જ પૈસા વિવિધ દેશોમાં ટ્રાન્સફર કરે છે. આવી સ્થિતિમાં, સાયબર છેતરપિંડી કરનાર વ્યક્તિ સુધી યોગ્ય સમયે પહોંચવું ખૂબ મુશ્કેલ બની જાય છે. અહેવાલોમાં કહેવામાં આવી રહ્યું છે કે કેન્દ્રીય ગૃહ મંત્રાલયની બેઠકમાં સાયબર છેતરપિંડીના મામલામાં તપાસની ગતિને કેવી રીતે ઝડપી બનાવવી તે અંગે ચર્ચા કરવામાં આવી હતી.

**કલેકટર કચેરી ખાતે પ્રિ-મોન્સુન કામગીરી અંગે બેઠક મળી: તાલુકા સ્તરે લાયઝન અધિકારીની નિયુકિત**

# ડેમોના દરવાજાની ચકાસણી કરવા, વાયરલેસ નેટવર્ક ગોઠવવા કલેકટરનો આદેશ

## કોઝ-વે પર સાઈન માર્ક કરવા, નીચાણવાળા વિસ્તારોની યાદી તૈયાર કરવા, ખુલ્લા બોરવેલ ઢાંકવા તાકીદ: અતિવૃષ્ટીના સમયે બચાવ-રાહતના સાધનો રોગચાળાની અટકાયત માટે જંતુનાશક દવાના જથ્થા સહિતના મુદ્દે ચર્ચા

રાજકોટ,તા.૧૪

રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને તાલીમી માનવબળ,બચાવ-રાહત સાધનો, પાવર બેક-અપ, સંદેશાવ્યવહારના સાધનોના સેટ-અપ વગેરેની સમીક્ષા કરાઈ



વર્ષાઋતુ-૨૦૨૪ પ્રિ-મોનસુન કામગીરીના આયોજન અંગેની બેઠક યોજાઈ હતી. જે અન્વયે ડીઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત તમામ તાલુકા સ્તરે લાયઝન અધિકારીની નિમણુંક કરવામાં આવી હતી. વર્ષાઋતુ અગાઉ કરવાની કામગીરી જેમકે બચાવ અને રાહત કામગીરી, ગ્રામ્ય કક્ષાએ જરૂરી ટીમ-સ્ટાફ, સાધનો, ભારે વરસાદની સ્થિતિમાં લેવાના તકેદારીના પગલાં, સ્થાનિક તરવૈયાઓની યાદી, એસ.આર.પી. ટીમની સજજતા,વિવિધ વોકળા- નદીપટની સફાઈ, પશુઓને ઘાસચારો વગેરે વિષે ચર્ચા કરવામાં આવી હતી.

તદ્દુપરાંત વર્ષામાપક યંત્રનુ મેન્ટેનન્સ તથા ડેમ-કેનાલ વગેરેના દરવાજાની ચકાસણી અને સફાઈ કરવા, જરૂરી સ્થળો પર વાયરલેસ નેટવર્ક ગોઠવવા, તાલુકા કક્ષાએ ફ્લ્ડ કંટ્રોલ યુનિટ, સાવચેતી અંગેના સંદેશા ગ્રામ્ય કક્ષા સુધી તાત્કાલિક પહોંચે તેમજ ગ્રામ્ય કક્ષાથી જરૂરી સંદેશાઓ પહોંચાડવા સંદેશાવ્યવહારના સાધનોના અદ્યતન સેટ-અપ, કોઝવે પર સાઈન માર્ક કરવા, નિચાણવાળા વિસ્તારની અને વૈકલ્પિક રસ્તાઓની યાદી તૈયાર કરી વ્યવસ્થા કરવા,પી.જી.વી.સી.એલ. દ્વારા વીજળીના તૂટેલા તાર-જોખમી ઝૂકેલા વીજ પોલ નિકાલની કામગીરી, આવશ્યક મટીરીયલ, રસ્તા બંધ થતાં વૃક્ષો હટાવવા-કાપવાના સાધનો, અનાજ પુરવઠાની જાળવણી, આરોગ્ય કેન્દ્ર-હોસ્પિટલો ખાતે સાધનો-દવાઓ, કલોરિનેશન, રોગચાળો ફેલાતો અટકાવવા જંતુનાશક દવાઓના જથ્થા, માનવબળ વગેરે વિષે ઝીણવટપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. જાનહાનિ ટાળવા ખુલ્લા રહેતા બોરવેલ અને ટયુબવેલને ઢાંકવા પર કલેકટરશ્રીએ ભાર મૂકયો હતો.


આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી નવનાથ ગવ્હાણે, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર સ્વપ્નિલ ખરે, અધિક નિવાસી કલેક્ટર ચેતન ગાંધી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ઈલાબેન ગોહિલ,જિલ્લા પુરવઠા અધિકારી રાજેશ્રી વંગવાણી, જિલ્લા આરોગ્ય અધિકારી પપ્પુ સિંઘ,જિલ્લા વન સંરક્ષણ અધિકારી પટેલ, સર્વે પ્રાંત અધિકારીઓ સહિત તમામ વિભાગના અધિકારીઓ, તાલુકા વિકાસ અધિકારીઓ, મામલતદારઓ તથા અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઈનકમટેક્સ રિટર્ન ફાઈલ કરવાથી લોન, વિઝા સહિતના મામલે મળી શકે છે લાભ

## આવક આઈટીની મર્યાદા કરતા ઓછી હોય તો પણ નીલ-ઝીરો રિટર્ન ભરી લાભ મેળવી શકાય

નવીદિલ્હી,તા.૧૪

ઈનકમ ટેક્સ રિટર્ન ફાઈલ ફાઈલ કરવુ જેટલુ જરૂરી છે તેટલા તેના લાભો પણ મળે છે. ઘણીવખત અચાનક અથવા તો પહેલી વખત લોન લેનારાઓ જો આઈટીઆર ફાઈલ ન કરતાં હોય તો તેમને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. આવક ઈનકમ ટેક્સ રિટર્નની મર્યાદા કરતાં ઓછી હોય તો પણ NIL અર્થાત ઝીરો રિટર્ન ફાઈલ કરી તમે અનેક લાભ લઈ શકાય છે. તમે સરળતાથી લોન લઈ શકો છો. વિદેશ જવા માગતા હોવ તો વિઝા પ્રોસેસને ઝડપી બનાવી શકો છો.




**૧. લોન મળવામાં સરળતા**

આઈટીઆર તમારી આવકનો પુરાવો છે. જે તમામ બેન્ક અને નાણાકીય સંસ્થાઓમાં આવકના પુરાવા તરીકે સ્વીકાર્ય છે. જો તમે બેન્ક લોન લેવા માગતા હોવ તો તમારે બેન્કમાં આવકના પુરાવા તરીકે આઈટીઆર રજૂ કરવુ પડે છે. જેથી જો તમે નિયમિત આઈટીઆર ફાઈલ કરતા હશો તો તમને બેન્ક સરળતાથી લોન આપે છે. અન્ય સેવાઓ પણ હાંસલ કરી શકો છો.

**૨. વિઝા માટે જરૂરી**

જો તમે વિદેશ જવાની યોજના બનાવી રહ્યા હોવ તો તમારે વિઝા માટે અરજી કરતી વખતે આઈટીઆર ફાઈલ કરવાનું હોય છે. જે અનિવાર્ય છે. ઘણા દેશોની વિઝા ઓથોરિટી તો વિઝા માટે ૩થી ૫ વર્ષના આઈટીઆર માગતી હોય છે. તેઓ આઈટીઆર દ્વારા આપણી નાણાકીય સ્થિતિ ચકાસતા હોય છે.

**૩. ટેક્સ રિફંડ ક્લેમ કરી શકાય**

જો તમારી આવકમાંથી સીધો ટેક્સ કપાતો હોય તો તેના રિફંડ માટે તમારે આઈટીઆર ફાઈલ કરવુ જરૂરી છે. આવક ભલે ઈનકમ ટેક્સની મર્યાદા હેઠળ ન હોય પરંતુ ટીડીએસ સહિતના રિફંડ આઈટીઆર રિફંડ ફાઈલ કર્યા વિના મેળવી શકાય નહીં.

# કંપનીમાંથી આવતો પગાર કિરૂડી અને રાહુલ પડાવી લેતા'તા : વિડીયો બનાવી અજયે આપઘાત કર્યો'તો

## વાગુદળ પાસે ૩ દિવસ પહેલા યુવકે નદીમાં ઝંપલાવી આપઘાત કરી લીધાના બનાવમાં મેટોડા પોલીસે આપઘાત માટે યુવકને મજબુર કરનાર કિરૂડી અને હોમગાર્ડ રાહુલ વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ આદરી

રાજકોટ, તા. ૧૪

વાગુદળ પાસે ૩ દિવસ પહેલા નદીમાં ઝંપલાવી અજય નામના યુવકે આપઘાત કર્યાના બનાવમાં યુવકને મરવા મજબુર કરનાર કિરૂડી નામની યુવતી અને હોમગાર્ડ રાહુલ વિરૂધ્ધ મેટોડા પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે મેટોડામાં જીઆઈડીસી ગેટ નં. ૧ પાસે રહેતા માવજીભાઈ નથુભાઈ ખાંભુ (ઉ.વ.૫૦)એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે કિર્તીબેન ઉર્ફે કિરૂડી દાના પરમાર રહે. મેટોડા અને રાહુલ બગડા રહે. રૈયા ધારનું નામ આપતા મેટોડા પોલીસે આઈપીસી ૩૦૬, ૩૮૬ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુમાં ફરીયાદીએ જણાવ્યા અનુસાર તેઓ મજુરી કામ કરે છે. તેઓ આઠેક વર્ષથી પત્ની અને સંતાનો સાથે મેટોડામાં રહે છે તેઓને સંતાનમાં બે પુત્ર, બે પુત્રી છે. જેમાં વચેટ અજય હતો જે મેટોડા જીઆઈડીસીમાં આવેલ કંપનીમાં કામ કરતો હતો.

ગત તા.૯-૫ના તેમનો પુત્ર અજય સવારે આઠેક વાગ્યે ઘરેથી ટીફીન લઈ પોતાની નોકરી પર ગયેલ હતો. બાદમાં બપોરના સમયે તેઓ ઘરે હતા ત્યારે તેમની ભત્રીજીએ એક વિડીયો બતાવેલ હતો. જે વિડીયોમાં અજયે સ્ટેટસ મુકેલ હતું. અને તેમાં તે બોલતો હતો કે હું બાલાજીના પુલ પાસે છું અને મમ્મી હુ મરી જાવ છું. મારા મરવાનું કારણ કિરૂડી અને રાહુલીયો બે જ છે. બીજા કોઈ નિર્દોષ હેરાન ન થાય અને મારી પાછળ તમે કોઈ રોતા નહીં, હું બહુ રોયો છું. મા મેં જેટલું રોવાનું હતુ તેટલુ એકલાએ રોઈ નાખયું છે. મને માફ કરી દેજો તેવું સ્ટેટસ સામે આવતા તેઓ પરિવાર સાથે બાલાજીના પુલ પાસે આવેલા વાગુદળના પાટીયે નદી પાસે પહોંચેલ ત્યાં અજયનું બાઈક પડેલ હતું. ત્યાં અજયને શોધતા તે કયાંય મળેલ નહીં બાદમાં ફાયર બ્રિગેડ અને ૧૦૮ને જાણ કરી હતી. બાદમાં દોડી આવેલ ફાયર બ્રિગેડની ટીમે સાંજના સમયે અજયનો મૃતદેહ શોધી કાઢયો હતો. બાદમાં મૃતદેહને પીએમ અર્થે સીવીલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો.

ઉપરાંત મૃતક અજયના મોબાઈલમાંથી અન્ય એક વિડીયો હતો જેમાં તે બોલતો હતો કે કેટલાક પૈસા દઉ મમ્મી તમને દઉ, ઘરે દઉ, હું પૈસા નહીં દઉ એટલે મને આ રીતે દબાવ્યા જ રાખશે મને કિરૂડી અને રાહુલીયો મારો પગાર પડાવી લેતા હતા અને તે પગાર બાબતે હું પગાર ખોવાઈ ગયો છે તેવું કહેતો હતો. તેમજ અવારનવાર મને દબાવી હેરાન કરતા હતા.

# નવ વર્ષથી ફરાર છેતરપીંડીનો આરોપી પ્રવિણ ખંભાળીયા ઝબ્બે

રાજકોટ, તા.૧૪

વિશ્વાસઘાત તથા છેતરપીંડી ગુનામાં છેલ્લા ૯ વર્ષ થી નાસતા ફરતા આરોપીને ક્રાઈમ બ્રાંચની ટીમે પકડી પાડયો હતો. રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આરોપી પ્રવિણ ભીમજીભાઈ ખંભાળીયા (ઉવ.૫૭ રહે.લાઠીદળ ગામ, રામજી મંદિર પાસે, જી.બોટાદ)ને દબોચી લેવાયો હતો. અને એ ડિવિઝન પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી હતી. આ કામગીરી પીઆઈ એમ.આર.ગોડલીયા, પીએસઆઈ એ.એન.પરમારની ટીમે કરી હતી.

# શેરબજાર પાટે ચડવા લાગ્યું: સેન્સેક્સમાં ૪૦૦ પોઈન્ટનો ઉછાળો: અદાણીના શેરોમાં ધૂમ લેવાલી

રાજકોટ, તા.૧૪

મુંબઈ શેરબજારમાં કેટલાક દિવસની મંદી બાદ હવે ગાડી પાટે ચડવા લાગી હોય તેમ આજે સતત બીજા દિવસે તેજી રહી હતી અને સેન્સેક્સ ૭૩૦૦૦ની સપાટી કુદાવી ગયો હતો.

શેરબજારમાં આજે શરુઆત પ્રોત્સાહક ટોને થયા બાદ ઓલરાઉન્ડ લેવાલીનો દોર ચાલુ રહેવાથી તેજી સતત આગળ ધપતી રહી હતી. વિદેશી નાણાં સંસ્થાઓની વેચવાલીના કારણે ડીસ્કાઉન્ટ કરી દેવામાં આવી હતી. ભારતીય ફંડો ચિક્કાર ખરીદી કરતાં હોવાથી સારી અસર હતી. ભારતીય અર્થતંત્ર ચાલુ વર્ષમાં જ વિશ્વનું ચોથા નંબરે પહોંચી જશે તેવા સંકેતોનો પણ સારો પ્રભાવ રહ્યો હતો. જાણીતા શેર બ્રોકરોના કહેવા પ્રમાણે માર્કેટ હાલ ચૂંટણી આધારીત થઈ ગયું છે. ચોથા તબકકાના મતદાન બાદ સટ્ટાબજારમાં ભાજપને ફરી ૩૦૦થી વધુ બેઠકો મળવાનો વર્તારો જાહેર થતાં સારી અસર થઈ હતી. લાંબાગાળે તેજીનો જ ટોન હોવા છતાં ચૂંટણી પરિણામ સુધી અફડા-તફડીનો માહોલ રહી શકે છે.

શેરબજારમાં આજે એચસીએલ ટેકનો, એચડીએફસી બેંક, ઈન્ડુસઈન્ડ બેંક, ઈન્ફોસીઝ, જેએસડબલ્યુ સ્ટીલ, કોટક બેંક, લાર્સન, મહિન્દ્ર, મારુતી, એનટીપીસી, પાવર ગ્રીન, રીલાયન્સ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, ટાઈટન, હીરો મોટો વગેરે ઉછળ્યા હતા. આજે અદાણીનો દિવસ હોય તેમ ગ્રુપના તમામ શેરોમાં ઉછાળો હતો. તેજી બજારે પણ એકસીસ બેંક, બજાજ ફાઈનાન્સ, આઈસીઆઈસીઆઈ બેંક, રીલાયન્સ, નેસ્લે વગેરેમાં ઘટાડો હતો.

મુંબઈ શેરબજારમાં સેન્સીટીવ ઈન્ડેક્સ ૪૧૦ પોઈન્ટના ઉછાળાથી ૭૩૧૮૬ હતો જે ઉંચામાં ૭૩૨૮૬ તથા નીચામાં ૭૨૬૮૩ હતો. નેશનલ સ્ટોક એકસચેંજમાં નીફટી ૧૦૭ પોઈન્ટના ઉછાળાથી ૨૨૨૪૨ હતો જે ઉંચામાં ૨૨૨૭૦ તથા નીચામાં ૨૨૦૮૧ હતો.

# પ્રતિબંધીત પ્લાસ્ટીકના વિક્રેતાઓ પર દરોડા : પરાબજાર-દાણાપીઠમાં ફફડાટ









| ક્રમ | આસામીનું નામ | દંડની રકમ | જપ્ત કરેલ પ્લાસ્ટિક (કિલો) |
|---|---|---|---|
| ૧ | મારૂતિ ટ્રેડીંગ કંપની | ૫૦૦૦ | ૩૦ |
| ૨ | ક્રિષ્ના પ્લાસ્ટિક | ૫૦૦૦ | ૨૦ |
| ૩ | પેકવેલ પ્લાસ્ટિક | ૫૦૦૦ | ૧૦ |
| ૪ | શ્રીનાથજી પ્લાસ્ટિક | ૫૦૦૦ | ૧૦ |
| ૫ | શ્રી બાલાજી ટ્રેડર્સ | ૫૦૦૦ | ૧૦ |
| ૬ | મોહનજી માધવજી ચંદારાણા | ૫૦૦૦ | ૧૦ |
| ૭ | રઘુવીર પ્લાસ્ટિક | ૫૦૦૦ | ૧૨ |
| ૮ | સિદ્ધિવિનાયક પ્લાસ્ટિક | ૩૦૦૦ | ૩ |
| ૯ | રાજુ પ્લાસ્ટિક | ૫૦૦૦ | ૫ |
| ૧૦ | સીમા પ્લાસ્ટિક | ૫૦૦૦ | ૫ |
| ૧૧ | પ્રીતેશ પોલીપેક | ૩૦૦૦ | ૩ |
| ૧૨ | જી કગરીયા પ્લાસ્ટિક | ૫૦૦૦ | ૧૦ |
| ૧૩ | જે કટારીયા પ્લાસ્ટિક | ૫૦૦૦ | ૧૨ |
| ૧૪ | મનોજભાઈ પ્લાસ્ટિકવાળા | ૫૦૦૦ | ૧૦ |
| | કુલ | ૬૬૦૦૦ | ૧૫૦ |

રાજકોટ, તા. ૧૪

મનપાની સોલીડ વેસ્ટ શાખા દ્વારા રોજ જુદા જુદા વિસ્તારમાંથી પ્રતિબંધિત પ્લાસ્ટીક પકડીને છુટ દંડનીય કાર્યવાહી કરવામાં આવે છે ત્યારે ગઇકાલે કમિશનર આનંદ પટેલની સૂચનાથી પ્લાસ્ટિકનું છુટક અને જથ્થાબંધ વેંચાણ કરતા દાણાપીઠ તથા પરાબજારના વેપારીઓને ત્યાં દરોડા પાડવામાં આવ્યા હતા. ૧૪ પેઢીમાંથી દોઢસો કિલો પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરીને આ વેપારીઓને રૂા. ૬૬ હજારનો દંડ કરાયો છે.

## રોજ છુટક બજારમાંથી ઝબલા પકડતી મનપા લાંબા સમયે હોલસેલ બજારમાં ત્રાટકી : ૧૪ વેપારીને ત્યાંથી ૧૫૦ કિલો માલ જપ્ત-૬૬ હજારનો દંડ : વધુ ૬૯ આસામી ગંદકી કરતા પકડાયા

મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૨૧ અન્વયે ગઇકાલે પરાબજાર તથા દાણાપીઠ વિસ્તારમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૧૪ વેપારીઓ પાસેથી ૧૫૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી રૂ. ૬૬,૦૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

રાજકોટમાં હોકર્સ ઝોન, શાક માર્કેટ, ખાણીપીણી બજાર, અન્ય વેપારી વિસ્તારોમાં ઝબલા સહિતના અમાન્ય પ્લાસ્ટીકનો ખુબ ઉપયોગ થાય છે. ચા-પાનની દુકાનો પર પણ મોટો વપરાશ છે. પરંતુ જયાં સુધી જથ્થાબંધ વેચાણ બંધ ન થાય ત્યાં સુધી છુટક દુકાનોમાં ઉપયોગ બંધ થાય તેમ નથી. રાજકોટમાં મનપાની હદ બહાર એટલે કે જિલ્લાની હદમાંથી પણ આવું પ્લાસ્ટીક આવતું રહે છે. જયાં સુધી છુટક બજારમાં આવતું પ્લાસ્ટીક બંધ ન થાય ત્યાં સુધી પર્યાવરણને નુકસાનરૂપ પ્લાસ્ટીકનો ઉપયોગ નહીં અટકે તે પણ નકકી છે.


દરમ્યાન ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૬૯ આસામીઓ પાસેથી ૩.૭૬ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૫,૮૫૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનના ઢેબર રોડ, કેવડાવાડી રોડ પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૯ આસામીઓ પાસેથી ૧.૮ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૬,૪૦૦નો વહીવટી ચાર્જ વસુલાયો હતો. તો વેસ્ટ ઝોનના પુનીતનગર ૮૦ ફૂટ રોડ, અમૃતપાર્ક મેઇન રોડ પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૬ આસામીઓ પાસેથી દોઢ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૬,૧૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. જયારે ઈસ્ટ ઝોનના થોરાળા મેઈન રોડ, ભાવનગર રોડ પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૪ આસામીઓ પાસેથી અર્ધો કિલો પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૩,૩૫૦નો વહીવટી ચાર્જ વસુલાયો હતો. લાંબા સમયે મનપાએ વેપારીઓ અને વિસ્તારના નામ જાહેર કર્યા છે તે ઉલ્લેખનીય છે.

આ કામગીરી કમિશનર આનંદ પટેલની સુચના અને ડે. કમિશનર સ્વપ્નિલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર સહિતની ટીમે કરી હતી.

# મુંબઇ દુર્ઘટનાનો પડઘો રાજકોટમાં, હોર્ડિંગ એજન્સીઓને નોટીસ અપાશે

## ભારે પવનમાં જાગનાથ ચોકી અને રામકૃષ્ણ આશ્રમ પાસે બે બોર્ડ ઉડયા : ચાર જગ્યાએ વૃક્ષ ધરાશાયી થયા : એસ્ટેટ શાખા સર્વે કરશે




રાજકોટ, તા. ૧૪

રાજકોટમાં ગઇકાલે સાંજે છાંટણા પડયા બાદ રાત્રે ભારે પવન ફુંકાયો હતો. તેમાં ડો. યાજ્ઞિક રોડ લાગુ જાગનાથ પોલીસ ચોકી પાસે બે બોર્ડ ઉડીને પડયા હતા તો ચાર જગ્યાએ વૃક્ષો પડયાની ફરિયાદ આવી હતી. ભરઉનાળે ફુંકાયેલા ભારે પવનમાં ઉભી થયેલી ચિંતા વચ્ચે મ્યુનિ. કોર્પોરેશનની એસ્ટેટ શાખાએ તમામ હોર્ડિંગ બોર્ડનો સર્વે કરી સલામતીની ચકાસણી કરવા નિર્ણય લીધો છે. પ્રિ-મોન્સુન પ્લાન હેઠળ હોર્ડિંગનો બીઝનેસ કરતી એજન્સીઓને સલામતી માટે નોટીસ આપવા કાર્યવાહી શરૂ કરાશે તેમ વિભાગે જણાવ્યું હતું.

રાજકોટ શહેર ઉપરાંત છેવાડે આવેલા અને રૂડાની હદમાં આવતા હોર્ડિંગ બોર્ડની સલામતી માટે પણ આવી જ કાર્યવાહી શરૂ કરવામાં આવનાર છે.

શહેરમાં ગઇકાલે રાત્રે ભારે પવન ફુંકાયો હતો. આ પવનના કારણે નાના મવા રોડ પર શાસ્ત્રીનગર બાજુમાં, રાષ્ટ્રીય શાળા કમ્પાઉન્ડની અંદર, જયરાજ પ્લોટ મેઇન રોડ પાસે, વર્ધમાનનગર-૬માં અને આરટીઓ પાછળ આવેલા શિવનગરમાં વૃક્ષ પડવાની ઘટના બની હતી. ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર જઇને વૃક્ષ ખસેડવાની કામગીરી કરી હતી.

એકાએક ફુંકાયેલા પવનના કારણે જાગનાથ પોલીસ ચોકી પાસે અને યાજ્ઞિક રોડ પર રામકૃષ્ણ આશ્રમ નજીક બે બોર્ડ પડયા હતા. એક બેંકનું મોટુ બોર્ડ ધસી પડયું હતું. અન્ય કોઇ જગ્યાએ હોર્ડિંગ કે બોર્ડ પડયાની ફરિયાદ આવી ન હતી. આમ છતાં તમામ વિસ્તારમાં સર્વે કરવામાં આવી રહ્યો છે એસ્ટેટ શાખાની મંજુરીવાળા રાજકોટમાં ૩૩૪ હોર્ડિંગ રહેલા છે. તો મનપાની ૨૧૮ હોર્ડિંગ સાઇડસ પર કોન્ટ્રાકટ મંજુર કરવામાં આવેલા છે.

આ તમામ એજન્સીઓના સ્ટ્રકચર સ્ટેબીલીટી સર્ટીફીકેટ ચકાસવાનું શરૂ કરવામાં આવશે. જો કોઇ એજન્સીના પ્રમાણપત્રની મુદત પુરી થઇ ગઇ હશે તો નોટીસ અપાશે. જોકે સાથોસાથ મંજુરી વગરના, મંજુરથી મોટી સાઇઝના હોર્ડિંગ બોર્ડની પણ સમાંતર ચકાસણી અને તપાસ થવા જોઇએ તેવો મત છે.

આ અંગે આવતીકાલથી એસ્ટેટ શાખા સર્વે સાથે નોટીસ આપવાની કાર્યવાહી હાથ ધરશે તેમ જાણવા મળ્યું છે. મુંબઇમાં ગઇકાલે જે રીતે તોતીંગ હોર્ડિંગ સાઇટ પડી જવાથી જીવલેણ દુર્ઘટના બની તેવો કોઇ બનાવ આગામી ચોમાસામાં પણ ન બને તે માટે જરૂરી તમામ પગલા લેવાશે તેવું સુત્રોએ કહ્યું હતું.

# લગ્ન દરમિયાન એકબીજાને છેતરતા હતા ધનુષ અને ઐશ્વર્યા: જાણીતી સિંગરનો ખુલાસો



રાજકોટ:તા ૧૪

સુચિત્રા તરીકે જાણીતી સિંગર સુચિત્રા રામાદુરાઈએ તાજેતરમાં એક ઈન્ટરવ્યુ દરમિયાન ધનુષ અને ઐશ્વર્યા રજનીકાંતના લગ્ન અને છૂટાછેડા અંગે કેટલાક ચોંકાવનારા ખુલાસા કર્યા હતા. તેણે દાવો કર્યો હતો કે લગ્ન દરમિયાન બંનેએ એકબીજા સાથે છેતરપિંડી કરી હતી. આ સાથે તેણે રજનીકાંતની પુત્રી ઐશ્વર્યાને પણ 'ખરાબ માતા' કહી છે. સિંગર સુચિત્રાએ તેના તાજેતરના ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે ઐશ્વર્યા અને ધનુષ પણ એકબીજા પ્રત્યે વફાદાર નથી. ''ઐશ્વર્યા ભલે ધનુષ પર તેના પર છેતરપિંડીનો આરોપ લગાવતી હોય, પરંતુ તેણે પણ તેમના સમગ્ર લગ્નજીવનમાં એવું જ કર્યું છે. સુચિત્રાએ કહ્યું કે ઐશ્વર્યા અને ધનુષ તે લોકો સાથે બારમાં બેસતા અને ડ્રિંક્સ કરતા જેને તેઓ ડેટ કરતા હતા. ગાયકે એમ પણ કહ્યું કે તેમના મતભેદો હોવા છતાં, ધનુષ તેના બાળકો યાત્રા અને લિંગા માટે એક મહાન પિતા છે. છૂટાછેડા પછી બાળકોએ તેમના દાદા રજનીકાંત સાથે રહેવું જોઈએ. ધનુષ અને ઐશ્વર્યાએ ૨૦ વર્ષ સુધી લગ્ન કર્યા બાદ આ વર્ષે એપ્રિલમાં સત્તાવાર રીતે છૂટાછેડા માટે અરજી કરી હતી. બંને છેલ્લા કેટલાક સમયથી અલગ રહેતા હતા અને હવે તેઓએ કાયદેસર રીતે અલગ થવાનો નિર્ણય કર્યો છે.

# જવેલથિફ! ૨૦૦ વખત વિમાની પ્રવાસ કરીને મુસાફરોના રોકડા-ઘરેણા તફડાવનારો ઝડપાયો

## ચોરીના નાણાંથી હોટલ માલિક બની ગયો છતાં આદત ન છુટતા સપડાયો

નવી દિલ્હી તા.૧૪

અત્રે આઈજીઆઈ એરપોર્ટ પર પોલીસે એક એવા ઠગની ધરપકડ કરી હતી જે વિમાન યાત્રા દરમિયાન ચોરી કરતો હતો. તે ચાર-ચાર વાર ફલાઈટ પકડતો હતો અને પોતાના ડોકયુમેન્ટ પણ બોગસ આપેલા હતા પણ એક દિવસ આ ઠગની લીલા છતી થઈ જતા પોલીસે તેને દબોચી લીધો હતો.



રાજેશકપુર નામનો ઠગ અજીબો ગરીબ કારણે સતત હવાઈ યાત્રા કરતો હતો. નવાઈની વાત એ છે કે વિમાન યાત્રા માટે જરૂરી દસ્તાવેજ પણ તે બોગસ આપતો હતો. મોબાઈલ નંબર પણ તે ખોટા આપતો હતો પણ એક દિવસ રાજેશની ફ્રિકવેન્ટ ફલાઈંગની રહસ્ય ખુલી ગયું.

પોલીસના જણાવ્યા અનુસાર ૪૦ વર્ષના રાજેશે છેલ્લા એક વર્ષમાં લગભગ ૨૦૦ વખત ફલાઈટમાં મુસાફરી કરી હતી. ક્યારેક તો તે દિવસમાં ત્રણ-ચાર વાર ઉડાન ભરતો હતો તેનું લક્ષ્ય હતું. સાથી યાત્રીઓના મોંઘી વસ્તુ તફડાવવાનું આ કાળા કામમાં તેણે એટલી તો કમાણી કરી હતી કે સેન્ટ્રલ દિલ્હીમાં તેણે એક હોટેલમાં ખરીદી લીધી હતી. જો કે પોલીસે ટેકનોલોજીનો ઉપયોગ કરીને તેને ઝડપી લીધો હતો.

પોલીસે જણાવ્યું હતું કે રાજેશ હેન્ડ બેગ લઈને ચાલતી વૃદ્ધ મહિલાઓને નિશાન બનાવતો હતો. જો રાજેશની સીટ તેના ટાર્ગેટથી દુર હોય તો તે ક્રુ મેમ્બરને પોતાની સીટ બદલવાની જીદ કરતો હતો. રાજેશનો આ આશ્ચર્યજનક ગોરખ ધંધો ૨૦૦૫થી ચાલતો હતો. આ ધંધાની શરૂઆત તેણે ટ્રેનથી શરૂ કરેલી. ટ્રેનના એ.સી. કોચમાં તે ચોરી કરતો હતો પછી તેને થયું કે ફલાઈટના પેસેન્જર પર હાથ સાફ કરવાથી મોટો માલ મળે છે. પણ તેનું પાપ આખરે છાપરે ચડીને પોકાર્યુ હતું. બે યાત્રીઓએ ચોરીની ફરિયાદ કરેલી કે તેમના બેગમાં રાખેલા આભૂષણો ચોરાયા છે. પોલીસે સીસીટીવી ફુટેજ અને મોબાઈલ નંબરની તપાસ કરી તો અસલી નંબરનો પતો લાગેલો અને રાજેશની ધરપકડ કરી સાથે સાથે રાજેશ પાસેથી ચોરીનો સામાન ખરીદનાર શરદ જૈનની પણ પોલીસે ધરપકડ કરી છે.

# સલમાન મંદિરે આવીને માફી માંગે તો બિશ્નોઈ સમાજ માફી આપવા તૈયાર

## બોલિવૂડ અભિનેતાને ૨૭ વર્ષ જુના વિવાદમાં રાહત થઈ શકે છે



મુંબઈ,તા.૧૪

સલમાન ખાન તેના ગેલેકસી એપાર્ટમેન્ટની બહાર ફાયરિંગ કેસને લઈને ચર્ચામાં છે. ભાઇજાનના ઘરે ફાયરિંગ કેસમાં દરરોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. મુંબઈ પોલીસ આ મામલે ઝીણવટપૂર્વક તપાસ કરી રહી છે. ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના ભાઈએ ભાઈજાનને ખુલ્લેઆમ ધમકી આપી છે કે, આગામી સમયમાં ઘરમાં ગોળી નહીં ચલાવે. આ પછી સલમાન ખાનની એક્સ ગર્લફ્રેન્ડ સોમી અલીએ બિશ્નોઈ સમુદાયની માફી માંગી હતી અને સલમાનને માફી આપવાની અપીલ કરી હતી. આ મામલે બિશ્નોઈ સમુદાયે તેમની માફી સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો છે.

ખરેખર, વર્ષ ૧૯૯૮માં સલમાન ખાને ફિલ્મના શૂટિંગ દરમિયાન કાળા હરણનો શિકાર કર્યો હતો. કાળિયાર શિકાર કેસમાં બિશ્નોઈ સમુદાયની નારાજગીને કારણે લોરેન્સ બિશ્નોઈએ સલમાન ખાનને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. થોડા સમય પછી લોરેન્સે પણ સલમાન ખાનને બિશ્નોઈ સમુદાયની માફી માંગવા કહ્યું હતુ.

હવે ૨૭ વર્ષ બાદ અખિલ ભારતીય બિશ્નોઈ મહાસભાના રાષ્ટ્રીય અધ્યક્ષ દેવેન્દ્ર બુડિયાએ કહ્યું છે કે, તેમનો સમાજ સલમાન ખાનને માફ કરવા તૈયાર છે.

સોમી અલીએ આપેલી માફીથી કોઈ ફરક પડતો નથી. આ રીતે અગાઉ રાખી સાવંતે પણ માફી માંગી હતી. પરંતુ આરોપી સલમાન ખાને પોતે જ સમાજ સમક્ષ પ્રસ્તાવ મૂકવો જોઈએ કે, તે માફી માંગવા માંગે છે. ત્યારે તેણે મંદિરની સામે આવીને માફી માંગવી જોઈએ અને સમાજ તેને માફ કરી શકે છે.

બુડિયાએ આગળ કહ્યું કે 'અમારા ૨૯ નિયમોમાંથી એક 'ક્ષમાશીલ હૃદય' છે, જેમાં આપણા મહાન મહંતો, સાધુઓ, અગ્રણી પંચો અને બિશ્નોઈ સમુદાયના યુવાનો બધા સાથે મળીને વિચાર કરી શકે છે અને તેમને માફ કરી શકે છે. પરંતુ તેઓએ મંદિરની સામે આવીને શપથ લેવા પડશે કે, તેઓ આવું ખોટું કામ ક્યારેય નહીં કરે અને તેઓ હંમેશા પર્યાવરણ અને વન્યજીવોનું રક્ષણ કરશે. જો આમ થશે તો અમે વિચારીશુ.

# પરિણામ આવે એટલી વાર! બાગીઓને હાંકી કાઢવા ભાજપ તૈયાર

## અમરેલી, જામનગર, માણાવદરમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિની ગંભીર ફરિયાદોની નોંધ : કાછડીયા, જાડેજા, ચાવડા પર લટકતી તલવાર : રાજકોટથી પ્રસરેલા ક્ષત્રિય આંદોલનનું પણ પાર્ટી પોસ્ટમોર્ટમ કરશે

રાજકોટ, તા. ૧૪

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટેનું મતદાન પુરૂ થઈ ગયું છે. તા.૪ જુનના રોજ પુરા દેશ સાથે મત ગણતરી છે ત્યારે ગુજરાત-સૌરાષ્ટ્રની કેટલીક બેઠકો પર ભાજપના બાગી નેતાઓએ કરેલા પક્ષ વિરોધી કામના ધગધગતા રીપોર્ટ ઉપર સુધી ગયા છે. હવે મતગણતરી થઈ જાય અને ભાજપનું જવલંત વિજય થાય એટલે ૩ થી ૪ જિલ્લામાં મોટા માથાઓને પક્ષમાંથી સસ્પેન્ડ કરવાના પગલા લેવામાં આવશે તેવું જાણકારો કહેવા લાગ્યા છે.

સૌરાષ્ટ્રમાં સૌથી મોટો અસંતોષ અમરેલીમાં બહાર આવ્યો છે. આ સાથે જ જામનગર અને માણાવદરમાં પણ મોટા નેતાઓએ પક્ષ વિરોધી પ્રવૃતિ કર્યાની છાપ ઉપસી છે. આ સંજોગોમાં બગાવત કરનારા ત્રણેક નેતાઓ સાથે કડક પગલા તોળાઈ રહ્યા છે. રાજકોટમાંથી જાગેલા ક્ષત્રિય આંદોલનની આગ પુરા રાજયમાં પ્રસરી હતી. આ આંદોલનના દિવસો પણ શિસ્તભંગના પગલા સમયે ધ્યાનમાં લેવામાં આવે તેમ સમજવામાં આવે છે.



ગુજરાતમાં લોકસભાની સામાન્ય ચૂંટણીઓ અને વિધાનસભાની પેટા ચૂંટણીઓનું મતદાન પૂર્ણ થઈ ગયું છે. છેલ્લા કેટલાક દિવસોથી ભાજપમાંથી વિરોધના સુર ઉઠી રહ્યા છે. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં જુથવાદની પરિસ્થિતિનું સર્જન થયું છે. ત્યારે ચૂંટણીમાં પક્ષવિરોધી પ્રવૃત્તિ કરનારા સૌરાષ્ટ્રના ત્રણ નેતાને પક્ષમાંથી હાંકી કાઢવા હાઈકમાન્ડ સમક્ષ પ્રદેશ નેતાગીરીએ રજૂઆત કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

લોકસભાની ચૂંટણીમાં પક્ષવિરોધી પ્રવૃતિઓ કરનાર સૌરાષ્ટ્રના ત્રણ નેતા અમરેલીના વર્તમાન સાંસદ નારણ કાછડીયા, બે પૂર્વ મંત્રીઓ ધર્મેન્દ્રસિંહ જાડેજા (હકુભા) અને જવાહર ચાવડાના નામનો સમાવેશ થાય છે. ભાજપમાં પ્રદેશ કક્ષાએ આ સમગ્ર મામલે રજૂઆત કરવામાં આવી છે. જેમાં કહેવામા આવ્યું છે કે આ ત્રણેય નેતાને તાત્કાલિક સસ્પેન્ડ કરી દેવા જોઈએ કે જેથી દાખલો બેસે. હાઈકમાન્ડે પ્રદેશ નેતાઓને ખાતરી આપી છે કે જો ભાજપ ગુજરાતની તમામ ૨૬ સીટો પર વિજયી થશે તો આ નેતાઓને કાઢી નાખવામાં આવશે.

અત્યારે અમરેલીમાં સૌથી વધુ જુથવાદની સ્થિતિ જોવા મળી રહી છે. અમરેલીમાં વર્તમાન સાંસદ નારણ કાછડીયા અને ભાજપના લોકસભાના ઉમેદવાર ભરત સુતરીયા વચ્ચે છેલ્લા કેટલાક દિવસથી કોલ્ડ વોર ચાલી રહી છે. હવે આ સમગ્ર મામલે ભરત સુતરીયાએ હાઈકમાન્ડને ફરિયાદ કરી છે. નારણ કાછડિયાએ પોતાને હરાવવા માટે પ્રયત્નો કર્યા હોવાની ફરિયાદ કરી છે. નારણ કાછડિયાએ ઈફકોના ડિરેક્ટરની ચૂંટણીમાં ભાજપના સત્તાવાર ઉમેદવાર બિપિન પટેલ ઉર્ફે બિપિન ગોતાને હરાવવામાં પણ દિલીપ સંઘાણી અને જયેશ રાદડિયાને મદદ કરી હતી. આ કારણે પ્રદેશ નેતાગીરી તેમના પર ભડકેલી છે.

બીજી તરફ જામનગર ભાજપના જ પૂર્વ નેતા હકુભા ઉર્ફે ધર્મેન્દ્રસિંહ જાડેજા સામે ફરિયાદ કરવામાં આવી છે. ભાજપ ઉમેદવાર અને વર્તમાન સાંસદ પૂનમ માડમે હકુભા જાડેજા સામે હાઈકમાન્ડમાં રજૂઆત કરી છે. તેમને કહ્યું છે કે, પરસોત્તમ રૂપાલા સામેના ક્ષત્રિયોના વિરોધના બહાને ધર્મેન્દ્રસિંહ ઉર્ફે હકુભા જાડેજાએ પૂનમબેન સામેનો રાજકીય હિસાબ સરભર કરવા માટે પક્ષની વિરૂધ્ધ કામ કર્યાની ફરિયાદ કરવામાં આવી છે. જામનગરમાં તેમને કોંગ્રેસના ઉમેદવાર સાથે મળી ભાજપ વિરુદ્ધ મતદાન કરાવ્યું છે. હાલ તેઓ કોઈ જાહેર કાર્યક્રમમાં પણ જોવા મળતા નથી.

માણાવદરમાં ભાજપના વિધાનસભાની પેટા ચૂંટણીના ઉમેદવાર અરવિંદ લાડાણીએ જવાહર ચાવડા વિરુદ્ધ ફરિયાદ કરી છે. જવાહર ચાવડાએ પોતાનાં પત્ની અને પુત્ર મારફતે ભાજપના વિધાનસભા બેઠકની પેટાચૂંટણીના ઉમેદવાર અરવિંદ લાડાણીને હરાવવા કામ કર્યું હોવાની સત્તાવાર ફરિયાદ લાડાણીએ કરી છે. તેઓ હમણાં થોડા સમયથી જાહેર કાર્યક્રમોથી પણ દૂર રહે છે.

# હવામાન પલ્ટા વચ્ચે પણ ગરમીમાં રાહત નહી! રાજકોટમાં બપોરે ૪૧.૨ ડીગ્રી સાથે ૧૦ કી.મી.ની ઝડપે ફુંકાતી લૂં

રાજકોટ તા.૧૪

રાજકોટ શહેરમાં હવામાન પલ્ટા વચ્ચે પણ આજરોજ બપોરે ગરમીમાં કોઈ રાહત રહેવા પામી ન હતી. સ્થાનિક હવામાન કચેરી અનુસાર આજરોજ બપોરે અઢી કલાકે રાજકોટનું તાપમાન ૪૧.૨ ડીગ્રી નોંધાયુ હતું, તો, ૧૦ કી.મી.ની ઝડપે લું ફુંકાઈ હતી અને બપોરે હવામાં ભેજ ૨૦ ટકા રહેવા પામ્યો હતો.

જયારે આજે સવારે ૮.૩૦ કલાકે શહેરનું તાપમાન ૩૦.૪ ડીગ્રી અને લઘુતમ તાપમાન ૨૪.૨ ડીગ્રી નોંધાયુ હતું તેમજ સવારે હવામાં ભેજ ૪૫ ટકા રહ્યો હતો અને પવનની સરેરાશ ઝડપ ૧૦ કી.મી. રહી હતી.

# ઈપીએફઓના સભ્યો માટે ગુડ ન્યુઝ માત્ર ત્રણ દિ'માં ખાતામાં આવશે પૈસા

## અગાઉ લગ્ન, શિક્ષણ, મકાન માટે એડવાન્સ દાવામાં પ્રોસેસમાં ૧૦ દિવસનો સમય લાગતો હતો, જે ઘટીને ૩ દિવસ થયા

નવી દિલ્હી તા.૧૪

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (ઈપીએફઓ)ના ૬ કરોડથી વધુ સબસ્ક્રાઈબર્સ માટે ગુડ ન્યુઝ છે. ઈપીએફઓના સભ્યોને શિક્ષણ, લગ્ન અને હાઉસીંગ એડવાન્સ માટે વધુ રાહ નહીં જોવી પડે.

કલેમ (દાવો) કર્યાના ત્રણથી ચાર દિવસમાં તેમના ખાતામાં પૈસા આવી જશે.

લેબર મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઈપીએફ યોજના ૧૯૫૨ના પેરા ૬૮ અંતર્ગત બધા દાવાને ઓટો કલેમ સેટલમેન્ટ ફેસીલીટી અંતર્ગત લાવવામાં આવ્યા છે.


આ પ્રકારના કલેમ હવે માનવ હસ્તક્ષેપ વિનાની આઈટી સીસ્ટમ ઓટોમેટીકલી પ્રોસેસ કરી દેશે.




અગાઉ તેમાં ૧૦ દિવસનો સમય લાગતો હતો, હવે આ કામ ત્રણ-ચાર દિવસમાં થઈ જશે. આ ફેસીલીટીને પહેલી વાર કોરોનાકાળમાં એપ્રિલ ૨૦૨૦માં શરૂ કરાઈ હતી. બીમારી સાથે જોડાયેલ એડવાન્સના સેટલમેન્ટ માટે તેને શરૂ કરાઈ હતી.

# રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૭૫-૨૬૨૫ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૫૨૫-૨૫૭૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૭૦૫-૧૭૩૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૫૫-૧૬૮૫ |
| પામોલીયન તેલ | ૧૫૦૦-૧૫૦૫ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૧૦-૧૬૪૦ |
| સનફલાવર તેલ | ૧૫૧૦-૧૫૩૦ |
| મકાઇ તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| વનસ્પતિ ઘી | ૧૬૯૦-૧૭૩૦ |
| કોપરેલ | ૨૪૦૦-૨૪૫૦ |
| દિવેલ | ૨૦૦૦-૨૦૨૦ |



## સોનુ-ચાંદી

સોનુ (૧૦ ગ્રામ)
૭૪૭૦૦(-૫૦)

ચાંદી
૮૬૬૫૦(+૬૫૦)

# રાજકોટમાં સૌ પ્રથમ વખત યોજાશે કેન્સર વોરિયર ફેશન શો: દર્દીઓ કરશે રેમ્પવોક

## કેન્સર કલબ દ્વારા આયોજિત ફેશન શો શનિવારના હોટલ સયાજી ખાતે યોજાશે

રાજકોટ, તા.૧૪

કેન્સર શબ્દ સાંભળતા દરેક વ્યકિત નિરાશા તરફ ધકેલાય જાય છે. કેન્સરગ્રસ્ત દર્દી સહિત તેમના પરિવારજનો પણ માનસિક પીડામાંથી પસાર થતાં હોય છે. ત્યારે કેન્સર એટલે કેન્સલ નહીં કેન્સરગ્રસ્ત વ્યકિત પણ ઘણું કરી શકે છે. આવી રીતે તેમના જીવનમાં નવું એક દિવેલ પુરવા તેમની હતાશાને દૂર કરવા માટે રાજકોટ ખાતે ગુજરાતના સૌથીપ મોટા કેન્સરના મહિલા દર્દીઓના ફેશન શોનું આયોજન કેન્સર કલબ દ્વારા તા.૧૮ મેના રોજ સાંજે ૬ વાગ્યે કરવામાં આવ્યું છે.

કેન્સર સોસાયટીના સભ્યો ફેશન શો બાબતે જણાવે છે કે કેન્સર ગ્રસ્ત મહિલાઓમાં આત્મ વિશ્વાસનો પુન: એકવાર ઉમેરો થાય તેમનામાં હકારાત્મક દ્રષ્ટિકોણ કેળવાય તે બાબતને ધ્યાનમાં રાખીને યોજાઇ રહેલ આ ફેશન શોમાં કેન્સરગ્રસ્ત બહેનો તદ્ઉપરાંત ગુજરાતની પ્રતિષ્ઠિત બહેનો સાથે અભિનેત્રીઓ, મોડેલ્સ, મહિલા ડોક્ટરો હેલ્પ વોક પર ઉતરશે.

રાજકોટ કેન્સર કલબના સ્થાપક અશ્વિનભાઇ સોલંકીની અધ્યક્ષતામાં યોજાઇ રહેલ કેન્સર ફેશન શોમાં કેન્સર કલબના સભ્યો ભારતીબેન કોરિયા, માધવીબેન રાઠોડ, નીલીમાબેન શાહ, સ્વાતીબેન શાસ્ત્રી જયોતિબેન જોશી, જલ્પાબેન કુબાવત, તૃષા વિઠલાણી, રેખાબેન ઉંજીયા, ડો. આસ્થાબેન જાડેજા, જયોતિબેન શાસ્ત્રી, ડો. ઋત્વાબેન સોલંકી, જીગરભાઇ યાજ્ઞિક, સાગરભાઇ દવે, સરજુભાઇ કારીયા, નરેન્દ્રસિંહ વાઘેલા, નીરવભાઇ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે. કેન્સર કલબ દ્વારા કેન્સરગ્રસ્ત દર્દીઓ તેમજ તેમના પરિવારજનોને આ ફેશન શોમાં જોડાવા જણાવવામાં આવ્યું છે.

ફેશન શો માટે એન્ટ્રી નિ:શુલ્ક છે. વ્યવસ્થાના ભાગરૂપે એન્ટ્રી પાસ લેવો જરુરી હશે. આ માટે જયોતિબેન શાસ્ત્રી-મો. ૯૪૨૮૨ ૭૨૯૭૬, જલ્પાબેન કુબાવત-૯૬૬૪૬ ૯૬૫૦૧નો સંપર્ક કરવાનો રહેશે.

# પ્લાસ્ટિક મેન્યુ.એસોસિએશનનું વાર્ષિક સ્નેહમિલન યોજાશે

રાજકોટ,તા.૧૪

રાજકોટ પ્લાસ્ટિક મેન્યુ એસોસિએશન સંસ્થા દ્વારા વાર્ષિક સ્નેહમિલનનું બુધવારના રોજ ડિલાઈટ પાર્ટી લોન્સ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.પ્લાસ્ટિક મેન્યુ એસોસિએશન વાર્ષિક સ્નેહમિલન તેમજ ડિરેકટરી વિમોચનનું આયોજન તા.૧૫-૧૫-૨૦૨૪ના સાંજે ૬ કલાકે રાખવામાં આવ્યું છે. જેમાં સહભાગી થવા સૌરાષ્ટ્ર પ્લાસ્ટિક મેન્યુ એસોસિએશન, ગુજરાત સ્ટેટ પ્લાસ્ટિક મેન્યુ એસોસિએશન તેમજ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રતીનીધી તેમજ ડીઆઈસી ડિપાર્ટમેન્ટના મોરી સાથે પ્લાસ્ટિક ઉદ્યોગ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ રમેશભાઈ ચાવડા, સેક્રેટરી રમેશભાઈ ગજેરા, ચેરમેન બાલુભાઈ ડાંગર, ઉપપ્રમુખ ભરતભાઈ પરસાણા, ડિરેકટરી ચેરમેન કલ્પેશભાઈ પટેલ તેમજ કારોબારી સભ્યો જયેશભાઈ પટેલ, મધુરભાઈ નરસિયા, પરેશભાઈ સંઘવી, વિનુભાઈ પટેલ, મનસુખભાઈ પટેલ, રવિભાઈ પટેલ, રમેશભાઈ કૈલા, જતીનભાઈ વઘાસીયાએ જહેમત ઉઠાવેલ છે.

### ઓસ્ટ્રેલીયાના સીડની ખાતે વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજકુમારજી મ.ની અધ્યક્ષતામાં

# વૈષ્ણવ સંપ્રદાયની સૌથી મોટી હવેલી શ્રીકૃષ્ણધામ સંકુલનું નિર્માણ થશે: ઓગષ્ટમાં દિવ્ય ભૂમિ પૂજન

રાજકોટ તા.૧૪

ઓસ્ટ્રેલીયામાં સીડનીમાં વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનના તત્વાવધાનમાં નુતન કૃષ્ણધામ હવેલીનું નિર્માણ થશે. શ્રી વલ્લભકુલભૂષણ વૈષ્ણવાચાર્ય પૂજય પાદ ગૌસ્વામી શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રી દ્વારા સમગ્ર વિશ્વમાં હિન્દુ સંસ્કૃતિ અને ધર્મનો પ્રચાર પ્રસાર કરવામાં આવી રહ્યો છે. તેમના જીવનની દરેક ક્ષણમાં તેઓ માત્ર એક જ વિચાર કરતા હોય છે અને તે છે હિન્દુ સંસ્કૃતિ અને ધર્મનો પ્રચાર પ્રસાર, સમગ્ર વિશ્વમાં વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનની સ્થાપના કરવામાં આવી છે.



જેના તત્વાવધાનમાં અનેક કાર્યક્રમો સમાજ લક્ષી, માનવતાલક્ષી તેમજ ધર્મલક્ષી અને કથાઓનું પણ આયોજન થતું હોય છે. ત્યારે છેલ્લા ઘણા સમયથી સિડનીમાં વસતા વૈષ્ણવો જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે પ્રતીક્ષાનો હવે અંત આવી ગયો છે.

વિવાયઓ સિડનીના તત્વાવધાનમાં સિડની ખાતે હવેલીનું નિર્માણ થવા જઈ રહ્યું છે. વિવાયઓ સિડનીના તત્વાવધાનમાં સિડની ખાતે બે એકરમાં વિશાલ હવેલી આકાર લેવા જઈ રહી છે. જે માટે જમીનનું સંપાદન પણ થઈ ગયું છે. જે જમીન પર દિવ્ય અને ભવ્ય કૃષ્ણધામ હવેલીનું નિર્માણ કરવામાં આવશે. જેનું દિવ્ય ભૂમિપૂજન આગામી ઓગષ્ટ મહિનામાં કરવામાં આવનાર છે. ત્યારે આવો આ ભગીરથ કાર્યમાં આપણે સૌ વૈષ્ણવો તન, મન અને ધનથી જોડાવા કટિબધ્ધ બનીએ.





# નિ:સંતાન દંપતિઓ માટે નિ:શુલ્ક નિદાન કેમ્પનું આયોજન

રાજકોટ તા.૧૪

નેશનલ યુથ પ્રોજેકટ દ્વારા નિ:સંતાન દંપતિઓ માટે નિ:શુલ્ક નિદાન કેમ્પનું વરદ હોસ્પિટલ ખાતે દર મહિનાના ત્રીજા શનિવારે સવારે ૧૦થી૧૨ આયોજન કરવામાં આવે છે. આ તકે નિવૃત મેડીકલ ઓફીસર ડો. પી.જી.પંડયા સેવા આપશે. આ કાર્યક્રમને સફળ બનાવવા અમીત આર. ચૌહાણ, દર્શિત આર. ભાતેલીયા તથા સરયુ એસ. તન્ના જહેમત ઉઠાવે છે.

# ત્રંબા ખાતે રકતદાન કેમ્પ યોજાશે

આવતીકાલે બુધવારે ત્રંબકેશ્વર મહાદેવ મંદિરે ત્રંબા ખાતે સ્વ. ધવલુભા પ્રવિણભા ગઢવીની પ્રથમ પુણ્યતિથિ નિમિતે સવારે ૮થી સાંજના ૫ દરમિયાન રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે રાત્રે ૯ કલાકે સંતવાણી કાર્યક્રમ યોજાશે. આ રકતદાન કેમ્પને લાઈફ કલબના સહયોગ મળ્યો છે. આ સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા રાજભા ગઢવી અને જયવીરભા ગઢવી સંભાળી રહ્યા છે.

# ધો.૯ના અભ્યાસ વચ્ચે પિતાએ વિદાય લીધી, બાદ મિહીરે ધો.૧૦માં ૯૯.૯૮ PR મેળવ્યા

## માનવીએ પણ કપરા સમયમાં મેળવ્યા ૯૯.૯૮ પીઆર

રાજકોટ, તા. ૧૪



ચાવડા માનવી નીતિનભાઇ ૯૯.૯૮ પીઆર

વાડીયા મિહીર વિનોદભાઇ ૯૯.૯૮ પીઆર

મિહીર વિનોદભાઇ ઘાડીયા ધો. ૧ થી ૪ ધોળકીયા શાળામાં અભ્યાસ કરે છે. ખુબ જ સુધી અને સંપન્ન પરિવારનું સંતાન અભ્યાસમાં પહેલેથી જ દરેક ધોરણમાં પ્રથમ રેન્ક મેળવે. પરંતુ મીહિરે જયારે ધો.૯માં પહોંચ્યો ત્યારે તેના પિતાજીનું આકસ્મિક અવસાન થયું અને ત્યારે જ ધો.૯ની વાર્ષિક પરીક્ષા શરૂ થવાની હતી આ પરિસ્થિતિમાં શાળા પરિવાર તરફથી હિંમત મળતા મિહીરે આ સ્થિતિમાં પણ ધો.૯માં પ્રથમ રેન્ક મેળવ્યો. પિતા વગરની સ્ટ્રગલવાળી જિંદગી સાથે બોર્ડના વર્ષમાં એટલે કે ધો.૧૦માં પગ મુકયો. આર્થિક પરિસ્થિતિની ખુબ જ કથળી ચુકી હતી. આ બધાની વચ્ચે પણ અભ્યાસમાં ધ્યાન કેન્દ્રીત કરી બોર્ડમાં ૯૯.૩૮ પીઆર સાથે દ્વિતીય રેન્ક મેળવ્યો અને આપણી ગુજરાતી કહેવત ‘અડગ મનનાં માનવીને હિમાલય પણ નડતો નથી.’ સાર્થક કરી આપી.

**ચાવડા માનવી**

ધો.૧ થી ૭ મેં સરકારી શાળામાં અભ્યાસ બાદ મોટો ભાઇ અહીં ધોળકીયા સ્કુલમાં હતો અને તેમનું બોર્ડનું રિઝલ્ટ સારૂ આવતા માતા-પિતાએ મને ધો.૮થી ધોળકીયા સ્કુલ દાખલ કરી ધો.૧૦માં મારી છ માસિક પરીક્ષા શરૂ હતી તે દરમ્યાન તેના પિતાને બાઇકમાં અકસ્માત થતા તેઓને ખુબ જ ગંભીર ઇજા થઇ હતી. હેમરેજ થવાથી જીવન અને મૃત્યુ વચ્ચે લડી રહ્યા હતા. બીજા દિવસે ગણિતનું પેપર હતું શિક્ષકો તેમજ આચાર્યને આ બાબતની જાણ થતા તુરંત જ મમ્મી સાથે વાત કરી મમ્મીને ખુબ જ હિંમત આપી મને પણ વારંવાર હિંમતવાળા સમાચાર આપી પપ્પાની તબિયત સારી થઇ ગયેલ છે. તેમ જણાવતા રહ્યા. તેઓની આ હુફ અને હિંમતને લીધે જ હું છ માસિક પરીક્ષામાં પણ એ-૧ ગ્રેડ અને બોર્ડની વાર્ષિક પરીક્ષામાં પણ આ ઝળહળતી સફળતા

### જીવનશૈલી સાદી હોય તો સુખપુર્વક જીવી શકાય: સંતશ્રી સ્વામીજી

# સાગર ધીરૂભાઈ વીરડિયા પરિવાર દ્વારા ચાલતી ભાગવતકથા શ્રવણનો લાભ લેતા ભાવિકજનો

રાજકોટ તા.૧૪



સ્વામીનારાયણ સંપ્રદાયના જાણીતા હરિભકત પિતૃકૃપા કન્સ્ટ્રકશનવાળા ધીરૂભાઈ ગોરધનભાઈ વિરડીયાના આંગણે ધર્મભક્તિનો અનેરો અવસર આવ્યો છે. પરિવાર દ્વારા પરિવારના પુત્ર અક્ષરનિવાસી વિપુલકુમારની સ્મૃતિમાં તા.૯થી૧૫ મે સુધી સંસ્કાર સીટી પાછળ, રામધણ પાસે, મવડી વિસ્તાર (બાપા સીતારામ ચોકથી ૧ કી.મી. દુર) ખાતે શ્રીમદ ભાગવત સપ્તાહ કથા પારાયણનું દિવ્ય-ભવ્ય આયોજન કરવામાં આવેલ છે જેના વ્યાસાસને સુરવાળા સંતશ્રી સ્વામીજી બિરાજી સંગીતમય શૈલીમાં કથાશ્રવણ કરાવી રહ્યા છે. તેમને સાંભળવા રાત્રે ૮.૩૦ થી ૧૧.૩૦ હજાર ભાવિકો ઉમટી રહ્યા છે.

સંતશ્રીએ વ્યાસાસનેથી રૂચી પ્રમાણે નહી પણ નીતિ પ્રમાણે જીવન જીવવાનો ઉપદેશ આપી જણાવેલ કે દાનથી ધન શુધ્ધ થાય છે. સંતોષથી મનશુદ્ધ થાય છે. જ્ઞાનથી આત્મા શુદ્ધ થાય છે. જ્ઞાન વિના મુક્તિ નથી. જીવનમાં ખોટી જરૂરિયાતને ટાળવી. જીવનશૈલી સાદી બનાવે તેનું જીવન સરસ બને છે. બીજાનું જોઈને દેખાડો કરવાના બદલો જીવનશૈલી સાદી હોય તો સુખપૂર્વક જીવી શકાય છે. શાસ્ત્રોનો મત છે કે કમાણીમાંથી અનુકુળતા મુજબ દસમો કે વીસમો ભાગ ધર્મ માટે વાપરવો જોઈએ.

કથા શ્રવણનો કેન્દ્રીય મંત્રી પરસોતમભાઈ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ભાજપના અગ્રણી ચેતન રામાણી સહિત વિવિધ ક્ષેત્રના અગ્રણીઓએ લાભ લીધો છે. જુદા જુદા ગામના સંતો પધારી આશિર્વાદ આપી રહ્યા છે. ભાગવત કથાનું કાલે તા.૧૫મીએ રાત્રે ૧૧.૩૦ વાગ્યે સમાપન થશે.

કથાનો લાભ લેવા માટે ધીરૂભાઈ જી.વીરડિયા, સાગર ડી.વીરડીયા, ચિ.વેદ વિગેરેએ અનુરોધ કરેલ.

# વાંકાનેરમાં ત્રીજો સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ યોજાયો

## ૧૦૧ દીકરીઓએ પ્રભુતામાં પગલાં માંડયા

વાંકાનેર,તા.૧૪

વાંકાનેર ના આંગણે સર્વજ્ઞાતિ ૧૦૧ દીકરીઓએ ત્રીજો સમૂહ લગ્નોત્સવ રવિવારે યોજાયો હતો. આયોજક ભરતભાઈ હડાણી,જયેશભાઈ સોમાણી જગદીશભાઈ બામણીયા વાલજીભાઈ ધરજીયા વગેરે જહમત ઉઠાવી હતી. આ પ્રસંગે સંતો મહંતો અને આમંત્રિત મહેમાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમુહ લગ્નમા લગ્ન ગીત ના લોકપ્રિય કલાકાર રાજુભાઈ સાકરીયા આરતીબેન ઠાકોર રિતિકાબેન ઠાકોર એ લગ્ન ગીતની અને રાસ ગરબા ની જમાવટ બોલાવી હતી અને દીકરીઓને કરિયાવર શમશીથી માંડીને કબાટ સુધીની વસ્તુ દીકરીઓને કરિયાવર માટે આપેલ છે.

તેમજ રાજકોટ ખાતે શ્રી તળપદા કોળી પટેલ યુવા મંચ દ્વારા આયોજિત ૧૯ દીકરીઓના સમૂહ લગ્નોત્સવમાં પરસોત્તમ ભાઈ રૂપાલા, કુંવરજીભાઈ ભાઈ બાવળીયા ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, દર્શિતાબેન શાહ, મુકેશભાઈ દોશી સહિત અનેક રાજકીય સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



# બારદાનવાલા કન્યા વિદ્યાલયનું શ્રેષ્ઠ પરિણામ

રાજકોટ તા.૧૪

એ.પી. પટેલ એજયુ. એન્ડ ચેરી. ટ્રસ્ટ સંચાલિત એમ.જી. એન્ડ એસ.જી. બારદાનવાલા કન્યા વિદ્યાલય રાજકોટ ધો.૧૦નું પરિણામ ૯૬.૨૩ ટકા આવેલ છે. પ્રથમ નંબર સાકરીયા જાનવી પરેશભાઈ ૯૯.૫૯ પીઆર બીજો નંબર સરધારા જેની અરવિંદભાઈ ૯૮.૯૦ પીઆર, ત્રીજો નંબર પેઢડીયા ખુશી ઘનશ્યામભાઈ ૯૮.૮૨ પીઆર સાથે ઉતીર્ણ થયેલ છે. ૪૪ વિદ્યાર્થીઓએ એ-૧ અને એ-૨ ગ્રેડ મેળવેલ છે. સાકરીયા જાનવી ગણિતમાં ૧૦૦ ગુણ, વોરા એન્જલ ગણિતમાં ૧૦૦ ગુણ મેળવેલ છે. ધો.૧૨નું પરિણામ ૯૮.૭૯ ટકા આવેલ છે. પ્રથમ નંબર તરાવીયા મીરા શૈલેષભાઈ ૯૯.૩૮ પીઆર બીજો નંબર ગમારા પૂજા ગોકળભાઈ ૯૯.૩૪ પીઆર, ત્રીજા નંબરે વસોયા દિવ્યાન્સી મહેશભાઈ ૯૮.૯૬ પીઆર સાથે ઉતીર્ણ થયેલ છે. ૪૮ વિદ્યાર્થીઓને એ-૧ અને એ-૨ ગ્રેડ મેળવેલ છે.

તરાવીયા મીરા એસ.પી.માં ૧૦૦ ગુણ, ભાદાણી યશ્વી એસપીમાં ૧૦૦ ગુણ, સાપોલીયા દૃષ્ટિ એસ.પી.માં ૧૦૦ ગુણ, ઘેલાણી ક્રિષ્ના આંકડાશાસ્ત્રમાં ૧૦૦ ગુણ, ગમારા પૂજા અર્થશાસ્ત્રમાં ૧૦૦ ગુણ મેળવેલ છે.



### પાર્થ પોલી વુવેન જુનાગઢ દ્વારા

# કચ્છના અટલનગરમાં ટેટી-તરબુચની ૧૬૦થી વધુ જાતોનું પ્લોટ નિદર્શન યોજાયું

## પ્રગતિશીલ ખેડૂતોનું સન્માન કરાયું

ધોરાજી તા.૧૪


પાર્થ પોલી વુવેન જુનાગઢ દ્વારા કચ્છમાં ભારત આઈએસઆઈ પ્રથમ કંપનીની મલ્ચીંગ ફીલ્મમાં તરબુચની ૧૫૦થી વધુ જાતોનું વાવેતર કરવામાં આવેલ છે. ગત તા.૩/૫ના રોજ કચ્છ જીલ્લામાં અટલનગર ખાતે હરીભાઈ ગાંગલની વાડી ખાતે પાર્થ મલ્ચીંગમાં વાવેતર કરેલ ટેટી તરબુચ ૧૬૦થી વધારે વેરાયટીના પ્લોટ નિદર્શનનો કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં ખેતી સાથે જોડાયેલા ખેડુતો. અલગ અલગ કંપનીના પ્રતિનિધિ, વેપારીઓ, વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પ્રગતીશીલ ખેડુતોનું સન્માન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા પાર્થ કંપની તરફથી નવનીતભાઈ ગજેરા, ઉત્કર્ષભાઈ સીરોયા, અનીલભાઈ વઘાસીયા (એસટુએચ) અનીલભાઈ વઘાસીયા (ટ્રેકસીલ કેમીકલ્સ), તરંગભાઈ વેકરીયા (વેરડીશીયન લાઈફ સાઈન્સ) જીતેન્દ્રભાઈ કુંભાણી (બીએસીએફ) નેવલ મહેતા (નીમાશકિત), ડો. વિશાલ કોઠારી, સંજય બારીયા (ગ્રોવટેક એગ્રી સાયન્સ), રૂષીભાઈ ઢોલરીયા (કર્તવ્ય સીડસ) અતુલભાઈ ચાંગાણી સહીતના હાજર રહેલ હતા. અને આ કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

# હેપ્પી બર્થ ડે પ્રિયાંશ

ગોરવાડીયા પરિવારના લાડકવાયા પ્રિયાંશનો આજે જન્મદિવસ છે. પ્રિયાંશએ પાંચ વર્ષ પૂર્ણ કરી છઠ્ઠા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. ત્યારે દ્વારા સુરેશભાઈ, દાદી સ્વ.ધીરજબેન, પપ્પા બ્રિજેશભાઈ, મમ્મી જલ્પાબેન, કાકા મેહુલભાઈ, કાકી ભૂમીબેન તથા ગોરવાડીયા પરિવાર દ્વારા લાડકવાયા પ્રિયાંશ પર આશીર્વાદ વર્ષા વરસાવી રહ્યા છે.




# વાગુદડ ગામની સીમમાં આવેલ જર્જરિત ચેકડેમનું નવીનીકરણ કરાશે

રાજકોટ,તા.૧૪

રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટર અને ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા વાગુદડ ગામની સીમમાં એક જરિત ચેકડેમના નવીનીકરણ પ્રોજેક્ટનું ખાત મુહૂર્ત અક્ષય તૃતીયાના શુભ દિને કરવામાં આવ્યું. આ પ્રોજેક્ટ માટે આર્થિક સહયોગ જાણીતા બિલ્ડર કીશોરભાઈ કોટેચા તથા મેહુલ નથવાણી તરફથી પ્રાપ્ત થયો છે. જર્જરિત ચેકડેમનું સંપૂર્ણ પણે નવીનીકરણ કરવામા આવશે. ઉપરાંત ચેકડેમની પહોળાઈ વધારી ચેકડેમ ને ઊંડો ઉતારવામાં આવશે.

# ધાર્મિક, સામાજીક સંસ્થાઓમાં સંકળાયેલા જૈન અગ્રણી જીતુભાઈ ચા વાળાનો આજે જન્મદિન: શુભેચ્છાવર્ષા

રાજકોટ તા.૧૪



રાજકોટ જૈન તપગચ્છ સંઘ (૧૯૮ વર્ષ પ્રાચીન તીર્થ શ્રી સુપાર્શ્વનાથ જિનાલય દાદાવાડી)ના પ્રમુખ જીતુભાઈ ચા વાળા (દેસાઈ)નો આજે જન્મ દિવસ છે. તેમણે ૭૨ વર્ષ પૂર્ણ કરીને ૭૩માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે.

ધર્માનુરાગી જીતુભાઈ દેસાઈ ૧૯૮ વર્ષ પ્રાચીન તીર્થ શ્રી સુપાર્શ્વનાથ જિનાલય (માંડવી ચોક દેરાસર), મણિયાર દેરાસર, જાગનાથ દેરાસર તથા પટ્ટરી દેરાસરના પ્રમુખ તરીકે કાર્યરત છે. તેમના માર્ગદર્શન હેઠળ તાજેતરમાં મણિયાર દેરાસરની નજીક અદ્યતન નૂતન ઉપાશ્રય ‘શ્રી માણિભદ્ર આરાધના ભવન’નું નિર્માણ થયું છે. જેનો ઉદઘાટન સમારોહ પૂ.જે.પી. ગુરૂદેવની નિશ્રામાં ભવ્ય રીતે સંપન્ન થયો હતો. ઉપાશ્રયના નિર્માણમાં જીતુભાઈ ખૂબજ જહેમત ઉઠાવી હતી. જૈન શાસનના કાર્યોમાં તેઓ સદા અગ્રેસર રહે છે.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ભૂતપૂર્વ પ્રમુખ-સેક્રેટરી તરીકે તેમણે જવાબદારી નિભાવી હતી. તેમજ જૈન ક્રેડીટ કો.ઓ. સોસાયટીના ચેરમેન, અન્ય સંસ્થાઓમાં વિવિધ હોદાઓ ધરાવે છે. આજે તેમના જન્મ દિવસે મિત્રો, સગા સ્નેહીઓ તથા જૈન અગ્રણીઓ (મો. ૯૪૨૭૨ ૧૪૭૧૦) દ્વારા શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

### પૂ.શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પીટલ-રાજકોટ દ્વારા વિવિધ સ્થાનોમાં

# વર્ષ દરમ્યાન ૧,૦૩,૦૯૮ મોતીયાના ઓપરેશન કરાયા

## દર્દીઓની સેવા એક જ સ્થળે થઈ શકે તે માટે ૯૦ કરોડના ખર્ચે દસ માળની હોસ્પિટલના નિર્માણની કામગીરી પુરજોશમાં

રાજકોટ તા.૧૪



શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પીટલ રાજકોટ દ્વારા એક વર્ષ (તા.૧/૪/૨૩થી ૩૧/૩/૨૪) દરમ્યાન એક લાખ ત્રણ હજાર એકાણું ઓપરેશન કરવામાં આવ્યા જેમાં ૯૨,૩૩૨ દર્દીઓને ધાબળાઓનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવેલ. જયારે અત્યાર સુધીમાં એકવીસ લાખ પચાસ હજાર ચીમોતેર ઓપરેશન કરવામાં આવ્યા છે.

જેમાં ભારતના મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન, ઓરિસ્સા, ઝારખંડ, છતીશગઢ વગેરે સ્થળો પર નેત્રયજ્ઞ કેમ્પો યોજવામાં આવેલા. ગુજરાતમાં પણ વિવિદ સ્થળો પર નેત્રયજ્ઞો યોજાતા રહે છે દરેક દર્દીઓને બે દિવસ દરમ્યાન દર્દીઓને ચા, નાસ્તા, સવાર સાંજ ભોજન તેમજ અનાજની કીટ, ચશ્મા, દવા, ટીપા, ધાબળા, તથા રૂા.૧૦૦ વગેરે નિ:શુલ્ક રીતે આપવામાં આવે છે.

દર્દીઓની સેવા એક જ સ્થળે થઈ શકે તે માટે શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પીટલ રાજકોટ દ્વારા અત્યાધુનિક નવી હોસ્પીટલનું નિર્માણ કાર્ય ચાલુ છે. રૂા.૯૦ કરોડના ખર્ચે ૧૦ માળની હોસ્પીટલ તૈયાર થશે. એશિયાની પ્રથમ ક્રમની આંખની હોસ્પીટલ બનશે જેમાં એક જ જગ્યાએથી આંખની તમામ સારવાર ઉપલબ્ધ બનશે તેમ ટ્રસ્ટી પ્રવીણભાઈ વસાણીએ જણાવેલ છે.

# આજે હાપા-જામનગર કટરા એક્સપ્રેસ ટ્રેન આંશિક ડાઈવર્ટ રૂ પર દોડશે

રાજકોટ, તા.૧૪

૧૪ અને ૧૫ મે ની હાપા/જામનગર-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ આંશિક રીતે ડાઈવર્ટ કરેલા રૂટ પર દોડશે.

ઉત્તર રેલવેના શંભુ સ્ટેશન પર ચાલી રહેલા ખેડૂતોના આંદોલનને કારણે, ૧૪ મે, ૨૦૨૪ ના રોજ, હાપાથી ઉપડનારી ટ્રેન નંબર ૧૨૪૭૫ હાપા-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસ અને ૧૫ મે, ૨૦૨૪ ના રોજ, જામનગર થી ઉપડનારી ટ્રેન નંબર ૧૨૪૭૭ જામનગર-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસ આંશિક રીતે ડાઈવર્ટ કરેલા રૂટ વાયા અંબાલા કેંટ-ચંડીગઢ-ન્યુ મોરિન્ડા-સરહિન્દ-સાનેહ વાલ થઈને દોડશે. રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ કરે અને ટ્રેનના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે જેથી કરીને કોઈ અસુવિધા ન થાય.

# ઓર્થોપેડીક ડોકટરની સેવા

રાજકોટ,તા.૧૪

લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ (કનક રોડ, એસ.ટી. સ્ટેશન પાછળ) શ્રીકૃષ્ણ ચિકિત્સાલયમાં રાહત દરે ઓર્થોપેડીક નિષ્ણાંત ડો.એમ.પી.રાજા દર સોમ,બુધ, ગુરૂ, અને શનિવારે તેમજ ડો.હિરેનભાઈ કોઠારી દર મંગળ તથા શુક્રવારે સવારે ૯ થી ૧૦ રાહતદરે સેવા આપશે.



# સિવિલ હોસ્પિટલને વધુ એક ત્વચાદાન મળ્યું

## હસમુખભાઈ જસાણીનું નિધન થતા પરિવાર દ્વારા અંગોનું પણ દાન કરવામાં આવ્યું હતુ

રાજકોટ, તા.૧૪

રક્તદાન, અંગદાન, દેહદાન અને ત્વચાદાન અંગે લોકોમાં જાગૃતિ આવી રહી છે. તેથી, આ બાબતે સકારાત્મક પ્રતિસાદના ભાગરૂપે રાજકોટ સિવિલ હોસ્પિટલને વધુ એક ત્વચાદાન મળ્યું છે.

તા.૬ મેના રોજ રાજકોટમાં રહેતા હસમુખભાઈ તુલસીદાસભાઈ જસાણી નિધન પામ્યા હતા. જસાણી પરિવાર દ્વારા સદગતના અંગોનું દાન કરવામાં આવ્યું હતું. તેમણે કરેલા સ્કિન ડોનેશનથી મેજર બર્ન્સના દર્દીઓની ઝડપથી રિકવરી થશે. તેમજ ટ્રોમાના દર્દીઓ અને બાયોલોજીકલ ડ્રેસીંગ માટે પણ ઉપયોગ કરી શકાશે. તબીબી અધિક્ષક ડો. આર.એસ.ત્રિવેદી અને પ્લાસ્ટીક સર્જરી વિભાગના વડા ડો.મોનાલી માકડીયા સ્કીન ડોનેશન જેવા ઉમદા કાર્ય માટે લોકો સજાગ થાય તે માટે પ્રયત્નશીલ છે, તેમ યાદીમાં જણાવાયું છે.

# ગુરૂવારે સમસ્ત બ્રહ્મસમાજ-રાજકોટ દ્વારા આયોજિત જ્ઞાન સંકલ્પ યોજના-૭ માટેની પ્રવેશ કસોટી યોજાશે

## ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

રાજકોટઃતા ૧૪

સમસ્ત બ્રહ્મસમાજ-રાજકોટ દ્વારા આયોજિત જ્ઞાન સંકલ્પ યોજના-૭ માટેની પ્રવેશ કસોટી ૧૬ મે ના રોજ યોજાશે. સમસ્ત બ્રહ્મસમાજ-રાજકોટ દ્વારા છેલ્લા ૬ વર્ષથી જ્ઞાન સંકલ્પ યોજના અંતર્ગત બ્રહ્મસમાજના આર્થિક જરૂરિયાતમંદ પરિવારના તેજસ્વી બાળકોને પસંદ કરી ધોરણ ૯ થી ૧૨ ના શિક્ષણની સંપૂર્ણ જવાબદારી ઉઠાવવામાં આવી રહી છે.

આ પ્રોજેક્ટમાં સમસ્ત બ્રહ્મસમાજની કોર ટીમ પ્રખર કેળવણીકાર ગિજુભાઈ ભરાડ અને ગુલાબભાઈ જાની ના માર્ગદર્શન હેઠળ કાર્યરત છે.

આ પ્રોજેકટના પ્રથમ વર્ષે ૨૦ બાળકો પસંદ કરી રાજકોટની નામાંકિત શાળાઓમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો અને ત્યારબાદ પ્રતિવર્ષ ૨૦ બાળકો પસંદ કરવામાં આવી રહ્યા છે. આ કાર્ય માટે દાતા મનીષભાઈ મદેકા, સુરેશભાઈ નંદવાણા, મૌલેશભાઈ ઉકાણી,દિનેશભાઈ પંડ્યા,જતીનભાઈ ભરાડ ગુલાબભાઈ જાની, પ્રવિણાબેન જાની સુદીપભાઈ મહેતા નિરેનભાઈ જાની, અલ્પેશભાઈ જોશી નો સહયોગ મળ્યો છે.

આ માટે ઓનલાઈન ફોર્મ દ્વારા ૧૫૦થી વધુ અરજીઓ આવી છે અને પસંદગી સમિતિ દ્વારા તા. ૧૬, મે ગુરુવારના રોજ મુરલીધર સ્કૂલ ૮/૧૧, વર્ધમાનનગર, પેલેસ રોડ, રાજકોટ ખાતે એક પ્રવેશ કસોટી લેવામાં આવશે અને આ કસોટી દ્વારા પસંદ થયેલ બાળકોને ધો.૯ માં મેરીટ આધારીત પ્રવેશ આપવામાં આવશે. આ સમગ્ર પ્રોજેકટ માટે બ્રહ્મઅગ્રણી કશ્યપભાઈ શુક્લ અને પ્રમુખ દર્શિતભાઈ જાનીના માર્ગદર્શન હેઠળ પ્રોજેકટ ઈન્ચાર્જ ડો અતુલભાઈ વ્યાસ, દિપકભાઈ પંડ્યા, જનાર્દનભાઈ આચાર્ય, શૈલેષભાઈ જાની, જીજ્ઞેશભાઈ ઉપાધ્યાય, નલીનભાઈ જોશી, ડો દક્ષેશભાઈ પંડ્યા, યોગેન્દ્રભાઈ લહેરુ, પ્રશાંતભાઈ જોશી, જયેશભાઈ જાની, નીલમબેન ભટ્ટ, ધાત્રીબેન ભટ્ટ, સુરભીબેન આચાર્ય, ભાવનાબેન જોશી વગેરે કાર્યરત છે.

# સેવા સંસ્થા વિવેકાનંદ યુથ કલબ દ્વારા બળબળતા તાપમાં ઉઘાડા પગે ફરતા જરૂરતમંદ લોકોને ૩૫૦૦ જોડી નવા સ્લીપરનું કરાયું વિતરણ

રાજકોટ, તા.૧૪

આ વર્ષે ઉનાળો શરૂ થતા જ કાળઝાળ ગરમી અને આકરો તાપ પડવાની શરૂઆત થયેલ છે લોકો કામ સિવાય ઘરની બહાર નીકળવાનું પસંદ કરતા નથી.

ત્યારે આ ધગધગતા ડામર કે ધૂળિયા રસ્તા પર ઉઘાડા પગે જતા નાના મોટા બધાના પગ ઠારવા માટે સેવા સંસ્થા વિવેકાનંદ યુથ ક્લબ દ્વારા સ્લીપર વિતરણ કરવા શહેરના કાલાવડ રોડ, મોટામવા, જીવરાજ પાર્ક, નવા ૧૫૦ ફુટ રિંગ રોડ, મેટોડા, વિમલનગર, કિડની હોસ્પિટલ, યુનિવર્સિટી, રૈયાગામ, રૈયાધાર, સાધુ વાસવાણી રોડ, રૈયા રોડ, શીતલ પાર્ક, રામાપીર ચોકડી, રૂખડિયાપરા, લાલપરી તળાવ, વાવડી સહિતના અંતરિયાળ વિસ્તારોમાં તેમજ મોટી ઈમારતોના બાંધકામમા કામ કરતા મજૂરોને સ્લીપર-ચંપલ વિતરણ કરવામાં આવ્યા હતા. આ



તકે સંસ્થાના કાર્યકર્તાઓ અનુપમ દોશી, જનાર્દન આચાર્ય, હસુભાઈ શાહ, પંકજ રૂપારેલીયા, નલિન તન્ના, જયેન્દ્રભાઈ મહેતા, વિપુલભાઈ ભટ્ટ, હિરેનભાઈ મહેતા કપિલભાઈ પડયા, નૈસધભાઈ વોર, દિનેશભાઈ ગોવાણી વગેરે કાર્યરત હતા.

### હોસ્પિટલ માર્કેટીંગ ક્ષેત્રે સંકળાયેલી સંસ્થા A.H.M.P. દ્વારા

# ગોકુલ હોસ્પિટલના માર્કેટીંગ ડિપાર્ટમેન્ટના વાઈસ પ્રેસિડેન્ટ ઉર્મિશ વૈષ્ણવને લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ એનાયત

રાજકોટ,તા.૧૪




વધતી જતી મેડીકલ ફેસીલિટી, સુપર સ્પેશિયાલિસ્ટી હોસ્પિટલ્સ અને દર્દીઓને યોગ્ય માર્ગદર્શન મળી રહે ઊપરાંત હોસ્પિટલનાં પ્રચાર અને પ્રસાર માટે હાલનાં તબક્કે દરેક હોસ્પિટલ માટે સુદ્રઢ માર્કેટિંગ ડિપાર્ટમેન્ટ હોવું અનિવાર્ય બની ગયું છે. અલગ અલગ કેમ્પ, હેલ્થ અવેરનેસ લેકચર્સ અને ટ્રેનિંગ પ્રોગ્રામનાં આયોજન જેવી સામાજિક પ્રવૃતિઓ દ્વારા હોસ્પિટલનો યોગ્ય પ્રચાર અને પ્રસાર જેવી મહત્વની જવાબદારીઓ જે તે હોસ્પિટલનું માર્કેટિંગ ડિપાર્ટમેન્ટ સંભાળતું હોય છે.

ભારતની એકમાત્ર એવી સંસ્થા છે જે હોસ્પિટલ માર્કેટિંગ ક્ષેત્રે સંકળાયેલ નવા પ્રોફેશનલ્સને યોગ્ય દિશામાં માર્ગદર્શન મળી એ હેતુથી જુદી જુદી હોસ્પિટલનાં માર્કેટિંગ સાથે જોડાયેલ અનુભવી તજજ્ઞો દ્વારા ટ્રેનિંગ પ્રોગ્રામ અને કોન્ફરન્સનું આયોજન કરે છે. અત્યાર સુધીમાં A.H.M.P. દ્વારા અમદાવાદ, રાજકોટ, સુરત વડોદરા અને મુંબઈ જેવા મેટ્રો સિટીમાં કોન્ફરન્સ અને ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરી ચુકી છે. હાલમાં આ સંસ્થા દ્વારા ચેન્નાઈ ખાતે કોન્ફરન્સ યોજી હતી.

ચેન્નાઈ ખાતેની કોન્ફરન્સમાં હોસ્પિટલ માર્કેટિંગમાં મહત્વનું યોગદાન આપનાર પ્રોફેશનલ્સને એવોર્ડ દ્વારા સંમાનિત કરાયા હતા. ગોકુલ હોસ્પિટલના માર્કેટિંગ ડિપાર્ટમેન્ટના વાઇસ પ્રેસિડેન્ટ ઊર્મીશ વૈષ્ણવને હોસ્પિટલ માર્કેટિંગ ક્ષેત્રે પચીસ વર્ષનાં બહોળા યોગદાન બદલ ''લાઈફ ટાઈમ એચિવમેન્ટ'' એવોર્ડ દ્વારા સંમાનિત કરાયા હતા. /ઊર્મીશ વૈષ્ણવ એ અનેક કોર્પોરેટ હોસ્પિટલમાં માર્કેટિંગ ડિપાર્ટમેન્ટ પોતાનું યોગદાન આપેલ છે. હાલ ૬૫ વર્ષની ઊંમરે પણ તેઓ ઉત્સાહ અને તરવરાટથી કાર્યરત છે. પોતાની દુરદ્રષ્ટી અને મિલનસાર સ્વભાવથી સૌરાષ્ટ્ર ઊપરાંત ગુજરાતભરમાં ડોક્ટર્સ અને એડ્મિનિસ્ટ્રેશન પ્રોફેશનલસ માટે માનભેર સ્થાન ધરાવે છે. ''લાઈફ ટાઈમ એચિવમેન્ટ'' એવોર્ડની સિદ્ધી બદલ શ્રી ઊર્મીશ વૈષ્ણવને મિત્ર મંડળ, ડોક્ટર્સ, હોસ્પિટલ પ્રોફેશનલ્સ તેમજ અનેક સામાજિક અગ્રણીઓ એ ૯૮૨૪૦૩૫૭૦૮ પર અભિનંદન પાઠવ્યા હતા.

# પરશુરામ જયંતિની શોભાયાત્રાને ફુલડે વધાવી સ્વાગત કરતા સદભાવના સમિતિના મુસ્લીમ આગેવાનો



સદભાવના રાજકોટ દ્વારા જીલ્લા પંચાયત ચોક ખાતે મુસ્લીમો દ્વારા ભગવાન પરશુરામ જયંતિની શોભાયાત્રાનું ફુલડે વધાવી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુસ્લીમ બિરાદરોએ ભલી શુભેચ્છાઓ પાઠવી. હિન્દુ-મુસ્લીમ એકતાની અનેરી મિશાલ પુરી પાડી હતી અને મીયા અને મહાદેવનો અદભુત સંગમ જોવા મળેલ હતો. આ પ્રસંગે ભુદેવ સંઘ સમિતિના સ્થાપક અને બ્રહ્મ સમાજના યુવા અગ્રણી તેજસ ત્રિવેદી સહિતના આયોજકોનું ફુલ-હારથી સન્માન કરી ભગવાન પરશુરામ જયંતિ નિમિતે મુસ્લીમ અગ્રણી જનાબ હબીબભાઈ ગનીબાપુ કટારીયા, મુસ્લીમ અગ્રણી ફારૂકભાઈ બાવાણી, પરવેઝભાઈ કુરેશી, સબ્બીરભાઈ કુવાડીયા, એઝાજભાઈ બાબી, અમીનભાઈ મીરા, ઝકર માંડવીયા, અસાબભાઈ ચૌહાણ, સંજયભાઈ પાટડીયા, નરેશભાઈ દેવીપૂજક, ફારૂકભાઈ કટારીયા વગેરેએ શુભેચ્છાઓ પાઠવી હતી.

### કોઠારીયા સ્થિત રોલેક્સ રોલેડ રીંગ્ઝ ખાતે

# બાયોગેસ પ્લાન્ટનો શુભારંભ કરાવતા રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ ચેરમેન ડો.કથિરીયા

## વિવિધ ઈન્ડસ્ટ્રીના લોકો પોતાના સીએસઆર ફંડનો ઉપયોગ બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવા માટે કરે તેવી ડો.વલ્લભભાઈ કથિરીયાની હિમાયત




રાજકોટ,તા.૧૪

EARTHTECH દ્વારા ROLEX ROLLED RINGS ખાતે બાયોગેસ પ્લાન્ટ નો શુભારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ ચેરમેન અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ડો.વલ્લભભાઈ કથીરિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ડો. કથીરિયા એ બાયોગેસ પ્લાન્ટની વિશેષતાઓ દર્શાવતા જણાવ્યુ હતું કે ''પુનઃપ્રાપ્ય ઉર્જા સ્ત્રોતઃ બાયોગેસ એ કૃષિ કચરો, ખાદ્ય કચરો અને પશુ ખાતર જેવા કાર્બનિક પદાર્થોમાંથી ઉત્પન્ન થયેલ પુનઃપ્રાપ્ય ઉર્જા સ્ત્રોત છે. તે કોલસો, તેલ અને કુદરતી ગેસ જેવા પ્રવર્તમાન ડીઝલ - પેટ્રોલ ઇંધણ પર નિર્ભરતા ઘટાડવામાં મદદ કરે છે.''ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન ઘટાડે છેઃ બાયોગેસનું ઉત્પાદન ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જન, ખાસ કરીને મિથેન ઉત્સર્જનને નોંધપાત્ર રીતે ઘટાડી શકે છે. મિથેન એક શક્તિશાળી ગ્રીનહાઉસ ગેસ છે અને તેને ઉર્જા ઉત્પાદન માટે સંગ્રહ કરવાથી વાતાવરણમાં તેના પ્રદૂષણને અટકાવે છે.

તેમને જણાવ્યું કે બાયોગેસ પ્લાન્ટ ઓર્ગેનિક કચરાનો અસરકારક રીતે ઉપયોગ કરવામાં મદદ કરે છે. તેઓ કૃષિ અવશેષો, ઘરો અને ઉદ્યોગોમાંથી ખાદ્યપદાર્થો અને ગૌ શાળાના ગોબર અને ગૌ મૂત્ર પર પ્રક્રિયા કરી શકે છે, જે લેન્ડફિલ ને મોકલવામાં આવતા કચરાના પ્રમાણને ઘટાડી ઉર્જા પ્રાપ્ત કરવામાં ઉપયોગી થાય છે.

બાયોગેસ ઉત્પાદનની આડપેદાશ, જેને બાયો ડાયઝેસ્ટ તરીકે ઓળખવામાં આવે છે, તે પોષક તત્વોથી ભરપૂર ખાતર છે. તેનો ઉપયોગ જમીનની ગુણવત્તા અને ફળદ્રુપતાને સુધારવા માટે, ટકાઉ કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે થઈ શકે છે.

તેમનો વિશેષમાં જણાવ્યું કે બાયોગેસ ઉત્પાદન વિકેન્દ્રિત ઉર્જા સ્ત્રોત પ્રદાન કરીને ઉર્જા પૂર્તિમાં ફાળો આપે છે. તે કેન્દ્રિય ઊર્જા ગ્રીડ અને આયાતી ઇંધણ પર નિર્ભરતા ઘટાડીને સ્થાનિક સ્તરે ઉત્પાદન કરી શકાય છે.

બાયોગેસ પ્લાન્ટનું નિર્માણ અને સંચાલન રોજગારીની તકો ઉભી કરે છે, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં જ્યાં કૃષિ કચરો ભરપુર પ્રમાણમાં હોય છે. તે બાયોગેસ અને ડાયજેસ્ટના વેચાણ દ્વારા સ્થાનિક અર્થતંત્રોને પણ ટેકો આપી શકે છે.

નિયંત્રિત વાતાવરણમાં કાર્બનિક કચરા પર પ્રક્રિયા કરીને, બાયોગેસ પ્લાન્ટ સડતા કચરા સાથે સંકળાયેલ ગંધને ઘટાડવામાં મદદ કરે છે. તેઓ પ્રાણીઓના ખાતર અને ખેતીના વહેણનું અસરકારક રીતે સંચાલન કરીને જળ પ્રદૂષણનું જોખમ પણ ઘટાડે છે. સતત કાર્બનિક કચરાના પ્રવાહો ધરાવતા ઉદ્યોગો અથવા સમુદાયો માટે, બાયોગેસ ઉત્પાદન વિશ્વસનીય અને ટકાઉ ઉર્જા સ્ત્રોત પ્રદાન કરીને સમય જતાં ઊર્જા ખર્ચ ઘટાડવામાં મદદ કરી શકે છે.

એકંદરે, બાયોગેસ પ્લાન્ટ્સ ટકાઉ કચરા વ્યવસ્થાપન પ્રથાઓને પ્રોત્સાહન આપવામાં, પર્યાવરણીય પ્રભાવને ઘટાડવામાં અને વધુ ટકાઉ અર્થતંત્ર તરફના સંક્રમણમાં યોગદાન આપવા માટે નિર્ણાયક ભૂમિકા ભજવે છે. આવી અનેક બાબતો પર ડો.કથીરિયાએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમજ ROLEX RINGS LIMITEDના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી મનેશ માડેકા અને EARTHTECH ની સમગ્ર ટીમને ડો.વલ્લભભાઈ કથીરિયાએ ખૂબ ખૂબ શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા. ઉપસ્થિત અલગ - અલગ ઇન્ડસ્ટ્રીના લોકોને પણ પોતાના CSR ફંડનો ઉપયોગ આવા પ્લાન્ટ સ્થાપિત કરવા માટે કરે તેવી નમ્ર અપીલ કરી હતી.

# અનડકટ પરિવારનું ગૌરવઃ હિતાંશી એ ધો.૧૨ માં ૯૬.૪૫ PR મેળવ્યા

સચિનભાઈ અનડકટ (સ્ટેમ્પ વેન્ડર)ની સુપુત્રી અને નામાંકિત એડવોકેટ રૂપેશભાઈ અનડકટની ભત્રીજી હિતાંશી



સચિનભાઈ અનડકટએ ધો. ૧૨ના સામાન્ય પ્રવાહમાં ૯૬.૪૫ પર્સન્ટાઈલ મેળવી પરિવાર તથા ધોળકીયા સ્કૂલનું ગૌરવ વધારેલ છે. ચિ. હિતાંશી ભણવામાં ખૂબ જ મહેનતું અને સિન્સીયર છે તેણીની આ ઝળહળતી સફળતા બદલ સગા-સબંધી, મિત્ર વર્તુળ તરફથી ચિ.હિતાંશીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવેલ છે.

# રાજકોટ ચાંદીના વેપારીઓ પરિવાર સાથે ચારધામ યાત્રાના પ્રવાસે



સંતકબીર રોડ ઉપર ચાંદીના વેપારીઓ જલારામ ગ્રુપ સેવાકીય ગ્રુપના સભ્યો ચારધામ યાત્રાના પ્રવાસે છે જેમાં અનિલભાઈ હાપલિયા, મનિષભાઈ હાપલિયા, શૈલેષ તળાવીયા, દિનેશ તળાવીયા, વલ્લભ ખુંટ, હસમુખ ઠુંમર, કૈલેષ ખુંટ, અલ્પેશ ગઢિયા, કિશન વેકરીયા, જગદીશ રામાણી, સંદીપ સખીયા અને નયન જોગીનો સમાવેશ થાય છે. જેઓએ રવિવારના સવારે ૬ કલાકે બદરીનાથના દર્શન કરી ત્યાંથી તેઓ કેદારનાથની યાત્રા જવા પ્રયાણ કરેલ છે.

# સ્વ. મેનાબેન દોંગાની ચોથી વાર્ષિક પુણ્યતિથિ નીમિતે ગુરૂવારે રકતદાન કેમ્પ યોજાશે

## શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશન, દોંગા અને પાદરીયા પરિવાર દ્વારા આયોજન




રાજકોટ,તા.૧૪



સ્વ.મેનાબેન અંકુરભાઈ દોંગાની ચોથી વાર્ષિક પુણ્યતિથિ અને સ્વ.ધીરલાલ નાથાભાઈ પાદરીયાની બીજી વાર્ષિક પુણ્યતિથિ નિમિતે, શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિશેષ સહયોગથી તા.૧૬-૫-૨૪, ગુરૂવાર સવારે ૮ થી બપોરે ૨ વાગ્યા સુધી, પટેલ વાડી, વાણીયાવાડી મેઈન રોડ, જલારામ ચોક પાસે રાજકોટ-૨ ખાતે મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પમાં શ્રી અંકુરભાઈ દોંગા, દોંગા પરિવાર, જયભાઈ પાદરીયા પરીવાર નરેન્દ્રભાઈ વાડોદરીયા શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી, ડો.પ્રતિક અમલાણી (યુરોલોજીસ્ટ-યુરોકેર હોસ્પિટલ), ડો. પુનિત ત્રિવેદી (ન્યુરો સર્જન, રાજ હોસ્પિટલ) રાજકોટ સિવિલ બ્લડબેંકના એમ.ડી. પેથોલોજીસ્ટ ડોકટર્સની ટીમ માનદ સેવા આપશે.

# ભૂમીએ ધો.૧૦માં ૯૯.૬૪ પર્સન્ટાઈલ મેળવી રાયજા પરિવારનું ગૌરવ વધાર્યું

સામાન્ય મધ્યમ વર્ગના કુટુંબના વિજયભાઈ વાસુદેવ ભાઈ રાયજા ની



હોનહાર પુત્રી ભૂમી એ ધો. ૧૦ માં ૯૯.૬૩ પર્સન્ટાઈલ મેળવીને રાયજા પરિવાર તથા તપસ્વી સ્કૂલનું ગૌરવ વધારેલ છે. ચિ. ભૂમી ભણવામાં ખૂબ જ મહેનતું અને સિન્સીયર છે તેણીએ તપસ્વી સ્કૂલમાં અભ્યાસ કરી ધો. ૧૦ માં આ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરેલ છે. જે બદલ સગા-સબંધી, મિત્ર વર્તુળ તરફથી ચિ.ભૂમી ને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવેલ છે.

### મહિલા સેવા સમિતિ દ્વારા સમર ટ્રેનિંગ કેમ્પનું આયોજન

# વાણીયાવાડી સ્થિત પટેલવાડીમાં તા.૨૧થી તા.૩૦ દરમિયાન વિવિધ વર્ગના ટ્રેનિંગ કલાસ યોજાશે

રાજકોટ, તા.૧૪

મહિલા સેવા સમિતિ-વેલકમ દ્વારા સમર ટ્રેનિંગ કેમ્પનું આયોજન કરાયું છે. રાજકોટની વાણીયાવાડી, ૧/૧૦ દયાનંદનગર, સ્થિત પટેલવાડીમાં તા.૨૧થી તા.૩૦ દરમિયાન વિવિધ વર્ગના ટ્રેનિંગ કલાસ યોજાશે. જેમાં ગુજરાત શ્રેષ્ઠ નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. સમર ટ્રેનિંગ કેમ્પ માટે તા.૧૫ના રોજ ફોર્મ સ્વીકારવામાં આવશે.

મહેંદી, ડાંન્સ, બ્યુટીપાર્લર, નેલ આર્ટ, ફેશન ડિઝાઈન, ભરતકામ માટેના વર્ગ દરરોજ બપોરે ૨થી ૪ વાગ્યા દરમિયાન યોજાશે. આ ઉપરાંત રીયલ ફલાવર્સ, દાંડિયા, કરાટે, ડ્રોઈંગ, પેઈન્ટીંગ માટેના વર્ગ દરરોજ બપોરે ૪થી ૬ વાગ્યા દરમિયાન યોજાશે. વધુ માહિતી માટે મીનાબેન પરસાણા (મો.૯૯૦૪૯ ૨૪૨૩૪) અને ઉષાબેન અણદાણી (મો.૯૮૨૪૬ ૦૪૮૬૬) ઉપર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# સત્ય અને મૂલ્યનિષ્ઠાના ભેખધારી વયોવૃદ્ધ ભાજપ પ્રદેશ અગ્રણી સ્વ. રત્નાબાપા ઠુંમરને શ્રધ્ધાસુમન અર્પણ કરતા રાજુ ધ્રુવ

રાજકોટ, તા.૧૩



સૌરાષ્ટ્રની ધરા પરથી આજે શતાયુ ઉંમર પાર કરી ચૂકેલા પ્રખર રાષ્ટ્રવાદી મૂલ્યનિષ્ઠ રાજનીતિજ્ઞ, વયોવૃદ્ધ ભાજપ અગ્રણી, ખેડૂતોના મસિહા પૂર્વ ધારાસભ્ય એવા રત્નાભાઈ મનજીભાઈ ઠુંમરનું ૧૦૪ વર્ષની ઉંમરે દેહાવસાન થતાં ભારતીય જનતા પાર્ટીના અગ્રણી રાજુભાઈ ધ્રુવે ભાવાંજલિ અર્પણ કરતાં જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર પ્રદેશે એક સનિષ્ઠ સત્યવાદી રાજનેતાની છત્રછાયા ગુમાવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સોરઠ-સૌરાષ્ટ્ર પ્રદેશમાં વસવાટ કરતા મૂલ્ય નિષ્ઠ રાજનીતિજ્ઞોમાં પૈકીના જૂની પેઢીના આગેવાનો માંહેના એક એવા રત્નાબાપાએ લોકકલ્યાણ અર્થે જીવન પર્યંત સેવાની ધૂણી ધખાવી હતી. સૌરાષ્ટ્ર ખેડૂત સમાજના હ્રદય સમ્રાટ રત્નાબાપા ઠુંમરે સોરઠમાં ખેડૂતો પર અગાઉની સરકારોએ લાદેલી લેવી પ્રથા એટલે કે લેવીકરને નાબૂદ કરવા માટે લોકલડતને અંજામ આપ્યો હતો અને ખેડુતો પર લડાયેલ લેવિકર નાબૂદ કરાવ્યો હતો. આવી જ એક લડત ઘરખેડ કાનૂન અંતર્ગત ઢેબરભાઈની સરકારના સમયે ખેડે તેની જમીન કાનૂનનો સખ્તાઈથી અમલ કરાવી હજારો ખેડૂતોને ખાતેદાર બનાવ્યાએ રત્નાભાઈ ઠુંમરનું જમાપાસું રહ્યું છે. ભગવાન દિવંગત રત્નબાપા ઠુંમરના આત્માને ચિર ગતી પ્રદાન કરે એવી પ્રાર્થના કરી રાજુભાઈ ધ્રુવે દિવંગત રત્ના બાપાના દિવ્ય આત્માને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

# સ્વામીનારાયણ ગુરૂકુળ રાજકોટ દ્વારા બાલ સંસ્કાર શિબિર સમર કેમ્પ યોજાયો

## મોબાઈલના ઉપયોગ વિશે બાળકોને માર્ગદર્શન અપાયું





રાજકોટ તા.૧૪

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ રાજકોટ સંસ્થાન દ્વારા બાલ સંસ્કાર શિબિર સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બે દિવસના બાલ સંસ્કાર શિબિરમાં પુ. નિકિતવલ્લભ સ્વામી પુ. કૃષ્ણસ્વરૂપદાસ સ્વામી પુ. જ્ઞાનજીવનદાસ સ્વામી વગેરે સંતો દિપ પ્રાગટય અને આશીર્વચન માટે પધારી બાળકોને પ્રોત્સાહીત કર્યા હતા.

શિબિરની શરૂઆતમાં બાળકોને મોબાઈલના સદઉપયોગ વિશે માહિતી આપવામાં આવી હતી. સાથે પુ.જનમંગલ સ્વામીએ સત્સંગ અને સંસ્કારનું જ્ઞાન પિરસવામાં આવ્યું હતું. શિબિર દરમિયાન માતા પિતા પ્રત્યે આદર રાષ્ટ્રભાવના સ્વચ્છતા અંગે બાળકોને જાગૃત કરવામાં આવ્યા હતા. સાથે યોગાસન અને અન્ય એકટીવીટી તેમજ રમતો સાથે કેરીનો રસ, તરબુચ ઉત્સવ, આઈસ્ક્રીમ ઉત્સવ વગેરેની મોજ માણી હતી. શિબિરના બીજા દિવસે બાળકો મોરબી સ્વામીનારાયણ ગુરૂકુળની મુલાકાત સાથે વિટ્રીફાઈડ કંપનીની મુલાકાત તેમજ બાબાજી કંપની વિશે વિસ્તૃત માહિતી પ્રાપ્ત કરી હતી. શિબિરના અંતે ગુરૂ મહારાજ દેવકૃષ્ણદાસજી સ્વામી અને મહંત સ્વામી દેવપ્રસાદ સ્વામીના હસ્તે વિજેતા બાળકોને ઈનામો એપાયત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર બાલ સંસ્કાર શિબિરનું આયોજન ડો. નિમિષ મુંગરાના માર્ગદર્શન નીચે કરવામાં આવ્યું હતું.

### આ.શ્રી અજયસાગરસૂરિજી મ.ની નિશ્રામાં

# અમદાવાદમાં રવિવારે જૈન એડવોકેટ કોન્ફરન્સનું આયોજન

રાજકોટ તા.૧૪

ગુજરાતના તમામ કાયદાના જાણકાર દરેક જૈન ભાઈ-બહેનોને એક મંચ ઉપર લાવવાના ઉદ્દેશથી આગામી તા.૧૯મીના રવિવારે સવારે નવ વાગ્યે પુષ્પદંત જૈન ઉપાશ્રય, વાસુપૂજ્ય બંગલોઝ, સેટેલાઈટ-અમદાવાદ ખાતે આચાર્ય ભગવંત પૂ. શ્રી અજયસાગરસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં 'જૈન એડવોકેટસ કોન્ફરન્સ'નું આયોજન કરવામાં આવેલ છે.ઉપરોક્ત કોન્ફરન્સમાં જૈન જજો, વકીલો તથા કાયદાનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જોડાશે તેમ જણાવાયું છે.

# ઉત્તર કાશીથી ગંગોત્રીના રૂટ પર સૌરાષ્ટ્રના અનેક યાત્રિકો ફસાયાઃ તમામ સહી સલામત

## યાત્રિકોના ભારે ધસારાના કારણે દસ-દસ કલાકથી વાહનો આગળ વધતા નથીઃ રાજકોટના યાત્રિકો પણ ફસાયાના અહેવાલો

રાજકોટ, તા.૧૪

ઉત્તરાખંડમાં યમુનોત્રીથી લઈને ગંગોત્રી હાઈવે પર જગા-જગાએ ટ્રાફિક જામની સમસ્યા સર્જાઇ છે. ગંગોત્રી હાઈવે પર ગંગનાની તથા હર્ષિલની વચ્ચે સોનગાડમાં ટ્રાફિક જામમાં યાત્રિકો ફસાયા છે. જેમાં સૌરાષ્ટ્રના અનેક યાત્રિકો છેલ્લા દસ-દસ કલાકથી ફસાયાના સમાચાર જાણવા મળેલ છે. રાજકોટના યાત્રિકો પણ સામેલ છે.

આ અંગે આધારભૂત વર્તુળો દ્વારા જાણવા મળેલ છે. હાલ ઉત્તરકાંશીથી ગંગોત્રી જતાં વાહનો યાત્રિકોના ભારે ધસારાના કારણે ફસાયા છે. તેમાં સૌરાષ્ટ્રના મોરબી, રાજકોટના યાત્રિકો પણ સામેલ છે. ત્યાં કોઈ દુર્ઘટના નથી પણ યાત્રિકોના ધસારાના કારણે વાહનો આગળ જઈ શકતા નથી. છેલ્લા દસ-દસ કલાકથી વાહનો આગળ વધી શકતા નથી.

મોરબીના યાત્રી અશોકભાઇ પટેલને ઉત્તરકાશીથી ગંગોત્રી પહોંચતા વીસ કલાક લાગ્યા હતા. બપોર પછી પવન વરસાદનું જોર રહેતું હોય છે. રૂટ પર વાહનોના થપ્પા લાગ્યા છે. તંત્ર ટ્રાફિક હળવો કરવા પ્રયત્નશીલ છે.

### મુનિ શ્રી શાંતિશેખર વિ.મ. આદિની નિશ્રામાં

# આજથી દસ દિવસીય બાળ યુવા સંસ્કાર શિબિરનું આયોજન

રાજકોટ તા.૧૪

પૂ.આચાર્ય ભગવંત શ્રી રાજશેખરસુરીજી મ.ના શિષ્ય પૂ. મુનિરાજ શ્રી શાંતિશેખર વિ.મ. તથા પૂ. મુનિરાજ શ્રી સંવેગશેખર વિ.મ. આદિની નિશ્રામાં આજ તા.૧૪થી તા.૨૩ના ગુરૂવાર સુધી સવારે ૯-૩૦થી ૧૦-૩૦ બાળ યુવા સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવેલ છે.

ઉપરોકત શિબિર એક્રોસ હાઉસ, પાંચમા માળે, ૧ સૂર્યોદય સોસાયટી, વોકહાર્ટ હોસ્પીટલની સામે, કાલાવડ રોડ, રાજકોટ ખાતે યોજાયેલ છે.

ઉપરોકત શિબિરના લાભાર્થી શ્રેષ્ઠી કેશવજી ભારમલ સુમરીયાની ત્રીજી પુણ્યતિથિ નિમિતે તપસ્વીની સુશ્રાવિકા પુષ્પાબેન કેશવજી સુમરિયા પરિવાર છે.

# બરફના કારખાનાઓ પર દરોડા : કલોરીનેશનની તાકીદ : રીપોર્ટ રજૂ કરવા આદેશ

## ઉનાળામાં ખુબ વેંચાતા બરફની ગુણવત્તા અંગે તપાસ : પાંચ આઇસ ફેકટરીને નોટીસ : રામનાથપરા અને આર્યનગરના ખાણીપીણીના ૧૯ ધંધાર્થીને પણ લાયસન્સ માટે ફૂડ તંત્રની સૂચના

રાજકોટ, તા. ૧૪

ઉનાળાની કાળઝાળ ગરમીમાં રાજકોટમાં પાણી સાથે બરફનો ઉપયોગ પણ વધી ગયો છે ત્યારે બજારમાં વેંચાતા ઠંડા ખાદ્ય પદાર્થોમાં ઉપયોગમાં લેવાતા બરફની ચકાસણી શરૂ કરવામાં આવી છે. રાજકોટમાં જુદા જુદા વિસ્તારમાં બરફનું ઉત્પાદન કરતા કારખાનાઓમાં મહાપાલિકાની આરોગ્ય શાખાએ ચેકીંગ શરૂ કરીને પાંચ આઇસ ફેકટરીને નોટીસ ફટકારી છે.

બરફની બનાવટમાં વપરાતું પાણી જંતુ મુકત હોવુ જરૂરી છે. બરફ બનાવવામાં કલોરીનેટેડ પાણીનો જ ઉપયોગ કરી શકાય છે. પાણીની ગુણવતાના નિયમો રહેલા છે. જેના પાલન માટે આ કામગીરી શરૂ કરવામાં આવ્યા હોવાનું આરોગ્ય અધિકારી ડો. જયેશ વકાણીએ જણાવ્યું હતું.

ઉનાળાની સિઝનને અનુલક્ષીને બરફનું ઉત્પાદન કરતાં એકમોની તપાસ કરી, લાયસન્સ તથા હાઈજેનિક કન્ડિશન તેમજ યોગ્ય જાળવણી અંગે પાંચ કારખાનાને નોટીસ આપી પાણીના રીપોર્ટ માંગવામાં આવ્યા છે. જેમાં લાભ આઇસ ફેક્ટરી (શિવમ ઇન્ડ. એરીયા, ગોંડલ રોડ ચોકડી પાછળ, કોઠારીયા રીંગ રોડ), મહાદેવ આઇસ (સોમનાથ ઇન્ડ. એરીયા, કોઠારીયા, ગોંડલ), નવદુર્ગા આઇસ ફેકટરી (મહાલક્ષ્મી મીલ પાસે,વાવડી, ગોંડલ રોડ), ક્રિષ્ના ફ્રીઝીંગ આઇસ ફેક્ટરી (નવરંગપરા, લક્ષ્મીનગર મેઇન રોડ), તથા નૂતન સૌરાષ્ટ્ર આઇસ ફેક્ટરી (ડીલક્ષ ચોક, કુવાડવા રોડ)નો સમાવેશ થાય છે. આ તમામ કારખાનેદારોને પાણીના નિયમિત પરીક્ષણ કરીને તેના રીપોર્ટ આપવા સૂચના અપાઇ છે.

**ખાણીપીણી બજાર**

ફૂડ વિભાગની ટીમે શહેરના રામનાથપરા મેઇન રોડ તથા આર્યનગર - ગોવિંદ બાગ શાકમાર્કેટ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૩૭ ધંધાર્થીઓને ત્યાં ખાદ્ય ચીજના ૨૫ નમુનાની ચકાસણી કરવામાં આવી હતી. તે પૈકી ૧૯ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવી છે.

જે ધંધાર્થીઓને લાયસન્સ માટે નોટીસ આપવામાં આવી તેમાં (૧)ખોડિયાર હોટલ(૨)ખોડિયાર ગાંઠિયા (૩)ખોડિયાર દાળપકવાન (૪)ચામુંડા દાળપકવાન (૫)બાલાજી દાળપકવાન (૬)ચામુંડા ફરસાણ (૭)વિજય ભજીયા (૮)માં ફરસાણ હાઉસ (૯)રાજબાઈ સેલ્સ એજન્સી (૧૦)રાજ ભેળ (૧૧)રાજ એજન્સી (૧૨)શિવ કોલ્ડ્રિંક્સ આઇસ્ક્રીમ (૧૩)જોકર કોલ્ડ્રિંક્સ (૧૪)રાંદલ સોડા સેન્ટર (૧૫)ભારત પાન કોલ્ડ્રિંક્સ (૧૬)લીંબુ સોડા શોપ (૧૭)જય યોગેશ્વર ડેરી ફાર્મ (૧૮)નીલકંઠ ડેરી ફાર્મ (૧૯)ત્રિલોક ખમણનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત (૨૦)ગાયત્રી ખમણ (૨૧)પ્રતિક બેકરી (૨૨)વીર બાલાજી ફરસાણ (૨૩) ચામુંડા દાળપકવાન (૨૪)ખોડિયાર મરચાં પાઉડર (૨૫)ગોપાલ ડેરી (૨૬)જય ખોડિયાર ફરસાણ (૨૭)મુરલીધર ફરસાણ (૨૮)વરીયા ખાના ખજાના (૨૯)રાજ પાન કોલ્ડ્રિંક્સ (૩૦)જળેશ્વર ડેરી ફાર્મ (૩૧)જળેશ્વર ફૂડ્સ (૩૨)મયુર ફરસાણ (૩૩)રાજકોટ ડેરી (૩૪)જય ભેરુનાથ નમકીન (૩૫)ભગવતી ફરસાણ (૩૬)શ્રી રામ ડેરી ફાર્મ (૩૭)જય માં અંબે લાઈવ વેફર્સમાં તપાસ કરવામાં આવી હતી.

# ગુરૂવારે ડેંગ્યુ દિવસ : તમામ વોર્ડમાં જનજાગૃતિ કાર્યક્રમ-તા.૧૬ના રોજ રેલી

## રાષ્ટ્રીય ડેંગ્યુ દિન પર 'ચાલો સૌ સાથે મળીને ડેંગ્યુ પર નિયંત્રણ મેળવીએ' વિષય પર વિવિધ આયોજન કરતી મનપા : સોસાયટીઓમાં પપેટ શો, શેરી નાટક પણ યોજાશે




રાજકોટ, તા. ૧૪

દર વર્ષ ૧૬ મે ને 'રાષ્ટ્રીય ડેંગ્યુ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ડેંગ્યુ રોગ વિશે જાગૃતિ ફેલાવવા તથા તેના નિયંત્રણ પગલાને સઘન બનાવવા માટે ૧૬ મે ને રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ તરીકે ઉજવાય છે.

આ વર્ષની થીમ છે 'ચાલો સૌ સાથે મળીને ડેન્ગ્યુ પર નિયંત્રણ મેળવીએ' એટલે કે ડેંગ્યુ રોગ નિયંત્રણ માટે તમામ કક્ષાએથી જનસમુદાયનો સહયોગ અત્યંત આવશ્યક છે અને જનસમુદાયની ભાગીદારી જરૂરી છે. કમિશનર આનંદ પટેલ તથા ડે.કમિશનર સ્વપિનલ ખરેના માર્ગદર્શન હેઠળ આરોગ્ય શાખા-મેલેરિયા વિભાગ દ્વારા લોકોને ડેંગ્યુ વિષયક માહિતી આપવા તથા ડેંગ્યુના મચ્છરની ઉત્પતિ અટકાયતી પગલાની સમજ આપવા માટે જુદા - જુદા માધ્યમથી આરોગ્ય શિક્ષણના કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

તા.૧૫ અને ૧૬ના રોજ જુદા જુદા વિસ્તારના લોકોને મચ્છરના જીવંત પોરા અને મચ્છરના માધ્યમથી જાગૃતિ આપવાના કાર્યક્રમ રાખવામાં આવ્યા છે. તા. ૧૫ના સાંજે ૬ કલાકે રણુજા મંદિર સામે નંદનવન હાઇટસમાં શેરી નાટક, તા. ૧૬ના સવારે ૧૦ કલાકે લલુડી વોંકળીની આંગણવાડી પાસે વોર્ડ નં.૧૪ ખાતેથી પપેટ શો રાખવામાં આવ્યો છે. તા.૧૬ના ૨૩ આરોગ્ય કેન્દ્રો તથા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર પરથી આરોગ્યલક્ષી શિક્ષણ અને આશા બહેનોની રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

**તા.૧૬ના રોજ વોર્ડવાઇઝ જાહેર પ્રદર્શન (સવારે ૯ થી ૧૨)**


વોર્ડ નં. ૪ રણછોડદાસ આશ્રમ પાસે, કુવાડવા રોડ, વોર્ડ નં. ૫ ગોવિંદબાગ શાક માર્કેટ, બ્રાહ્મણીયાપરા મેઇન રોડ, વોર્ડ નં. ૬, પ્રદ્યુમન પાર્ક, મુખ્ય ગેઇટ પાસે, વોર્ડ નં. ૧૬ હુડકો શાર્ક માર્કેટ, કોઠારીયા રોડ, વોર્ડ નં. ૧૮, રણુજા મંદિર, કોઠારીયા મેઇન રોડ, વોર્ડ નં. ૧, વેલનાથ ચોક, ગોવિંદનગરના ખુણે, ગાંધીગ્રામ, વોર્ડ નં. ૮, નાલંદા પાર્ક, આવાસ પાસે, હીંગળાજ નગર પાસે, વોર્ડ નં. ૯, લાઇબ્રેરી વિભાગ, સૌરાષ્ટ્ર યુનિ. કેમ્પસ, વોર્ડ નં. ૧૦, સંતુર એપાર્ટમેન્ટ પાસે, જલારામ - ૨ મેઇન રોડ, વોડ નં. ૧૧, કટારીયા શો રૂમ પાસે, ન્યુ ૧૫૦ ફુટ રીંગ રોડ, વોર્ડ નં. ૧૨, ઉદયેશ્વર મંદિર, શ્રી નાથજી સોસા., મવડી, વોર્ડ નં. ૨, દંતોપંત હેંગડી લાયબ્રેરી, શ્રોફ રોડ, વોર્ડ નં. ૩, વોર્ડ નં. ૩ વોર્ડ ઓફિસ, આસ્થા ચોક સાધુવાસવાણી કુંજ રોડ, રેલનગર, વોર્ડ નં. ૭, પ્રભાદેવી લાયબ્રેરી, કરણપરા મેઇન રોડ, વોર્ડ નં. ૧૩ દક્ષિણ મામલતદાર કચેરી, ગોંડલ રોડ, વોર્ડ નં. ૧૪, જિલ્લા ગાર્ડન લાયબ્રેરી, જિલ્લા ગાર્ડન ચોક, વોર્ડ નં. ૧૭, આશાપુરાનગર - ૧૬, આશાપુરાનગર, કોઠારીયા રોડ.

# ઝડપથી વિકસતો ભારતનો રમકડાં ઉદ્યોગ વિશ્વભરમાં સૌથી વધારે આશાસ્પદ

## ભારતની રમકડાની નિકાસમાં ૨૩૯% વધારો નોંધાયો

રાજકોટઃ રમકડાં ઉદ્યોગને ભારતના સૌથી આશાસ્પદ નિકાસકાર ઉદ્યોગ તરીકે જોવામાં આવે છે. વૈશ્વિક સ્તરે સૌથી વધુ ઝડપથી વિકસતા જતા ઉદ્યોગ તરીકે આ ક્ષેત્રે તેનું નામ નોંધાવી દીધુ છે. મધ્ય-પૂર્વ અને આફ્રિકન દેશોમાં આપણા દેશમાં તૈયાર થયેલા રમકડા નિકાસ પામે છે. ખાસ કરીને નાના અને મધ્યમ ઉત્પાદકોએ આ ક્ષેત્રમાં સૌથી વધારે પ્રદાન આપ્યું છે. 'ઈન્વેસ્ટ ઈન્ડિયા'ના અભ્યાસ અનુસાર ૨૦૨૮ સુધીમાં આ ક્ષેત્ર ૩ બિલિયન ડોલરનું થઈ જશે અને ૨૦૨૨થી ૨૮ના આ વર્ષો દરમિયાન તેનો વૃધ્ધિદર ૧૨ ટકા જેટલો રહેવાનો છે.

૨૦૦ જેટલા કર્મચારીઓ ધરાવતી અને ભારતભરમાં જેના યુનિટ્સ કાર્યરત છે તેવી રાજકોટ સ્થિતિ કંપની પ્લેવે સિસ્ટમ્સ ઓક્ટોબર ૨૦૨૧માં સ્થપાયા બાદ માત્ર ત્રણ જ વર્ષમાં જબ્બર સ્પીડે વિકસી છે. સ્કૂટર્સ, ટ્રાઈસીકલ્સ અને રાઈડ ઓનના ક્ષેત્રમાં તેનું નામ મુઠ્ઠી ઉંચેરું છે.



તાજેતરમાં રાજકોટ ખાતે કંપનીની યજમાનીમાં 'વેન્ડર મીટ'નું આયોજન થયું હતું. જેમાં ૧૫૦થી વધારે વેન્ડર્સે ભાગ લઈને ટોય સેકટરમાં વધતી ભાગીદારીની તકો તપાસી હતી. પ્લેવે સિસ્ટમ્સ પ્રા.લી.ના ડાયરેકટર જીગર વાઘેલાએ આ તકે જણાવ્યું હતું કે ભારતના રમકડા ઉદ્યોગનું મૂલ્ય ૨૦૨૩માં ૧.૭ બિલિયન ડોલર હતું અને ૨૦૩૨ સુધીમાં તે ૪.૪ બિલિયન ડોલર સુધી પહોંચવાની ધારણા છે. ૨૦૧૪-૧૫ અને ૨૦૨૨-૨૩ની વચ્ચે, ભારતની રમકડાની નિકાસમાં ૨૩૯% વધારો થયો છે. અને આયાતમાં ૫૨% ઘટાડો થયો છે. ભારતે ૧ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ બી.આઈ.એસ. દ્વારા પ્રમાણિત ન હોય તેવા રમકડાંના વેચાણ પર પ્રતિબંધ મૂકયો હતો. માર્ચ ૨૦૨૩માં રકમડાં પરની કસ્ટમ ડ્યુટી વધારીને ૭૦% કરવામાં આવી હતી, તે તેજીનું મુખ્ય કારણ છે અને ગુજરાત તેની રાજધાની હશે.

ભારત સરકાર પણ રમકડાં ઉદ્યોગને 'વોકલ ફોર લોકલ'ની પોલિસી હેઠળ પ્રમોટ કરીને મજબૂત ટેકો આપવાનું વિચારી રહી છે.

# આઈટીઆર ભરવાની ઉતાવળમાં કોઈ ભૂલ ન કરો, નોટિસ આવી શકે છે

મુંબઇ:

આકવેરા રિટર્ન ભરવા અંગેની જાગૃતિ એટલી વધી ગઇ છે કે લોકોએ તેમના આવકવેરા રિટર્ન ભરવાનું અત્યારથી જ ચાલુ કરી દીધું છે. આકવેરા રિટર્ન ૩૧મી જુલાઇની છેલ્લી તારીખ પહેલા ફાઇલ કરવું જોઇએ તે સારી વાત છે, પરંતુ તેને જલ્દી ફાઇલ કરવાની ઉતાવળમાં તમે અજાણતામાં ઘણી ભૂલ કરી શકો છો. આ જાતની ઉતાવળથી આવકવેરા નોટીસના રૂપમાં તમારું ટેન્શન વધી શકે છે.




### ૧૫ જુન સુધી રાહ જુઓ

ટેક્સ નિષ્ણાંતના જણાવ્યા અનુસાર જો તમે ૧૫ જૂન પહેલા તમારું રિટર્ન ફાઇલ કર્યું હોય અને તમારા ફાઇલ કરેલા રિટર્ન અને ૧૫ જુન પછી ડિપાર્ટમેન્ટ દ્વારા જારી કરવામાં આવેલા તમારા એન્યુઅલ ઇન્ફોર્મેશ સ્ટેટમેન્ટ (એઆઇએસ) વચ્ચે કોઇ ભૂલ હોય, તો તમને નોટિસ મળી શકે છે.

આવકવેરા રિનર્ટ ફાઇલ કરતી વખતે ધ્યાનમાં રાખો કે તમારા એ.સી.ને તમારું ફોર્મ ૧૬ આપ્યા પછી ઝડપથી રિટર્ન ફાઇલ કરવાનો આગ્રહ રાખવાને બદલે તમારા નિર્દિષ્ટ નાણાંકીય વ્યવહારોની વિગતો તપાસવાનું સરળ બનાવો. જો તમને યાદ ન હોય તો ધીરજ રાખો, કારણ કે વિભાગ પોતે જ તમારી બધી વિગતો એઆઇએસમાં જાહેર કરશે. તમારી ગણતરીઓ વચ્ચે કોઇ તફાવત નથી તેની ખાતરી કરવી ખૂબ જ જરૂરી છે. પહેલા તમારે તમારા તમામ દસ્તાવેજો એકત્ર કરવા જોઇએ. તમારા દસ્તાવેજો સાથે એઆઇએસમાં તમારા દ્વારા કરવામાં આવેલ તમામ નાણાંકીય વ્યવહારોની વિગતો ક્રોસ ચેક કરો.

### આવકવેરા વિભાગે એઆઇએસમાં નવી સુવિધા ઉમેરી

આવકવેરા વિભાગે તાજેતરમાં જણાવ્યું હતું કે તેણે એન્યુઅલ ઇન્ફોર્મેશન સ્ટેટમેન્ટ (એઆઇએસ)માં એક નવું ફીચર ઉમેર્યું છે. તેના દ્વારા કરદાતાઓ માહિતીની પુષ્ટિ કરવાની પ્રક્રિયાની સ્થિતિ જોઇ શકશે. એઆઇએસ બહુવિધ માહિતી સ્ત્રોતોમાંથી મેળવેલા નાણાંકીય ડેટાના આધારે તૈયાર કરવામાં આવે છે તે કરદાતાઓની મોટી સંખ્યામાં નાણાંકીય વ્યવહારોની વિગતો પ્રદાન કરે છે જેમાં કરની અસરો હોઇ શકે છે.

કરદાતાઓને એઆઇએસ સિસ્ટમમાં દેખાતા દરેક ટ્રાન્ઝેકશન પર પ્રતિસાદ આપવાની સુવિધા આપવામાં આવે છે. ખોટા રિપોર્ટિંગના કિસ્સામાં તે આપમેળે ચકાસણી માટે સોર્સ પાસે મોકલવામાં આવે છે. સીબીડીટીએ નિવેદનમાં જણાવ્યું હતું કે આ નવી સિસ્ટમથી કરદાતાઓ માટે પારદર્શિતા વધવાની અપેક્ષા છે.

### મોંઘવારી, વધેલા વીજદરથી પીઓકેની પ્રજા રસ્તા પર ઉતરી આવી

# પીઓકેમાં હિંસક દેખાવોને પગલે શાહબાજ સરકાર સફાળી જાગીઃ ૨૩ અબજનું ફંડ તાત્કાલીક જાહેર

## લંડનમાં પણ પીઓકેના સમર્થનમાં દેખાવોઃ પીઓકે પર પાક.નો ગેરકાયદે કબજો અમે ખતમ કરી તેને ભારતમાં ભેળવી દઈશું: વિદેશ મંત્રી જયશંકરનો હુંકાર

ઇસ્લામાબાદ (પાકિસ્તાન), તા.૧૪

પાક કબજા ગ્રસ્ત કાશ્મીરમાં મોંઘવારી, વીજળીની વધેલી કિંમતો સહિતના મુદ્દે છેલ્લા કેયલાય સમયથી પરેશાન જનતા રસ્તા પર આવી ગઇ છે અને અનેક વિસ્તારોમાં ચક્કાજામ, હિંસક પ્રદર્શન થઇ રહ્યા છે ત્યારે સફાળી જાગેલી શાહબાજ સરકારે વિરોધ પ્રદર્શનને બાળવા પીઓકેમાં પરિસ્થિતિ બહેતર બનાવવા માટે ૨૩ અબજ રૂપિયાનું ફંડ મંજુર કર્યું છે. પીઓકેની સમસ્યાના નિકાલ માટે આ બજેટને મંજુરી અપાઇ છે.

ઉલ્લેખનીય છે કે મોંઘવારી અને વીજળીના મોંઘા દરોના કારણે છેલ્લા કેટલાય દિવસોથી પીઓકે (પાક. કબજાગ્રસ્ત કાશ્મીર)ની જનતા રસ્તા પર આવી ગઇ છે. વિરોધ પ્રદર્શન દરમ્યાન અનેક જગ્યાએ સુરક્ષા દળો અને દેખાવકારો વચ્ચે હિંસક દેખાવો થયા છે. જેમાં ત્રણ લોકોના મોત થયા છે અને ૬ લોકો ઘાયલ થયા છે. દેખાવકારોએ મફત વીજળી અને ઘઉંના લોટ પર સબસીડીની માંગ કરી છે.





**લંડનમાં પણ શાહબાજ સરકારના વિરોધમાં દેખાવો**

શાહબાજ સરકાર સામે માત્ર પીઓકેમાં જ નહીં પણ લંડનમાં પણ વિરોધ પ્રદર્શન થઇ રહ્યા છે. જેના કારણે શાહબાજ સરકારની ફજેતી થઇ રહી છે.

**પીઓકેની હાલત પર ભારતે શું કહ્યું?**

વિદેશ મંત્રી એસ. જયશંકરે જણાવ્યું હતું કે એક દિવસ અમે ગેરકાયદે કબજાવાળા ક્ષેત્રનો ભારતમાં વિલય કરશું. એક દિવસે અમે પીઓકે પર ગેરકાયદે કબજો ખતમ કરી દઇશું અને પીઓકેને ભારતમાં સામેલ કરી દઇશું.

## પ્રોફાઇલ ફોટોનો સ્ક્રીનશોટ પર પ્રતિબંધ

એન્ડ્રોઇડ યૂઝર્સ પછી હવે વોટ્સએપે આઇફોન યુઝર્સ માટે કહ્યું છે કે હવે પ્રોફાઇલ ફોટોના સ્ક્રીનશોટ બંધ કરી દેવામાં આવશે એટલે કે કોઇપણ યુઝર કોઇપણ યુઝરના પ્રોફાઇલ ફોટોનો સ્ક્રીનશોટ લઇ શકશે નહીં. વોટ્સએપના ફીચર્સ પર નજર રાખનારી સાઇટ WABetaInfo એ પોતાના રિપોર્ટમાં આ જાણકારી આપી છે.

## ટૂંક સમયમાં થ્રેડ પર ઓટોમેટિક પોસ્ટની સુવિધા

થ્રેડ એક નવા ફીચર પર કામ કરી રહ્યું છે જેના પછી ઇન્સ્ટાગ્રામ પોસ્ટ થ્રેડ પર આપમેળે પોસ્ટ કરી શકાય છે. હાલમાં થ્રેડના આ ફીચરનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. જો કે, અપડેટ પછી પણ આ ફિચર ફકત ફોટા માટે જ કામ કરશે, વીડિયો અને રીલ માટે નહીં.

# જામનગરમાં સરકારી કર્મચારીને પત્ની અને સાસુએ ધમકાવી ઘર બહાર કાઢી મુકયા

## લાલવાડી વિસ્તારમાં રહેતા અને સેન્ટ્રલ જીએસટીમાં નોકરી કરતા વિપ્ર યુવાને નોંધાવી પોલીસ ફરિયાદઃ પત્ની અને સાસુએ ફલેટ અમારો છે તેમ કહી ઘરમાંથી તગેડયો

જામનગર તા.૧૪: જામનગરમાં લાલવાડી વિસ્તારમાં રહેતા સેન્ટ્રલ જીએસટીના કર્મચારીને ધમકી આપવા અંગેના પ્રકરણમાં ઉલટી ગંગા જેવો ઘાટ ઘડાયો છે. જીએસટીના કર્મચારીને તેની પત્ની અને સાસુએ ધમકી આપી મકાનમાંથી કાઢી મુકતાં તેઓએ પોતાની પત્ની અને સાસુ સામે ધાકધમકી આપી ઘરમાંથી હાંકી કાઢવા અંગેની ફરિયાદ સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવતા ભારે ચકચાર જાગી છે.

સામાન્ય સંજોગોમાં પતિ દ્વારા પત્નીને ત્રાસ અપાતો હોવાથી અને ઘરમાંથી કાઢી મુકવા અંગેની મોટાભાગે પત્નીઓ દ્વારા ફરિયાદ નોંધાવાતી હોય છે, પરંતુ જામનગરના એક જીએસટીના કર્મચારીના પ્રકરણમાં ઉલટી ગંગા જેવો ઘાટ ઘડાયો છે. જામનગરમાં લાલવાડી વિસ્તારમાં આવેલા શ્લોક હાઈટસ નામના બિલ્ડીંગના ૫૦૪ નંબરના ફ્લેટમાં રહેતા અને જામનગર સેન્ટ્રલ જીએસટી એન્ડ કસ્ટમર્સમાં નોકરી કરતા સાહિલભાઈ રાજેશભાઈ ભારદ્વાજ (ઉ.વ.૩૧) કે જેમણે પોતાને ધાક ધમકી આપી ઘરમાંથી હાંકી કાઢવા અંગે પોતાના પત્ની જ્યોતિ અને સાસુ અનિતા સામે ફરિયાદ નોંધાવી છે.

સાહિલ રાજેશભાઈ ભારદ્વાજ કે તેઓ જામનગરમાં ઉપરોક્ત વિસ્તારમાં પોતાના પત્ની જ્યોતિબેન સાથે રહે છે. તાજેતરમાં તેના સાસુ અનિતાબેન થોડા દિવસથી અહીં રહેવા માટે આવ્યા હતા, અને પોતાની પુત્રીના ઘેર સાથે જ રહે છે. દરમિયાન ગઈકાલે સાહિલ ભારદ્વાજ અને તેના પત્ની જ્યોતિબેન વચ્ચે ઝઘડો થયો હતો. જે ઝઘડામાં આખરે પત્ની જ્યોતિ અને તેની સાસુ અનિતાએ સાહિલભાઈને ધાકધમકી આપી હતી અને આ ફ્લેટ અમારો છે, તું અહીંથી ચાલ્યો જા, તેમ કહીને ઘરમાંથી કાઢી મુક્યા હતા, અને સાહિલભાઈના સાસુ તેને મારવા દોડ્યા હોવાથી ઘર છોડીને પોતાના મિત્ર પાસે મોડી રાત્રે પહોંચ્યા હતા.

જે સમગ્ર બનાવ બાબતે સાહિલભાઈએ સીટી એ. ડિવિઝન પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો. ત્યાં તેમણે પોતાને ધાક ધમકી આપી ઘરમાંથી કાઢી મુકવા અંગે પોતાના પત્ની જ્યોતિ અને સાસુ અનિતાબેન સામે ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદના અનુસંધાને પોલીસે પત્ની જ્યોતિબેન અને સાસુ અનિતાબેન સામે આઈપીસી કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) અને ૧૧૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ ચલાવી રહી છે.

# દાણાપીઠમાં ઝઘડોઃ કડુંમારી શનિ સુરેલાનું માથુ ફોડી નાખ્યું

## વાહન સાઈડમાં લેવાનું કહેતા માથાકુટ થઈ'તીઃ બોલેરો ચાલક શનિને સિવિલ હોસ્પિટલમાં સારવારમાં ખસેડાયો



રાજકોટ,તા.૧૪

શહેરના દાણાપીઠમાં ઝઘડો થતા એક યુવાન ઉપર બે શખ્સોએ હુમલો કરતા કડુ માથામાં મારી દેતા યુવાનનું માથુ ફુટી ગયું હતું.સિવીલ હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા શનિ વાલજી સુરેલા (ઉ.વ.૨૪, રહે કુવાડવા ગામ, રાજકોટ)એ જણાવ્યું હતું કે, તે બોલેરો માલવાહક ગાડી ચલાવે છે. આજે ખાંડ ભરીને દાણાપીઠમાં ઉપેનકુમાર શામજી પેઢીએ ઉતારવા ગયો હતો.અહીં બોલેરો ઉભો રાખી ખાંડ ઉતારતા હતા.ત્યારે ચનો અને વિરલ નામના બે વ્યકિત બાઈક પર આવ્યા હતા અને બોલેરો સાઈડમાં લેવા કહ્યું હતું.જે બાબતે બોલાચાલી થયા બાદ ઝપાઝપી થઈ ગઈ હતી.જેમાં વિહલને ચનાએ પહેરેલ હાથનું કડું શનિના માથામાં મારી દેતા લોહી લુહાણ હાલતમાં શનિને સારવારમાં ખસેડાયો હતો.પોલીસે શનિનું નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

# પરવાનગી વિના 'ભીડુ' શબ્દનો ઉપયોગ નહીં કરી શકાઈ! જેકી શ્રોફે કોર્ટ માં અરજી દાખલ કરી




મુંબઈ, તા ૧૪

ભીડુ નામ માટે જાણીતા બોલીવૂડ સ્ટાર અભિનેતા જેકી શ્રોફે પોતાની ઓળખ અને પ્રચાર અધિકારોના રક્ષણની માંગ કરી છે. આ માટે અભિનેતાએ કોર્ટનો દરવાજો ખટખટાવ્યો છે. જેકી શ્રોફે દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. કે તેની પરવાનગી વિના, કોઈ પણ વ્યક્તિ અભિનેતાનું નામ, ફોટો, તેનો અવાજ અને 'ભીડુ' શબ્દનો ઉપયોગ કરી શકશે નહીં. જેકી શ્રોફે આવું કરતી વિવિધ સંસ્થાઓ વિરુદ્ધ અરજી દાખલ કરી છે.

### શેરબજારની વર્તમાન 'હાલક-ડોલક'ની સ્થિતિથી બચવાની જરૂર

# સેન્સેક્સ અને સોના વચ્ચે હરિફાઇ માર્કેટને સ્થિર થતાં બે-ત્રણ માસ લાગશે, લાંબા ગાળે તેજી જ રહેશે

## જાણીતા શેરબ્રોકર પરેશ વાઘાણીનો નિર્દેશઃ ચૂંટણી પરિણામો-બજેટ નિર્ણાયક બનશે

શેર બજારમાં હાલ જોરદાર ઉતાર ચડાવ જોવા મળી રહ્યા છે. ૪ જુને પરિણામો જાહેર થશે પછીના થોડા દિવસોમાં નવી સરકારની રચના થશે. ત્યાર પછી બજારમાં સ્થિરતા જોવા મળશે.અને બજારમાં નવી ચાલ પકડાશે.તે છે અભિપ્રાય જાણીતા શેરબ્રોકર પરેશ વાઘાણીએ દર્શાવ્યો છે

હાલમાં સેકન્ડરી માર્કેટમાં ખૂબ જ મોટી વધઘટ જોવા મળી રહી છે.પ્રાઇમરી માર્કેટમાં મોટી તેજી જોવા મળી રહી છે. પ્રાઇમરી માર્કેટમાં આઈ.પી.ઓ ના લિસ્ટિંગ ઊંચા પ્રીમિયમ થી થઈ રહ્યા છે. એસ.એમ.ઇ આઈ.પી.ઓ ના લિસ્ટિંગ ઘણી વખત ડબલ પ્રીમિયમ થી પણ વધારે ભાવે થઈ રહ્યા છે.



પ્રાઇમરી માર્કેટનો દબદબો જળવાયેલો છે. જ્યારે સેકન્ડરી માર્કેટમાં હાલમાં ઘણા કારણોસર હાલક-ડોલક ની સ્થિતિ જોવા મળી રહી છે. ખાસ કરીને વિદેશી રોકાણકારોની સંસ્થાઓ મોટાપાયે વેચવાલી કરી રહી છે. હજારો કરોડોના શેરો મે મહિનામાં વિદેશી સંસ્થાઓએ વેચી નાખ્યા છે. ઉપરાંત નાણાકીય વર્ષ ૨૦૨૩ ના ચોથા કવાટર ના એટલે કે ૨૦૨૩ ના ચોથા ત્રિમાસિક પરિણામો થોડાક નબળા જોવા મળી રહ્યા છે.

બીજી બાજુ પ્રત્યક્ષ કરવેરા ની આવકમાં જોરદાર વધારો જોવા મળ્યો છે,તો જી.એસ.ટી ની આવક પણ વધી ગઈ છે એટલે કે બજારમાં સારા સમાચાર આવી રહ્યા છે,તો ખરાબ સમાચાર પણ બજારને મળી રહ્યા છે.

જેથી એવું કહી શકાય બજારને સ્થિર થતામાં ઓછામાં ઓછા બે-ત્રણ મહિના લાગશે. લાંબા ગાળાના રોકાણ કરવામાં કોઈ વાંધો નથી પરંતુ ટૂંકા ગાળાના રોકાણ ઉપરાંત ડેઇલીના ટ્રેડર્સને આ બજારમાં નુકસાન જવાની શક્યતા વધારે છે. શેરબજારમાં મોટા કડાકા બોલે ત્યારે લાંબા ગાળા માટે રોકાણ કરી શકાય.

બજારમાં જ્યારે મોટો ઘટાડો આવે ત્યારે સારા ફન્ડામેન્ટલ ધરાવતી કંપનીઓ કે જે નિયમિત ડિવિડન્ડ આપતી હોય,સારા પરિણામો આવતા હોય અને ખાસ કરીને સારા પ્રમોટર્સ દ્વારા જેનું સંચાલન થતું હોય તેવી કંપનીઓમાં રોકાણ કરી શકાય.

રોકાણકારોએ નિયમિત રીતે પોતાના પાસે રહેલા શેરોની યાદી ચકાસીને જે કંપનીમાં રોકાણ કર્યું હોય તેના દરેક ત્રીમાસિક પરિણામો પર નજર રાખવી જોઈએ અને થોડુંક જોખમ જણાય તો તેવા શેર વેચીને સારું ડિવિડન્ડ આપતી અને સારો ટ્રેક રેકોર્ડ ધરાવતા સંચાલક વાળી કંપનીના શેર ખરીદવા જોઈએ.

બજારમાં લાંબા ગાળે કોઈ મોટા ઘટાડા ની શક્યતા નથી. જે રીતે આપણા દેશની નાણાંકીય સંસ્થાઓ શેર ખરીદી રહી છે. ઉપરાંત મ્યુચ્યુઅલ ફંડો માં પણ ખાસ કરીને એસ.આઈ.પી દ્વારા નાણા ઠાલવવામાં આવી રહ્યા છે તે જોતા બજાર ને ટેકો મળશે અને ઘટાડાની શક્યતા નહીવત રહેશે. હાલમાં રોકાણકારોની દ્વિધા છે કે શેરોમાં રોકાણ કરવું કે નહીં. જે શેરો છે તે રાખવા કે વેચીને નીકળી જવું તો એવું કહી શકાય કે સારી કંપનીના શેરો વેચવામાં ઉતાવળ કરવી નહીં. ઉપરાંત દરેક મોટા ઘટાડે સારી કંપનીના શેરો ખરીદવા. આ ઉપરાંત પ્રાઇમરી માર્કેટમાં પણ મોટી તેજી ચાલી રહી હોય તો શેરો મેળવવા અરજી કરવી અને જોખમ લાગતુ હોય તેવી કંપનીના આઇ.પી.ઓ લિસ્ટિંગ ગેઇન મેળવવા માટે જ ફક્ત ભરવા.

લાંબા ગાળે સેન્સેક્સ માં મોટી તેજી થશે ૨૦૨૪ માં સેન્સેક્સ ૮૧૦૦૦ ની સપાટી વટાવે તો પણ કોઈ નવાઈ નહીં.

અત્યારે સોના અને સેન્સેક્સ માં પણ હરીફાઈ ચાલી રહી હોય તેવું લાગે છે કોણ પહેલા ૮૧૦૦૦ ની સપાટી કુદાવે તે કહેવું અત્યંત મુશ્કેલ છે .

### ચોથા તબક્કામાં પણ મતદાન ઓછું છતાં ૨૦૧૯ કરતા અંતર મામુલી

# ચોથા તબક્કામાં અત્યાર સુધીનું સર્વાધિક મતદાનઃ ૭૦ ટકા બેઠકોની ચૂંટણી પૂર્ણ

## ૯૬ બેઠકોમાં સરેરાશ ૬૭.૭૧ ટકા મતદાન : ૨૦૧૯માં ૬૮.૮ ટકા હતુ

નવી દિલ્હી, તા. ૧૪

લોકસભાની ચૂંટણીમાં ઓછા મતદાનનો ટ્રેન્ડ ચાલુ રહ્યો હોય તેમ ગઇકાલની ચોથા તબકકાની ચૂંટણીમાં પણ ૨૦૧૯ની સરખામણીએ મતદાનની ટકાવારી ઓછી જ રહી હતી. જોકે અંતર મામુલી હોવાના સંકેત છે.

ચૂંટણી પંચના રીપોર્ટ પ્રમાણે ગઇકાલના મતદાનમાં સામેલ ૯૬ બેઠકોમાં ૨૦૧૯માં સરેરાશ ૬૮.૮ ટકા મતદાન થયું હતું. ગઇકાલનું મતદાન ૬૭.૨૫ ટકા નોંધાયુ છે. જોકે આખરી આંકડામાં હજુ થોડો ઘણો વધારો થાય તેમ હોવાથી અંતર ઘણુ મામલુ રહી શકે છે.

લોકસભાની ચૂંટણીના ચોથા તબકકામાં ૯૬ બેઠકો સાથે હવે ૩૭૮ બેઠકોમાં ચૂંટણી પૂર્ણ થઇ છે. કુલ સાત તબકકામાં ચૂંટણી નિર્ધારીત થઇ છે. હવે ત્રણ તબકકા બાકી રહે છે.

અત્યાર સુધી પૂર્ણ થયેલા ચાર તબકકાના મતદાનની ટકાવારી ચર્ચાનો વિષય બની રહી છે. પ્રથમ ત્રણેય તબકકામાં મતદાનમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો.

પ્રથમ તબકકામાં ૬૬.૧૪ ટકા, બીજા તબકકામાં ૬૬.૭૧ ટકા તથા ત્રીજા તબકકામાં ૬૫.૬૮ ટકા મતદાન નોંધાયુ હતું. મતદાનના ફાઇનલ



## અત્યાર સુધીના ચાર તબકકામાં લોકસભાની કુલ ૩૭૮ બેઠકો પર મતદાન પુરૂ થઇ ગયું

આંકડામાં છેલ્લે જાહેર થતો વધારો શંકાસ્પદ ગણાવીને વિપક્ષી નેતાઓએ ચૂંટણી પંચ સામે આંગળી પણ ચિંધી હતી અઅને આ મામલે અદાલતમાં પણ પહોંચ્યો હોવાનું ઉલ્લેખનીય છે.

સોમવારે ચોથા તબકકામાં સરેરાશ ૬૭.૭૦ ટકા મતદાન થયું હતું જે અત્યાર સુધીના ચારેય તબકકામાં સૌથી વધુ છે. પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ સરેરાશ ૭૮.૪૪ ટકા મતદાન નોંધાયુ હતું જયારે કાશમીરમાં સૌથી ઓછુ ૩૭.૧૮ ટકા મતદાન રહ્યું હતું જોકે કાશમીરમાં છેલ્લા ૨૮ વર્ષનું સૌથી વધુ મતદાન રહ્યું છે.

૩૭૮ બેઠકો પર ચૂંટણી મતદાન પૂર્ણ થઇ ગયું છે ત્યારે અંદાજીત ૭૦ ટકા સીટો પર ચૂંટણી પૂર્ણ થઇ ગઇ છે હવે બાકીની બેઠકોમાં બાકીના ત્રણ તબકકા દરમ્યાન ચૂંટણી મતદાન થશે.

ચૂંટણી પંચ દ્વારા એમ કહેવામાં આવ્યું છે કે તમામ મતદાન મથકોના રીપોર્ટ આવી ગયા બાદ મતદાનના આગાહી આંકડાઓ થોડો વધારો શકય છે.

ચોથા તબકકાના મતદાનના આંધ્રપ્રદેશની તમામ આ બેઠકો ઉપરાંત ઉતરપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, ઝારખંડ, મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ, જેવા રાજકોટની બેઠકોને પણ સમાવેશ થયો હતો. ભાજપ, કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષો દ્વારા પ્રચારમાં તમામ તાકાત કામે લગાડવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી માંડીને અમીત શાહ, જે.પી.નડ્ડા, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે, અખીલેશ યાદવ સહિતના ટોચના નેતાઓએ ભરપુર પ્રચાર કર્યો હતો. ૭૦ ટકા જેટલી બેઠકોમાં મતદાન પૂર્ણ થયું છે તમામ રાજકીય પક્ષો દ્વારા જીતનો વિશ્વાસ દર્શાવવામાં આવી રહ્યો છે.

### ઈરાનના ચાબહાર બંદરનું સંચાલન સંભાળવાનો કરાર કરતા

# ભારત સામે અમેરિકાને વાંકુ પડ્યુંઃ પ્રતિબંધની ધમકી

નવી દિલ્હી, તા.૧૪

ભારતે અત્યંત મહત્વપૂર્ણ કદમ હેઠળ ઇરાનના ચાબહાર બંદરનું સંચાલન સંભાળવાના ૧૦ વર્ષ માટેના કરાર કરતા અમેરિકાને પેટમાં દુખાવો ઉપડયો છે અને ભારત પર પ્રતિબંધો લાગૂ કરવાની ધમકી ઉચ્ચારી છે.

ભારત અને ઇરાને તેના ચાબહાર બંદરનું સંચાલન ભારતને સોંપવાના ગઇકાલે જ કરાર કર્યા હતા. ઇરાન સાથે સંબંધો વિકસાવવા-વધારવા સામે અમેરિકાએ વાંધો લીધો છે. જો કે આ કરારથી ભારત વિદેશી નીતિના ઉદ્દેશ હાંસલ કરી શકશે તેવું પણ જાહેર કર્યું છે.

ચાબહાર બંદરના સંચાલનથી ઇરાન સાથેના દ્વિપક્ષી સંબંધો મજબૂત થવા ઉપરાંત અફઘાનિસ્તાન તથા મધ્ય એશિયા સાથેનો વ્યાપાર વ્યવહાર સરળ બની શકશે. આ લક્ષ્ય સાથે જ ભારતે ઇન્વેસ્ટમેન્ટ કર્યું હતું.



ભારતે ઇરાન સાથે પોર્ટ સંચાલનના કરાર કર્યાના કલાકોમાં જ અમેરિકાએ એવી ચેતવણી ઉચ્ચારી હતી કે તહેરાન સાથે વ્યાપારિક સંબંધો ધરાવતા તમામને અમેરિકી પ્રતિબંધો લાગવાનું જોખમ રહે છે.

અમેરિકી ગૃહ વિભાગના નાયબ પ્રવકતા વેદાંત પટેલે કહ્યું કે વિદેશ નીતિ ઉદ્દેશ વિશે ભારત સરકારના નિવેદનની રાહ જોશે. ચાબહાર બંદર તથા ઇરાન સાથેના ભારતના દ્વિપક્ષી સંબંધો વિશે ભારતના નિવેદન પર નજર રાખશે. એટલું ચોક્કસ છે કે ઇરાન પર અમેરિકી પ્રતિબંધો યથાવત જ છે અને ચાલુ જ રહેવાના છે. ઇરાન સાથે વ્યાપાર વ્યવહાર કરનારા તમામે એ વાતનું ધ્યાન રાખવું પડશે કે તેઓ પર અમેરિકી પ્રતિબંધોનું જોખમ રહેશે.

ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો મૈત્રીપૂર્ણ છે અને વધુને વધુ ગાઢ બની રહ્યા છે. બન્ને દેશોના નેતાઓ- મોદી તથા બાઇડન વચ્ચે પણ સારા સંબંધો છે. ભારતે ચાબહાર બંદરનું સંચાલન સંભાળ્યું છે ત્યારે પ્રાદેશિક કનેકટીવીટીમાં તે ગેમ ચેન્જર સાબિત થઇ શકે છે. ચીન અને પાકિસ્તાન બન્નેને ઝટકારૂપ છે. ઉપરાંત ઇરાન સાથેના દ્વિપક્ષી સંબંધોમાં પણ નવા દ્વાર ખુલી શકે છે. અફઘાનિસ્તાન, મધ્ય એશિયા તથા યુરેશિયન ક્ષેત્રનું કનેકશન સરળ બની જાય તેમ છે.

ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરે જો કે એમ કહ્યું કે અમેરિકાએ આ મામલે કોઇ ચિંતાની જરૂર નથી. ભારત અને ઇરાન વચ્ચેની આ વાત છે. બંદર સંચાલન માટે ભારત ઘણા વર્ષોથી મહેનત કરતું હતું.

### મોદીએ તેજસ્વી યાદવના માછલી ખાવા મુદ્દે કટાક્ષ કરતા મમતાએ સાધ્યું નિશાન

# મોદી બાબુ, તમે ખાવા તૈયાર છો? હું તમારા માટે માછલી પકાવીશઃ મમતા

## શું મોદી નકકી કરશે શું ખાવું, શું ન ખાવું ?ઃ સીએમ

કોલકાતા તા.૧૪

ગત મહિને આરજેડી નેતા તેજસ્વી યાદવના માછલી ખાવા પર વડાપ્રધાન મોદીએ કટાક્ષ કર્યો હતો. બિહારનો આ માછલી મુદ્દો હવે બંગાળમાં પહોંચ્યો હતો. આ વિવાદમાં હવે બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પણ કુદી પડયા છે. એટલું જ નહીં, તેમણે મોદીને કહ્યું છે- મોદી બાબુ ચાખશો?, હું આપના માટે (માછલી) પકાવીશ.

મોદીના વિડીયો પર મમતાએ વાંધો ઉઠાવતા કહ્યું હતું કે મોદી નકકી કરશે કે શું ખાવું?

ખરેખર તો ચૈત્રી નવરાત્રી દરમિયાન આરજેડીના નેતા તેજસ્વી યાદવ માછલી આરોગતા હોય તેવો




વિડીયો વાયરલ થયો હતો જેના પર મોદીએ કટાક્ષ કર્યા બાદ બંગાળમાં ચૂંટણી અભિયાનમાં તેમણે કહ્યું હતું કે આ દરમિયાન કેટલાક હિન્દુ માંસાહારી ભોજનથી પરહેજ કરે છે અને માછલી ખાય છે.

આ મામલે મમતા બેનર્જીએ મોદી પર નિશાન સાધતા જણાવ્યું છે કે જો તે (મોદી) ઈચ્છે તે હું તેમના માટે કંઈક (માછલી) રાંધવા તૈયાર છું. વધુમાં મમતાએ કહ્યું હતું કે જો કે મને વિશ્વાસ નથી કે મોદી મારું રાંધેલું ખાય.

મમતાએ કહ્યું હતું કે લોકો જે ઈચ્છશે તે ખાશે, જે શાકાહારી ખાવા ઈચ્છશે તે શાકાહારી ખાશે અને જે માંસ ઈચ્છશે તે માંસ ખાશે. આ દેશ આપણા બધાનો છે અહીં અલગ અલગ ભાષા, સંસ્કૃતિ, પહેરવેશ છે.

## આસ્થાના બે રંગ





વડાપ્રધાન મોદીએ સોમવારે ગુરુ ગોવિંદસિંહજીનું જન્મસ્થાન હરમંદિર સાહિબમાં માથુ ટેકવ્યું હતું. ત્યારબાદ રસોઈ ઘરમાં પહોંચી પ્રસાદ-રોટી-દાળ તૈયાર કર્યા. તેમણે લંગર હોલમાં પંગતમાં બેઠેલા લોકોને ખીર પણ પીરસી હતી. હરમંદિર સાહિબમાં કોઈ વડાપ્રધાનની આ પહેલી મુલાકાત હતી.

બપોર બાદ મોદી વારાણસી પહોંચ્યા હતા અને ત્યાં બીએચયુ સિંહદ્વારથી કાશી વિશ્વનાથ ધામ સુધી લગભગ ૬ કિલોમીટર લાંબો રોડ શો કર્યો હતો. ત્યારબાદ ષોડશોપચાર પૂજન માટે મોદી સાંજે ૭.૩૦ વાગ્યે વિશ્વનાથ ધામ મંદિરમાં પહોંચ્યા હતા. જયાં તેમણે પૂજન કરેલું.

### બિહારના પૂર્વ ડેપ્યુટી સીએમ સુશીલ મોદીનું કેન્સરથી નિધન

# ૧૬ વર્ષની ઉંમરે RSSમાં જોડાયા; જેપી આંદોલન વખતે ૧૯ મહિના જેલમાં રહ્યા, બિહારમાં ૧૧ વખત બજેટ પેશ કર્યું

પટના : ભારતીય જનતા પાર્ટીના દિગ્ગજ નેતા સુશીલ મોદી, જેઓ પાંચ દાયકા સુધી બિહારની રાજનીતિનો મુખ્ય ચહેરો રહ્યા હતા, તેઓ હવે નથી રહ્યા. ગયા મહિનાની ૩ તારીખે, તેમણે કેન્સર હોવાની માહિતી આપ્યા બાદ સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. સોમવારે રાત્રે દિલ્હીમાં અવસાન થયું. માત્ર ૧૬ વર્ષની વયે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં જોડાયા. સંગઠન પ્રત્યેની અપાર વફાદારીને કારણે તેઓ આરએસએસના સભ્ય રહ્યા. ૧૯૭૩માં તેઓ પટના યુનિવર્સિટી સ્ટુડન્ટ યુનિયનના જનરલ સેક્રેટરી બન્યા. વર્ષ ૧૯૭૩ માં, તેઓ બિહાર રાજ્ય વિદ્યાર્થી સંઘર્ષ સમિતિના સભ્ય બન્યા.

જેપી આંદોલન થયું ત્યારે સુશીલ મોદી પણ તેમાં જોડાયા હતા. કોંગ્રેસ સરકારે તેમને ૧૯ મહિના જેલમાં રાખ્યા હતા. ૧૯૭૭માં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાં જોડાયા. તેના પિતા સાથે થોડા મહિનાઓ સુધી રેડીમેડની દુકાન પણ સંભાળી. દરમિયાન ભાજપમાં જોડાયા. ૧૯૯૦માં ભાજપે પટના




સેન્ટ્રલ એસેમ્બલી સીટ પરથી ટિકિટ આપી હતી, તેઓએ ચૂંટણી જીતી. ચીફ વ્હીપ પણ બન્યા. નવેમ્બર ૧૯૯૬માં વિપક્ષના નેતા બન્યા. ૨૦૦૦માં સાત દિવસ માટે નીતીશ સરકાર બની ત્યારે તેઓ મંત્રી પણ બન્યા હતા. આ પછી તેઓ ૨૦૦૪ સુધી વિપક્ષના નેતા રહ્યા. આ સમય દરમિયાન સુશીલ લાલુ-રાબડી સરકાર વિરુદ્ધ જનતાના અવાજ તરીકે ઉભરી આવ્યા હતા. ૨૦૦૪માં તેઓ ભાજપની ટિકિટ પર ભાગલપુરથી પહેલીવાર સાંસદ બન્યા હતા.

૨૦૦૫માં જ્યારે નીતિશ કુમારના નેતૃત્વમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધનની સરકાર બની ત્યારે સુશીલ મોદી બિહારના નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી બન્યા. ૨૦૧૭માં એનડીએની સરકાર બની ત્યારે તેઓ ફરીથી નાયબ મુખ્યમંત્રી બન્યા. નાયબ મુખ્યપ્રધાન રહીને તેમણે બિહારનું બજેટ ૧૧ વખત વાંચ્યું હતું. આ પછી ફરી ૨૦૨૦માં જ્યારે NDAની સરકાર બની ત્યારે સુશીલ મોદીને ડેપ્યુટી સીએમ બનાવવામાં આવ્યા ન હતા. ભાજપના આ નિર્ણયે બધાને ચોંકાવી દીધા છે. પાર્ટીએ તેમને ૨૦૨૦માં રાજ્યસભામાં મોકલ્યા. એક્સપર્ટનું કહેવું છે કે સુશીલ મોદી બિહારમાં બીજેપી અને જેડીયુ વચ્ચે મહત્વની કડી હતા. લગભગ ચાર દાયકા સુધી બિહાર ભાજપનું કેન્દ્ર રહ્યું.

પીએમ મોદીએ કહ્યું- ભાજપના ઉત્થાન અને સફળતા પાછળ અમૂલ્ય યોગદાન રહ્યું છે

સુશીલ મોદીના નિધન બાદ પીએમ નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર તસવીર શેર કરી અને લખ્યું કે પાર્ટીમાં મારા મૂલ્યવાન સાથી અને દાયકાઓથી મારા મિત્ર સુશીલ મોદીજીના અકાળ અવસાનથી હું ખૂબ જ દુખી છું. તેમણે બિહારમાં ભાજપના ઉદય અને તેની સફળતામાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. કટોકટીનો સખત વિરોધ કરીને, તેમણે વિદ્યાર્થી રાજકારણમાં પોતાનું સ્થાન બનાવ્યું હતું. તેઓ ખૂબ જ મહેનતુ અને મૈત્રીપૂર્ણ ધારાસભ્ય તરીકે જાણીતા હતા. રાજકારણને લગતા વિષયોની તેમની સમજ ખૂબ ઊંડી હતી. તેમણે વહીવટદાર તરીકે પણ ઘણી પ્રશંસનીય કામગીરી કરી હતી. GST પસાર કરવામાં તેમની સક્રિય ભૂમિકા હંમેશા યાદ રાખવામાં આવશે. શોકની આ ઘડીમાં મારી સંવેદના તેમના પરિવાર અને સમર્થકો સાથે છે.

# વરસાદને કારણે ગુજરાત પ્લેઓફની રેસમાંથી બહાર- હોમ ગ્રાઉન્ડ પર મેચ રમ્યા વગર મર્યાદિત ફેન્સને અલવિદા કહ્યું, લખનૌને આજે ટોપ-૪માં આવવાની તક






અમદાવાદ :

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL 2024)માં ૬૩ ગ્રુપ સ્ટેજ મેચો રમાઈ છે. સોમવારે ગુજરાત ટાઇટન્સ અને કોલકાતા નાઇટ રાઇડર્સ વચ્ચેની મેચ વરસાદને કારણે અનિર્ણિત રહી હતી. મેચમાં ટોસ થયો ન હતો. આ પરિણામ સાથે, ટાઇટન્સ પ્લેઓફની રેસમાંથી બહાર થનારી ત્રીજી ટીમ બની. KKR ક્વોલિફાયર-૧ રમવા માટે કન્ફર્મ થઈ ગયું છે.

સોમવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારે વરસાદને કારણે મેચ રદ થતા જીટી પ્લેઓફની રેસમાંથી બહાર નીકળેલી મેચનો ટોસ પણ યોજાયો ન હતો. મેચ રદ્દ કરવી પડી અને બંને ટીમોને ૧-૧ પોઈન્ટ મળ્યા. પોતાના હોમ ગ્રાઉન્ડ પર છેલ્લી મેચ રમી રહેલા ટાઈટન્સ, રમ્યા વગર જ મર્યાદિત સંખ્યામાં ઉપસ્થિત ફેન્સને અલવિદા કહ્યું.




### GT રેસ માંથી બહાર :

ગુજરાત ટાઇટન્સ પાસે હવે ૧૩ મેચમાં ૫ જીત, ૭ હાર અને એક અનિર્ણિત મેચ સાથે ૧૧ પોઈન્ટ છે. હવે ટીમ છેલ્લી મેચ જીતીને પણ માત્ર ૧૩ પોઈન્ટ સુધી જ પહોંચી શકશે, જે પ્લેઓફમાં પહોંચવા માટે પૂરતું નથી.

### KKR ટોપ ટુ માં નિશ્ચિત :

કોલકાતા પાસે હવે ૧૩ મેચમાં ૯ જીત, ૩ હાર અને એક અનિર્ણિત મેચ સાથે ૧૯ પોઈન્ટ છે. ટીમ ટોપ પર છે અને ટોપ-૨માં તેમનું રહેવાનું નિશ્ચિત છે. કારણ કે રાજસ્થાન સિવાય કોઈપણ ટીમ ૧૮ પોઈન્ટથી વધુ સ્કોર કરીને પ્લેઓફમાં જગ્યા બનાવી શકશે નહીં. તેથી KKR હવે ૨૧મી મેના રોજ અમદાવાદમાં ક્વોલિફાયર-૧ રમશે.

### જો દિલ્હી કેપિટલ્સ આજે હારી જશે તો :

૧૭મી સીઝનમાં દિલ્હી કેપિટલ્સ અને લખનૌ સુપરજાયન્ટ્સ વચ્ચે સાંજે ૭:૩૦ વાગ્યાથી મેચ રમાશે. દિલ્હીના ૧૩ મેચમાં ૬ જીત અને ૭ હારથી ૧૨ પોઈન્ટ છે. લખનૌને હરાવીને, ટીમ ૧૪ પોઈન્ટ મેળવીને પ્લેઓફ માટે ક્વોલિફાય થવાની આશા જીવંત રાખશે. ટીમ પણ છઠ્ઠા સ્થાનેથી પાંચમા સ્થાને જશે. જો દિલ્હી હારી જશે તો તે પ્લેઓફની રેસમાંથી બહાર થઈ જશે.

### લખનૌ સુપરજાયન્ટ્સ પાસે તક :

LSG ૧૨ મેચમાં ૬ જીત અને ૬ હારથી ૧૨ પોઈન્ટ છે. દિલ્હીને હરાવીને ટીમ ૧૪ પોઈન્ટ સાથે ૭માથી ૫મા સ્થાને પહોંચી જશે. ટીમને ચોથા સ્થાને પહોંચવા માટે ૧૦૦થી વધુ રનના માર્જિનથી જીતવું જરૂરી છે. જો ટીમ હારી જશે તો તેની પ્લેઓફમાં પહોંચવાની શકયતા ઘટી જશે.

# હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટમાં રાત્રે મુંબઈની ફલાઈટ કેન્સલ થતાં મુસાફરોએ હંગામો મચાવ્યો

## સાંજે છ વાગ્યે એરપોર્ટ પહોંચેલા મુંબઈના મુસાફરોને રાત્રે ૧૨ વાગ્યા સુધી ટટળાવ્યાઃ ઈન્ડિગો એર લાઈન્સ સામે રોષની આંધી

રાજકોટ,તા.૧૪

હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ગઈકાલે રાત્રે ઈન્ડિગો એર લાઈન્સની રાજકોટ મુંબઈની ફલાઈટ મધરાત્રે સુધી નહી આવતા અંતે રદ થયાની જાણ કરાતા મુસાફરોએ હંગોમો મચાવ્યો હતો. એર લાઈન્સ કંપનીએ અમુક મુસાફરો બાય રોડ અમદાવાદ પહોંચાડી ત્યાંથી મુંબઈ અને અન્ય કનેકટીંગ ફલાઈટની વ્યવસ્થા કરી હતી અન્ય મુસાફરો માટે આજે સાંજની ફલાઈટ મુંબઈ પહોંચાડવામાં આવશે.ઈન્ડિગો એરલાઈન્સ ગઈકાલે રાજકોટ-મુંબઈની ૭:૪૫ કલાકની ફલાઈટના મુસાફરો સમય સાંજના છ કલાકે એરપોર્ટ પહોંચ્યા હતા. પ્રથમ એર લાઈન્સ કંપનીએ ફલાઈટ એક કલાક ડીલે

### અમુકને અમદાવાદથી મુંબઈ પહોંચાડ્યાઃ બાકીના મુસાફરો આજે સાંજની ફલાઈટમાં મોકલાશેઃ કનેકટીંગ ફલાઈટવાળા લોકોએ ફલાઈટ મીસ કરવી પડી

હોવાની ઉપસ્થિત મુસાફરોને જાણ કરી હતી. ત્યાર બાદ ૧૦:૨૦ સમય આપ્યા બાદ રાત્રે ૧૨:૦૦ કલાકે આ ફલાઈટ કેન્સલ થયાની જાણ કરાતા સાંજના છ કલાકથી ફલાઈટની રાહ જોતા મુસાફરો તપી ગયા હતાં.અમુક મુસાફરોને મુંબઈથી કનેકટેડ ફલાઈટ હોવાથી એર લાઈન્સ કંપનીને વ્યવસ્થા કરવા ઉગ્ર રજૂઆત કરતા વેધર અને ટેકનીકલ કારણોસર ફલાઈટ રદ થયાના ગાણા ગાઈ રીફંડ આપવાનું અધિકારીઓએ જણાવતા મુસાફરો જાણ બન્યા હતાં.



એર લાઈન્સ કંપનીએ અમુક મુસાફરોને બાય રોડ અમદાવાદથી ફલાઈટ મારફત મુંબઈ પહોચાડવાની વ્યવસ્થા કરી અમુકને આજે સાંજની મુંબઈ ફલાઈટમાં જવાની વ્યવસ્થા કરી હતી કેટલાક મુસાફરોને હોટલમાં આરામ કરવા પહોંચાડયા હતાં.

ગઈકાલની આ મુંબઈ ફલાઈટમાં મુંબઈથી રાજકોટમાં ૧૪૫ મુસાફરો અને રાજકોટ-મુંબઈ જતા ૧૬૮ મુસાફરો ફલાઈટ રદ થતા હેરાન-પરેશાન થયા હતાં. અને એર લાઈન્સ કંપનીનાં અધિકારીઓ સમક્ષ રોષ સાથે ભુખ હડતાલની પણ ચીમકી ઉચ્ચારી હતી.






### સંખ્યાબંધ વૃક્ષો–થાંભલા ધરાશાયીઃ અનેક સ્થળોએ હોર્ડિંગ ઉડયા

# સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદ-આંધીએ આફત સર્જીઃ ખેતીને નુકશાન

## અમરેલી, જુનાગઢ, જામનગર, સુરેન્દ્રનગર, મોરબી, કચ્છમાં ગાજવિજ સાથે વરસાદઃ અમરેલીનાં ઈશ્વરીયામાં વિજળી પડતા ૨૯ બકરાના મોતઃ કેરી ઉપરાંત ઉનાળુ પાકોને ફટકો

રાજકોટ તા.૧૪

હવામાન વિભાગના પૂર્વનુમાન મુજબ સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજકોટ જિલ્લાના હવામાનમાં બદલાવ સાથે કમૌસમી તોફાની વરસાદ વરસતા વૈશાખ માસમાં અષાઢી મેઘમહેર સમો માહોલ જામ્યો છે. રાજકોટ પંથકમાં હળવા ઝાપટા વરસ્યા હતા તો અમરેલી, ભાવનગર, જુનાગઢ, સુરેન્દ્રનગર, મોરબી જિલ્લામાં ગાજવીજ સાથે તોફાની વરસાદ વરસતા સુરેન્દ્રનગરના મુળી પંથકમાં વીજળી પડતા એકનું મોત થયું હતું. જયારે અમરેલીના ઈશ્વરીયામાં વીજળી પડતા ૨૯ બકરાના મોત થયા હતા. ભારે પવનના કારણે સૌરાષ્ટ્ર-કચ્છના અનેક જિલ્લાઓમાં વૃક્ષો, પોલ ધરાશાયી થયા હતા સાથે હોર્ડીંગ્ઝ પણ ઉડયા હતા.

**રાજકોટ**

રાજકોટ શહેરમાં ગઈકાલે ૫૦થી ૬૦ કિ.મી.ની ઝડપે તોફાની પવન સાથે અમી છાંટણા થયા હતા.

**અમરેલી**

ગઈકાલે બપોર બાદ અને રાત્રીના અમરેલી જિલ્લામાં વીજળીના કડાકા ભડાકા સાથે મીની વાવાઝોડુ ફુંકાતા વીજ પુરવઠો અમુક કલાકો સુધી ખોરવાયો હતો અમરેલી શહેરમાં ધોધમાર વરસાદથી નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. અનેક માર્ગોમાં વૃક્ષો ધરાશાયી થયા હતા. ખેતરોમાં પાણી ભરાયા હતા. મતીયાળા ગામે કરા સાથે વરસાદ પડયો હતો. એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

**જુનાગઢ**

જુનાગઢ શહેર જિલ્લામાં ગત રાત્રે પવનના સુસવાટા સાથે વરસાદ વરસતા વીજ પુરવઠો ખોરવાયો હતો સવારે પવનની ગતિમાં વધારો થતા ગીરનાર રોપવે બંધ કરવામાં આવ્યો હતો. અનેક છાપરા, બોર્ડ હોર્ડીંગ્ઝ ઉડી ગયા હતા.

**ભાવનગર**

ભાવનગર જિલ્લામાં હવામાનમાં બદલાવ સાથે સિહોર, ઉમરાળા, વલ્લભીપુર, સણોસરા, રંઘોળા, વીજળીના કડાકા ભડાકા સાથે કમોસમી વરસાદ વરસ્યો હતો. અનેક સ્થળે વૃક્ષો પડી ગયા હતા. સુકો ઘાસચારો પલળી ગયો હતો.

**જામનગર**

જામનગર જિલ્લામાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગે અગાઉથી ચેતવણી આપતા યાર્ડ અને ખેડૂતોએ જરૂરી પગલ લીધા હતા.

**મોરબી**

મોરબી જિલ્લાના વાંકાનેરમાં મીની વાવાઝોડા સાથે વરસાદ વરસતા રોડ રસ્તા પર પાણી વહેતા થયા હતા વીજ પુરવઠો ખોરવાયો હતો. વાતાવરણ ઠંડુગાર બન્યું હતું.

**કચ્છ**

કચ્છમાં પણ રાપર, ગાંધીધામ, અંજાર, ભચાઉમાં આંધી સાથે વરસાદ વરસ્યો હતો. રાત્રીના અનેક સ્થળોએ ગામોમાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. પૂર્વ કચ્છમાં અનેક સ્થળે તોફાની પવન સાથે કમોસમી વરસાદ વરસ્યો હતો.

હવામાન વિભાગના પૂર્વાનુમાન મુજબ સૌરાષ્ટ્ર કચ્છમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. સુરેન્દ્રનગરના મુળી પંથકમાં વીજળી પડતા એકનું મોત થયું હતું. જયારે અમરેલી જિલ્લાના ઈશ્વરીયા ગામે વીજળી પડતા ૨૯ બકરાના મોત થયા હતા. સૌરાષ્ટ્ર-કચ્છમાં કમૌસમી વરસાદ બાદ આજે સવારથી તડકો નીકળ્યો હતો.

# વાહ; રવિવારથી રેસકોર્સમાં ફન સ્ટ્રીટનો પ્રારંભ

### ચૂંટણીના કારણે આ ઉનાળામાં એક મહિનો મોજ મસ્તી મોડી શરૂ થશે : ચાર રવિવાર સુધી આયોજન

રાજકોટ, તા. ૧૪

રાજકોટના નાના મોટા લોકોની પ્રિય એવી રેસકોર્સના આર્ટ ગેલેરીના રસ્તે દર રવિવારે લાગતી ફન સ્ટ્રીટ આવતા રવિવારથી શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. ચૂંટણી પૂરી થઇ જતા હવે આ ફન સ્ટ્રીટ શરૂ થશે જે ચાર રવિવાર યોજવામાં આવશે.



મનપાના સહયોગથી ચિત્રનગરી સંસ્થા દ્વારા ફન સ્ટ્રીટનું આયોજન ૧૦ વર્ષથી કરવામાં આવે છે. આ વર્ષે એક મહિનો ચૂંટણીના કારણે નીકળી ગયો હતો. હવે ફન સ્ટ્રીટ શરૂ થશે. તા. ૧૯ અને ૨૬ મે તથા તા. ૨ અને તા.૯ના રોજ ચાર રવિવારે આ જમાવટ થશે. નાના મોટા સૌને આ ફન સ્ટ્રીટમાં આનંદ મળે છે. આર્ટ ગેલેરીના રસ્તેથી સ્વીમીંગ પુલ સુધીના માર્ગે બાળકો દર રવિવારે સવારે ૭ થી ૯ ખુબ જલ્સો કરે છે. પરિવાર સાથે પણ લોકો ભાગ લે છે.

ફન સ્ટ્રીટમાં પરંપરાગત સહિતની ૨૦ થી ૨૫ ગેમ રમાડવામાં આવે છે અને સંસ્થાના સ્વયંસેવકો સેવા આપે છે. કેરમ, ચેસ, લુડો, રાસ-ગરબા, મ્યુઝીકલ ચેર, રંગોળી, લંગડી, ભમરડા, લખોટી, સાપ સીટી, રસ્સા ખેંચ, માટીના રમકડા બનાવવા, પેન્ટીંગ, ખો-ખોનો આનંદ લોકો લે છે તેમ સંસ્થાના જીતુભાઇ કોટેચાએ જણાવ્યું હતું. ગુજરાતની પરંપરા મુજબ દર રવિવારે ફન સ્ટ્રીટનું સમાપન રાસ-ગરબા સાથે થતું હોય છે. આ રવિવારથી બાળકોને મોજ પડી જશે.

# આઈસર સાઈડમાં મુકવા મામલે પરિવાર બાખડયોઃ દાદા-પૌત્ર સહિતના ઘવાયા

### વિંછીયાના સોમલપર ગામનો બનાવઃ જસદણ પોલીસે બે મહિલા સહિત ચાર શખ્સો સામે ગુનો દાખલ કર્યો

રાજકોટ. તા.૧૪

વિંછીયાના સોમલપર ગામમાં આઈસર સાઈડમાં મુકવા મામલે પરિવારમાં મારામારી થતાં દાદા-પૌત્ર સહિતના લોકો ઘવાયા હતાં. બનાવ અંગે જસદણ પોલીસે સામસામી ફરીયાદ પરથી બે મહિલા સહિત ચાર શખ્સો સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે વિંછીયાના સોમલપર ગામમાં રહેતાં નરેશભાઇ માવજીભાઇ સોલંકી (ઉ.વ.૨૬) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રમેશ સુખા સોલંકી, સુખા ગાંડા સોલંકી, કનુ સુખા સોલંકી અને ગીતાબેન રમેશ સોલંકીનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ડ્રાઇવીંગ કામ કરે છે. ગઈકાલે તા.૧૩/૦૫ ના રાત્રીના સમયે ઘરની બાજુમાં પાન-માવાની દુકાને ગયેલ અને ત્યાં તેના કાકા રમેશ સોલંકી પાનની દુકાની સામે ઉભા હતાં. ત્રણેક દીવસ પહેલા તેઓને દાદા સુખા સોલંકી સાથે લાઈટ બાબતે બોલાચાલી થયેલ હોય જે બાબતનો ખાર રાખી રમેશ ગાળો દેવા લાગેલ હતાં. જેથી તેઓએ પત્નીને આ બાબતે વાત કરતા તેણીએ રમેશને કહેવા ગયેલ કે, તમે મારા ઘરવાળાને કેમ ગાળો આપી બોલાચાલી કરો છો કહેતાં ત્યાં હાજર આરોપી ગાળો દેવા લાગેલ અને જપા-જપી કરવા લાગેલ હતાં.

દરમિયાન તેમની પત્ની છોડાવવા વચ્ચે પડતા આરોપી કનુ હાથમાં લાકડાનો ધોકો સાથે લઈ ફટકારી દિધો હતો. તેમજ આરોપી ગાળો દેવા લાગેલ અને જપા-જપી કરવા લાગેલ હતા. બાદમાં અન્ય લોકો દોડી આવતાં આરોપી નાસી છૂટયા હતાં. બનાવમાં ઇજાગ્રસ્તને સારવારમાં ખસેડાયા હતાં.

જયારે સામાપક્ષે સોમલપરમાં જ રેહતાં સુખાભાઇ ગાંડાભાઇ સોલંકી (ઉ.વ.૮૦) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે નરેશ માવજી સોલંકી અને તેની પત્ની રીયાબેનનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ નિવુતી જીવન ગાળે છે. ગઇ તા.૧૨/૦૫ ના તેમનો પૌત્ર નરેશ ઉર્ફે મગો તથા તેના ઘરવાળી રીયાબેન સાંજના સમયે બોલા ચાલી કરતા હતાં. જેથી તેઓના પત્ની લાખુબેન સહિતના લોકો નરેશને સમજાવવા જતા ગાળો બોલવા લાગેલ હતો.

તેમજ આરોપી નરેશે પોતાનું આઇસર ઘરના દરવાજા પાસે શેરીમા મુકેલ હોય જેથી તેને આઇસર લેવાનુ કહેતા તેને કહેલ કે, આઇસર અહી જ રહેશે લેવું નથી કહ્યુ હતુ. જે બાદ આરોપીના પિતાએ આઇસર સાઇડમા મુકી દીધેલ હતું. ત્યારબાદ નરેશને સમજાવ્યો હતો. બાદ રાત્રીના નરેશ ઘરે આવેલ અને આઇસર મુકવા બાબતનો ખાર રાખી ઘરે ઘસી આવી બોલાચાલી કરી ગાળો આપી જતો રહેલ હતો. બાદમાં આરોપી દંપતી ઘસી આવી પરીવાર સાથે જપાજપી કરવા લાગેલ અને લાકડીથી હુમલો કરી દિધો હતો. બાદમાં લોકો આવી જતાં તેઓને છોડાવેલ હતાં.

બનાવ અંગેની સામસામી ફરીયાદ પરથી જસદણ પોલીસે બે મહિલા સહિત છ શખ્સો સામે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# ખાખીની ધાક ઓસરીઃ નિવૃત્ત ફૌજીના મકાનમાં ચોરી પહેલા તસ્કરોની મહેફીલ

### જામનગરના બાલાજીપાર્કમાં નિવૃત્ત ફૌજીના મકાનમાંથી પરવાનાવાળી પિસ્તોલ અને કારતુસ તેમજ રોકડ સહિત રૂા.૧૮ લાખ ઉપરાંતની થઈ હતી ચોરીઃ ચોરી કરવા આવેલા ત્રણ શખ્સોએ હાથફેરો કરી સ્થળ છોડતા પહેલા ઘરમાં બેધડક રીતે કરી દારૂ-બીયરની પાર્ટી



જામનગર તા.૧૪: જામનગર પોલીસ ક્યાં છે...? આવુ આપણે ઘણા લોકોના મોઢે સાંભળ્યું હોય છે અને ખાખીનો ખૌફ શહેરમાં આરોપીઓમાંથી ઓસરી ગયો હોવાની પણ અનેક લોકોમાં ચર્ચા થતી હોય છે. પરંતુ આ સમગ્ર ઘટનાની ચાળી ખાતી વિગતો પ્રકાશમાં આવી છે. જેમાં ખાસ વાત એ છે કે શહેરના એરફોર્સ સ્ટેશન રોડ પર આવેલા બાલાજી પાર્ક-૩માં તાજેતરમાં ચોરીની ઘટના સામે આવી હતી. જેમાં મકાનની ગ્રીલ તોડી ત્રાટકેલાં તસ્કરોએ ૧૮ લાખ ઉપરાંતની રકમની ચોરીને અંજામ આપ્યો હતો. વાત એટલેથી અટકતી નથી. પોલીસનો ડર ગુમાવી બેસેલા આરોપીઓએ પ્રથમ ફ્રિઝમાંથી દારૂ-બિયરની બોટલો કાઢી પાર્ટી કરી અને ત્યારબાદ ચોરીને અંજામ આપ્યાનું સામે આવ્યું છે. 'સાંજ સમાચાર'ની ટીમે બનાવ સ્થળે જઈ સમગ્ર સ્થિતિનો તાગ મેળવતા ઘરમાં રહેલ દ્રશ્યો આ દારૂ-બિયરની પાર્ટીની હકીકત દર્શાવતી હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી હતી.

જામનગરના એરફોર્સ સ્ટેશન રોડ પર આવેલ બાલાજી પાર્ક ત્રણમાં રહેતા રણવીર પ્રતાપ સુધાકરભાઈ રાજપુતના ઘરમાં ચોરી થઈ હતી. સાંજ સમાચાર સાથેની વાતચીતમાં મકાન માલિક અને મૂળ ઉત્તર પ્રદેશના રહેવાસી રણવીર પ્રતાપે જણાવ્યું હતું કે, તેઓ વર્ષ ૨૦૧૯ માં આર્મીમાંથી સેવા નિવૃત થયા હતા અને ત્યારબાદ તેઓ જામનગરમાં જ મિત્ર હસમુખભાઈ સિંહલા સાથે મળી અને મસાલા તેમજ ગ્લોસરીના નામે વેપાર શરૂ કર્યો હતો. પોતે દેશભરમાં મસાલા સપ્લાયનો વ્યવસાય ચલાવી રહ્યા હતા. પોતાના ઘરે નીચેના માળે કારખાનું રાખી અને વ્યવસાય કરતા હતા.

આ દરમિયાન તાજેતરમાં જ તેમના યુપીમાં રહેતા દાદીમાનું અવસાન થતાં નિવૃત્ત આર્મી જવાન પોતાના પત્ની પુત્ર અને પુત્રી સહિતના પરિવારજનો સાથે પોતાના વતન ઉત્તર પ્રદેશ ગયા હતા. આ દરમિયાન પોતાના જામનગરમાં આવેલા મકાનને તાળું મારી અને પોતે વતન ગયા હતા. પાછળથી તસ્કરોએ મકાનના રસોડાની ગ્રીલ કાપી અંદર પ્રવેશ કર્યો હતો અને ઘરમાંથી રૂપિયા ૫૦,૦૦૦ ની કિંમતની ઓલ ઈન્ડિયા લાયસન્સ વાળી પિસ્તોલ તેમજ ૩૦ રાઉન્ડ કારટીસ અને રોકડ રૂપિયા ૧૩,૬૮,૦૦૦ તથા સોનાના દાગીના તથા ચાંદીના સિક્કા સહિત ૧૮,૫૬,૩૦૦ રૂપિયાની ચીજ વસ્તુઓનો અજાણ્યા શખ્સો ચોરી કરી ગયા હતા. ચોરી મામલે નિવૃત્ત આર્મીમેનના ભાગીદારે તેઓને વતનમાં જાણ કરતાં મકાન માલિક તાત્કાલિક ઘરે દોડી આવ્યા હતાં જ્યાં તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન મકાનના મેઈન દરવાજા બાદ ઉપર રહેલ બારીની ગ્રીલ ધારદાર હથિયાર વડે આરોપીઓએ તોડી રસોડા મારફતે ઘરમાં પ્રવેશ કર્યાનું સામે આવ્યું હતું. ત્યારબાદ આરોપીઓએ ખાખા-ખોળાં કરતાં નિવૃત્ત આર્મીમેનના ફ્રિઝમાં પડેલ લાયસન્સવાળા બિયર અને દારૂ હાથ લાગ્યા હતાં. જેને લઈને બેખૌફ થયેલાં આરોપીઓએ પ્રથમ દારૂ અને બિયરની પાર્ટી કરી હતી જેના ત્રણ ગ્લાસ અને તૂટેલી બોટલો ઉપરાંત ઢોળાયેલ બાઈટીંગ સમગ્ર વિગતોની ચાળી ખાઈ રહ્યું છે. ત્યારબાદ આરોપીઓએ ચોરીને અંજામ આપ્યો હતો. મહત્વનું છે કે આર્મી જવાને તાજેતરમાં જ રણબીરભાઈ સાથે ભાગીદારી કરી અને જામનગરમાં યાર્ડમાં લસણનો વેપાર શરૂ કર્યો હતો અને આ લસણના વેપાર પેટે તેમને ૧૩,૦૦,૦૦૦ ઉપરાંત રોકડની રકમ આવી હતી જે રકમ પોતે ઘરમાં જ રાખી હતી આ ઉપરાંત રાણી છાપ ૫૫૧ સિક્કાઓ પણ હતા જે પોતે ઘરમાં જ રાખ્યા હતા તેને નિશાન બનાવી આરોપીઓ હાથ ફેરો કરી ગયા હતા. એટલું જ નહીં લાયસન્સવાળું હથિયાર ઉપરાંત બેંક લોકરની ચાવી સહિતનું જે પણ હાથમાં આવે તે સમગ્ર વસ્તુઓ આરોપી ઉસેડી ગયા હતાં. આ મામલે પોલીસે સીસીટીવીના ફૂટેજ આધારે તપાસ હાથ ધરી છે.

# સ્વરોજગારની લોનની રીકવરી કરી બ્રાન્ચ મેનેજરે રૂ.૩૬ હજારની ઉચાપત કરી

### ગવરીદળમાં આવેલ એલ.એન્ડ.ટી. કંપનીએ તેના પૂર્વ કર્મચારી ચિરાગગીરી મેઘનાથી સામે ફરીયાદ નોંધાવી

રાજકોટ. તા.૧૪

ગવરીદળમાં આવેલ એલ.એન્ડ.ટી. કંપનીએ લોકોને આપેલ સ્વરોજગારની લોનની રીકવરી માટે રાખેલ મેનેજર ચિરાગગીરી મેઘનાથીએ લોન ક્લોઝ કરવા રૂપિયા ઉઘરાવી કંપનીમાં જમા ન કરાવી રૂ.૩૬ હજારની ઉચાપત કરતા કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે કોઠારીયા રોડ પર હુડકો ફાયરબ્રિગેડ પાછળ દિમીનગર - ૬ માં રહેતાં અર્જુન વજુભાઇ સબાડ જાતે આહીર (ઉ.વ.૨૬) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ચિરાગગીરી રાજેન્દ્રગીરી મેઘનાથી (રહે. ઘંટેશ્વર, જામનગર રોડ) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ એલ.એન્ડ.ટી. ફાયનાન્સ કંપનીમાં ગવરીદડ શાખામાં બ્રાન્ચ ઓપરેશન મેનેજર તરીકે નોકરી કરે છે. એલ.એન્ડ.ટી. કંપની વિવિધ પ્રકારના ધિરાણ કરે છે. જેમાં ખેતીવાડીના સાધનો પર લોન, હાઉસીંગ લોન, ટુ-વ્હીલર લોન તેમજ માઇક્રો લોન વિગેરેનુ ધિરાણ કરે છે. જે પૈકી જે તે ગામના ગરીબ મહીલાઓના પોતાના રોજગાર માટે એક મંડળ બનાવી તેમની જરૂરીયાત મુજબ ઓછામાં ઓછુ રૂ.૧૫ હજારથી રૂ.૧.૧૦ લાખ સુધીનુ ધિરાણ કોઇ પણ જાતના અવેજ લીધા વગર તેમને આપવામાં આવે છે. આ લોનના હપ્તા ઉઘરાવી જે તે મહીલા ગ્રાહકને કંપની દ્રારા આપવામાં આવેલ પાસબુકમાં જરૂરી નોંધ અને સહીઓ કરી હપ્તાના નાણા કંપનીની જે તે શાખા ઓફીસમાં તેજ દિવસે જમા કરવાના હોય છે.

દરમિયાન ગવરીદડ ગામની બ્રાન્ચમાં ચિરાગગીરી મેઘનાથી મેનેજર તરીકે ગઈ તા.૦૬/૦૯/૨૦૨૨ ના નીમણૂક આપવમા આવેલ હતી. તેની નીચે ૫ માણસોની નીમણૂક કરવામાં આવેલ હતાં. કોઈપણ ગ્રાહકને પોતાની લોન કલોઝ કરવી હોય તો તેઓએ મેનેજર પાસે જ પોતાની ક્લોઝ કરાવી શકે તેઓ કંપનીનો નીયમ છે. દરમિયાન કંપનીના ઓડીટ ડીપાર્ટમેન્ટમાંથી જયદીપભાઇ નરેન્દ્રભાઈ પાઠક તા.૨૬/૧૨/૨૦૨૩ ના ઓડીટમાં આવેલ હતા. તેઓને ગ્રાહકોની તપાસ કરતા જાણવા મળેલ કે, મેનેજર ચિરાગગીરી મેઘનાથીએ ફાયનાન્સના ગ્રાહક શિરીનબેન મહમદશરીફ ગાજણ (રહે. કોઠારીયા ગામ સોલવંટ) ની લોનના ગઈ તા.૦૭/૦૯/૨૦૨૩ ના ચીરાગગીરી મેઘનાથી રૂ. ૧૨૫૭૫ રૂપીયા લઇ આવેલ હતા અને તેઓના કાર્ડમાં લોન ક્લોઝ કરી પોતાની સહી કરી આપેલ હતી. તેમજ સલમાબેન યુસુફભાઈ ઠેબા (રહે. કોઠારીયા ગામ સોલવંટ) પાસેથી લોન ક્લોઝ કરવાના રૂ. ૧૧ હજાર અને હિનાબેન આશીફભાઇ છબીબી (રહે . કોઠારીયા ગામ સોલવંટ) પાસેથી રૂ ૧૨૫૭૫ લઈ લોન કલોઝ કરી પોતાની સહી કરી આપેલ હતી.

બાદમાં તેઓએ નાણાં ગ્રાહકો પાસેથી ઉધરાણી કરી પોતાની પાસે રાખી લીધેલ હોવાનુ જાણવા મળેલ હતું. જેથી તેઓ પાસે રૂ.૩૬,૮૯૦ ની અવાર નવાર ઉધરાણી કરવાં છતાં ભરેલ ન હતાં. જેથી તેમને કંપનીમાથી છુટ્ટા કરી દેવામાં આવેલ હતો અને કંપની સાથે વિશ્વાસઘાત કરી રૂ.૩૬૮૯૦ ની ઉચાપત કરેલ હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

## મોદી

(પહેલા પાનાનું ચાલું)

દર્શન કર્યા હતા. વડાપ્રધાને ઉમેદવારીપત્ર ભરતા પહેલા ગંગા પૂજન કર્યું હતું. નામાંકન પત્ર મોદીએ ભર્યું ત્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ, રક્ષામંત્રી રાજનાથસિંહ, બિહારના સીએમ નીતીશકુમાર, રાલોદ અધ્યક્ષ જયંત ચૌધરી, ભાજપ પ્રદેશ અધ્યક્ષ ભુપેન્દ્રસિંહ ચૌધરી, અપના દલ એસ અધ્યક્ષ અનુપ્રિયા પટેલ સહિત અનેક નેતાઓ ઉપસ્થિત હતા.

મોદીના નામાંકન પ્રસ્તાવકોમાં અયોધ્યામાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા કરાવનાર આચાર્ય ગણેશ્વર શાસ્ત્રી દ્રવિડ, દિવ્યાંગ નેશનલ શુટર સુમેધા પાઠકની સાથે પદ્મ પુરસ્કારથી સન્માનીતો સામેલ હતા.

પીએમ મોદીના નામાંકનને લઈને ગ્રહોની દશા અને દિશાને પણ જોવામાં આવી હતી. મોદીના નામાંકન સમયે ગ્રહોની સ્થિતિ સર્વોતમ હતી. રામમંદિરના શિલાન્યાસ અને રામલલાની પ્રતિમાની પ્રાણ પ્રતિષ્ઠાનું મુર્હુત આપનાર પંડિત ગણેશ્વર શાસ્ત્રી દ્રવિડે પણ આ સર્વોતમ મુહુર્ત કાઢયું હતું. નામાંકન પહેલા મોદીએ કાશીમાં રોડ શો કર્યો હતો. કમલ રથ પર સવાર થયા હતા. આ દરમિયાન મોદીએ જીતની હેટ્રીકના આશીર્વાદ માંગ્યા હતા.

## મુંબઈ

(પહેલા પાનાનું ચાલું)

આવ્યા છે.

ઝંઝાવાતી પવન સાથેની આંધી ઉપરાંત વરસાદ થવાની પણ સંભાવના છે. ઉત્તર ભારતથી માંડીને પશ્ચિમ બંગાળ સુધીના અનેક ભાગોમાં વરસા થશે. ઉત્તર પૂર્વીય હિમાલય રેન્જની સાથોસાથ આંદામાનમાં પણ આંધી સાથે વરસાદ થઇ શકે છે. મંગળવારથી શુક્રવાર સુધી ઉત્તર ભારતમાં હિમાચલ, ઉત્તરાખંડ, કાશ્મીર સહિતના ક્ષેત્રોમાં વરસાદનું અનુમાન છે. તેમના કહેવા પ્રમાણે આવતા દિવસોમાં રાજસ્થાનમાં ભીષણ ગરમી પડશે અને તેને પગલે રાજસ્થાન તથા ગુજરાતમાં પણ ધૂળભરી આંધી સર્જાશે, દિલ્હી, પંજાબ, હરિયાણા તથા ઉત્તર પ્રદેશમાં પણ તાપમાનમાં સતત વધારો થશે.

## નર્મદા

(છેલ્લા પાનાનું ચાલું)

નદીમાં ન્હાવા ઉતર્યા હતા જેમાં બાળકો સહિત ૮ વ્યકિતઓ તણાતા તેમની બુમાબુમથી નજીકના લોકો દોડી આવ્યા હતાં. અને એક વ્યકિતને બચાવી લીધો હતો. જયારે બાળકો સહિત ૭ ઉંડા પાણીમાં ગરકાવ થયા હતાં.

પાણીમાં ગરકાવ થયેલામાં ભરતભાઈ મેઘાભાઈ બલદાણીયા (ઉ.વ.૪૫) આરનવ ભરતભાઈ બલદાણીયા (ઉ.વ.૧૨) મૈત્ર્ય ભરતભાઈ બલદાણીયા (ઉ.વ.૧૫), ભાર્ગવ અશોકભાઈ હડીયા (ઉ.વ.૧૫), ભાવેશ વલ્લભભાઈ હડિયા (ઉ.વ.૧૫), વ્રજ હિંમતભાઈ બલદાણીયા (ઉ.વ.૧૧), આર્યન રાજુભાઈ ઝીંઝાળા (ઉ.વ.૭) પાણીમાં ગરકાવ થઈ લાપતા થતા તેમને શોધવા માટે સ્થાનીક તરવૈયાઓ અને ફાયર બ્રિગેડ ટીમની મદદ લેવામાં આવી છે. બાળકો સહિત પાણીમાં ગરકાવ થયેલા ૭ વ્યકિતઓની શોધખોળ ચાલી રહી છે.

# માતૃશ્રી મયાબા દાદુભા સ્કુલ રાજપરાનું ધો.૧૦ અને ધો.૧૨માં ૧૦૦% પરિણામ



રાજકોટ તા.૧૪

તાજેતરમાં આવેલ ધો.૧૦ અને ૧૨નાં પરિણામોમાં રાજપરા ખાતે આવેલ સંકુલ ધી ન્યુ ઈરાન એજયુકેશન ટ્રસ્ટ સંચાલીત માતૃશ્રી મયાબા દાદુભા પ્રભાતસિંહજી સ્કુલનું ધો.૧૦ અને ધો.૧૨માં ૧૦૦% ઉત્કૃષ્ટ પરિણામ આવ્યુ છે.

આ તકે વિદ્યાર્થીઓ તેમના સમગ્ર પરિણામનો શ્રેય શાળાના સંકુલ સંચાલન, માર્ગદર્શન અને શિક્ષક તેમજ આચાર્યની મહેનત તદઉપરાંત કુશળ દીર્ઘદ્રષ્ટિને આપે છે.

જેમાં ધો.૧૦માં કોઠિયા માહી ભાવેશભાઈ ૯૮.૫૦ પી.આર. સાથે પ્રથમ, મુડિયા તન્વી ભરતભાઈ ૯૩.૨૮ પી.આર. સાથે દ્વિતીય તેમજ જોગરાજીયા પ્રજવલ રાજેશભાઈ ૮૮.૬૯ પી.આર. સાથે તૃતીય નંબર પ્રાપ્ત કરેલ છે અને ધો.૧૨ કોમર્સમાં પ્રથમ ક્રમાંકે ગોહિલ ક્રીશ ચેતનભાઈ ૯૯.૩૮ પી.આર. દ્વિતીય ક્રમાંકે સોલંકી જયદીપ રમણીકભાઈ ૯૧.૬૯ પી.આર. અને ટોળીયા નિકુંજ લાલજીભાઈ ૯૦.૯૦ પી.આર. સાથે તૃતીય નંબર પ્રાપ્ત કરેલ છે. આ તમામ બાળકોને શિક્ષકો સંસ્થાના નિયામક કલ્પનાબા બી. જાડેજા તથા પ્રમુખ એન.ડી.જાડેજા અભિનંદન સાથે શુભેચ્છા પાઠવે છે.

# સ્ત્રી મિત્ર સાથે રહેતા રવિ પરમારે ઘર કંકાસથી કંટાળી ગળાફાંસો જીંદગીનો અંત આણ્યો

### મવડી ઉદયનગરનો રવિ ૬ મહિના પહેલા જ એસઆરપી કેમ્પ પાસે વર્ધમાન ફ્લેટમાં રહેવા આવેલો, અહીં સિમરન નામની યુવતી સાથે મેત્રી કરારથી રહેતો હતો

**રવિ ડ્રાઈવિંગ કામ કરતો, અગાઉ પત્ની કાજલ સાથે છૂટાછેડા લીધા'તા, પોલીસે મૃતદેહ પીએમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી**



રાજકોટ, તા.૧૪

શહેરના ઘંટેશ્વર એસઆરપી કેમ્પ વિસ્તારમાં સ્ત્રી મિત્ર સાથે રહેતા રવિ પરમારે ઘર કંકાસથી કંટાળી ગળાફાંસો જીંદગીનો અંત આણ્યો હતો. મવડી ઉદયનગરનો રવિ ૬ મહિના પહેલા જ એસઆરપી કેમ્પ પાસે વર્ધમાન ફ્લેટમાં રહેવા આવેલો. અહીં સિમરન નામની યુવતી સાથે મેત્રી કરારથી રહેતો હતો. રવિ ડ્રાઈવિંગ કામ કરતો, અગાઉ પત્ની કાજલ સાથે છૂટાછેડા લીધા હતા. પોલીસે મૃતદેહ પીએમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની વિગત મુજબ રવિ રમેશ પરમાર (ઉ.વ.૨૭ રહે. વર્ધમાન ફ્લેટ એસઆરપી કેમ્પની સામે, મૂળ રહે. ઉદયનગર શેરી નં-૪ મવડી મેઈન રોડ) નામના યુવકે ગઈ કાલ રાત્રીના પોતાનાં ઘરે પંખામાં ચુંદળી બાંધી ગળાફાંસો ખાઈ જિંદગીનો અંત આણ્યો હતો. રવિએ બે વર્ષ પહેલા છૂટાછેડા કરી નાંખ્યાં હતાં. તેની પત્નીને અન્ય યુવક સાથે પ્રેમ સબંધ હોય જેની જાણ થતાં વારંવાર ગૃહ કંકાસ થતો હતો. ગૃહ કલેશથી કંટાળી અંતે છૂટાછેડા કર્યા હતાં. છૂટાછેડા બાદ ઈન્સ્ટાગ્રામ મારફત રવિને સિમરન સાથે સંપર્ક થતા બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. છેલ્લાં છ મહીનાથી રવિ મૈત્રી કરારથી સિમરન સાથે રહેતો હતો. રવિએ ઘર કંકાસથી કંટાળી આપઘાતનું પગલું ભર્યું હોવાનું તેઓનાં પરિવારજનોએ જણાવ્યું હતું. મૃતક બે ભાઈ અને બે બહેનમાં ત્રીજા નંબરનો હતો.

### ‘બોયકોટ ચાઈના’ની ચળવળ વચ્ચે ભારતીય નિકાસમાં ફેરબદલ

# સીંગતેલની નિકાસમાં આશ્ચર્યજનક વધારો; ડાયમંડ-દાગીનામાં કાપ

### ચાલુ નાણાકીય વર્ષમાં દેશની કુલ નિકાસ ૯૦૦ અબજ ડોલરને આંબી જવાનો અંદાજઃ માનવીના વાળની નિકાસ પાંચ ગણી વધી ગઈ




નવી દિલ્હી તા.૧૩

આર્થિક મોરચે વિશ્વભરમાં ભારતનો ડંકો વાગી રહ્યો છે. નિકાસમાં વૃદ્ધિ છે તે ચાલુ વર્ષે ૯૦૦ અબજ ડોલરને આંબવાની ગણતરી રાખવામાં આવી રહી છે ત્યારે છેલ્લા વર્ષોમાં સીંગતેલ, માનવીય વાળ, કોપર વાયર જેવી પ્રોડકટની નિકાસમાં અનેકગણો વધારો થયાનું આંકડાકીય રિપોર્ટમાં જણાવાયુ છે.

ભારત સાથેના તંગ સંબંધો પછી ‘બોયકોટ ચાઈના’ની ચળવળ શરુ થઈ હતી. ટોચની વિદેશી કંપનીઓને ચીનમાંથી ભારતમાં ખેંચવાના પ્રયત્નો થયા હતા જેના ભાગરૂપે મોબાઈલ જેવી પ્રોડકટની નિકાસમાં મોટો વધારો થયો હતો તે સિવાય પણ અન્ય અનેક ચીજોની નિકાસ અનેકગણી વધી છે. ભારતમાંથી માનવીના વાળની નિકાસ ૨૦૧૮-૧૯માં રૂા.૪૫ કરોડ ડોલરની હતી તે વધીને ૧૮ કરોડ ડોલરે પહોંચી છે જે પાંચ ગણો વધારો સુચવે છે. કોપર વાયરની નિકાસ ૭.૬ કરોડ ડોલરથી ૧૧ ગણી વધીને ૮૬.૭ કરોડ ડોલર થઈ છે. સીંગતેલની નિકાસ ૨૦૧૮-૧૯માં ઝીરો હતી તે ગત વર્ષે ૨૧.૭ કરોડ ડોલરની થઈ હતી.

૨૦૧૮-૧૯માં સ્માર્ટફોનની નિકાસ ૧.૬ અબજ ડોલરની હતી તે ૧૦ ગણી વધીને ૧૫.૫ અબજ ડોલરે પહોંચી છે. ઈલિકટ્રોનિકસ ગુડઝની નિકાસ ૨૩.૬ ટકા વધીને ૨૯ અબજ ડોલર થઈ છે. તેમાં સ્માર્ટફોનનો મોટો હિસ્સો હતો. આયર્ન ઓર પરના નિકાસ નિયંત્રણો હળવા કરાયા હતા તેને પગલે નિકાસ ૧.૮ અબજ ડોલરથી વધીને ૩.૯ અબજ ડોલરના સ્તરે પહોંચી હતી. પાંચ વર્ષના આ સમયગાળામાં પેરાબોઈલ્ડ ચોખાની નિકાસ ૧.૫ અબજ ડોલરથી વધીને ૩.૩ અબજ ડોલર થઈ હતી. કેન્સર વિરોધી દવાની નિકાસ ૫૨.૧ કરોડ ડોલરથી વધીને ૧.૫ અબજ ડોલરે પહોંચી હતી.

બીજી તરફ કટ્ટ-પોલીશ્ડ હીરાની નિકાસમાં છેલ્લા પાંચ વર્ષમાં મોટો ઘટાડો હતો. કોટન ટીશર્ટની નિકાસમાં ૧૫ ટકા



તથા લેધરની નિકાસમાં ૧૨ ટકાનો ઘટાડો હતો.

નિકાસમાં મહત્વના ફેરબદલ માલુમ પડયા હોવા છતાં અને અનેકવિધ પડકારો વચ્ચે પણ આ વર્ષે નિકાસમાં ૧૦થી૧૫ ટકાનો વધારો થવાનુ અનુમાન બાંધવામાં આવી રહ્યું છે. ગત વર્ષે ૭૮૦ અબજ ડોલરની નિકાસ હતી તે વધીને ૯૦૦ અબજ ડોલરની થવાનો અંદાજ મુકવામાં આવી રહ્યો છે. જો કે, આ ટારગેટ ગત વર્ષનો જ છે. પરંતુ વિકસીત દેશોની ડીમાંડ ઘટી હોવાના કારણોસર લક્ષ્યાંક દુર રહી ગયો હતો.

ફેડરેશન ઓફ ઈન્ડિયન એકસપોર્ટ ઓર્ગેનાઈઝેશનના રિપોર્ટ પ્રમાણે ચાલુ નાણાકીય વર્ષમાં ગુડઝની નિકાસ ૫૦૦થી૫૧૦ અબજ ડોલર તથા સર્વિસ ક્ષેત્રની નિકાસ ૩૯૦ થી ૪૦૦ અબજ ડોલરને આંબી શકે છે. નિકાસમાં વૃદ્ધિથી ઘરઆંગણે ઔદ્યોગીક ઉત્પાદન વધવાનું સ્વાભાવિક છે તથા સમગ્ર અર્થતંત્રમાં ધમધમાટ વધી શકે છે. ભૌગોલિક ટેન્શનને કારણે વ્યાપાર વ્યવહારો પ્રભાવિત થવા ઉપરાંત નુરભાડામાં વધારા છતાં ટેકનોલોજી પ્રોડકટ, સર્વિસ તથા લાઈફસ્ટાઈલ ગુડઝની નિકાસ વધી રહ્યાનું જણાય રહ્યું છે. આઈટી તથા તેને સંકલન ક્ષેત્રની નિકાસમાં ઘટાડો ચિંતાજનક છે.

### ફરી ચીન ભારતનું સૌથી મોટુ ટ્રેડીંગ પાર્ટનરઃ અમેરિકા પાછળ રહી ગયુ

ભારતમાં બોયકોટ ચીનની આગળ વચ્ચે ફરી એકવખત ચીન ભારતનું સૌથી મોટુ વ્યાપાર ભાગીદાર બની ગયુ છે. વાણિજય મંત્રાલયના આંકડાકીય રિપોર્ટ સાથે ભારત સાથેના વેપારમાં મોટા વધારાથી અમેરિકા પાછળ રહી ગયુ છે. અમેરિકા સાથે ભારતનો વેપાર ૧૧૮.૩ અબજ ડોલર છે. જે ચીનનો ૧૧૮.૪ અબજ ડોલર થયો છે. ગત વર્ષે ભારત-અમેરિકાનો વેપાર વ્યવહાર ૧૨૯.૪ ડોલર થઈ હતી જયારે નિકાસ માત્ર ૩.૮ ટકા વધીને ૧૬.૭ અબજ ડોલર થઈ છે. ભારતની અમેરિકામાં નિકાસ ૧૩.૭ ટકા વધીને ૭૭.૫ અબજ ડોલર વધી હતી. જયારે આયાત ૬ ટકા વધીને ૪૦.૮ અબજ ડોલરે પહોંચી હતી.

# રાજયના ૪૧ તાલુકામાં વરસાદઃ બેના મોત

### ૨૪૯ ગામોમાં વીજળી ગુલઃ મુખ્યમંત્રીએ તાકીદે બેઠક બોલાવીઃ રિપોર્ટ તૈયાર કરવા આદેશ

ગાંધીનગર,તા.૧૪

ગુજરાતમાં અચાનક બદલાયેલા વાતાવરણ અને કમોસમી વરસાદને પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયમાં વરસાદ અને પવન ફૂંકાવાથી સર્જાયેલી સ્થિતિની સમિક્ષા કરવા માટે કાર્યકારી મુખ્ય સચિવ સુનયના તોમરને આદેશ આપ્યો છે.મુખ્યમંત્રીનાં આદેશને પગલે સુનયના તોમરે અસરગ્રસ્ત જિલ્લાના કલેકટર સાથે વિડીયો કોન્ફરન્સ થકી જિલ્લાઓમાં થયેલા વરસાદ, પવન અને વીજળીની સ્થિતિ વગેરેની તલસ્પર્શી માહિતી મેળવી હતી. તેમજ આગામી બે દિવસ સુધી હવામાન વિભાગની આગાહી હોવાથી જિલ્લા તંત્રવાહકોને એલર્ટમોડ પર રહેવા અને હવામાન વિભાગની આગાહી અનુસાર આગોત્તરા આયોજન માટે પણ માર્ગદર્શન આપ્યું હતું.રાહત કમિશનર આલોક પાંડેએ સમિક્ષા



બેઠકની વિગત આપતા કહ્યું કે, રાજયમાં કુલ ૪૧ તાલુકાઓમાં બે (૨) મિલિમીટરથી લઈને ૩૮ મિલિમીટર જેટલો વરસાદ વરસ્યો છે.વરસાદ સાથે પવનની ગતિ પણ વધી હતી અને વીજળી પડવાને કારણે રાજયમાં બે માનવ મૃત્યુ નોંધાયા છે. જયારે પવનને કારણે ૨૪૯ ગામોમાં વીજ પુરવઠાને અસર પડી હતી.તે તાત્કાલિક પૂર્વવત કરી દેવામાં આવી છે.

ઉપરાંત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર તથા જિલ્લાઓના કંટ્રોલરૂમ સતત કાર્યરત રહે તેમજ કયાંય જાનહાની ન થાય અને માલ-મિલ્કતને ઓછામાં ઓછું નુકશાન થાય તેવી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા પણ કાર્યકારી મુખ્ય સચિવને સુચના આપી હતી.

### ભલે એવુ કહેવાયું હોય કે ઈન્ટરનેટથી રિયલ સંબંધો કપાઈ ગયા છે પણ...

# ઈન્ટરનેટની માયાજાળ લોકોને આપી રહી છે ખુશી!

### વિવિધ દેશોના ૨૪ લાખ લોકોના અધ્યયનમાં થયો ખુલાસો

નવી દિલ્હી તા.૧૪



ઓકસફર્ડ વિશ્વ વિદ્યાલય તરફથી કરવામાં આવેલા એક અધ્યયનમાં દાવો કરવામાં આવ્યો છે કે ઈન્ટરનેટનો ઉપયોગ દુનિયાભરના લોકોની બહેતરી સાથે જોડાયેલો છે.

ઓકસફર્ડ ઈન્ટરનેટ ઈન્સ્ટીટયુટ (ઓઆઈઆઈ)ના સંશોધકોએ ભારત સહીત ૧૬૮ દેશોના ડેટાનું અધ્યયન કર્યું છે જેના આધારે કહેવામાં આવ્યું છે કે ઈન્ટરનેટનો ઉપયોગ લોકોની ખુશાલીનું કારણ છે.

સંશોધકોએ જીવનથી સંતુષ્ટ, રોજના સકારાત્મક-નકારાત્મક અનુભવ અનુભવો અને સામુદાયિક ભલાઈ સહીત આઠ બિન્દુઓનુ અધ્યયન કર્યુ હતું. મોટાભાગનાં પરીણામો સકારાત્મક મળ્યા છે. આ પરીણામ ટેકનોલોજી માઈન્ડ એન્ડ બિહેવિયર જર્નલમાં પ્રકાશીત કરવામાં આવ્યા છે.

સંશોધકોએ ભારત યુરોપીય સંઘ, બ્રિટન સહીત દુનિયાનાં ૨૪ લાખથી વધુ લોકોના આંકડાનું વિશ્લેષણ કર્યુ છે. ૨૦૦૬ થી ૨૦૨૧ સુધીના ૧૫ થી ૯૯ વર્ષનાં લોકો પર આ અભ્યાસ કરવામાં આવ્યો હતો.

અધ્યયનમાં જાણવા મળ્યુ હતું કે જે લોકો સક્રિય રીતે ઈન્ટરનેટનો ઉપયોગ કરતા હતા તે જીવનથી વધુ સંતુષ્ટ અને સામાજીક કલ્યાણને લઈને સજાગ હતા. આંકડા શાસ્ત્રીના પ્રો.કેવિન મેક કોનવેએ જણાવ્યું હતું કે આ સંશોધન ખૂબ જ વ્યાપક છે તેમ છતાં ઉપયોગી છે.ઈન્ટરનેટ બધાના માટે ખરાબ છે એવુ નથી

ઈન્ટરનેટનો નકારાત્મક સંબંધ મોટેભાગે ૧૫ થી ૨૪ વર્ષની મહિલાઓમાં જોવા મળ્યો હતો.

# તા.૧૬ સુધી ઉનાળુ પાકનું ધ્યાન રાખજો

### માવઠાનું જોખમ છેઃ ૧૮ જીલ્લા માટે માર્ગદર્શન જાહેર કર્યું



અમદાવાદ તા.૧૪

ઉનાળાની સીઝનમાં ગુજરાતમાં કુલ સરેરાશ ૧૧,૧૦,૪૮૪ હેકટર જમીનમાં ધાન્યા, કઠોળ, તેલીબીંયા, ડુંગળી, શેરડી અને શાકભાજી સહીતનાં વિવિધ પાકોનું વાવેતર છે. આ વખતે રાજયમાં કુલ સરેરાશ ૧૧,૪૯,૧૨૩ હેકટર જમીનમાં વિવિધ પાકોનું વાવેતર પુરૂ થઈ ચુકયુ છે. જેમાં ઉતર ગુજરાતમાં ૮૭૦૦૦ હેકટરમાં, કચ્છમાં ૩૯૧૦૦ હેકટરમાં અને સૌરાષ્ટ્રમાં ૩,૦૫,૨૦૦ હેકટર જમીનમાં વાવેતર થઈ ગયુ છે.જે રાજયના થતા કુલ સરેરાશ ઉનાળુ વાવેતરની સરખામણીમાં ૧૦૩.૪૪ ટકા જેટલુ છે.


આવી સ્થિતિમાં ગુજરાતમાં માવઠાની સ્થિતિ સર્જાય છે. પરીણામ સ્વરૂપ રાજયનાં ખેડૂતોમાં સ્વાભાવીક રીતે જ ચિંતા પેદા થઈ છે. દરમ્યાનમાં હવામાન વિભાગે પણ ૧૬ મી મે સુધી રાજયના (૧) બનાસકાંઠા, (૨)સાબરકાંઠા, (૩)નવસારી), (૪)વલસાડ, (૫) અરવલ્લી, (૬) દાહોદ, (૭) મહિસાગર, (૮) ડાંગ), (૯) છોટા ઉદેપુર, (૧૦) નર્મદા, (૧૧) તાપી, (૧૨) સુરત, (૧૩) અમરેલી, (૧૪) ભાવનગર, (૧૫) ગીર-સોમનાથ, (૧૬) રાજકોટ, (૧૭) સુરેન્દ્રનગર અને (૧૮) બોટાદ જેવા કુલ ૧૮ જીલ્લાઓના છુટાછવાયા સ્થળોએ હળવો વરસાદ પડશે તેવી આગાહી કરી છે ત્યારે વાદળછાયા વાતાવરણ અને વરસાદને ધ્યાને લઈને ખેડુતોએ તેમના પાકના રક્ષણ માટે શું કરવુ જોઈએ? તે બાબતે ખેતી નિયામક તરફથી કેટલીક ખાસ તાકીદ કરવામાં આવી છે. જે મુજબ કમોસમી વરસાદમાં થતાં પાક નુકશાનથી બચવા માટે ખેડૂતોએ ખેત ઉત્પાદીત પાક અને ખેતરમાં કાપણી કરેલો પાક જો ખુલ્લામાં પડયા હોય તો સૌ પ્રથમ તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડી લેવા જણાવાયું છે.

### ભરતી બોર્ડના ચેરમેનની જાહેરાત

## અન્ય પરીક્ષામાં રોકાયેલા છાત્રોને પોલીસ ભરતી માટે વધુ એક તક મળશે

અમદાવાદ,તા.૧૪

ગુજરાત પોલીસ ભરતીની તૈયારી કરતા યુવાઓ માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે.LRD-PSI ની ભરતી મુદ્દે પોલીસ ભરતી બોર્ડના ચેરમેન હસમુખ પટેલે શારીરિક પરીક્ષા અંગે માહિતી આપતા જણાવ્યું હતું.કે હાલ LRD-PSI ની અરજીની કામગીરી પૂર્ણ થઈ છે.જેની શારીરિક પરીક્ષા ચોમાસા પછી ઓકટોબર નવેમ્બરમાં લેવાઈ શકે છે.



વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આ અરજી પ્રક્રિયા ધોરણ ૧૨ તથા કોલેજની પરીક્ષા ચાલતી હોય તે દરમિયાન થઈ હતી. જેથી બાકી રહેતા યુવાનો માટે ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં ફરી અરજી મંગાવાશે.ધો.૧૨ અને કોલેજ પાસ કરનાર વિદ્યાર્થીઓ અરજી કરી શકશે.લાયકાત ધરાવતા અન્ય સ્નાતકો કે ૧૨ પાસ ઉમેદવારો અરજી કરી શકશે.છેલ્લી તારીખે લાયક ઉમેદવારો અરજી કરી શકશે.જેમાં અરજી કરવા માટે આશરે ૧૫ દિવસનો સમયગાળો અપાશે. આમ પોલીસમાં અરજી કરવા માટે ઉમેદવારોને વધુ એક તક મળશે.

અત્યાર સુધી થયેલ અરજી અંગે માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે, હાલ મંગાવાયેલી અરજીમાં લોક રક્ષકની ભરતીમાં ૯.૮૩ લાખ અરજીઓ તેમજ PSI ની ભરતીમાં ૪.૫૦ લાખ અરજી મળી હતી.

આ વખતે પોલીસ ભરતી નવા નિયમો સાથે થશે.પહેલાં શારીરિક કસોટીમાં ઉમેદવારોના વજનને પણ ધ્યાનમાં લેવામાં આવતું હતું.જે હવે રદ કરવામાં આવ્યું છે હવે શારીરિક કસોટી ફકત કવોલિફાઈંગ રહેશે.એના કોઈ ગુણ આપવાના રહેશે નહીં તેમજ શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલા તમામ ઉમેદવારો ત્યાર પછીની OBJECTIVE MCQ TEST (ઓબ્જેકટીવ એમસીકયુ ટેસ્ટ)માં ભાગ લઈ શકશે.

# નકલી દસ્તાવેજથી ડોકટર બનેલી છાત્રાનું એડમિશન માન્ય રાખતી હાઈકોર્ટઃ દંડ કર્યો

### દેશમાં તબીબોની અછત છેઃ અમાન્ય ઠેરવવાથી રાષ્ટ્રને નુકશાન થવાનું તારણ

મુંબઈ તા.૧૪

એક છોકરી એમબીબીએસનો અભ્યાસ કરીને ડોકટર બની ગઈ હતી. પરંતુ થયું એવું કે તેણીએ એડમિશન સમયે ખોટા દસ્તાવેજો આપીને પ્રવેશ મેળવ્યો હતો. જયારે આ મામલો બોમ્બે હાઈકોર્ટમાં પહોંચ્યો ત્યારે બેંચે પણ સ્વીકાયું કે, છોકરીએ ભૂલ કરી છે, પરંતુ તેનું એમબીબીએસનું એડમિશન રદ કરવાનો ઈન્કાર કર્યો હતો.

હાઈકોર્ટે કહ્યું કે, દેશમાં દર્દીઓના પ્રમાણમાં ડોકટરોની અછત છે. જેથી હવે આ છોકરી ડોકટર બની ગઈ છે તો તેનું એડમિશન રદ કરવાથી રાષ્ટ્રને નુકશાન થશે, જે રાષ્ટ્રના હિતમાં નથી. હકીકતમાં આરોપ એવો હતો કે, એમબીબીએસ પાસ કરીને ડોકટર બનેલી છોકરીએ એડમિશન દરમિયાન ઓબીસી નોન ક્રિમી લેયરના નકલી



દસ્તાવેજો રજૂ કર્યા હતા.

મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો તો બેંચે કહ્યું કે, છોકરીએ ભૂલ કરી છે. છતાં તેણીની ડિગ્રીને નામંજૂર કરી શકાય નહીં. આ છોકરીએ એમબીબીએસનો અભ્યાસ પૂર્ણ કરી લીધો છે. આવે સ્થિતિમાં તેની ડિગ્રી પાછી લેવી યોગ્ય નથી. હવે તે એક લાયક ડોકટર છે. આપણા દેશમાં ડોકટરોનું પ્રમાણ ઘણું ઓછું છે. હવે સંબંધિત છોકરીની ડિગ્રી પાછી લેવાથી દેશને નુકશાન થશે. એવી સ્થિતિમાં જયારે દેશના નાગરિકોને વધુ ડોકટરોની જરૂર છે.

જસ્ટિસ એ.એસ. ચંદુરકર અને જસ્ટિસ જિતેન્દ્ર જૈનની ખંડપીઠે સંબંધિત છોકરીનું નોન ક્રિમીલેયર ઓબીસીનું પ્રમાણપત્ર રદ કર્યુ હતું. આ સાથે એમબીબીએસમાં તેણીના પ્રવેશને ઓપન કેટેગરીમાં જાહેર કરવામાં આવ્યો હતો.

કોર્ટે ડોકટર બનેલી છોકરીને આદેશ આપ્યો કે, તે હવે ઓપન કેટેગરીની ઉમેદવાર રહેશે. આ સાતે ઓપન કેટેગરી હેઠળ જમા કરાયેલી ફી તેણીએ ચૂકવવાનો કોર્ટે આદેશ આપ્યો હતો તેમજ કોર્ટે ૫૦ હજારનો દંડ પણ પટકાર્યો હતો. છોકરીને મોટી રાહત આપતા બેંચે કહ્યું કે, અમે જાણીએ છીએ કે મેડિકલ કોર્સમાં એડમિશન મેળવવું કેટલું મુશ્કેલ છે અને તેની કિંમત કેટલી છે.

### ચાર બેન્કોએ એફડીના વ્યાજ દર વધાર્યા

# આનંદો! બેન્કની એફડી પર ૯.૧ ટકા વ્યાજ કમાવવાનો અવસર!

### બેન્કોમાં જમાના મુકાબલે લોનની વધુ માંગના કારણે વ્યાજ દર વધારવા બેન્કો મજબૂર




નવી દિલ્હી તા.૧૪

આ મહિને ચાર બેન્કોએ ફિકસ ડિપોઝીટ જમા પર અપાતા વ્યાજમાં વધારો કર્યો છે. આ બેન્કોમાં ઉત્કર્ષ સ્મોલ ફાયનાન્સ બેન્ક, સિટી યુનિયન બેન્ક, આરબીએલ બેન્ક અને કેપીટલ સ્મોલ ફાયનાન્સ બેન્ક સામેલ છે. ખરેખર તો બેન્કમાં જમાની તુલનામાં લોનની માંગ વધુ છે. સાથે સાથે રોકાણકાર પોતાના પૈસા બહેતર રિટર્ન આપનારા રોકાણોમાં લગાવી રહ્યો છે, જેને લઈને બેન્કો પર વ્યાજ દર વધારવાનું દબાણ છે.

આશા રાખવામાં આવી રહી છે કે બેન્કો પર જમામાં ઘટનું દબાણ આ વર્ષની ત્રીજી કે ચોથી ત્રિમાસિક સુધી ખેંચી શકે છે.

આ પરીસ્થિતિમાં રોકાણકાર ઈચ્છે તો લાંબા સમયગાળાની એફડીનો વિકલ્પ પસંદ કરી શકે છે.

**ઉત્કર્ષ સ્મોલ ફાયનાન્સ બેન્કઃ** બેન્કે ૨ કરોડ રૂપિયાથી નીચેની રકમ માટે ફિકસ ડિપોઝીટ જમાના વ્યાજ દરમાં ફેરફાર કર્યો છે. નવા વ્યાજદરો એક મે ૨૦૨૪થી લાગુ થઈ ગયા છે. જે મુજબ બેન્ક સામાન્ય નાગરિકો માટે બેન્કનો વ્યાજ દર ૪ ટકાથી ૮.૫૦ ટકા વચ્ચે છે. વરિષ્ઠ નાગરિકો માટે બેન્કનો વ્યાજદર ૪.૬૦ ટકાથી ૯.૧૦ ટકા વચ્ચે છે.

**સીટી યુનિયન બેન્કઃ** બેન્કના નવા વ્યાજદરો ૬ મે થી લાગુ છે. બેન્ક સામાન્ય નાગરિકોને ૫ ટકાથી ૭.૨૫ ટકા વચ્ચે વ્યાજ આપી રહી છે. વરિષ્ઠ નાગરિકો માટે આ વ્યાજ દર ૫ ટકાથી ૭.૭૫ ટકાની વચ્ચે છે. સૌથી વધુ વ્યાજ ૪૦૦ દિવસની એફડી પર છે.

**આરબીએલ બેન્કઃ** બેન્કે ૧૮થી૨૪ મહિનાની એફડી માટે ૮ ટકા વ્યાજ દર નકકી કર્યા છે. વરિષ્ઠ નાગરિકોને ૦.૫૦ ટકા વિશેષ વ્યાજ મળશે, જયારે ૮૦ વર્ષથી ઉપરનાને ૦.૭૫ ટકા વધુ વ્યાજ મળવાનું નકકી છે.

**કેપિટલ બેન્ક સ્મોલ ફાઈનાન્સ બેન્કઃ** બેન્ક સામાન્ય નાગરિકો માટે ૩.૫ ટકાથી માંડીને ૭.૫૫ ટકા વચ્ચે વ્યાજ ઓફર કરી રહી છે. વરિષ્ઠ નાગરિકો માટે વ્યાજદર ૪ ટકાથી ૮.૦૫ ટકા વચ્ચે છે. સૌથી વધુ વ્યાજ ૪૦૦ દિવસના સમયગાળા પર છે. આ વ્યાજ દરો ૬ મે થી લાગુ છે.

# ડીઝલથી બનેલા પરાઠાનો વિડિયો વાયરલઃ કેન્સરનો નવો નુસખોઃ યુઝર્સ

### આ વીડિયોને ૪ લાખથી વધુ વખત જોવાયો :૧૧૦૦ લોકોએ લાઈક કર્યો

નવી દિલ્હી, તા ૧૪

ભારતીયો દ્વારા પસંદ કરવામાં આવતી સૌથી સામાન્ય અને સ્વાદિષ્ટ ખાદ્ય વસ્તુઓમાંની એક છે પરાઠા.

સામાન્ય રીતે પરાઠાને ઘી, માખણ અથવા તેલમાં તળવામાં આવે છે, પરંતુ વાયરલ વીડિયોમાં તેને ડીઝલથી તળતા જોઈ શકાય છે. લોકો કહે છે કે આ કેન્સરની રેસીપી છે. નેબ્યુલા વર્લ્ડ નામના નેટીઝન દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરવામાં આવેલ તાજેતરનો વિડિયો પરાઠા તળવા માટે ડીઝલનો ઉપયોગ કરતા રસોઈયાને બતાવે છે. તેઓએ લખ્યું, કેન્સર માટેની વાસ્તવિક રેસીપી (પેટ્રોલ અને ડીઝલ સાથે પરાઠા) આપણે કયાં જઈ રહ્યા છીએ? .

આ વીડિયો ચંદીગઢનો હોવાનું કહેવાય છે. આ વીડિયોને સોમવાર રાત સુધી ચાર લાખથી વધુ વખત જોવામાં આવ્યો હતો અને લગભગ ૧૧૦૦ લોકોએ તેને પસંદ કર્યો હતો. વીડિયોમાં ચશ્મા પહેરેલો રસોઈયો પરાઠા પર ડીઝલ રેડીને તેને રાંધતો જોવા મળે છે. વીડિયો બનાવનાર વ્યકિત દાવો કરી રહ્યો છે કે તેના ગ્રાહકો ડીઝલથી બનેલા પરાઠા આનંદથી ખાય છે. તેનો સ્વાદ કચોરી જેવો છે.

**સોશિયલ મીડિયા પર યુઝર્સે ગુસ્સો વ્યકત કર્યો**

આ વિડિયોને વ્યુઝ મળી રહ્યો છે અને વાયરલ થઈ રહ્યો છે ત્યારે કેટલાક યુઝર્સે આ પ્રયોગને કેન્સરની રેસીપી ગણાવી છે. સોશિયલ મીડિયા પર કેટલાક યુઝર્સે પણ આ અંગે પોતાનો ગુસ્સો વ્યકત કર્યો હતો. એકે રસોઈયાનો ઉલ્લેખ કરીને લખ્યું, તે ટૂંક સમયમાં ફરારી ખરીદશે અને તેનો કલાયંટ કેન્સરની સારવાર માટે ચૂકવણી કરવા ટૂંક સમયમાં તેનું ઘર અને કાર વેચશે. એક યુઝરે લખ્યું, કોઈ રીતે તે ડીઝલ નથી, આ તો તેલ છે.

**આ પહેલા પણ આવા વીડિયો વાયરલ થયા**



આ પહેલીવાર નથી જયારે આવા વીડિયોએ લોકોનું ધ્યાન ખેંચ્યું હોય. આ પહેલા પણ ઘણા વીડિયો વાયરલ થયા છે. ખાદ્યપદાર્થો વેચતા દુકાનદારો સોશિયલ મીડિયા પર લોકપ્રિય થવા માટે ઘણી રીતો અજમાવતા હોય છે. અન્ય એક વીડિયો પણ વાયરલ થયો હતો જેમાં એક વ્યકિતએ કપડા સીધા કરવા માટે પ્રેશર કુકરનો ઉપયોગ કર્યો હતો. તેને સોશિયલ મીડિયા પર મોટા પ્રમાણમાં શેર કરવામાં આવ્યો હતો.

# ઈ-કોમર્સ પ્લેટફોર્મના નકલી રીવ્યુ પર લગામની તૈયારીઓ

### કેન્દ્ર સરકાર નકલી સમીક્ષાઓ અસરકારક રીતે અંકુશમાં લાવશે

નવી દિલ્હીઃ તા. ૧૪

ઈ-કોમર્સ પ્લેટફોર્મનો ટ્રેન્ડ ઝડપથી વધ્યો છે. સામાન્ય રીતે, જયારે ગ્રાહકો કોઈ પ્રોડકટ ખરીદે છે, ત્યારે તેઓ સૌ પ્રથમ તેનું રેટિંગ અને સમીક્ષાઓ તપાસે છે. જો તે યોગ્ય અને સારું હોય તો પ્રોડકટ ખરીદવામા આવે છે. હવે પ્રશ્ન એ છે કે તમે જે પ્રોડકટ ખરીદ્યું છે તે રેટિંગ અને સમીક્ષા ખરેખર સાચી છે? શું આ ચૂકવેલ રેટિંગ અને સમીક્ષા છે?



આવામાં ઈ-કોમર્સ કંપનીઓ માટે ગ્રાહક સમીક્ષાઓના ગુણવત્તા ધોરણોનું પાલન કરવાનું ફરજિયાત બનાવવાનું વિચારી રહી છે. એક ટોચના અધિકારીએ સોમવારે જણાવ્યું હતું કે નકલી સમીક્ષાઓ પર વધુ અસરકારક રીતે અંકુશ લગાવવામાં આવશે. સ્વૈચ્છિક પ્રયાસો નિષ્ફળ જતાં સરકારે આ નિર્ણય લીધો છે.

સરકારે એક વર્ષ પહેલા ઈ-કોમર્સ માટે નવા ગુણવત્તા માપદંડો જારી કર્યા હતા, તેમને પેમેન્ટ-આધારિત સમીક્ષાઓ પ્રકાશિત કરવાથી પ્રતિબંધિત કર્યા હતા. આવી પ્રચાર સામગ્રીનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો જોઈએ તેમ પણ જણાવાયું હતું. ઉપભોક્તા બાબતોના મંત્રાલયના સચિવ નિધિ ખરેએ જણાવ્યું હતું કે આ હોવા છતાં પણ ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર ઉત્પાદનો અને સેવાઓની નકલી સમીક્ષાઓ સામે આવી રહી છે.

તેમણે કહ્યું, ’ઓનલાઈન સમીક્ષાઓ પર સ્વૈચ્છિક ધોરણોને સૂચિત કર્યાને એક વર્ષથી વધુ સમય થઈ ગયો છે. કેટલીક સંસ્થાઓ દાવો કરે છે કે તેઓ તેનું પાલન કરે છે. જો કે, નકલી સમીક્ષાઓ પણ પ્રકાશિત કરવામાં આવી રહી છે. ખરેએ કહ્યું, ’ગ્રાહકના હિતોનું રક્ષણ કરવા માટે અમે હવે આ ધોરણોને ફરજિયાત બનાવવા માંગીએ છીએ.’ તેમણે કહ્યું કે મંત્રાલયે પ્રસ્તાવિત પગલા અંગે ચર્ચા કરવા માટે ૧૫ મેના રોજ ઈ-કોમર્સ કંપનીઓ અને ગ્રાહક સંગઠનો સાથે બેઠકનું આયોજન કર્યું છે. મંત્રાલય હેઠળના બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (VIS) એ નવેમ્બર ૨૦૨૨ માં ઓનલાઈન ગ્રાહક સમીક્ષાઓ માટે એક નવું ધોરણ જારી કર્યું હતું. આ હેઠળ, પ્રાયોજિત સમીક્ષાઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

# રાજકોટમાં ૬૦ થી ૭૦ કી.મી.ની ઝડપે ફુંકાયેલા પવને શહેરને ધુળીયુ કરી દિધુ!

## શાસ્ત્રી નગર, રાષ્ટ્રિય શાળા, જયરાજ પ્લોટ, વર્ધમાન નગર, શિવનગરમાં વૃક્ષો પણ પડી ગયાઃ મેટોડામાં જોરદાર ઝાપટુ વરસી ગયુંઃઆજે પણ બપોર બાદ રાજકોટ, જૂનાગઢ, મોરબી, દ્વારકા, ભાવનગર, સુરેન્દ્રનગર સહિત ૧૪ જિલ્લામાં તોફાની પવન અને ગાજવિજ સાથે વરસાદની આગાહી





રાજકોટ,તા.૧૪

એમ.પી.ઉપર સર્જાયેલા સાયકલોનિક સર્કયુલેશનને અસર હેઠળ ગઈકાલે રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં મિનીવાવા ઝોડા અને ગાજવિજ સાથે કમોસમી વરસાદ પડયો હતો.રાજકોટ શહેરમાં પણ ગઈકાલે બપોરે ૪૨ ડિગ્રી સુધીનું આકરૂ તાપમાન નોંધાયા બાદ મોડી સાંજે હવામાન પલ્ટાયું હતું. વાદળો છવાઈ ગયા હતાં.બાદમાં તેજ પવનનાં સુસવાટા ફુંકાવા લાગ્યા હતા. શહેરમાં ગઈકાલે સાંજે સરેરાશ ૬૦ થી ૭૦ કી.મીની ઝડપે મિનીવાવાઝોડા જેવો પવન ફુંકાતા સર્વત્ર ધૂળની ડમરીઓ ઉડી હતી. અને આ ભારે પવનનાં, કારણે લોકોનાં ઘરો -ઓફીસો ધૂળ-ધૂળ થઈ ગયા હતા.તો અમૂક સ્થળે છાંટા પણ પડયા હતા.અને મેટોડા વિસ્તારમાં ભારે ઝાપટા સાથે માર્ગો પરથી પાણી વહી ગયા હતાં.આ ઉપરાંત આ તેજ પવનનાં સુસવાટાથી અનેક હોર્ડીંગ બોર્ડ અને ઘરનાં પતરા ઉડયા હતા.તો, ૪ થી ૫ સ્થળે વૃક્ષો પડી ગયા હતાં. ફાયર બ્રિગેડ અનુસાર ગત રાત્રે તેજ પવનથી નાનામૌવા રોડ શાસ્ત્રી નગરની બાજુમાં રાષ્ટ્રીય શાળા કમ્પાઉન્ડ અંદર તથા જયરાજપ્લોટ મેઈન રોડ, વર્ધમાન નગર-૬, અને આર.ટી.ઓ.પાછળ શિવનગરમાં વૃક્ષો પડી ગયા હતાં. દરમ્યાન આજે સવારથી શહેરમાં ફરી સૂર્ય પ્રકાશિત હવામાન વચ્ચે બપોરે આકરો તાપ અનુભવાયો હતો.જો કે હવામાન વિભાગની આગાહી મુજબ આજરોજ પણ બપોર બાદ રાજકોટ, ભાવનગર, દ્વારકા, મોરબી, જૂનાગઢ, અમરેલી, સુરેન્દ્રનગર અને ગીરસોમનાથ જિલ્લામાં ગાજવિજ અને ઝડપી પવન સાથે વરસાદ પડશે.આ ઉપરાંત વલસાડ, ડાંગ, નવસારી અને સુરત જિલ્લા સહિત રાજયનાં કુલ-૧૪ જિલ્લામાં ગાજવિજ અને તેજ પવન સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે.હવામાન વિભાગની આગાહી મુજબ આ પ્રકારનું હવામાન હજુ તા.૧૬ સુધી, છવાયેલું રહેશે.ત્યાર બાદ ફરી આકરી ગરમીનો રાઉન્ડ શરૂ થશે.

દરમ્યાન રાજકોટમાં આજે બપોરે અઢી કલાક આસ-પાસ આકરા તાપ સાથે લું પણ ફુંકાઈ હતી. જો કે બપોર બાદ ફરી હવામાન પલ્ટો થાય તેવો નિર્દેશો છે.

## સૌરાષ્ટ્રમાં ૬૩૨ ફિડર બંધઃ ૮ ગામોમાં અંધારપટ

# રાજકોટમાં તોફાની પવને વિજતંત્રનો ‘ફયુઝ’ ઉડાડયોઃ ડઝન ફિડરોમાં ટ્રીપીંગઃ અનેક વિસ્તારોમાં લાઈટો ડુલ

### ભકિતનગર, વૃંદાવન, નવાગામ, નિર્મલા રોડ, ગુરૂકુળ, કાલાવડ રોડના વિસ્તારોમાં અંધારા ઉતર્યા

રાજકોટ,તા.૧૪

વરસાદની આગાહી વચ્ચે ગઈકાલે રાજકોટમાં ભારે પવન ફુંકાયો હતો.વંટોળ જેવા પવને અફરાતફરી સર્જી હતી.ભારે પવન ફુંકાતા અનેક વિસ્તારોમાં વિજળી ગુલ થઈ ગઈ હતી.જેને પગલે વિજતંત્ર દોડતું થયું હતું.તોફાની પવને વિજતંત્રનો ફયુઝ ઉડાડયો હતો.અનેક વિસ્તારોમાં અંધારપટ છવાયો તાત્કાલીક કામગીરી હાથ ધરાય હતી.ગઈકાલે રાજકોટમાં તોફાની પવન સાથે મીની વાવાઝોડુ આવતા પીજીવીસીએલ હેઠળના ૧૨૦૫ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. જેમાંથી ૧૧૯૭ ગામોમાં પીજીવીસીએલની ટેકનીકલ ટીમો દ્વારા તાત્કાલીક ધોરણે વીજ પુરવઠો પુર્વરત કરવામાં આવ્યો હતો.

હાલ ૮ ગામોમાં વીજપુરવઠો બાકી હોવાથી કામગીરી ચાલી રહી છે. જેમાં આજ સાંજ સુધીમાં વીજ પુરવઠો પુર્વરત કરાશે.ટોટલ ૬૩૨ બંધ ફિડર માંથી જયોતિ ગ્રામ યોજનાના ૫ ફીડર અને ખેતીવાડીના ૬૨૭ ફીડર બંધ છે.જેને રીસ્ટોર કરવા માટે કામગીરી ચાલી રહી છે. રાજકોટમાં અતિ ભારે પવન અને વરસાદના કારણે એચ.ટી.૧ સબડિવિઝન હેઠળ નવદુર્ગા, સીતારામ, ભકિતનગર સહકાર, અને નવાગામ ફીડર એચ.ટી.૨ સબડિવિઝન, હેઠળ એસઆરપી અને ગુરૂકુળ ફીડર જયારે એચ.ટી ૩ સબ ડિવિઝન હેઠળ વૃંદાવન સોમેશ્વર કસ્તુરી, શાંતિવનના ફીડર ટ્રીપ થયેલ હતાં.ભારે પવને આફત સર્જી હતી.૮ ગામોમાં અંધાર પટ્ટ છવાયું હતું.અંધારૂ છવાતા લોકોને હાલાકીનો સામનો કરવો પડયો હતો.

# પોઈચાની નર્મદા નદીમાં ૮ પ્રવાસી ડુબ્યાઃ ૧નો બચાવ

### મુળ અમરેલી જિલ્લાનાં રાજુલા પંથકના વતની હાલ સુરત વસતા પ્રવાસીઓ ઉંડા પાણી ગરક થયાઃ શોધખોળ શરૂ



સુરત,તા.૧૪

પોઈચાની નર્મદા નદી તટે ફરવા આવેલા સુરતમાં પ્રવાસીઓ નદીનાં ઉંડા પાણીમાં ગરકાવ થતાં ૧નો બચાવ થયો હતો. જયારે ત્રણ નાના બાળકો સહિત ચાર પાણીમાં ગરકાવ થઈ જતાં તરવૈયાની મદદથી બચાવ રાહત કામગીરી હાથ ધરવામાં આવી છે.હાલ સુરત વસતા આ પરિવારજનો મુળ અમરેલી જિલ્લાના રાજુલા પંથકના વતની હોવાનું ખુલ્યું છે.નર્મદા જિલ્લાના પોઈચા ગામ પાસે સ્વામીનારાયણ મંદિર અને અન્ય ધાર્મિક સ્થાનોમાં દર્શન કરવા મુળ અમરેલી જિલ્લાના રાજુલા પંથકનાં વતની હાલ સુરત સણિયા હેમાદ કિષ્નાપાર્ક સોસાયટીમાં રહેતા પરિવારજનો નર્મદા

(અનુસંધાન ૧૪ મા પાને)

NEW ACTIVA
મેગ્નેટ (શટર લોક ચાવી)
માત્ર ૫ મિનિટમાં
(ઈટાલીયન ટેકનોલોજી દ્વારા)
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ.

Auto E-INVOICE / E-WAY BILL
શ્રી C-POINT
એકાઉન્ટ, બીલીંગ તથા સ્ટોક માટેનો શ્રેષ્ઠ
સૌથી સરળ
કોમ્પ્યુટર પ્રોગ્રામ
FOR DEMO : C-POINT
9773428998, 0281-2464241

લોંગ લીઝથી
શોરૂમ લાયક જગ્યા
ભાડે આપવાની છે
ડબલ ફલોર
૧૦૦૦ + ૧૦૦૦ સ્કવેર ફીટ
★ શોરૂમ લાયક
★ રેસ્ટોરન્ટ લાયક
★ બેન્ક લાયક
ઉમિયા ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ
મો. ૯૯૭૮૪ ૮૦૪૫૨

